Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्रीमद्वीतरागाय नमः ॥

# जैन प्राचीन स्तवनादि संग्रह ॥

हापुरुषोनां बनावेलां उपयोगी स्तवनो, चैत्य-
सज्झायो, स्तुतिओ, तथा श्री शोभनाचार्यकृत
चोवीसे जीनेश्वरोनी स्तुतिओ तथा चैत्य-
वंदनो विगेरेना घणा संग्रह सहित

ा पूज्यपाद गुरुणीजी श्री.श्री. १०८ बीज-
ीजीमहाराजश्रीना सुविहित शिष्या गुरु-
णीजी देवश्रीजी तेमना शिष्या
रुणीजी श्री सौभाग्यश्रीजी
जना सदुपदेशथी मळेल द्रव्य सहायवडे
छपावी प्रसिद्ध करनार
खंभात निवासी
मास्तर उमेदचंद रायचंद.
े. पांजरापोळ मुः—अमदावाद.

. वीर संवत २४४९ सने १९२३
ि चोथी. प्रत १०००
प्रिन्टिग प्रेसमां पटेल देसाइभाइ हीराचंदे
ं. ठे ढाळगरओळ, मु.—अमदावाद.
कींमत. १-०-०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्रीमद्वीतरागाय नमः ॥

# ॥ श्री जैन प्राचीन स्तवनादि संग्रह ॥

आ. श्री कैलाससागर सूरि ज्ञानमंदिर
महावीर जैन आराधना केन्द्र
को. गांधीनगर, पिन-382009

प्राचीन महापुरुषोनां बनावेलां उपयोगी स्तवनो, चैत्य-वंदनो, सज्झायो, स्तुतिओ, तथा श्री शोभनाचार्यकृत संस्कृत चोवीसे जीनेश्वरोनी स्तुतिओ तथा चैत्य-वंदनो विगेरेना घणा संग्रह सहित

तपगच्छना पूज्यपाद गुरुणीजी श्री.श्री- १०८ वीज-कोर श्रीजीमहाराजश्रीना सुविहित शिष्या गुरु-णीजी देवश्रीजी तेमना शिष्या

गुरुणीजी श्री सौभाग्यश्रीजी

महाराजना सदुपदेशथी मलेल द्रव्य सहायवडे छपावी प्रसिद्ध करनार

खंभात निवासी

**मास्तर उमेदचंद रायचंद.**

ठे. पांजरापोळ मु:—अमदावाद.

सं. १९७९. वीर संवत २४४९ सने १९२३
आवृत्ति चोथी. प्रत २०००

देसाइ प्रिन्टिंग प्रेसमां पटेल देसाइभाइ हीराचंदे छाप्युं. ठे. ढालगरओळ, मु.—अमदावाद.

कींमत. १-०-०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના.

સુજ્ઞ જૈન બન્ધુઓ અને બ્હેનો.

આપને સુવિદિતજ છેકે આવાં હંમેશ ભણવા વાંચવા વિચારવા જેવા લઘુ પુસ્તકની પ્રસ્તાવનાની અતિ આવશ્યકતા હોઇ શકે નહી, છતાં આ પુસ્તક શા હેતુથી બહાર પાડવામાં આવ્યું છે. તેમ કોનાસદુપદેશથી વિગેરે સહજ હકીકત બહાર મુકવી ઉચીત ધારી છે.

ઘણા આનન્દની વાત છે કે હીંદુસ્તાનના ઘણા શહેરો અને ગામોમાં જ્યાં જ્યાં આપણા પવિત્ર પૂજ્ય પાદ ઉત્તમ ચારિત્ર રત્નથી વિભુષિત ગુરૂણીજી મહારાજાઓ વિચરી રહયા છે ત્યાં ત્યાં આધુનિક સમયમાં જૈન સ્રી વર્ગમા તેમ બાલીકાઓમાં ખાસ પરમ પવિત્ર વિતરાગ પરમાત્માના અવિચ્છિન્ન પ્રભાવશાળી ધર્મ કીયામાં તેમજ પરમાત્માના અલૌકીક ગ્રન્થો ને પઠન પાઠન કરવાના ઉદ્યમ માટે પૂરતો ઉત્સાહ દાખલ કરેલો દ્રષ્ટિ ગોચર થાય છે, દરેક સ્રીઓ અને બાલીકાઓ પોતાનું દુર્લભ્ય માનુષ્ય જીવન જો વિતરાગ પરમાત્માના ધર્મ સેવનથી તેમજ પઠન પાઠનથી પાવન કરે તો તે શિવાય આનિ:સાર દુનીયામાં આત્મ કલ્યાણનો બાદશાહી માર્ગ બીજો કયો છ? મતલબકે તેજ છે આ ઉત્સાહને પૂરો પાડવા માટે પરમ ઉપગારી સાધ્વીજીશ્રી દેવશ્રીજી ગુરૂણીજી મહારાજના સુવિહિત શિષ્યા સાધ્વિજી મહારાજશ્રી સૌભાગ્યશ્રીજી " કે જેઓએ હિંદુસ્તાનના ઘણા ભાગમાં વિચરી ઘણી શ્રાવીકાઓ તેમ બાલીકાઓ ઉપર ઉત્તમ ઉપગાર કરી પોતાનાં દીવ્ય ચારિત્રમય જીવનને શોભાવી રહયા છે.

તેઓ સાહેબની પ્રેરણાથી અને તેમના સદુપદેશથી આ પ્રાચીન સ્તવન સંગ્રહ નામની પ્રથમાવૃત્તિ શાસ્રી ટાઇપમાં ખંભાત શ્રાવીકા શાળાના નામથી સંવત ૧૯૭૩ માં બહાર પાડવામાં આવી હતી તે એક વર્ષ માંજ પુરી થવાથી બીજી આવૃત્તિ ૧૯૭૫ માં તેજ ગુરૂણીજી મહારાજ સાહેબના સદુપદેશથી ખંભાતના શેઠ અમરચંદ પ્રેમચંદના સુપૌત્ર શેઠ ઉજમ શીભાઇ ઠાકરશીભાઈ તથા અમદાવાદ વાળા શા ડાહ્યાભાઇ પીતાંબરદાસ તરફથી ગુજરાતી ટાઇપમાં કાડવામા આવી હતી. તે પુરી થતાં તેની ઉપરા ઉપરી માંગણી થવાથી આ બુકની ત્રીજી આવૃત્તિ તેમની શિષ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંપાસરીજીના ઉપદેશથી શાસ્ત્રી ટાઇપમાં ૧૯૬૭ બહાર પાડી તે પણ પુરી થવાથી આ ગુજરાતી ટાઇપમાં તેની માગણી ચાલુજ રહેવાથી ઘણીજ સુધારા વધારા સાથેજ અને બીજી નવી ઢાલો સ્તવનો વિગેરેના પુષ્કલ વધારા સાથે કારણકે પ્રથમ ત્રણ આવૃત્તિઓ આશરે ૨૦ ફારમથી છપાએલી હતી અને આ ચોથી આવૃત્તિના તેજ કદમાં ૨૮ ફારમની હાલ બહાર પાડવામાં આવી છે કે જેની અનુક્રમણીકા જોવાથી વધારો માલમ પડશે. આ ચોથી આવૃત્તિ છપાવતાં પહેલાં આ બુક સુધારવાનુ કામ તેમની શિષ્યા ગુણશ્રીજીએ સારી મહેનત કરેલી છે વલી પરમ પૂજ્ય ગુરૂણીજી મહારાજ સાહેબશ્રી સૌભાગ્ય-શ્રીજીની પાસે પહેલાના લહીયાના લખેલા પાના હતા તે પરથી શુદ્ધ કોપી કરાવીને બનતાં પ્રયાસે શુદ્ધ કરવા સંપૂર્ણ કાલજી રાખવામાં આવી છે આ ગુરૂણીજી મહારાજના સદ્દપદેશથી આ બુક સિવાય બીજા પણ ગ્રંથો સંસ્કૃતમાં શ્રીમાન જંબુ ગુરૂ વિરચિત જિન શતક નામનો સંસ્કૃત ગ્રંથ પણ બહાર પડેલો છે તે સિવાય રાગ રાગણીમાં ગવાય તેવી પણ એક બુક નીત્ય સ્મરણીય લઘુ શેત્રુંજા પ્રકરણ વિગેરે ગ્રંન્થો બહાર પડેલા છે અને તે જન પ્રજામાં લોક પ્રીય થઈ પડેલા છે કે જેની આવૃત્તિઓ કાઢવાની જરૂર પડી છે વલી હાલમાં બહત્ સંઘયણી નામનુ પુસ્તક તેમના સદુપદેષથી યંત્રો સાથે છપાય છે તે પણ સૌને બહુ ઉપયોગી થઈ પડવા સંભવ છે, બંધુઓ જોકે આ પુસ્તકેમા તેમના સદુપદેશથી થોડી ઘણી મદદ મલે છે પણ તે મલતી મદદના પુસ્તકો ભેટ તરીકે તે માલીકોને અગર તેમની પરવાનગીથી સાધુ સાધ્વીઓને ભેટ તરીકે અપાય છે અને બાકી માટે કીંમત રખાય છે તે ઉપજેલી કીંમત બીજા તેવા પૂસ્તકો છપાવવાનાજ કામમાં રોકાય છે આમાં કોઇને અંગતલાભ નથી તે સહેજ જણાવી. પરમ પુજ્ય ગુરૂણીજી મહારાજ ના આ સુભ પ્રયાસ માટે તેમજ તેમના ઉપદેશથી મદદ આપનાર ભાઇ બહેનો નો આભારમાની આબુકમાં સુદ્ધી માટે સારો પ્રયાસ કર્યા છતાં પણ દ્દષ્ટિ દોષથી અગર છાપવાવાળાના યંત્રદોષથી. જે કાંઇ અશુધ્ધી રહી અગરજીનાજ્ઞા વિરૂદ્ધ જે કાંઇ ભુલ થઇ ગઇ હોય તેની ક્ષમાયાચી અત્રે વીરમુંછુ. એજ સુરેશકો બહુના ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ;

સંવત ૧૯૭૯ ના આસો
સુદ ૫ ને રવીવાર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં જે જે ગ્રહસ્થો તથા બ્હેનોએ મદદ કરેલી છે તેઓનાં મુબારક નામ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૨૦૦–૦–૦ | વેરાવલના ઉપાશ્રયના બૈરા તરફથી |
| ૧૦૦–૦–૦ | માંગરોલવાલા કરાણી નરભેરામ મોનજીની વિધવા બાઇ માણેકબાઇ |
| ૫૦–૦–૦ | બાઇ મણી માંગરોલવાલા |
| ૨૦–૦–૦ | બાઇ ઘેલીબાઇ લીંબડીવાલી. |
| ૧૦–૦–૦ | ડાહીબાઈ ,, |
| ૫–૦–૦ | બાઇ દીવાલીબાઇ ,, |
| ૧૦–૦–૦ | બાઇ સુરજ વડોદરાવાલા |
| ૩૯૫–૦–૦ | |

## સુચના.

પાના ૩૨૦ પછી ૧૬ પાના ૩૨૧ થી ૩૩૬ છપાયેલા નથી પરંતુ પ્રેસવાળાની ભુલથી ૩૨૦ પછીથી ૩૩૭ થી છાપેલું છે જેથી ત્યાંથીજ વાંચવું. વચમાં અધુરૂં છે કે તુટક છે એમ સમજવું નહીં.

## અથ વિષયાનુક્રમણીકા.


| અનુક્રમ. | નામ. | પૃષ્ટ. |
|---|---|---|
| ૧ | ચોવીશ જીનેશ્વરના છંદ | ૧ |
| ૨ | અક્ષયનિધિતપની વિધિ ચૈત્યવંદન દુહાદિ. સંપૂર્ણ | ૬ |
| ૩ | અક્ષયનિધિ તપના સ્તવનની ઢાલો ૪ | ૧૫ |
| ૪ | જ્ઞાનપંચમીના સ્તવનની ઢાલો ૪ | ૨૦ |
| ૫ | અતિત ચોવીસી ગીત | ૨૩ |
| ૬ | મૌનએકાદશીનું ચૈત્યવન્દન | ૨૪ |
| ૭ | દોઢસો કલ્યાણકનું ,, | ૨૫ |
| ૮ | નેમનાથનું ચૈત્યવન્દન | ૨૭ |
| ૯ | આઠમનું ચૈત્યવન્દન | ૨૮ |
| ૧૦ | આઠમનું બીજું | ૨૯ |
| ૧૧ | સિદ્ધ ભગવાનનું | ૨૯ |
| ૧૨ | આવતી ચોવીસીનું | ૩૦ |
| ૧૩ | શ્રી સિદ્ધચક્રજીનું | |
| | સ્તવનો. | |
| ૧૪ | શ્રી સિદ્ધ ચક્રજીનું | ૩૨ |
| ૧૫ | શ્રી અષ્ટાપદજીનું | ૩૪ |
| ૧૬ | દસ પચ્ચખ્ખાણનું ઢાલ ૨ | ૩૬ |
| ૧૭ | અઠાવીસલબ્ધિનું ઢાલ ૩ | ૩૯ |
| ૧૮ | બીજનું ઢાલો ૨ | ૪૧ |
| ૧૯ | પાંચમનું ઢાલો ૫ | ૪૩ |


For Private And Personal Use Only

૨૦ આઠમનું ઢાલો ૪ ૫૦
૨૧ ,, બીજું ઢાલો ૨ ૫૩
૨૨ મૌન એકાદશીનું ઢાલો ૩ ૫૫
૨૩ ,, બીજું ૫૭
૨૪ વીશસ્થાનકનું સ્તવન. ૬૮
૨૫ અઢી દ્વીપવીસજીનનું ૬૦
ઢાલ ૩
૨૬ કલ્યાણકનું ઢાલો ૭ ૬૩
૨૭ ૭ આવસ્યકનું ઢાલો ૬ ૬૮
૨૮ પટપર્વી મહાત્મ્યનું ઢાલો ૯ ૭૨
૨૯ ૫૮ આરાસ્વરૂપ કથક
મહાવીરસ્વામીનું ઢાલો ૫ ૮૦
૩૦ ચૌદગુણ સ્થાનકનું ઢાલો ૧૭ ૮૫
૩૧ જ્ઞાનદર્શનચારિત્રનું ઢાલો ૮ ૯૭
૩૨ પાંચકારણનું ઢાલો ૬ ૧૦૫
૩૩ સમકીતનુ ઢાલો ૭ ૧૧૦
૩૪ બાર આરાનું ઢાલો ૧૨ ૧૧૬
૩૫ આંતરાનું સ્તવન ઢાલો ૪ ૧૨૩
૩૬ રોહિણીતપનું વિધિ સહિત
ઢાલો ૪ ૧૨૮
૩૭ રૂષભદેવસ્વામીનું ઢાલો ૬ ૧૩૩
૩૮ શ્રી મહીનાથનું ઢાલો ૫ ૧૩૮
૩૯ નેમનાથજીનું ઢાલો ૫ ૧૪૨
૪૦ મહાવીર સ્વામીનું
સતાવીસભવનું ઢાલો ૭ ૧૪૮
૪૧ ,, પંચકલ્યાણકનું ઢાલો ૩ ૧૫૭
૪૨ આંબીલ વર્ધમાનતપનુ
ચૈત્યવન્દન ૧૬૨
૪૩ વર્ધમાનતપનું સ્તવન
ઢાલો ૨ ૧૬૩
૪૪ ,, થોયો ૧૬૬
૪૫ ,, સઝાય ૧૬૬
૪૬ શ્રી મંધર સ્વામીનું ૧૬૭
૪૭ શ્રી સિદ્ધાચલનું ૧૬૯
૪૮ શ્રી સુમતિનાથજીનું ૧૭૦
૪૯ અઠાઇનું સ્તવન ઢાલો ૯ ૧૭૧
૫૦ મહાવીર સ્વામી ( સતાવીસ
ભવનું પંચઢાલીયું ૧૭૮
૫૧ નારકીનું ઢાલો ૧૮૬
૫૨ ન્યાય સાગરજીકૃત અષ્ટમીનું
સ્તવન ઢાલો ૨ ૧૯૩
૫૩ સિદ્ધાચલજીનું ૧૯૪
૫૪ શ્રીનવકારનો રાસ ૧૯૫
૫૫ સિદ્ધાચલજીનું સ્તવન ૧૯૯
૫૬ બીજું ,, ૨૦૧
૫૭ એકાદશીનું સ્તવન ૨૦૨

સજઝાયો.

૫૮ ઢુંઢકપચ્ચીસીની સઝાય ૨૦૩
૫૯ દ્વારીકાનગરીની સઝાય ૨૦૫

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૬૦ સ્થુલિભદ્રજીની ૨૦૭
૬૧ નેમરાજેમતીની ૨૦૯
૬૨ અગીઆરસની ૨૧૧
૬૩ ત્રેસઠશલાકા પુરૂષની ૨૧૨
૬૪ માનની ૨૧૪
૬૫ આત્મહિતશિક્ષ ની ૨૧૫
૬૬ અભક્ષ્યની ૨૧૭
૬૭ ઉપદેશની ૨૧૮
૬૮ માર્ગાનુસારીના ગુણની ૨૧૯
૬૯ કઠિયારાની ૨૨૧
૭૦ કર્મછત્રીશી ૨૨૩
૭૧ પરદેશી રાજાની ૨૨૬
૭૨ સુબાહુ કુમારની ૨૨૮
૭૩ મોહ મિથ્યાત્વની ૨૩૦
૭૪ સિદ્ધ ભગવ. ૨૩૨
૭૫ મેઘ ૨૩૨
૭૬ નવપદમહિમાની ૨૩૩
૭૭ સાધુજીની ૨૩૪
૭૮ સીતાજીની ૨૩૫
૭૯ યશોવિજયજી ઉપાધ્યાયજીકૃત
આઠ દ્દષ્ટિની ઢાલો ૮ ૨૩૫
૮૦ બાર ભાવનાની બાર સઝાયો
ઢાલો ૧૩ ૧૧૩
૮૧ સીતાજીની ૨૫૫
૮૨ નોકારવાલીની ૨૫૬
ઉદયરત્નજીકૃત
૮૩ શીયલની નવવાડની ૨૫૭
૮૪ સકલચંદ ઉપાધ્યાયજી કૃત
બાર ભાવનાની ૨૬૨
૮૫ વૃદ્ધિવિજયજીકૃત
દશવૈકાલીકની ૨૭૧
૮૬ શ્રીપર્યુષણપર્વનો સ્વાધ્યાય ૨૮૩
૮૭ ,, નવવ્યાખ્યાનો અથવા
કલ્પસૂત્રનો સ્વાધ્યાય ૨૮૪
૮૮ શીયલની ૨૯૭
૮૯ મધુબિંદુઆની ૨૯૮
૯૦ જંબુકુમારની ૨૯૯
૯૧ દ્રૌપદીજીની ૩૦૧
૯૨ નવપદજીની ૩૦૨
૯ સિદ્ધપદની ૩૦૩
૯૪ આચાર્યપદની ૩૦૪
૯૫ ચતુર્થ પદની ૩૦૫
૯૬ પંચમપદની ૩૦૬
૯૭ સ્થુલિભદ્રજીની ૩૦૬
૯૮ પડિક્કમણાની ૩૦૯
૯૯ સીતાજીની ૩૧૧
૦૦ ગૌતમપૃચ્છાની ૩૧૩
૧૦૧ ચેતનની ૩૧૪
૧૦૨ બાહુબલજીની ૩૧૫
૧૦૩ દેવચંદ્રજીકૃત ભંજનાની ૩૧૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧૦૪ આંબીલતપની સજ્ઝાય ૩૩૭
૧૦૫ નંદીષેણ મુનિની ,, ઢાલ ૩ ૩૩૮
૧૦૬ પાંચ મહાવ્રતની દરેકની જુદી જુદી સજ્ઝાયો ૩૪૧
૧૦૭ પાંચ મહાવ્રતની પચીશ ભાવનાની સઝાયો પાંચેની જુદી જુદી ૩૪૪
૧૦૮ જંબુકુમારની સઝાય ૩૪૭
૧૦૯ રાજુલની સઝાય ૩૪૯
૧૧૦ નવવાડની સઝાય ૩૫૦
૧૧૧ શ્રી મંધરસ્વામીનું સ્તવન ૩૫૧ ઢાલો ૭

થોયો.

૧૧૨ પંદર દિવસની થોયો દરેક દિવસની. ૩૫૪
૧૧૩ અમાવાસ્યાની ૩૬૪
૧૧૪ પંદરતિથિની ૩૬૪
૧૧૫ મૌન એકાદશીના ૩૬૫
૧૧૬ સીદ્ધાચલજીની ૩૬૬
૧૧૭ આઠમની ૩૬૭
૧૧૮ પજુસણની ૩૬૮
૧૧૯ નવપદનાઓલીની ૩૬૯
૧૨૦ સ્થંભણ પાર્શ્વનાથની ૩૭૦
૧૨૧ ભકતામરની ૩૭૨
૧૨૨ કલ્યાણમંદીરની ૩૭૧
૧૨૩ સકલકુશલવલ્લીની ૩૭૩
૧૨૪ શ્રેયઃ શ્રિયાંમંગલકેલિસદ્મની ૩૭૩
૧૨૫ પાર્શ્વનાથની ૩૭૪
૧૨૬ નેમીનાથની ૩૭૪
૧૨૭ સીદ્ધચક્રજીની ૩૭૫
૧૨૮ વીર જીનની ૩૭૫
૧૨૯ જ્ઞાનપંચમીની ૩૭૬
૧૩૦ મહાપ્રભાવિકસ્તોત્રાણી ૩૭૭
૧૩૧ સખેશ્વરપાર્શ્વનાથનીસ્તુતિઃ ૩૭૭
૧૩૨ પાર્શ્વનાથજીનની ૩૭૮
૧૩૩ શંખેશ્વરજીની ૩૭૯
૧૩૪ પાર્શ્વનાથનુંસ્તોત્ર ૩૭૯
૧૩૫ ગોડીપાર્શ્વનાથનુંસ્તોત્ર ૩૮૦
૧૩૬ ચતુર્વિંશતીજીનસ્તવન ૩૮૧
૧૩૭ મંગલાષ્ટકં ૩૮૧
૧૩૮ મંધરજીનપ્રમુખ વિચરતા જીનની સ્તુતી ૩૮૩
૧૩૯ ગીરનારજીની સ્તુતી ૩૮૪
૧૪૦ પંચમીની સ્તુતી ૩૮૫
૧૪૧ સીદ્ધચક્રજીની સ્તુતિ ૩૮૬
૧૪૨ પર્યુષણની સ્તુતિ ૩૮૬
૧૪૩ ,, બીજી. ૩૮૭
૧૪૪ કલ્લાણ કંદની પાદપૂર્તિ સ્તુતિ ૩૮૮
૧૪૫ એકાદશીની સ્તુતિ ૩૮૯
૧૪૬ ,, બીજી ત્રીજી ૩૯૦
૧૪૭ વીર સ્તુતિ ૩૯૧
૧૪૮ નદીશ્વર ધ્વીપ સ્તુતિ ૩૯૧
૧૪૯ શ્રીમંધરસ્વામીની થોયો ૩૯૨


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧૫૦ સીદ્ધાચલજીની સ્તુતિ ૩૯૩
૧૫૧ મંધરજીન સ્તુતિ ૩૯૪
૧૫૨ બીજીતીથીની સ્તુતિ ૩૯૪
૧૫૩ રોહીણીના થોયો ૩૯૫
૧૫૪ ગંધારેમહાવીરસ્વામીની થોયો ૩૯૬
૧૫૫ વીસથાનક તપની સ્તુતિ ૩૯૭
૧૫૬ શ્રીસોભના ચાર્યકૃત ચોવીસે જીનેશ્વરોની સ્તુતિઓ ૩૯૮ થી ૪૧૪ સુધી
૧૫૭ શ્રીશોભનાથ ચાર્યકૃત સંસ્કૃત ૪૧૪ ચોવીસે જીનેશ્વરોના ચૈત્યવંદનો. ૪૨૬ સુધી
૧૫૮ સંસકૃત પચ્ચુરણ ચૈત્યવંદનો
૧૫૯ શ્રીનેમિનાથ ચૈત્યવંદન ૪૨૭
૧૬૦ આદિજીન ચૈત્યવંદન ૪૨૭
૧૬૧ ,, ૪૨૭
૧૬૨ જીનચૈત્યવંદન ૪૨૮
૧૬૩ શ્રીપાર્શ્વનાથ ચૈત્યવંદન ૪૨૯
૧૬૪ શ્રીવીતરાગ.છંદ ૪૨૯
૧૬૫ શ્રીપાર્શ્વનાથ ચૈત્યવંદન ૪૩૦
૧૬૬ શંખેશ્વરપાર્શ્વનાથચૈત્યવંદન ૪૩૧
૧૬૭ શંખેશ્વરપાર્શ્વનાથજીન છંદ ૪૩૨


સમાપ્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ श्री वीतरागाय नमः ॥

# चोवीश जिनेश्वरना छंद.

## ॥ दुहा ॥

આર્યા ॥ બ્રહ્મસુતા વાણી ગિર્વાણી । સુમતિ વિમલ આપો બ્રહ્માણી । કમલ કમંડલ પુસ્તક પાણી । હું પ્રણમું જોડી જુગ પ્રાણી ॥ ૧ ॥ ચોવીસે જિનવર તણા । છંદ રચું ચોસાલ । ભણતાં શિવસુખ સંપજે । સુણતાં મંગલ માલ ॥ ૨ ॥

## ॥ छंद जाति सवैया ॥

આદિ જિણંદ નમે નરઈંદ સપુનમચંદ સમાન મુખં ॥ સમામૃત કંદ ટાલે ભવફંદ મરૂદેવીનંદ કરત સુખં ॥ લગે જસ પાય સુરિંદ નિકાય ભલા ગુણ ગાય ભવિક જનં ॥ કંચન કાય નહિ જસ માય નમે સુખ થાય શ્રી આદિજિનં ॥ ૧ ॥ અજિતજિણંદ દયાલ મયાલ કૃપાલ વિસાલ નયન જુગં । અનુપમ ગાલ મહામૃગ ચાલ સુભાલ સુજાનુ બાહુ જુગં । મનુષ્યમેલીહ મુનિસરસિંહ અબીહ નીરીહ ગયે મુગતી । કહે નય ચિત્ત ધરી બહુ ભક્તિ નમો જિનનાથ ભલી જુગતી ॥૨॥ અહો સંભવનાથ અનાથકો નાથં મુગતિકો સાથ મિલ્યો પ્રભુ મેરો । ભવોદધિપાજ ગરિબનિવાજ સવે શિરતાજ નિવારત ફેરો ॥ જિતારીકો જાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુસેના માત નમે નર જાત મિલી બહુ ઘેરો। કહે નય શુદ્ધ ધરિ બહુ બુદ્ધ જિતાવની નાથહું સેવક તેરો ॥ ૩ ॥ અભિનંદન સ્વામી લિધે જશ નામ સરે સવિ કામ ભવિક તણો ॥ વનિતા જસ ગામ નિવાસીકો ઠામ કરે ગુણ ગ્રામ નરિંદ ઘણો ॥ મુનિશ્વર ભૂપ અનુપમ રૂપ અકલ સ્વરૂપ જિનેંદ્ર તણો । કહે નય એમ ધરી બહુ પ્રેમ નમે નર પાવત સુખ ઘણો ॥ ૪ ॥ મેઘ નરિંદ મલ્હાર બિરાજિત સોવનવાન સમાન તનુ ચંદ સુચંદ વદન સુહાવત રૂપ વિનિર્જિત કામ તનુ । કર્મકી કોડી સવે દુખ છોડી નમે કરજોડી કરિ ભક્તિ । વંશ ઇક્ષ્વાકુ વિભૂષણ સાહિબ સુમતિ જીનંદ ગએ મુકિત ॥ ૫॥ હંસપાદ તુલ્ય રંગ રતિ અર્ધ રાગરંગ અઢિસે ધનુષ ચંગ દેહકો પ્રમાણ હે । ઉગતો દિણંદ રંગ લાલકેસુ ફુલ રંગ રૂપ હે અનંગ ભંગ અંગ કેરોવાન હે ॥ ગંગકો તરંગ રંગ દેવનાથહિ અભંગ જ્ઞાનકો વિલાસ રંગ શુદ્ધ જાકો ધ્યાન હે । નિવારીએ કલેશ સંગ પદ્મપ્રભુસ્વામિ ધીંગ દિજિએ સુમતિ સંગ પદ્મ કેરો જાણ હે ॥ ૬ ॥ જિણંદ સુપાસ તણા ગુણ રાસ ગાવે ભવિ ભાવ આણંદ ઘણે । ગમે ભવપાસ મહિમા નિવાસ પૂરે સવિ આસ કુમતિ હણે ॥ ચિંહુ દિસે વાસ સુગંધ સુખાસ ઉસાસ નીઃસાસ જિનેંદ્ર તણો । કહે નય ખાસ સુનીંદ્રસુપાસ તણો જસ વાદ સદૈવ ભણો ॥ ૭ ॥ ચંદ્ર ચંદ્રિકા સમાન રૂપ સૈલસે સમાન દોઢસો ધનુષમાન દેહકો પ્રમાણ હે । ચંદ્રપ્રભુ સ્વામી નામ લીજીયે પ્રભાત જામ પામીયે સુખ ઠામ ઠાણ ગામ જસનામ હે ॥ મહાસેન અંગજાત લક્ષ્મણાભિધાન માત સવિજગ જંતુ તાત ચંદ્રસમકાંત હે, કહે નય છોડી વાત ધ્યાઇયે જો દિનરાત પામીયે તો સુખ સાત દુખકો ભીજાત હે ॥ ૮ ॥ દૂધ સિંધુ ફેન પીંડ ઉજલો કપુર ખંડ ઘેનુ ખીરકો મંડ શ્વેત પદ્મ ખંડ હે, ગંગકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવાહે પિંડ સંભુ શેલ સુધ દંડ અમૃત સરસ કુંડ સુધ ચાકો તુંડ હે ॥ સુવિધિ જિનંદ સંત કીજીયે દૂકર્મ અંત શુભ ભક્તિ જાસ દંત શ્વેત જાકો વાન હે । કહે નય સુણો સંત પૂજીયે જો પુષ્પ દંત પામીયે તો સુખ સંત શુદ્ધ જાકો ધ્યાન હે, ॥ ૯ ॥ શિતલ શિતલ વાણી ઘનાઘન ચાહત કે ભાવિકેકી કિશોરા । કોક દિણંદ પ્રજાસુ નરીંદ વલી જિમ ચાહત ચંદ ચકોરા ॥ વિંધ ગયંદ શચી સુરિંદ સતિ નિજ કંત સુમેઘ મયૂરા ॥ કહે નય નેહ ધરી ગુણ ગેહ તથા હું ધ્યાવત સાહેબ મેરા ॥ ૧૦ ॥ વિષ્ણુ ભૂપકો મલ્હાર જગ જંતુ સુખકાર વંશકો શૃંગારહાર રૂપકો આગાર હે । છોડી સાવ ચિત્તકાર માન મોહકો વિકાર કામ ક્રોધકો સંચાર સર્વ વેરી વાર હે ॥ આદર્યો સંજમભાર પંચ મહાવ્રત સાર ઉતારે સંસારપાર જ્ઞાનકો ભંડાર હે । ઈગ્યારમો જિણંદ સાર ખડ્ગી જીવ ચિન્હધાર કહે નય વારોવાર મોક્ષકો દાતાર હે ॥ ૧૧ ॥ લાલ કેસુ પુલ લાલ રતી અર્ધ રંગ લાલ ઉગતો દિણંદ લાલ લાલચોલ રંગ હે । કેસરીકી જીહ લાલ કેસરકો ગોલ લાલ ચુનડીકો રંગ લાલ લાલ પાન રંગ હે ॥ લાલ કીર ચંચુ લાલ હીંગલો પ્રવાલ લાલ કોકિલાકી દૃષ્ટિ લાલ લાલ ધર્મ રંગ હે । કહે નય તેમ લાલ બારમો જિણંદ લાલ જયાદેવિ માત લાલ લાલ જાકો અંગ હે ॥ ૧૨ ॥ કૃતવર્મ નરિંદ તણો એહ નંદ નમંત સુરેંદ્ર પ્રમોદ ધરી । ગમે દુખ દંદ દીયે સુખવૃંદ જાકે પદ સોહત્ત ચિત્ત ધરી ॥ વિમલ જિનંદ પ્રસન્ન વદન જાકે શુભ મન્ન સુગંગ પરિકરિ એક મન્ન કહે નય ધન્ય નમો જિનરાજ સુપ્રીત ધરી॥૧૩॥ અનંત જિણંદ દેવ દેવમાં દેવાધિદેવ પૂજો ભવી નિતમેવ ધરી બહુ ભાવના । સુર નર સારે સેવ સુખ કીયો સ્વામી હેવ, તુજ પાખે ઓર દેવ ન કરૂં હૂં સેવના ॥ સિંહસેન અંગ જાત સુજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાભિધાન માત જગમાં સુજસ ખ્યાત થીહુ દિશે વ્યાપતો ॥ કહે નય તાસ વાત કીજીએ જો સુપ્રભાત નિજ હોઈ સુખ સાત કિર્તિ કોડી આપતો ॥૧૪॥ જાકે પ્રતાપ પરાજિત નિર્બલ ભૂતલ થઈ ભમે ભાનુ આકાસે ॥ સૌમ્ય વદન વિનિર્જિત અંતર શ્યામ શશી નવી હોત પ્રકાસે । ભાનુ મહિપતિ વંસે કુસેસય બોધન દીપત ભાનુ પ્રકાસે ॥ નમે નય નેહ નિતુસાહિબ એહ ધર્મ જિણંદ ત્રિજગ પ્રકાસે ॥ ૧૫ ॥ સોલમા જિણંદ નામે શાંતિ હોય ઠામો ઠામે સિદ્ધિ હોઈ સર્વ કામે નામ કે પ્રભાવથે ॥ કંચન સમાન વાન ચાલીસ ધનુષ માન ચક્રવર્તિ કોભિધાન દીપતો તે સૂરથે ॥ ચોદ રયણુ સમાન દીપતા નવય નિધાન કરત સુરેંદ્ર ગાન પુણ્યકે પ્રભાવથે ॥ કહે નય જોડી હાથ અબહુ થયો સનાથ પાઇઓ સૂમતી સાથ શાંતિનાથકે દિદારથે ॥ ૧૬ ॥ કહે કુંથુ જિણંદ મયાલ દયાલ નિધિ સેવકની અરદાસ સૂણો । ભવ ભીમ મહાર્ણવ પૂર અગાહ અથાગ ઉપાધિ સુનીર ઘણો । બહુ જન્મ જરા મરણાદિ વિભાવ નિમિત ઘણાદિ કલેશ ઘણો ॥ અબતારકતાર કિપાપર સાંહિબ સેવક જાણીએ છે આપણો ॥ ૧૭ ॥ અરદેવ સુદેવ કરે નર સેવ સવે દુખ દોહગ દુર કરે ઉપદેશ ઘનાઘન નીર ભરે ભવિ માન સમાનસ ભૂરીભરે ॥ સુદર્શન નામ નરેસર અંગજ ભવ્ય મને પ્રભુ વાસ વસે ॥ તસ સંકટ શોક વિયોગ કુયોગ દરિદ્ર કુસંગતિ ન આવત પાસે ॥ ૧૮ ॥ નીલ કીર પંખ નીલ નાંગવલિ પત્ર નીલ તરૂવર રાજી નીલ નીલ નીલ દ્રાખ હે ॥ કાચકો સુગોલ નીલ પાછિકો સુરંગ નીલ ઈંદ્ર નીલ રત્ન નીલ નીલ નીલ ચાસ હે ॥ જમુના પ્રવાહ નીલ ભૃંગરાજ પંખી નીલ જેહવો અશોક વૃક્ષ નીલ, નીલ નીલ રંગ હે ॥ કહે નય તેમ નીલ-રાગથે અતિવ નીલ મલ્લીનાથ દેવ નીલ નીલ જાકો અંગ હે ॥૧૯॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુમિત્ર નરીંદ તણો વરનંદ સુચંદ્ર વદન સોહાવત હે । મંદર ધીર સેવે નરહીર સુસામ શરીર વિરાજિત હે ॥ કચ્છુલવાંન સુક છપ યાન કરે ગુણગાન નરિંદ ઘણો ॥ મુનિસુવ્રત સ્વામી તણો અભિધાન લહે નય માન આનંદ ઘણો ॥ ૨૦ ॥ અરીહંત સરૂપ અનુપમ રૂપકે સેવક દુઃખને દુર કરે ॥ નિજ વાણી સુધારસ મેઘ જલે ભવીમાન સમાનસભૂરી ભરે ॥ નમી નાથકો દર્શન સાર લહી કુંણુ વિષ્ણુ મહેશ ઘરેં જો ફરે ॥ અબ માનવ મુઢ લહિ કુંણુ સકર છોડકે કંકર હાથ ધરે ॥ ૨૧ ॥ જાદવ વંશ વિભૂષણ સાહિબ નેમિ જિણંદ મહાનંદકારી ॥ સમુદ્રવિજય નરિંદ તણો સુત ઉજવલ સંખ સુલક્ષણધારી ॥ રાજુલ નાર મુકી નીરધાર ગયે ગીરનાર કલેશ નિવારી ॥ કજ્જલ કાય શિવા દેવી માય નમે નય પાય મહા વ્રત ધારી ॥ ૨૨ ॥ પાર્શ્વનાથ અનાથકો નાથ સનાથ ભયો પ્રભુ દેખતથે ॥ સવિ રોગ વિજોગ કુજોગ મહા દુઃખ દુર ગએ પ્રભુ ધ્યાવતથે ॥ અશ્વસેન નરેશ સપુત વિરાજિત ઘનાઘનવાન સમાન તનું ॥ નય સેવક વંછીત પૂરણ સાહિબ અભિનવ કામ કરિ રમનુ ॥ ૨૩ ॥ કમઠ કુલંઠ ઉલંઠ હઠી હઠ ભંજન જાસ પ્રતાપ વિરાજે । ચંદન વાણીસૂ વામા નંદન પુરૂસાદાણી બિરૂદ જસ છાજે ॥ જસ નામકે ધ્યાન થકો સવિ દોહગ દારિદ્ર દુઃખ મહા ભય ભાંજે ॥ નય સેવક વંછિત પૂરણ સાહિબ અષ્ટમહા સિદ્ધિ નિત્ય નીવાજે ॥ ૨૪ ॥ સિદ્ધારથ ભૂપ તણો પ્રતિરૂપ નમે નરભુપ આનંદ ધરી ॥ અચિંત્ય સ્વરૂપ અનુપમ રૂપકે લંછન સોહત જાસ હરી ॥ ત્રિસલા નંદન સમુદ્રમ કંદન લઘુપણે કંપિત મેરૂ ગિરિ ॥ નમે નય ચંદ વદન વિરાજિત વીર જિણંદ સુપ્રીત ધરી ॥૨૫॥ ચોવીસ જિનંદ તણા ઇહ છંદ ભણે ભવિવૃંદ જે ભાવ ધરી ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તસ રોગ વિયોગકુ જોગકુ ભોગ સવિ દુખ દોહગ દુર ટળે ॥તસ અંગણુ બાર ન લાભે પાર સુમતિ તોખાર હેખાર કરે ॥ કહે નયસાર સુમંગલ ચાર ઘરે તસ સંપદ ભુરી ભરે ॥ ૨૬ ॥ સંવેગી સાધુ વિભૂષણુ વંસ વિરાજિત શ્રી વિનિત વિમલ જનાનંદકારી ॥ તસ સેવક સંજમધીર સુધીરકે ધીરવિમલગણી જયકારી ॥ તાસપદાંબુજ ભૃંગ સમાંન શ્રીનયવિમલ મહાવ્રત ધારી, કહે એ છંદ સુણો ભવિવૃંદકે ભાવધરીને ભણો નરનારી ॥૨૭॥ સંપૂર્ણ

॥ શ્રી ॥ ॥ શ્રી ॥ ॥ શ્રી ॥

# श्री अक्षय निधि तपनी विधि

આ તપ શ્રાવણુવદ ૪ ને દિવસે શરૂકરી સોળ દિવસે પૂરો કરવો, તેમાં સુવર્ણનો રત્નજડિત કુંભ કરાવવો અથવા શક્તિ પ્રમાણે બીજી કોઈ રૂપાવિગેરે ધાતુનો કરાવવો અથવા છેવટ શક્તિ નહોય તો માટીનો કરાવવો, પછી તે કુંભ ઘરમાં, દેરાસરમાં અથવા ઉપાશ્રયે પવિત્ર સ્થાને ડાંગરની ઢગલી કરી તે ઉપર પધરાવવો, (બનતા સુધી કુંભ પાસે અખંડદીવો ફાનસમાં યત્ના પૂર્વક ૧૬ દિવસ સુધી રાખવો,) તેનીસમીપે સ્વતિક કરી તે ઉપર શ્રી કલ્પ સૂત્ર પધરાવવું, દરરોજ બે ટંક પડિક્કમણું કરવું, દેવવંદન પડિલેહણુ કરવાં, ભુમિ સયન કરવું, બ્રહ્મચર્ય પાળવું, એકાસણાનો તપ ૧૫ દિવસ પર્યંત કરવો, છેલ્લે દિવસે એટલે ભાદ્રપદ શુદિ ૪ થે (સંવચ્છરીએ) ઉપવાસ કરવો, આ પ્રમાણે ચાર વર્ષ પર્યંત કરવાથી ૬૪ દિવસે આ તપ પૂર્ણ થાય છે, દરરોજ દેવ પૂજા કરવી, પુસ્તક ઉપર ચંદરવો બાંધવો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનને ધૂપ દીપ કરી હંમેસા રૂપાનાણે પૂજવું, (ક્યારે પૂજવું તે વિધિમાં બતાવેલ છે,) શક્તિ ના હોય તો પહેલે છેલ્લે દિવસે રૂપાનાણે પૂજવું, અને વચલા દિવસોમાં યથા શક્તિ દ્રવ્યવડે પૂજવું, 'નમોનાણુસ્સ' એ પદની ૨૦ નવકારવાળી દરરોજ ગણુવી, ( કોઈ જગ્યાએ ૐ હ્રીઁ કલ નમો ન[illegible]લ એમ કહેલ છે, ) ૨૦ લોગસ્સનો કાઉસગ્ગ કરવો, નીચે બતાવેલી વિધિ મુજબ દરરોજ વિધિ કરવી, કુંભની ઉપર શ્રીફળ મૂકી લીલા કે પીળા રેશમી વસ્ત્ર વડે બાંધી રાખવો, દરરોજ તેની અંદર વિધિને અંતે એકેક પસલી અક્ષતની નાખવી, સોળ દિવસે કુંભ ભરાઈ જાય તેમ કરવું, છેલ્લે દિવસે કુંભની સમીપે રાત્રી જાગરણ કરવું, પૂજા પ્રભાવના કરવી, અક્ષયનિધિતપનું સ્તવન દરરોજ ગાવું, સાંભળવું, પારણાને દિવસે ( ભાદ્રપદ શુદિ. ૫. મે ) કુંભને ફુલની માળા પહેરાવી, સૌભાગ્યવતી સ્ત્રીને માથે મૂકવો, સર્વ જાતિના પક્વાન્ન સુખડી વિગેરે યથાશક્તિ કરાવી, તેના થાળ પણ સૌભાગ્યવતી સ્ત્રીઓને માથે મૂકવા, હાથી ઘોડા વાજીંત્રો વિગેરેથી મોટી ધામધુમ સાથે વરઘોડો ચડાવી કુંભ લઈને દેરાસરે આવવું. કુંભ વાળી સ્ત્રીઓએ ત્રણ પ્રદક્ષિણાકરી પ્રભુ પાસે કુંભ મૂકવો, નૈવેદ્યના થાળ પણ પ્રભુ પાસે ધરવા, જ્ઞાનના પુસ્તકને ગુરૂમહારાજ પાસે લઈ જઈ ત્યાં પધરાવી ગુરૂ પૂજા તથા જ્ઞાનપૂજા રૂપા નાણાથી કરવી (ગુરૂપૂજાનું દ્રવ્ય ગુરૂ સમિપે ધરવું, તે દિવસે યથા શક્તિ સ્વામી વાત્સલ્ય, પ્રભાવના વિગેરે કરવું. જેટલા સ્ત્રી કે પુરૂષ આતપ કરતા હોય તે દરેક ને માટે કુંભ જૂદા જુદા પધરાવવા. કલ્પ સૂત્ર એકજ પધરાવવું. આ તપ શ્રાવકને કરવાનો છે, આ ભવ પર ભવમાં મહાન લાભ આપનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ તપ છે, ગરણું "નમોનાણુસ્સ" એપદનું નવકારવાળી વીસ પ્રમાણે ગણવું. સાથીયા વિગરે ૫૧ એકાવન કરવા, ૨૦) વીસ પણ કરવા. ॥ અક્ષય નિધિ તપની વિધિ સંપૂર્ણ. ॥

દરરોજ કરવાની વિધિ નીચે પ્રમાણે,

૨, શ્રી અક્ષય નિધિ તપની વિધિ,

પ્રથમ ઇરિયાવહી પ્રતિક્રમવા, પછી ઇચ્છાકારેણ૦ અક્ષય નિધિ તપ આરાધન નિમિત્તે ચૈત્ય વંદન કરૂં, ઇચ્છં કહી નીચે પ્રમાણે ચૈત્ય વંદન કરવું.

શાસન નાયક સુખ કરણ, વર્દ્ધમાન જીનભાણ, અહ-નિશ એહુની સિર વહુ, આણા ગુણમણિ ખાણ, ॥ ૧ ॥ તે જીનવરથી પામીયા, ત્રીપદી શ્રી ગણધાર, આગમ રચના બહુવિધ, અર્થ વિચાર અપાર, ॥ ૨ ॥ તે શ્રી શ્રુતમાં ભાખિયાએ, તપ બહુવિધ સુખકાર, શ્રી જીન આગમ પામીને, સાધે મુનીશિવ સાર, ॥ ૩ ॥ સિદ્ધાંત વાણી સુણવા રસિક, શ્રાવક સમક્તિધાર, ઇષ્ટ સિદ્ધિ અર્થે કરે, અક્ષય નિધિ તપ સાર, ॥ ૪ ॥ તપ તો સૂત્રમાં અતિ ઘણા, સાધે મુનિવર જેહ, અક્ષય નિધાનને કારણે, શ્રાવકને ગુણ ગેહ ॥૫॥ તે માટે ભવી તપ કરોએ, સર્વ ઋદ્ધિમળે સાર, વિધિ શું એહ આરાધતાં; પામીજે ભવપાર, ॥૬॥ શ્રી જીનવર પૂજા કરો, ત્રિકશુદ્ધે ત્રીકાલ, તેમ વળી શ્રુત જ્ઞાનની, ભક્તિ થઈ ઊજમાળ, ॥ ૭ ॥ પડિક્કમણાં બે ટંકના, બ્રહ્મચર્યને ધરીએ જ્ઞાનીની સેવા કરી, સહેજે, ભવજળ તરીએ, ॥ ૮ ॥ ચૈત્ય વંદન શુભ ભાવાથીએ, સ્તવન થોઇ નમસ્કાર, શ્રુતદેવી ઉપાસના, ધીર વિજય હિતકાર, ॥ ૯ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી જંકિંચિ કહીને, નમુથ્થુણં કહેવું.

પછી બે જાવંતિ કહી, નમો ઽર્હત્ કહી, નીચે પ્રમાણે સ્તવન કહેવું,

( લાવો લાવોને રાજ મોંઘા મૂલાં મોતી—એ દેશી. )

તપ વરકીજેરે, અક્ષયનિધિઅભિધાને; સુખભરલીજેરે, દિનદિન ચડતેવાને, ( એ આંકણી ) પર્વપજૂસણ પર્વાસિરોમણી, જે શ્રી પર્વ કહાય, માસ પાસ છઠ દસમ દુવાલસ, તપ પણ એદિન થાય, ॥ ૧ ॥ તપવર૦ પણ અક્ષય નિધિ પર્વપજૂસણ, કેરો કહે જિનભાણ, શ્રાવણવદ ચોથે પ્રારંભી, સંવચ્છરી પરિમાણ, ॥ ૨ ॥ તપવર૦ એતપ કરતાં સર્વ ઋદ્ધિ વરે, પગપગ પ્રગટે નિધાન, અનુક્રમે પામે તેહ પરમ પદ, સાન્વપી નામ પ્રધાન ॥૩॥ તપવર૦ પરમત્સરથી કર્મ બંધાણું, તેણે પામી દુઃખ જાળ, એ તપ કરતાં તે પૂરવનું, કર્મ થયું વિસરાળ, ॥ ૪ ॥ તપવર૦ જ્ઞાનપૂજા શ્રુત દેવી કાઉસગ, સ્વસ્તિક અતિ સોહાવે, સોવન કુંભ જડિત નિજ શક્તિ, સંપૂરણ ક્રમે થાવે, ॥ ૫ ॥ તપવર૦ જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટથી કરીએ, ઈગ દોય તિન વરીસ, વરસચોથે શ્રુત દેવી નિમિત્તે, એ તપ વીસવાવીસ ॥ ૬ ॥ તપવર૦ એણે અનુસારે જ્ઞાનતણું વર, ગરણું ગણીએ ઉદાર, આવશ્યકાદિ કરણી સંયુત, કરતાં લઈ ભવપાર. ॥ ૭ ॥ તપવર૦ ઈહ ભવપરભવ-દોષ આશંસા, રહિત કરો ભવિ પ્રાણી, જે પર પુદ્ગળ ગ્રહણ ન કરવું, તે તપ કહે વર નાણી ॥ ૮ ॥ તપવર૦ રાતિજગા પૂજા પરભાવના, હય ગય રથ સણગારીજે. પારણાદિન પંચશબ્દે વાજે, વાજંતે પધરાવીજે, ॥ ૯ ॥ તપવર. ચત્યવિશાળ હોય તિહાં આવી, પ્રદક્ષિણા વળી દીજે, કુંભવિવિધ નૈવેદ્ય સંઘાતે, પ્રભુ આગળ ઢોઈજે, ॥ ૧૦ ॥ તપવર૦ રાધનપુરે એ તપ સુણી બ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હુજન, થયા ઉજમાળ તપ કાજે, એહુમા મુખ્ય મંડાણુ ઓછવમાં. મસાલીયા દેવરાજ, ।। ૧૧ ।। તપવર૦ સંવત અઢાર તેંતાલીસ વરસે, એ તપ બહુ ભવીકીધો, શ્રી જિન ઉત્તમ પાદ પસાયે, પદ્મવિજય ફલ લીધો ।। ૧૨ ।। તપવર૦ સંપુર્ણ. ।।

ત્યાર પછી જયવીયરાય, કહી ।। સુયદેવયાએ કરેમિકાઉસ્સગ્ગં ।। અન્નત્થ. કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોઽર્હત્ કહી ।। સુય દેવયા ભગવઈ, નાણુા વરણીય કમ્મસંઘાયં, તેસિં ખવેઉ સયયં, જેસિં સુયસાયરે, ભત્તિ, ।। ૧ ।। એ થોઈ કહેવી. પછી પચ્ચખ્ખાણુ કરવું, પછી પૂજાની ઢાળ કહેવી તે નીચે પ્રમાણે–

## દુહો.

સપ્તમ પદ શ્રી જ્ઞાનનો, સિદ્ધ ચક્ર પદમાંહી;
આરાધી જે શુભમને, દિન દિન અધીક ઉછાહિં. ।। ૧ ।।

અન્નાણુસંમોહતમોહરસ્સ, નમોનમોનાણુદિવાયરસ્સ, પંચપ્પયાસુઉવંગારગસ્સ, સન્નાણુતવ્વત્થ પયા સગસ્સ, ।। ૧ ।। હુવે જેહથી સવં અજ્ઞાન રોધો, જિનાધીશ્વર પ્રોક્ત અથાવ બોધો, મતિઆદિ પંચ પ્રકારે પ્રસિદ્ધો, જગદ્ ભાસતે સર્વ દેવાવિરૂદ્ધો ।। ૨ ।। પદીપ પ્રભાવે સુભક્ષં અભક્ષ, સુપેયં અપેયં સુકૃત્યં અકૃત્યં, જેણે જાણીએ લોકમધ્યે સુનાણું, સદા મેવિશુદ્ધં તદૈવ પ્રમાણું ।। ૩ ।।

## ઢાલ

ભવ્ય નમો ગુણ જ્ઞાનને, સ્વપર પ્રકાશક ભાવેજી. પરજાય ધર્મ અનંતતા, ભેદા ભેદ સ્વભાવેજી, ।। ૧ ।। ( ચાલ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે મુખ્ય પરિણતિ સકલ જ્ઞાયક, બોધ ભાવવિલચ્છના ॥ મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધ સાધન લચ્છના ॥ સ્યાદ્વાદસંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદા ભેદતા ॥ સવિકલ્પને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા ॥ ૨ ॥

॥ પૂજા ઢાળ ॥

ભક્ષા ભક્ષ નજેવિણુ લહિયે, પેય અપેય વિચાર ॥ કૃત્ય અકૃત્ય નજેવિણુ લહિયે, જ્ઞાનતે સકલ આધારરે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૧ ॥ પ્રથમ જ્ઞાનને પછી અહિંસા, શ્રીસિદ્ધાંતે ભાખ્યું, જ્ઞાનને વંદો જ્ઞાનમનિંદો, જ્ઞાનીયે શિવસુખ ચાખ્યું રે, ॥ ભવિકા, ॥૨॥ સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનુ મૂળ જે કહિયે, ॥ તેહ જ્ઞાનનિત નિતવંદીજે, તેવિણુ કહો કેમ રહિયે રે. ॥ ભવીકા ॥ ૩ ॥ પંચ જ્ઞાન માંહિ જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ ॥ દીપક પરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિશશિ મેહ રે ॥ ભવિકા ॥ ૪ ॥ લોક ઉર્ધ્વ અધોતિર્યગ જ્યોતિષ, વૈમાનિકને સિદ્ધ ॥ લોકા લોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાને મુજ સુદ્ધ રે ॥ ભવિકા ॥ સિદ્ધ ચક્ર૦ ॥ ૫ ॥

॥ ઢાળ ॥

જ્ઞાનાવર્ણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાયરે, તો હુએ એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાયરે, ॥ વી૦ ॥ ૧ ॥

પછી ॥ ૐ હ્રીં પરમાત્મને નમઃ જ્ઞાનપદેભ્યઃ કલશં યજામહેસ્વાહાઃ ॥ એ મંત્ર બોલીને, જ્ઞાનને ફરતી કલશથી ધારાવાડી દેવી. પછી, વાસખેપ, રૂપાનાણું કે પૈસો, હાથમાં લઈને નીચે પ્રમાણે થોય કહેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિન જોજન ભૂમિ, વાણિનો વિસ્તાર ॥ પ્રભુ અર્થ પ્રકાશે રચના ગણધર સાર ॥ સોયઆગમ સુણતાં, છેદીજે ગતિચાર ॥ પ્રભુવચન વખાણી, લઈએ ભવનો પાર ॥ ૧ ॥ પછી જ્ઞાન પુ-જવું, જ્ઞાનની વાસ ખેપવડે પૂજા કરવી અને પછી દ્રવ્ય પૂજા કરવી એટલે સોનામોહર, તથા રૂપા મહોરથી જ્ઞાનની યથા શક્તિ પૂજા કરવી, પછી દુહા કહીને ખમાસણા દેવા.

॥દુહા॥ સુખકર શંખેશ્વર નમી, થુણશું શ્રીશ્રુતનાણ ॥ચઉમુગ॥ શ્રુત એક છે, સ્વપર પ્રકાશક ભાણ ॥ ૧ ॥ અભિલાપ્ય અનંતમે, ભાગે રચિયો જેહ ॥ ગણધર દેવે પ્રણમીયો, આગમ રયણ અછેહ ॥ ૨ ॥ ઇમ બહુલી વક્તવ્યતા, છઠાણ વડીયા ભાવ ક્ષમા શ્રમણભાષ્યે કહ્યું, ગોપય સર્પિ જમાવ ॥ ૩ ॥ લેશ થકી શ્રુત વરણવું, ભેદ ભલા તસ વીસ ॥ અક્ષયનિધિ તપને દિને, ક્ષમાશ્રમણ તેવીસ ॥ ૪ ॥ સૂત્ર અનંત અર્થ મયી, અક્ષય અંશ લહાય ॥ શ્રુતકેવલી કેવલીપરે, ભાખે શ્રુત પર્યાય ॥ ૫ ॥ શ્રી શ્રુતજ્ઞાનને નિત નમો, ભાવ મંગલને કાજ ॥ પૂજન અર્ચન દ્ર-વ્યથી, પામો અવિચલ રાજ ॥ ૬ ॥ આ છેલ્લો દુહો ખમાસણ દીઠ કહેવા ॥ ઈગસય અડવીસ સ્વરતણા, તિહાં આકાર અઢાર ॥ શ્રુત પર્યાય સમાસમે, અંશ અસંખ્ય વિચાર ॥ શ્રીશ્રુત૦ ॥ ૧ ॥ બત્રીશ વર્ણ સમાય છે, એક શ્લોક મઝાર ॥ તેમાંહે એક અક્ષર ગ્રહે, તે અક્ષર શ્રુતસાર ॥ શ્રીશ્રુત૦ ॥ ૨ ॥ ક્ષયોપશમ ભાવે કરી, બહુ અક્ષરનો જેહ ॥ જાણગ ઠાણાંગ આગલે, તે શ્રુતિનિધિ ગુણગેહ ॥ શ્રીશ્રુત૦ ॥ ૩ ॥ કોડિ એકાવન અડલખા, અડશય અઠયાસી હજાર ॥ ચાલીસ અક્ષર પદ તણાં. કહે અનુયોગદ્વાર ॥ શ્રીશ્રુત૦ ॥ ૪ ॥ અર્થાંતે ઈહાં પદ કહ્યું, જિહાં અધિકાર ઠરાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પદ શ્રુતને પ્રણમતા, જ્ઞાનાવર્ણીય હઠાય ॥ શ્રીશ્રુત૦ ॥ ૫ ॥ અઢાર હજાર પદેકરી, અંગ પ્રથમ સુવિલાસ ॥ દુશેણા શ્રુત બહુ પદ ગ્રહે, તે પર શ્રુત સમાસ ॥ શ્રીશ્રુત૦॥૬॥ પિંડપ્રકૃતિમાંએક પદે, જાણે બહુ અવદાત ॥ ક્ષયોપશમની વિચિત્રતા, તેહજ સૂત સંઘાત ॥ શ્રીસૂત૦ ॥ ૭ ॥ પંચોતેર ભેદે કરી, સ્થિતિ બંધાદિ વિલાસ ॥ કમ્મપયડીપયડી ગ્રહે, સૂત સંઘાત સમાસ ॥શ્રીસૂત૦॥ ॥ ૮ ॥ ગત્યાદિક જે માર્ગણા, જાણે તેહમાં એક ॥ વહેંચણ ગુ-ણઠાણાદિકે, તસ પ્રતિપત્તિ વિવેક ॥ શ્રીસૂત૦ ॥ ૯ ॥ જે બા-સઠિ માર્ગણ પદે, લેશ્યા આદિ નિવાસ ॥ સંગ્રહ તરતમ યોગથી તે પ્રતિપત્તિ સમાસ ॥ શ્રીસૂત૦ ॥ ૧૦ ॥ સંતપદાદિક દ્વારમાં, જે જાણે શિવલોક ॥ એક હોય દ્વારે કરી, શ્રદ્ધાસૂત અનુયોગ ॥ ॥ શ્રીસૂત૦ ॥ ૧૧ ॥ વળી સત્તાદિક નવ પદે, તિહાં માર્ગણા-ભાસ ॥ સિદ્ધતણી સ્તવના કરે, શ્રુત અનુયોગ સમાસ ॥ શ્રી શ્રુત૦ ॥ ૧૨ ॥ પ્રાભૃત પ્રાભત શ્રુત નમું, પૂર્વના અધિકાર ॥ બુદ્ધિ બલ પ્રભાવથી, જાણે એક અધિકાર ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૩ ॥ પ્રાભત પ્રાભૃત શ્રુતસમા, સાન્નિધ લબ્ધિ વિશેષના, બહુ અધિકાર ઈસ્યા ગ્રહે, ક્ષીરાશ્રવ ઉપદેશ ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૪ ॥ પૂર્વભવ ગત વસ્તુ જિકે, પ્રાભૃત શ્રુત તે નામ ॥ એક પ્રાભૃત જાણે મુનિ, તાસ કરૂં પ્રણામ ॥ શ્રી શ્રુત૦ ॥ ૧૫ ॥ પૂર્વલબ્ધિ પ્રભાવથી, પ્રાભૃત શ્રુત સમાસ ॥ અધિકાર બહુલા ગ્રહે, પદ અનુસાર વિલાસ ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૬ ॥ આચારાદિક નામથી, વસ્તુનામ શ્રુત સાર ॥ અર્થ અનેકવિધે ગ્રહે, તે પણ એક અધિકાર ॥ શ્રીશ્રુત૦ ॥૧૭॥ દુગસય પણવીસ વસ્તુ છે, ચૌદ પૂર્વનો સાર ॥ જાણે તેહને વં-દના, એક સાસે સોવાર ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૮ ॥ ઉત્પાદાદિક પૂર્વ જે, સૂત્ર અર્થ એક સાર ॥ વિદ્યામંત્ર તણો કહ્યો, પૂર્વશ્રુત ભં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડાર ॥ શ્રીશ્રુત૦ ॥ ૧૯ ॥ બિંદુસાર લગે ભણે, તેહિજ પૂર્વ સમાસ ॥ શ્રીશુભ વીરને શાસને, હોજ્યો જ્ઞાન પ્રકાશ ॥ શ્રીશ્રુતણા ॥ ૨૦ ॥ ઇતિ અક્ષયનિધિ તપ ખમાસણુ વિધી દુહા સમાપ્ત ॥

ખમાસણા દિધા પછી ચોખા નિર્મલ બે હાથે પસલી ભરીને ઉપર રૂપાનાણું, અથવા પૈસો, સોપારી મુકીને ઉભા રહી જ્ઞાનની સ્તુતી કરીએ, ॥ દુહો, જ્ઞાન સમો કોઇ ધન નહીં, સમતા સમુ નહિ સુખ ॥ જીવિત સમી આશા નહિ, લોભ સમો નહિ દુઃખ ॥ ૧ ॥ પછી પસલી કુંભમાં નાખવી, સોલમે દીવસે કુંભ પુરો ભરવો, પછી ખમાસણુ દેઇને ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન્ શ્રુત દેવતા આરાધનાર્થં કરેમિકાઉસગ્ગ કરૂં. ઇચ્છં, શ્રુત દેવતા આરાધનાર્થં કરેમિકાઉસગ્ગં, અન્નથ, એકનવકારનો કાઉસગ્ગ કરવો ( નમોઽર્હત્ કહીને, જ્ઞાનની થોય કેહેવી.

ત્રિગડે બેશી શ્રીજિનભાણ, બોલે ભાષા અમીય સમાણ, મત અનેકાંત પ્રમાણ. ॥

અરિહંત શાસન સફરી સુખાણ, ચઉઅનુયોગ જિહાંગુણ ખાણ, આતમ અનુભવ ઠાણ. ॥

સકલ પદારથ ત્રિપદી જાણ, જોજન ભૂમિ પસરે વખાણ, દોષ બત્રિશ પરિહાણ. ॥

કેવલી ભાખિત તે શ્રુતનાણ, વિજયલક્ષ્મિ સૂરિ કહે બહુમાન, ચિત્ત ધરજો તે સયાણ, ॥ ૧ ॥

**પછી પ્રદક્ષિણા દેવી, પછી હંમેસા અક્ષયનિધિની ઢાલો કેહવી અથવા સાંભળવી. તે નીચે પ્રમાણે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ अथ श्री अक्षयनिधि तपनी ढालोनुं स्तवन ॥

॥ દુહા ॥ શ્રી શંખેશ્વર શિરનામી, કહું તપ ફલ સુવિચાર ॥ અક્ષય નિધિ તપ ભાખીયો, પ્રવચન સાર ઉદ્ધાર ॥ ૧ ॥ તપ તપતાં અરિહા પ્રભુ, કેવલ નાણને હેત ॥ નાણ લહી તપ તજી કીયો, શિવ રમણી સંકેત ॥ ૨ ॥ તિમ સુંદરી પરે તપ કરો, અક્ષયનિધિ ગુણવાન, શ્રુત કેવલીયે જે રચ્યો, કલ્પસૂત્ર બહુ માન ॥ ૩ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ રૂડીને રઢીયાલીરે વાલા તારી વાંસલીરે

॥ એ દેશી ॥

॥ જંબુ ભરતે રે નયરી રાજગ્રહીરે, સંવર શેઠ વસે એક સાર ॥ ગુણવંતી નારીરે કઠણ આજીવિકારે, ઘર દારિદ્ર તણો ભંડાર ॥ સુંદરી સેવોરે અક્ષયનિધિ તપ ભલોરે ॥૧॥ એ આંકણી ॥ પુણ્ય સંજોગેરે પ્રિયા ગરભે ફલીરે, તબ તસ વૃત્તિ ચલી ઘરબાર ॥ કેઈ વ્યવહારીરે વણજ કરાવતારે, વાધ્યો શેઠ તણો વ્યવહાર ॥ સુંદરી૦ ॥ ૨ ॥ પૂરણ માશેરે જન્મી કુમારિકારે, પ્રગટયો નાલ નિખેપ નિધાન ॥ લક્ષણવંતીરે પુત્રી પ્રભાવથીરે; રાય સુણી કરતો બહુ માન ॥ સુંદરી૦ ॥ ૩ ॥ પુત્રની પેરેરે જન્મ ઓચ્છવ કર્યોરે, સજ્જનવર્ગ નોતરીયા ગેહ ॥ સંવર શેઠેરે થાપ્યું સુંદરીરે; નામ મહોત્સવ કરી ધરી નેહ ॥ સુંદરી ॥૪॥ બાલ સ્વભાવેરે રમતી સુંદરીરે. જિહાં જિહાં ભૂમિ ખણંતી રમાય ॥ પૂર્વ પુન્યેરે મણિ માણેક ભર્યોરે, તિહાં તિહાં દ્રવ્યનિધિ પ્રગટાય ॥ સુંદરી૦ ॥ ૫ ॥ આણી આપેરે તાતને સુંદરીરે, તિણે તે શેઠ હુઓ ધનવંત ॥ યોવન જાગેરે રંભા ઉર્વશીરે, દેખી શેઠ કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વરચિત ॥ સુંદરી ॥ ૬ ॥ શેઠ સમુદ્રપ્રિયાભિધ નગરમાંરે, કમલ સિરિ નારી તસ પુત્ત ॥ શ્રીદત્તનામેરે રૂપ કલા ભર્યોરે, તસ પર-ણાવી તે ધન જુત્ત ॥ સુંદરી૦ ॥ ૭ ॥ પુણ્ય પનોતીરે સાસરે સુંદરીરે, આવી તત્ક્ષણ નિધિ પ્રગટાય ॥ પગ અંગુઠેરે કાંકરો કાઢતાં રે, પૂર્ણ કલશ ધન લેતી જાય ॥ સુંદરી૦ ॥ ૮ ॥ મો-સાલે ભાણેજીને તેડયાં ભોજનેરે ॥ તેહને ઘર પણ લક્ષ્મી નમાય ॥ ઈમ જિહાં બાલારે શા પગલાં ઠવેરે, નિધિ પ્રગટે સહુ સુખિયાં થાય ॥ સુંદરી૦ ॥ ૯ ॥ વહુને માનેરે સસરો ભલી પરેરે ॥ રાજા પણ ચિત્ત વિસ્મય થાય ॥ એક દિન આવ્યા રે ધર્મ ઘોષ સૂરિવરારે, રાજા પ્રમુખ તે વંદન જાય ॥ સુંદરી૦ ॥ ૧૦ ॥ સુંદરી પૂછે રે કહો કુણ કારણેરે, પગ પગ પામુ ઋદ્ધિ રસાલ ॥ સૂરિ કહે સાચોરે પૂર્વ ભવતેં કર્યોરે, અક્ષયનિધિ તપ થઈ ઉજ-માલ ॥ સુંદરી૦ ॥ ૧૧ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ માતા જસોદા તમારો કાન, મહી વેચતાં માગે દાણ ॥ એ દેશી ॥

॥ અથવા ચોપાઈની દેશી ॥

॥ ખેટકપુર સંયમ અભિધાન, શેઠ પ્રિયા ઋજુમતિ ગુણ-વાન ॥ રૂજુમતિ તપ રાતિ રહે, જ્ઞાન ભક્તિ સુખ સંપદ લહે ॥ ૧ ॥ રયણાવલી કનકાવલી કરે, એકાવલી વિધિયે ઉચરે ॥ પાડોસી વસુ શેઠે વરી, સોમસુંદરી બહુ મચ્છર ભરી ॥ ૨ ॥ પુણ્યવતી તપ રતિ બહુ, ઋજુમતિ પ્રશંસે સહુ ॥ સોમસુંદરી સુણી નિંદા કરે, ડાકણી પરે છલ જોતી ફરે ॥ ૩ ॥ ભુખ્યો બ્રાહ્મણ બગાયો ઢોર, ચાંપ્યો નાગ નાસંતો ચોર ॥ રાંડ ભાંડને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માતો સાંઢ, એ સાતેથી ઉગરીયે માંડ ॥ ૪ ॥ લાગ્યું ઘર શેઠ સંજમ તણું, સોમસુંદરી ચિત્ત હરખ્યું ઘણું ॥ નારી પ્રભાવે ન બળી એક છડી, વળી એક દિન ઘેર ધાડજ પડી ॥ ૫ ॥ પાડો સણુ મન ચિન્તે ઈસું, પાપી શેઠનું ન ગયું કિસું ॥ દેતી શ્રાપને નિર્ધન થયા, તે દંપતિ સુરલોકે ગયા ॥ ૬ ॥ સોમ સુંદરી ગુણ મચ્છર ભરી, અશુભ કર્મ ઉપાર્જન કરી ॥ પામી મરણ સ કોઈક ગુણી, શ્રાવક સુખ નવકારજ સુણી ॥ ૭ ॥ જિતશત્રુ મ- થુરાનો રાય; ચઉસુત ઉપર બેટી થાય ॥ સર્વ ઋદ્ધિ નામજ ત- સદઇ, પંચ ધાવસું મોટી થઈ ॥ ૮ ॥ શત્રુ સૈન્ય સમૂહે નડયો, જિતશત્રુ રણયોગે પડયો ॥ લુંટ પડી જબ રાજદ્વાર, કુંવરી પણ નાઠી તેણીવાર ॥ ૯ ॥ ઉજાતિ એક અટવી પડી, રવિ ઉદયે માર્ગ શિર ચડી ॥ વનફલ વૃતેં વનચર થઇ, યૌવન વેલા નિષ્ફલ ગઇ ॥ ૧૦ ॥ એક વિદ્યાધર દેખી કરી, પરણી સા નિજ મંદિર ધરી ॥ તિણિ વેલા ઘર લાગી ગયું, સર્વ રૂદ્ધિ પગલેથી થયું ॥ ૧૧ ॥ વિદ્યાધરે ફરી વનમાં ધરી, પલ્લિપતિ એક ભીલે હરી ॥ ત્રીજે દીન ઘર તેનું બલ્યું, નારી નિંદન સહુ જન ભલ્યું ॥૧૨॥ સાર્થવાહ કર વેચી તીણે, ચાલ્યો નિજ દેસાવર ભણી ॥ પંથ વચે લુટાણો તેહ, સર્વ ઋદ્ધ નાઠા લઈ દેહ ॥ ૧૩ ॥ વનમાં સરોવર તીરે ખડી, રાજકુમારી કર્મે નડી ॥ પુન્યે મુનિ મલ્યા ગુણ ગેહ. મીઠે વયણે બોલાવી તેહ ॥ ૧૪ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ છોરી જાટડીની ॥ એ દેશી ॥

॥ છોરીરે બેટી તુંતો રાયની હે, કાંઈ ઉભી સરોવર પાળરે ॥ શું દુઃખ ચિંતવે ॥ સિરદાર સહુને સુખ કરે, મહારાજ મુનિ એમ ઉચરે ॥ પૂર્વભવ મચ્છર કરી હે, કાંઇ ફલી તરૂ શાખા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુલરે ॥ સોમ સુંદરી ભવે ॥ સિર૦ ॥ મ૦ ॥ ૧ ॥ તાત મરણ પુર લુંટીયું હે, કાંઈ પડી તું અટવી મેઝારરે ॥ દુઃખ પામી ઘણી ખેચરશું, ઇણે ભવે લહ્યો હે ॥ સુખ સંભોગ એક વારરે, વલી વનચર પણું ॥ સિ૦ ॥ મ૦ ॥ ૨ ॥ જ્ઞાની ગુરૂ વયણાં સુણી હે, રાજકુમારી પુછાયરે॥ ગુરૂ ચરણે નમી, આ દુઃખથી કિમ છુટીયે હે ॥ કહીયે કરી સુપસાયરે, દુઃખ વેલા ખમી ॥ સિ૦ ॥ મ૦ ॥ ૩ ॥ અક્ષયનિધિ તપ વિધિ કરો હે, જ્ઞાન ભક્તિ વિસ્તારરે॥ શક્તિ ન ગોપવી, શ્રાવણ વદી ચોથે થકી હે ॥ સંવત્સરી દિન સારરે, પૂરણ તપ તપી ॥ સિ૦ ॥ મ૦ ॥ ૪ ॥ ચોથભકત એકાસણો હે, શક્તિતણે અનુસારરે ॥ ઘટ અક્ષત ભરો, વિધિ ગુરૂગમથી આચરો હે ॥ ગણણું દોય હજારરે, પડિક્કમણાં કરો ॥ સિ૦ ॥ મ૦ ॥ ૫ ॥ એક વરસ જઘન્યથી હે, તીન વરસ ઉક્કિટ્ઠરે ॥ ઇણ વિધિ તપ કરો, શાસન દેવી કારણે હે ॥ ચોથે વરસ વીસી ઠરે, વળી એ આદરો ॥ સિ૦ મ૦ ॥ ૬ ॥ આભવ મનવંછિત ફલે હે, પરભવ ઋદ્ધી ન માયરે ॥ હરિ ચક્રિપરે, ઈમ નિસુણી કુમરી તિહાં હે ॥ વાંદી ગુરૂના પાયરે, ગઈ ગામાંતરે ॥ સિ૦ ॥ મ૦ ॥ ૭ ॥ પરઘર કરતાં ચાકરી હે, આજીવિકા નિર્વાહરે ॥ સુખ દુખમાં કરે, અલ્પ વિધિયે તપતિણે કર્યો હે ॥ પ્રથમ વરસ ફરિ ચાહેરે, બીજે ભલિપરે ॥ સિ૦ મ૦ ॥ ૮ ॥ ચોથે વરસ તપ માંડતાં હે, કોઇક હુઇ ધનવંતરે ॥ એક દિન આવીઆ, વિદ્યાધર ક્રીડા વશે હે ॥ પૂર્વ નેહ ઉલસંતરે, દેખી નિજ પ્રિયા ॥ સિ૦ ॥ મ૦॥ ૯ ॥ થાપી જઇ અંતે ઉરે હે, સા કહે શીલવ્રત મુખ્યરે ॥ ઇણિ કાયા ધરી, શેષાયુ અણસણે મરી હે ॥ સંવર પુત્રી તુજરે, કહું સુણ સુંદરી ॥ સિ૦ ॥ મ૦ ॥ ૧૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ ॥ ૪ ॥ કોશ્યા વેશ્યા કહે રાગીજી, મનોહર મન ગમતા ॥ એ દેશી ॥

॥ નિજ પૂર્વભવ રાણી તેહજી, સુંદરી સુકુમાલી, જાતિસ્મરણ વરે તેહજી ॥ સું૦ ॥ તપ ફલે લોકો ઋદ્ધિ રસાલજી ॥સું૦॥ કહે ધર્મઘોષ અણગારજી ॥ સું૦ ॥ ૧ ॥ કહે સુંદરી સર્વે સાચુંજી ॥ સું૦ ॥૨॥ તેહવા મેં તુમને જાણ્યાજી ॥ સું૦ ॥ તુમ જ્ઞાન માંહે નહિ કાચુંજી ॥સુ૦॥ અવંતિ માંહે વખાણ્યાંજી ॥સું૦॥ સૂરિ વંદી નિજ ઘર આવેજી ॥સું૦॥ તપ અક્ષય નિધિ મંડાવેજી ॥ સું૦ ॥ રાજા રાણી તિણિ વેલાજી ॥ સું૦ ॥ શેઠ સામંત સર્વ ભેલાજી ॥ સું૦ ॥ ૩ ॥ પગ પગ પ્રગટે જે નિધાનજી ॥ સું૦ ॥ કરે પ્રભાવના બહુ માનજી ॥ સું૦ ॥ નામ સુંદરી તો વિસરાણીજી ॥ સુ૦ ॥ તે તો અક્ષય નિધિ કહેવાણીજી ॥ સુણો૦ ॥ ૪ ॥ મનમોટે પૂર્ણ ફલ લીધુંજી ॥ સુ૦ ॥ પંચમીયે પારણું કીધુંજી ॥ સુ૦ ॥ જ્ઞાન ભકિત મહોચ્છવ દેખીજી ॥ સુ૦ ॥ દેવી દેવ હુઆ અનિમેષીજી ॥ સુ૦ ॥ ૫ ॥ સુખ વિલસંતા સંસારજી ॥ સુ૦ ॥ હુઆ સુત ચઉ પુત્રી ચારજી ॥ સુણો૦ ॥ લિયો અંતે સંયમ ભારજી ॥સુ૦॥ ઘનઘાતિ ખપાવ્યાં ચારજી ॥સુ૦॥ ૬ ॥ લહિ કેવલ શિવપુર જાવેજી ॥ સુ૦ ॥ ગુણ અગુરૂલઘુ નિપજાવેજી ॥ સુ૦ ॥ અવગાહન લક્ષણ સંતાજી ॥ સુ૦ ॥ તિહાં બીજા સિદ્ધ અનંતાજી ॥ સુ૦ ॥ ૭ ॥ તસ ફરસિત દેશ પ્રદેશેજી સુ૦ ॥ અસંખ્ય ગુણા સુવિશેષેજી ॥ સુ૦ ॥ જુઓ પ્રથમ ઉપાંગે ઠામજી ॥ સુ૦ ॥ શુભવીર કહે પ્રણામજી ॥ ૮ ॥

॥ ઢાલ ॥ ૫ ॥ કોઇલો પર્વત ધુંધલોરે લોલ ॥ એ દેશી ॥

વીર જીણેસર ગુણનીલોરે લોલ, એ ભાખ્યો અધિકાર રે ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુગુણનર ॥ વરતે શાસન જેહનુંરે લોલ, એકવીસ વરસ હજારરે ॥ સુગુણનર ॥ વીર જીણેસર ગુણનીલોરે, એ ભાખ્યો અધિકારરે ॥ સુ૦ ॥ એ આંકણી ॥ ૧ ॥ વી. ॥ જિહાં સફલજિનગુણ થુણીરે લોલ, દિહા સફલ પ્રભુ ધ્યાનરે ॥ સુ૦ ॥ જન્મ સફલ પ્રભુ દરિસણેરે લોલ ॥ વાણીયે સફલ કાનરે ॥ સુ૦ ॥

॥ વીર જિણેસર ગુણ નીલોરે લોલ, એ ભાખ્યો અધિકારરે વી૦ ॥૨॥ તાસ પરંપર પાટવીરે લોલ, શ્રીવિજયસિંહ સુરીસરે ॥સુ૦॥ સત્યવિજય બુધ તેહનારે લોલ, કપુરવિજય કવિ શિષ્યરો॥સુ૦॥ વી૦ ॥ ૩ ॥ ક્ષમાવિજય ગુરૂ તેહનારે લોલ, શ્રીજસવિજય પન્યાસરે ॥ સુ૦ ॥ શ્રીશુભવિજય સુગુરૂ નમીરે લોલ, સુરત રહી ચઉમાસરે ॥ સુ૦ ॥ વી૦ ॥ ૪ ॥ ચંદ્ર મુનિ વસુ હિંમકરૂરે લોલ, વરસે શ્રાવણમાસરે ॥ સુ૦ ॥ શ્રીશુભવીરને શાસનેરે લોલ, હોજો જ્ઞાનપ્રકાશરે ॥ સુ૦ ॥ વી૦ ॥ ૫ ॥

॥ કલશ ॥ એ પંચ ઢાલ રસાલ ભક્તિ, પંચ જ્ઞાન આરાધવા ॥ કામ પ્રમાદ કિરિયા પંચ છંડી, પંચમી ગતિ સાધવા ॥ નભ કૃષ્ણ પંચમી સ્તવન રચીઓ, અક્ષય નિધિકે કારણે ॥ શુભવીર જ્ઞાને દેવસુંદરી, નાચવા ઘરબારણે ॥ ૧ ॥ ઇતિ અક્ષય નિધિ તપ સ્તવન સંપૂર્ણ ॥

॥ ૐ ॥

# ॥ અથ શ્રી જ્ઞાનપંચમીની ઢાલો લિખ્યતે ॥

## ॥ ઢાલ ॥

જાલમ જોગીડારે ॥ એ દેશિ ॥ શ્રી વાસુપૂજ્ય જીનેસર વયણથી રે ॥ રૂપ કુંભ કંચન કુંભ મુનિદોય ॥ રોહિણી મંદીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંદર આવીયારે ॥ નમી ભવ પુછે દંપતિ સોય ॥ ૧ ॥ ચઉ-નાણિ વચણે દંપતી મોહીયાં રે ॥ એ આંકણિ ॥ રાજા રાણિ નિજ સુત આઠનારે ॥ તપ ફલ નિજ ભવ ધારી સંબંધ, વિનય કરી પુછે મહારાજનેરે ॥ ચાર સુતાના ભવ પ્રબંધ ॥ ચ૦ ॥ ॥ ૨ ॥ રૂપવંતિ શિયલવંતિ ને ગુણવંતિરે ॥ સરસ્વતી જ્ઞાનકલા ભંડાર ॥ જન્મથી રોગ શોક દિઠો નથિરે ॥ કુંણ પુન્યે લીધો એહ અવતાર ॥ ચ૦ ॥ ૩ ॥

## ॥ ઢાલ ૧ લી ॥

વાલાજી વાઘે છે વાંસલિરે ॥ એ દેશી ॥ ગુરૂ કહે વૈતાઢ્ય ગિરિવરૂરે ॥ પુત્રી વિદ્યાધરી ચ્યાર ॥ નિજ આયુ જ્ઞાનીને પુછી-યુરે ॥ કરવા સફલ અવતાર ॥ ૧ ॥ અવધારો અમ વીનતિરે ॥ એ આંકણી ॥ ગુરૂ કહે જ્ઞાન ઉપયોગથી રે ॥ એક દિવસનું આયુ ॥ એહવાં વચન શ્રવણે સૂણ્યારે ॥ મનમાં વીમાસણ થાએ ॥ અ૦ ॥ ૨ ॥ થોડામાં કારજ ધર્મનારે ॥ કીમ કરીએ મુનિ-રાજ ॥ ગુરૂ કહે જોગ અસંખ્ય છેરે ॥ જ્ઞાનપંચમી તુમકાજ ॥ અ૦ ॥ ૩ ॥ ક્ષણ અરધે સવી અગ ટલેરે ॥ સૂભ પરિણામે સાધ્ય ॥ કલ્યાણક નવ જિન તણાં રે ॥ પંચમી દીવસે આરાધ ॥અ૦॥૪॥

## ॥ ઢાલ ૨ જી ॥

જઇને કેજો ॥ એ દેશિ ॥ ચૈત્ર વદી પંચમી દીને ॥ સૂણો પ્રાણિજીરે ॥ ચવીયા ચંદ્રપ્રભુ સ્વામી ॥ લહે સુખ ઠામ ॥ સૂણ પ્રાણિજી રે ॥ ૧ ॥ એ આંકણિ ॥ અજિત સંભવ અનંતજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ સૂ૦ ॥ પંચમી સુદી શિવ ધામ ॥ શુભ પરિણામ ॥ સૂ૦ ॥ ૧ ॥ વૈશાખ શુદ્ધિ પંચમી દીને ॥ સૂ૦ ॥ સંજમ લિયો કુન્થુ-નાથ ॥ બહુ નર સાથ ॥ સૂ૦ ॥ જેષ્ઠ શુદિ પંચમી વાસરે ॥ સૂ૦ ॥ મુગતિ પામ્યા ધર્મનાથ ॥ શીવપુરી સાથ ॥ સૂ૦ ॥૨॥ શ્રાવણ શુદિ પંચમી દીને ॥ સૂ૦ ॥ જનમ્યા નેમ સુરંગ ॥ અતિ ઉછરંગ ॥ સૂ૦ ॥ માગશર વદ પંચમી દીને ॥ સૂ૦ ॥ સુવિધિ જન્મ શુભ સંગ ॥ પુન્ય અભંગ ॥ સૂ૦ ॥ ૩ ॥ કાર્તિક વદ પંચમી તિથી ॥ સૂ૦ ॥ સંભવ કેવલ જ્ઞાન ॥ કરો બહુ માન ॥ સૂ૦ ॥ દશ ક્ષેત્રે નેઉ જીના ॥ સૂ૦ ॥ પંચમી દિનનાં કલ્યાંણ ॥ સુખનાં નિધાન ॥ સૂ૦ ॥ ૪ ॥

## ॥ ઢાલ ૩ જી ॥

હાંરે મારે જોબનિયા ॥ એ દેશી ॥ હાંરે મારે જ્ઞાની ગુરૂનાં ॥ વયણ સુણિ હીતકારજો ॥ ચ્યાર વિદ્યા ધરી પંચમી વિધિશું આદરેરે લોલ ॥ ૧ ॥ એ આંકણિ ॥ હાંરે મારે શાસન દેવતા પંચમ જ્ઞાન મનોહારજો ॥ ટાલીરે આશાતના દેવ વંદન સદારે લોલ ॥ ૨ ॥ હાંરે મારે તપ પૂરણથી ॥ ઉજમણાનો ભાવજો ॥ એહવે વિધુત યોગે ॥ સુરપદવી વર્યા રે લોલ ॥ ૨ ॥ હાંરે મારે ધર્મ મનોરથ આલસ તજતાં હોયજો ॥ ધન્ય તે આતમ અવીલંબી કારજ કરયાં રે લોલ ॥ ૪ ॥ હાંરે મારે દેવ થકિ તુમ કુખે લિયો અવતાર જો ॥ સાંભલી રોહિણી જ્ઞાન આરાધન ફલ ઘણાં રે લોલ ॥ ૫ ॥ હાંરે મારે ચ્યારે ચતુરા વિનય વિવેક વિચારજો ॥ ગુણુ કેતાં ઓાલખાયે તુમ પુત્રી તણાં રે લોલ ॥ ૬ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ ઢાલ ૪ થી ॥

આસણુનારે જોગી ॥ એ દેશિ ॥ જ્ઞાની વયણથી ચ્યારે બેહુની ॥ જાતિસ્મરણ પામ્યારે ॥ જ્ઞાની ગુણવંતા ॥ ત્રીજા ભવમાં ધારણા કીધી ॥ સિધ્યાં મનનાં કામ રે ॥ જ્ઞાની ગુણવંતા ॥ ૧ ॥ એ આંકણી ॥ શ્રી જિનમંદિર પંચ મનોહર ॥ પંચવરણ જિન પડિમારે ॥ જ્ઞા૦ ॥ જિનવર આગમને અનુસારે ॥ કરીએ ઉજમણાં મહીમારે ॥ જ્ઞા૦ ॥ ૨ ॥ પંચમી આરાધન તિથી પંચમી ॥ કેવલનાણ તે થાએરે ॥ જ્ઞ૦ ॥ શ્રી વિજયલક્ષ્મીસૂરિ અનુભવ નાણે ॥ સંઘ સયલ સુખદાયારે ॥ જ્ઞાની૦ ॥ ૩ ॥ ઇતિ પંચમી તપ સ્તવન ઢાલો સંપૂર્ણ ॥

---

## ॥ अतित चोवीसी गीत ॥ राग प्रभात ॥

અતીત ચોવીસી વંદીએ, આતમ શુભ ભાવે, અરિહંત નામના જાપથી, મંગલમાલા પાવે ॥૧॥ અતીત ચોવીસી વંદીએ ॥ ॥ કેવલજ્ઞાની[1] પહેલા નમું, નિર્વાણી[2] સાગર[3], મહાજસ[4] વિમલ[5] તે પાંચમા, સર્વાનુભૂતિશ્વર[6] ॥ અ૦ ૨ ॥ શ્રીધર[7] દત્ત[8] દામોદર[9] નમો, સુતેજ[10] શ્રીસ્વામી,[11] મુનિસુવ્રત[12] જિન બારમા, સુમતિ[13] શિવગતિ[14] નામ ॥ અ૦ ૩ ॥ અસ્તાઘ[15]નમીશ્વર[16] સોળમા, અનિલ[17] યશોધર[18] દેવ, કૃતાર્થ[19] જિનેશ્વર[20] શુદ્ધમતિ,[21] શિવંકર[22] કરો સેવા ॥ અ૦ ૪ ॥ સ્યંદન[23] સંમતિ[24] ચોવીસમા, પ્રહ ઉઠી ગાઉ, ઋદ્ધિ કીર્તિ પ્રભુ ધ્યાનથી, અમૃત પદ પાઉ ॥ અ૦ ૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अथ मौन एकादशीनुं चैत्यवंदन.

વિશ્વનાયક મુક્તિદાયક નમિ નેમિ નિરંજનં, હર્ષધરી હરી પૂછે પ્રભુને ભાખો આતિમહિતકરં ॥ કુણ દિવસ એવો વરસમાંહે અલ્પ સુકૃત બહુફલે; કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક મૌન અગ્યારસી સુખકરં ॥ ૧ ॥ કેવલિ મહાજસ સર્વાનુભૂતિ શ્રીધરનાથએ, નમિ મલ્લી શ્રી અરનાથ સ્વામી સાચો શિવપુર સાથએ ॥ શ્રી સ્વયંપ્રભ દેવશ્રુત અરહંત ઉદયનાથ જિનેશ્વરં, કહે નેઉ જિનનાં હુવા કલ્યાણક મૌનઅગ્યારસી સુખકરં ॥ ૨ ॥ અકલંક કર્મ કલંક ટાલે, શુભંકર શમરૂ સદા; સપ્તનાથ બ્રહ્મેંદ્ર જિનવર શ્રી ગુણનાથ નમુ મુદા ॥ ગંગિકનાથ શ્રી સાંપ્રતિ મુનિનાથ વિશિષ્ટ અતિવરં ॥ કહે૦ ॥ ૩ ॥ શ્રીમૃદુ જિનજી જગતવેત્તા વ્યક્ત અરિહા વંદીએ, શ્રી કલાસત આરણ્યાતા સહજ કર્મ નિકંદીએ ॥ જોગ અજોગશ્રી પરમપ્રભુજી સુદ્ધાર્ત્તિની કેસરં ॥ કહે ॥ ૪ ॥ શ્રી સર્વાર્થ સકલ જ્ઞાયક હરિભદ્ર અરિહંતએ, મગધાધિપ જિનેંદ્રવંદો શ્રીપ્રયચ્છ ગુણવંતએ ॥ અક્ષોભ મલ્લસિંહનાથ દિનરૂક ધનંદ પોષદ જયકરં ॥ કહે૦ ॥ ૫ ॥ શ્રીપલંબ ચારિત્રનિધિ જિન પ્રશમરાજિત ધ્યાઇએ, સ્વામીશ્રી વિપરીતદેવ અહોનીસ પ્રસાદ પ્રેમે ગાઇએ ॥ અઘટિતજ્ઞાની બ્રહ્મેંદ્ર પ્રભુ ઋષભચંદ્રજી અઘહરં ॥ કહે૦ ॥ ૬ ॥ દયંત દાતા જગત કેરો અભિનંદન રત્નેશએ, સામકોષ્ટ મરૂદેવ નાયક અતિપાર્શ્વ વિશેષએ ॥ નમો નંદિષેણુ વ્રતધર શ્રી નિર્વાણી દુઃખહરં ॥ કહે૦ ॥ ૭ ॥ સૌંદર્યજ્ઞાની ત્રિવિક્રમ જિન નરસિંહ નમો તુમે, ખેમંત સંતોષિત અરીહા કામનાથથી દુઃખ સમે ॥ મુનિનાથને શ્રીચંદ્ર દાહએ દિલાદિત ઉદયકરં ॥ કહે૦ ॥ ૮ ॥ શ્રીઅષ્ટાહિક વાણિગ વંદો ઉદય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન આરાધિયે; તમોકંદને સાયકાક્ષ સ્વામીખેમંત શિવસુખ સાંધિયે ॥ નિર્વાણીને રવિરાજ સાહિબ પ્રથમ નાથ પરમેશ્વરં ॥ ॥ ૯ ॥ શ્રી પુંરૂરવાસ અવબોધ જગગુરૂ વિક્રમેંદ્ર વખાણીએ, શ્રી સુશાંતિ હરિનંદિકેશને મહામૃગેંદ્ર મન આણીએ ॥ અશોકચિત્ત ચિત્તમાં વસે અહનીશ ધર્મેંદ્ર જગજસ કરં ॥ કહે૦ ॥ ૧૦ ॥ અશ્વવૃંદ કુટિલક વર્દ્ધમાન નંદિકેશના ગુણઘણા, શ્રીધર્મચંદ્ર વિવેક જગપતિ કલાપક સોહામણા ॥ વિસોમ સૌમ્યાકૃતિ જેની આરણઅંગિ સુખકરં ॥ કહે ॥ ૧૧ ॥ ત્રીસ ચોવીસી દશે ખેત્રે કાલત્રિક જિન લીજીએ, પંચકલ્યાણક ત્રીસ જિનના ઈમ દોઢસો ગુણીજીએ ॥ જિનભક્તિ કરતાં ધ્યાન ધરતાં કોટિ તપ ફલ હોઈનરં ॥ કહે૦ ॥ ૧૨ ॥ પોષધને ઉપવાસ કરીને આરાધે એકાદશી નરભવ તેહનો સફલ થયે પરમાનંદ પદ દેહસી ॥ ગુરૂ રૂપકીર્ત્તિ હૃદય ધરીને માણેક મુનિવંદો સુખકરં ॥ કહે૦ ॥ ૧૩ ॥ ઈતિ મૌન એકાદશી ચૈત્યવંદન સંપૂર્ણમ્ ॥

# अथ दोढसो कल्याणकनुं चैत्यवंदन.

શાંસન નાયક જગ જયો, વર્દ્ધમાન જગઈશ ॥ આતમ હિતને કારણે, પ્રણમુ પરમ મુનીશ ॥ ૧ ॥ ખટ પરવિ જેણે વર્ણવી, તેહમાં અધિકી જેહ ॥ એકાદશી સમ કો નહીં, આરાધો ગુણ ગેહ ॥ ૨ ॥ માગસર શુદી એકાદશી, આરાધો શિવવાસ ॥ કલ્યાણક નેઉ જિન તણા, એકસોને પચાસ ॥ ૩ ॥ મહાયશ સર્વાનુભુતિ શ્રીધર, નમિમલ્લિ અરનાથ ॥ સ્વયંપ્રભ દેવશ્રુત ઉદય, અલિયા શિવપુર સાથ ॥ ૪ ॥ અકલંક શુભંકર સમ નાથ, બ્રહ્મેંદ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણુ ગાંગીક ॥ સાંપ્રતિ મુનિ વિશિષ્ટ જિન, પામ્યા પુન્યનીરેક ॥ ૫ ॥ સુમૃદુ વ્યકત કલાસત, અરણુ યોગ અયોગ ॥ પરમ સુધારતિ નિકસતેમ, પામ્યા શિવ સંયોગ ॥ ૬ ॥ સર્વાર્થ હરિભદ્ર મગધાધિપ, પ્રયચ્છ અક્ષોભમલયસિંહ ॥ દિનરૂક ધનદ પૌષધ તથા, જપતાં સફલિ જિહ ॥ ૭ ॥ પ્રલંબ ચારિત્ર નિધિ પ્રશમ રાજિત, સ્વામી વિપરિત પ્રસાદ ॥ અઘટિત ભ્રમણેંદ્ર ઋષભચંદ્ર, સમયા શિવ અશ્વાદ ॥ ૮ ॥ દયાંત અભિનંદન રત્નેશ તે, સોમકોષ્ટ મરુદેવ અતિપાર્શ્વ ॥ નંદિષેણુ વ્રતધર નિર્વાણુ તથા, થાયે શિવ સુખ આસ ॥ ૯ ॥ સાૈંદર્ય ત્રિવિક્રમ નરસિંહ, ક્ષેમંત સંતોષિત કામનાથ ॥ મુનિ નાથચંદ્ર દાહદિલાદિત્ય, મળીયો શિવપુર સાથ ॥ ૧૦ ॥ અષ્ટાદિક વર્ણિક ઉદયજ્ઞાત, તમોકંદ સાયકાંક્ષ ખેમંત ॥ નિર્વાણિક રવિ રાજપ્રથમ, નમતાં દુઃખનો અંત ॥૧૧॥ પુરૂરવાસ અવબોધ વિક્રમેંદ્ર, સુશાંતિ હરદેવ નંદિકેશ ॥ મહામૃગેંદ્ર અશોચિત ધર્મેંદ્ર સંભારો નામ નિવેશ ॥ ૧૨ ॥ અશ્વવૃંદ કુટલિક વર્દ્ધમાન, નંદિકેશ ધર્મચંદ્ર વિવેક ॥ કલાપક વિસોમ અરણુનાથ સમર્યાં ગુણુ અનેક ॥ ૧૩ ॥ ત્રણુ પદે ત્રણુ ચોવીશીયો, પદે પદે કોઠે જાણુ ॥ ચોથા પદમાં ભાવના, આંરાધો ગુણુ ખાણુ ॥ ૧૪ ॥ દોઢસો કલ્યાણુક તણો; ગુણુણો એ મનોહાર ॥ ચિત્ત આણીને આદરો, જિમ પામો ભવપાર ॥ ૧૫ ॥ જિનવર ગુણુમાલા, પુન્યની એ પ્રનાલા ॥ જે શિવ સુખ રસાલા, પામીયે સુવિશાલા ॥ જિમ ઉત્તમ થુણીજે, પાદ તેહના નમીજે ॥ જિનરૂપ સમરીજે, શિવ લક્ષ્મી વરીજે ॥ ૧૬ ॥ ઇતિ દોઢસો કલ્યાણુકનું ચૈત્યવંદન સંપૂર્ણમ્ ॥

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# नेमनाथनुं चैत्यवंदन.

નેમી જિનેસર ગુણ નીલો, બ્રહ્મચારી સિરદાર ॥ સહસ પુરૂષશું આદરી, દીક્ષા જિનવર સાર ॥ ૧ ॥ પંચાવનમેં દિન લહ્યા, નિરૂપમ કેવલનાણ ॥ ભવિક જીવ પડિબોધવા, વિચરે મહિયલ જાણ ॥ ૨ ॥ વિહાર કરંતા આવિયાએ, બાવીસમા જિનરાય ॥ દ્વારિકા નયરી સમોસર્યા, સમવસરણ તિહાં થાય ॥ ૩ ॥ બાર પરખદા તિહાં મલી, ભાખે જિનવર ધર્મ ॥ સર્વ પર્વ તિથિ સાચવો, જિમ પામો શિવ શર્મ ॥ ૪ ॥ તવ પૂછે હરિ નેમને, ભાંખો દિન મુજ એક ॥ થોડા ધર્મ કર્યા થકી, શુભ ફલ પામુ અનેક ॥ ૫ ॥ નેમ કહે કેશવ સુણો, વરસ દિવસમાં જોય ॥ માગશિર સુદી એકાદશી, એ સમો અવર ન કોય ॥ ૬ ॥ ઇણ દિન કલ્યાણક થયાં, નેઉ જિનના સાર ॥ એ તિથિ વિધિ આરાધતાં, સુવ્રત થયા ભવપાર ॥ ૭ ॥ તે માટે મોટી તિથિ,આરાધો મન શુદ્ધ ॥ અહો રત્તો પોસહ કરો, મન ધરી આતમ બુદ્ધ ॥ ૮ ॥ દોઢસો કલ્યાણક તણું એ, ગણણું ગણો મન રંગ ॥ મૌનધરી આરાધીયે, જિમ પામો સુખસંગ ॥ ૯ ॥ ઉજમણું પણ કીજીએ, ચિત્ત ધરી ઉલ્લાશ ॥ પૂંઠાંને વીંટાંગણા, ઇત્યાદિક કરો ખાસ ॥ એમ એકાદશી ભાવશું, આરાધે નર રાય ॥ ક્ષાયિક સમકિતનો ધણી, જિન વંદી ઘેર જાય ॥ ૧૦ ॥ એકાદશી ભવિયણ ધરો એ, ઉજવલ ગુણ જિમ થાય ॥ ક્ષમાવિજય જસ ધ્યાનથી, શુભ સુરપતિ ગુણ ગાય ॥ ૧૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अथ आठमनुं चैत्यवंदन.

ચૈત્ર વદિ આઠમ દિને, મરૂદેવી જાયો ॥ આઠ જાતિ દિગ કુમરીયે, આઠ દિશી ગાયો ॥ ૧ ॥ આઠ ઈંદ્રાણી નાથશું, સુરપતિ લ્યાવે ॥ સુરગિરિ ઉપર સુરવરા, સર્વે મલી આવે ॥૨॥ આઠજાતિ કલશા કરી, ચોસઠ હજાર ॥ દોયસેને પચાસ માન, અભિષેક ઉદાર ॥૩॥ એક ક્રોડને સાઠ લાખ, ઉંચા તીસ કોશ ॥ પહુલ પણે અડ-ચાલ કોશ, કલશા જલ કોસ ॥ ૪ ॥ ચાર વૃષભ અડશૃંગ રંગ, આઠ જલ ધારે ॥ નવરાવે જિનરાજને, સુર પાપ પખાલે ॥ ૫ ॥ ક્ષુધાદિક અડદોષ શોષ, કરિ અડગુણ પોખે ॥ ટાલિ આઠ પ્રમાદ આઠ, મંગલ આલેખે ॥ ૬ ॥ કોડ આઠ ચોગુણી, કંચન વર-સાવે ॥ પ્રભુ સોંપી નિજ માતને, નંદીશ્વર જાવે ॥ ૭ ॥ અઠ્ઠાઈ મહોચ્છવ કરીએ, ઠવણાજિન ઉદેશ ॥ આઠ પ્રકારે પૂજિએ, આઠમ દિન સુવિષેશ ॥ ૮ ॥ ઋષભ અજિત સુમતિ નમી, મુનિસુવ્રત જન્મ ॥ અભિનંદનને નેમ પાસ, પામ્યા શિવ શર્મ ॥૯॥ સંભવ દેવ સુપાસ દોય, સુરભવથી ચવિયા ॥ સેના પુહવી માત જઈ, ઉયરે અવતરીયા ॥ ૧૦ ॥ વરસ વરસ ઈમ ઘોષણાએ, ઋષભ લીયે ચારિત્ર ॥ આઠમ દિન ઈગ્યાર ઇમ, કલ્યાણક સુપવિત્ર ॥ ૧૧ ॥ દંસણ નાણ ચારિત્રના, આઠે આચાર ॥ પાલે ગાલે પાપને, આઠેઅતિચાર ॥ ૧૨ ॥ અણિમાદિક અડ ઋદ્ધિ સિદ્ધિ, ક્ષણમાંહે પામે ॥ આઠે કરમ હણી થયા ॥ અડગુણ અભિરામ ॥ ૧૩ ॥ આઠમ દિન ઉજ્વલ મનેએ, સમરો દશ અરિહંત ॥ ક્ષમાવિજય જિન નામથી, પ્રગટે જ્ઞાન અનંત ॥ ૧૪ ॥ સંપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आठमनुं चैत्यवंदन बीजुं.

મંત્રાદિક અડ અષ્ટ બોધ, પામી અડબુદ્ધ, ખેદાદિક અડ દોષ છેદ, પડિકમણે શુદ્ધ ॥ ૧ ॥ અર્હૈષાદિક આઠ ગુણ ધરે, અડ મદ તજિએ ॥ યમ નિયમાદિક આઠ જોગ; ગુણ સંપદ ભજીએ ॥ ૨ ॥ આઠમ દિન આરાધિયે, ધાતકી પુષ્કર અર્દ્ધ ॥ ક્ષમાવિજય જિન વિચરતા, પ્રાતિહાર્ય સમૃદ્ધ ॥ ૩ ॥ ઇતિ આઠમનું ચૈત્યવંદન ॥

---

# सिद्ध भगवाननुं चैत्यवंदन.

જગત ભૂષણ વિગત દૂષણ, પ્રણવ પ્રાણ નિરૂપકં ॥ ધ્યાન રૂપ અનુપમ ઉપમ, નમો સિદ્ધ નિરંજનં ॥ ૧ ॥ ગગન મંડલ મુક્તિ પદ્મં, સર્વ ઉર્ધ્વ નિવાસનં ॥ જ્ઞાન જ્યોતિ અનંત રાજે ॥ નમો૦ ॥ ૨ ॥ અજ્ઞાન નિદ્રા વિગત વેદન, દલિત મોહ નિરાઉખં ॥ નામગોત્ર નિરંતરાય, ॥ નમો૦ ॥ ૩ ॥ વિકટ ક્રોધા માન યોધા, માયા લોભ વિસર્જનં ॥ રાગ દ્વેષ વિમર્દિત અંકુરે, ॥ નમો૦ ॥ ૪ ॥ વિમલ કેવલ જ્ઞાન લોચન, ધ્યાન શુકલ સમોરિતં ॥ યોગિનામિતિ ગમ્યરૂપં, ॥ નમો૦ ॥ ૫ ॥ યોગમુદ્રા સમ સમુદ્રા, કરી પલ્યંકાસનં ॥ યોગિનામિતિ ગમ્યરૂપં, ॥ નમો૦ ॥ ૬ ॥ જગત જનકે દાસ દાસી, તાસ આશ નિરાસનં ॥ યોગીનામિતિ ગમ્યરૂપં ॥ નમો૦ ॥ ૭ ॥ સમય સમક્તિ દૃષ્ટિ જનકી, સોય યોગી અયોગિકં ॥ દેખિતા મિલિન હોવે, ॥ નમો૦ ॥ ૮ ॥ સિદ્ધ તીર્થ અતીર્થ સિદ્ધા, ભેદ પંચ દશાદિકં ॥ સર્વ કર્મ વિમુક્તિ ચેતન, ॥ નમો૦ ॥ ૯ ॥ ચંદ્ર સૂર્ય દીપ મણીકી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યોતિ તેને ઓલંગીકં ॥ તજ્યો તિથી કોઇ અપર જ્યોતિ, ॥ નમો૦ ॥ ૧૦ ॥ એક માંહે અનેક રાજે, નેક માંહિ એકકં ॥ એક નેકકી નહિ સંખ્યા, ॥ નમો૦ ॥ ૧૧ ॥ અજર અમર અલખ અનંતં, નિરાકાર નિરંજનં ॥ બ્રહ્મ જ્ઞાન અનંત દર્શન, ॥ નમો૦ ॥ ૧૨ ॥ અચલ સુખકી લેહેરમાં, પ્રભુ લીન રહે નિરંતરં ॥ ધર્મ ધ્યાનથી સિદ્ધ દર્શન, ॥ નમો૦ ॥ ૧૩ ॥ ધ્યાને ધુપ મને પુષ્પર્શ, પંચ ઇંદ્ર હુતાશનં ॥ ક્ષમા જાપ સંતોષ પૂજા, પૂજો દેવ નિરંજનં ॥ ૧૪ ॥ નમો સિદ્ધ નિરંજનં ॥ ઇતિ ॥

# आवती चोवीसीनुं चैत्यवंदन.

શ્રી પદ્મનાભ પહેલા જિણંદ, શ્રેણીક નૃપજીવ ॥ સુરદેવ બીજા નમું, સુપાસ શ્રાવક જીવ ॥ ૧ ॥ શ્રી સુપાર્શ્વ ત્રીજાવળી, જીવકોણિક ઉદાયી ॥ સ્વયંપ્રભુ ચોથા જિણંદ, પોટિલ મનભાવિ ॥ ૨ ॥ સર્વાનુભૂતિ જિન પંચમાએ, દઢાયુ શ્રાવક જાણ ॥ દેવસુત છઠ્ઠા જિણંદ, શ્રીકાર્તિક શેઠવખાણ ॥ ૩ ॥ શ્રીઉદય જિન સાતમાએ, શંખશ્રાવક જીવ ॥ શ્રીપેઢાલ જિન આઠમા, અનંત મુનિ જીવ ॥ ૪ ॥ પોટિલ નવમા વંદિએએ, જીવ જે સુનંદ ॥ સતકીરતિ દશમા જિણંદ, સતક શ્રાવક આણંદ ॥ ૫ ॥ સુવ્રત જિન અગિયારમાએ, દેવકી રાણી જીવ ॥ શ્રીઅમમજિન બારમા શ્રીકેશવગુણ ખાણ ॥ ૬ ॥ નિષ્કષાય જિન તેરમાએ, સતકી વિદ્યાધર ॥ નિષ્પુલાયક જિન ચૌદમાં, બલભદ્ર સુહંકર ॥ ૭ ॥ નિર્મલ જિન પંદરમાએ, જીવસુલસા ભાવી ॥ ચિત્રગુપ્ત જિન સોલમા, શ્રીરોહિણી મનભાવિ ॥ ૮ ॥ સમાધિ જિન સત્તરમા, રેવતી શ્રાવિકાજાણ ॥ શ્રીસંવર જિન અઢારમા; જીવ સત્તાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખાણુ ॥ ૯ ॥ શ્રી યશોધર ઓગણીસમા, જીવ કિશન દ્વીપાયણ વિજયનામ જિન વીસમા, જીવકરણ સાહેણુ ॥ ૧૦ ॥ એકવીસમા શ્રીમલ્લનામ, જીવ નારદનો કહિયે ॥ અંબડ શ્રાવક જીવ દેવ, બાવીસમા લહીએ ॥ ૧૧ ॥ અનંતવીર્ય તેવીસમા, જીવ અમરનો એહ ॥ ભદ્રકૃત જિન ચોવીસમા, સતિબુદ્ધિ ગુણગેહ ॥ ૧૨ ॥ એ ચોવીસે જિન હોશે, આવંતે કાલે ॥ ભાવ સહિત જે વાંદશે, થઇ ઉજમાલે ॥ ૧૩ ॥ લંછનં વર્ણ પ્રમાણ આયુષ, ચઢતાં સવિ નિરખો ॥ સાંપ્રત જિન ચોવીસએ, અંતર સવિ પરખો ॥ ૧૪ ॥ પંચકલ્યાણુક તેહનાએ, હોશે એહજ દીસ ॥ ધીરવિમલ પંડિતતણો, જ્ઞાનવિમલ સૂરિશ ॥ ૧૫ ॥

## श्री सिद्धचक्रजीनुं चैत्यवंदन.

જૈનેંદ્રમિંદ્રમહિતં ગતસર્વદોષં, જ્ઞાનઘનંત ગુણરત્નવિશાલકોષં ॥ કર્મક્ષયં શિવમયં પરિનિષ્ઠિતાર્થં, સિદ્ધં ચ બુદ્ધમવિરૂદ્ધમહં ચ વંદે ॥ ૧ ॥ ગચ્છાધિપં ગુણગણું ગણિનં સુસૌમ્યં ॥ વંદામિ વાચકવરં શ્રુતદાનદક્ષં ॥ ક્ષાંત્યાદિધર્મકલિતાં મુનિમાલિકાં ચ, નિર્વાણ સાધનપરં નરલોકમધ્યં ॥ ૨ ॥ સદ્દર્શનં શમમયં શ્રી જિનોક્તસત્યં, તત્વપ્રકાશકુશલં સુખદં સુબોધં ॥ છિન્નાશ્રવં સુમતિગુપ્તિમયં ચરિત્રં, કર્માષ્ટકાષ્ટદહનં સુતપં શ્રયામિ ॥ ૩ ॥ પાપૌઘનાશનકરં વરમંગલં ચ, ત્રૈલોકયસારમુપકારપરં ગુરૂં ચ ॥ ભાવાતિશુદ્ધિવરકારણમુત્તમાનાં, શ્રીમોક્ષસૌખ્યકરણું હરણું ભવાનાં ॥ ૪ ॥ ભવ્યાબ્જબોધતરણિં ભવ સિંધુનાવં, ચિંતામણેં સુરતરોરધિકં સુભાવં ॥ તત્ત્વત્રિપાદનવકં નવકારરૂપં, શ્રીસિદ્ધચક્રસુખદં પ્રણમામિ નિત્યં ॥ ૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री सिद्धचक्रजीनुं स्तवन.

॥ વીર જીનેશ્વર સાહેબ મોરા ॥ એ દેશી ॥

સકલ કુશલ કમલાનું મંદિર, સુંદર મહીમારે જાસ ॥ નવપદમાં નવ નિધિના દાતા, સિદ્ધ અનેકમાં વાસરે ॥ ભવિકા સિદ્ધ ચક્ર સુખકારી ॥ તુમે આરાધો નરનારીરે ભવિકા૦ ॥ પ્રથમ પદે અરિહંત આરાધો, સ્ફટીક રત્ન સમ વાન ॥ પદ્મ એક મણિની પરે રાતા, બીજે સિદ્ધનું ધ્યાનરે ॥ ભવિકા૦ ॥ ત્રીજે આચારજ અનુસરીએ, કંચન કાંતિ અનોપ ॥ પદ ચોથે ઉવઝાયને પ્રણમો, ઈંદ્ર નિલ સમ વાનરે ॥ ભવિકા૦ ॥ ૩ ॥ સર્વ સાધુ પદ પંચમે પ્રણમો, શ્યામ વરણ સુખકાર ॥ છઠ્ઠે દરિસણ જ્ઞાન સાતમે, આઠમે ચારિત્ર સારરે ॥ ભવિકા૦ ॥ ૪ ॥ તપનું આરાધન પદ નવમે, ચારએ ઉજ્વલ વરણા ॥ ઇંહ લોગોતમે એહીજ મંગલ, કરવા એહનું શરણરે ॥ ભવિકા૦ ॥૫॥ આસો ચૈત્રી અઠ્ઠાઈમાંહી, નવ આંબિલ નવ ઓળી ॥ સિદ્ધચક્રજીની પૂજા કરતાં ॥ દુઃખ સવિ નાખો ઢોળીરે ॥ ભવિકા૦ ॥ ૬ ॥ સિદ્ધચક્ર પૂજાથી સઘળી, સંપદા નિજ ઘેર આવે ॥ દુષ્ટ કુષ્ટ પ્રમુખ જે રોગા, તે પણ દુરે જાયરે ॥ ભવિકા૦ ॥ ૭ ॥ પૃથ્વી નિરૂપમ નગરી ઉજ્જેણ, દોય પુત્રી તસ સારી ॥ સુરસુંદરી મિથ્યાત્વિને પેખી, મયણા જિન મત ધારીરે ॥ ભવિકા૦ ॥ ૮ ॥ સુરસુંદરી કહે સવિ સુખ અમને, છે નિજ તાત પસાય ॥ મયણા કહે એ ફોગટ કુમત, સુખ, દુઃખ કર્મ પસાયરે ॥ ભવિકા૦ ॥ ૯ ॥ તસ વચને નૃપ કોપ્યો એહ, આવ્યો ઉંબર ઈણ સમે ॥ સાતસેં કોઢિનો તે અધિપતિ, તેણે માગી કન્યાયરે ॥ ભવિકા૦ ॥ ૧૦ ॥ નૃપ કહે મેણા તુમ કર્મે, આણ્યો એ વર રસાલ ॥ તવ મયણા મન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધીરજ ધરીને, કંઠે ઠાવે વરમાલરે ॥ ભવિકા૦ ॥ ૧૧ ॥ શુભવેલા પરણી હોય પહોંચ્યા. શ્રીજિનવર પ્રાસાદે ॥ ઋષભદેવ પૂજા ગુરૂપાસે, આવ્યા ધરિ ઉલ્લાસરે ॥ ભવિકા૦ ॥ ૧૨ ॥ પ્રણમી મયણા કહે ગુરૂને, હવે ભાંખો કોઇ ઉપાય ॥ જેહથી તુમ શ્રાવકની કાયા, સર્વનીરોગી થાયરે ॥ ભવિકા૦ ॥ ૧૩ ॥ ગુરૂ કહે અમને મંત્ર જંત્રાદિક, કહેવા નહિ આચાર ॥ યોગ્ય પણું જાણી અમે કહેશું, કરવાને ઉપગારરે ॥ ભવિકા૦ ॥ ૧૪ ॥ નવ દીન નવ આંબિલ તપ કરીને, સિદ્ધચક્ર નિત્ય પૂજો ॥ ન્હવણ તણુ જલ છાંટો અંગે, રોગ સકલ તીહાં ધ્રુજેરે ॥ ભવિકા૦ ॥ ૧૫ ॥ ગુરૂ વચન આંબિલ તપ કરીને, સિદ્ધચક્ર આરાધ્યો ॥ ઉંબર કોઢ ગયો તસ દૂરે, રૂપ અનુપમ વાધ્યોરે ॥ ભવિકા૦ ॥ ૧૬ ॥ શ્રી શ્રીપાલ નરેંદ્ર થયો જે, પરણ્યો બહુ કન્યાય ॥ પ્રજાપાલ પણ થયો શ્રાવક, શ્રી જિનધર્મ પસાયરે ॥ ભવિકા૦ ॥ ૧૭ ॥ અનુક્રમે ચંપા રાજ્ય લઇને, પાલે અખંડિત આણ ॥ જગમાંહે જસવાદ થયો બહુ, નિત્ય નિત્ય રંગ મંડાણરે ॥ ભવિકા૦ ॥ ૧૮ ॥ મહામંત્ર પરમેષ્ટી તણોએ, ભવદુખ નાસે અવિલંબ ॥ સકલ સિદ્ધિ વશ કરવાને, એહ અનોપમ યંત્રરે ॥ ભવિકા૦ ॥ ૧૯ ॥ એહનો મહિમા કેવલી જાણે, કિમ છદ્મસ્થ પ્રકાશે ॥ તે માટે એ સકલ ધર્મથી, સારો ભાસે જિન ધર્મરે ॥ ભવિકા૦ ॥ ૨૦ ॥ તે માટે ભવિયણ તુમે ભાવો, સિદ્ધચક્ર કરો સેવા ॥ આ ભવ પરભવ બહુ સુખ સંપદા, જિમ લહિયે શિવ મેવા ॥ ભવિકા૦ ॥ ૨૧ ॥ સુરત બંદર રહી ચોમાસું, સ્તવન રચ્યું એવારી ॥ સતરસેં બાસઠ વરસેં, સંઘ સકલ હિત કારીરે ॥ ભવિકા૦ ॥ ૨૨ ॥ સિદ્ધચક્રનો મહિમા સુણતાં, હોવે સુખ વિસ્તાર ॥ શ્રી વિજયસેનસૂરિશ્વર વિનવે, દાન વિજય જય કારીરે ॥ ભવિકા૦ ॥ ૨૩ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી અષ્ટાપદજીનું સ્તવન ॥

॥ નીંદરડી વેરણ હુઇ રહી ॥ એ દેશી ॥

શ્રી અષ્ટાપદ ઉપરે, જાણી અવસર હો આવ્યા આદિનાથકે ॥ ભાવે ચોસઠ ઇંદ્રશું, સમવસરણ હો મલ્યા મોટા સાથકે ॥ શ્રી૦ ॥ ૧ ॥ વિનીતાપુરીથી આવિયો, બહુ સાથે હો વલી ભરત ભૂપાલકે ॥ વાંદી હીયડા હેજસું, તાત મુરતીહો નિકે નયણે નિહાલકે ॥ શ્રી૦ ॥ ૨ ॥ લઈ લાખીણા ભામણા, કહે વયણા હો મોરા નયણા ધન્નકે ॥ વિણ સાંકલ વિણ દોરડે, બાંધી લીધું હો વાહાલા તેં મન્નકે ॥ શ્રી૦ ॥ ૩ ॥ લઘુ ભાઇએ લાડકા, તે તો તાતજી હો રાખ્યા હીયડા હજુરકે ॥ દેશના સુણી વાંદી વદે, ધન્ય જીવડા હો જે તર્યા ભવપુરકે ॥ શ્રી૦ ॥ ૪ ॥ પૂછે પ્રેમે પુરીયો, આ ભરતે હો આગલ જગદીશકે ॥ તીર્થંકર કેતા હોશે, ભણે ઋષભજી હો અમ પછી ત્રેવીસકે ॥ શ્રી૦ ॥ ૫ ॥ માઘની સાંભળી તેરસે, પ્રભુ પામ્યા હો પદ પરમાનંદકે ॥ જાણી ભરતેશ્વર ભણે, સસનેહા હો નાભિરાયાના નંદકે ॥ શ્રી૦ ॥ ૬ ॥ મનમોહન દીન એટલા, મુજ સાથે હો રૂષણા નવિલીધકે ॥ હેજ હિયાનો પર હરી, આજ ઉંડી હો અબોલડા લીધકે ॥ શ્રી૦ ॥ ૭ ॥ વિણ વાંકે કાંઇ વિસારિયા, તેં તોડયા હો પ્રભુ પ્રેમના ત્રાગકે ॥ ઇંદ્રે ભરતને બુઝવ્યા, દોસ મ દીયો હો એ જિન વીતરાગકે ॥ શ્રી૦ ॥ ૮ ॥ શોક મુકી ભરતેસરૂ, વારધિકને હો વલી દીધ આદેશકે ॥ શુભ કરો જિન થાનકે, સંસકાર્યા હો તાતજી રીસહેસકે ॥ શ્રી૦ ॥ ૯ ॥ વલી બંધવ બીજા સાધુના, તીહાં કીધાહો ત્રણ શુભ અનુપકે ॥ ઉંચો સ્ફટિકનો કુટડો, દેખી ડુંગરહો હરખ્યા ભણે ભૂપકે ॥ શ્રી૦ ॥ ૧૦ ॥ રતન કનક શુભ હુંકડો, કરો કંચન હો પ્રા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાદ ઉત્તંગકે ।। ચોવારો ચુંપે કરી, એક જોયણુ હો માન મનરંગકે ।। શ્રી૦ ।। ૧૧ ।। સિંહ નિષિદ્યા નામનો, ચોરાસી હો મંડપ પ્રાસાદકે ।। ત્રણુ કોશ ઉંચો કનકનો, ધ્વજ કલશે હો કરે મેરૂંસુ વાદકે ।। શ્રી૦ ।। ૧૨ ।। વાન પ્રમાણે લંછને, જિન સરખી હો તીહાં પ્રતિમા કીધકે ।। દોયચાર આઠ દસ ભણી, ઋષભાદિક હો પૂખે પરસિદ્ધકે ।। શ્રી૦ ।। ૧૩ ।। કંચન મણી કમલે ઠવિ, પ્રતિમાની હો આણી નાસિકા જોડકે ।। દેવ વંદે રંગ મંડપે, નીલાં તોરણુ હો કરી કોરણી કોડકે ।। શ્રી૦ ।। ૧૪ ।। બંધવ બેન માતા તણી, મોટી મુરતી હો મણી રતને ભરાયકે ।। મરૂદેવા મયગલ ચઢી, સેવા કરતી હો નિજ મુરતીની પાયકે ।।શ્રી૦ ।। ૧૫ ।। પાડિહારજ છત્ર ચામરા. જક્ષાદિક હો કીધા અનિમેષકે ।। ગોમુખ ચતુર ચક્કેસરી, ગઢવાડી હો કુંડ વાવ્ય વિશેષ કે ।। શ્રી૦ ।। ૧૬ ।। પ્રતિષ્ઠા પ્રતિમા તણી, કરાવે હો રાજા મુનિવર હાથકે ।। પૂજા સ્નાત્ર પ્રભાવના, સંઘ ભક્તિ હો ખરચી ખરી આથકે ।। શ્રી૦ ।। ૧૭ ।। પડતે આરે પાપીયા, મત પાડો હો કોઈ વીરૂઈ વાંટકે ।। એક એક જોયણુ આંતરે, ઈમ ચિંતવી હો કરે પાવડિયાં આઠકે ।। શ્રી૦ ।। ૧૮ ।। દેવ પ્રભાવે એ દેહરાં, રહેશે અવિચલ હો છઠ્ઠા આરાની સીમકે ।। વાંદે આપ લબ્ધિ બલે, નર તેણે ભવહો ભવસાગર ખીમકે ।। શ્રી૦ ।। ૧૯ ।। કૈલાસગિરિના રાજીઆ, દીઓ દરીસણુ હો કાંઇ મ કરો ઢીલકે ।। અરથી હોયે ઉતાવલા, મતરાખોહો અમશું અડખીલકે ।। શ્રી૦ ।। ૨૦ ।। મન માન્યાને મેલવે, આવા સ્થાને હો કોઈ ન મલે મિત્રકે, અંતરજામી મીલ્યા પછી. કિમ ચાલે હો રંગ લાગ્યો મજીઠકે ।। શ્રી૦ ।। ૨૧ ।। ઋષભજી સિદ્ધિ વધુ વર્યા, ચાંદલિયા હો તે દેઉલ દેખાડકે ।। ભલે ભાવે વાંદિ કરી, માગું મુક્તિના હો સુજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાર ઉઘાડકે ॥ **શ્રી૦** ॥ ૨૨ ॥ અષ્ટાપદની જાતરા, ફલ પામેહો ભાવે ભણે ભાસકે ॥ શ્રીભાવવિજય ઉવઝાયનો, ભાણ ભાખે હો ફૂલે સઘલી આશકે ॥ શ્રી૦ ॥ ૨૩ ॥

---

# दस पच्चख्खाणनुं स्तवन.

॥ દુહા ॥ સિદ્ધારથ નંદન નમું, મહાવીર ભગવંત ॥ ત્રિગડે બેઠા જિનવરૂ, પરખદાબાર મિલંત ॥ ૧ ॥ ગણધર ગૌતમ તિણે સમે, પુછે શ્રી જિનરાય ॥ દસ પચખાણ કીસાં કહ્યાં, કીહાં કવણ ફલ થાય ॥ ૨ ॥

॥ દાલ ॥ ૧ ॥ સીમંધરકર ॥ શ્રી જિનવર ઈમ ઉપદીશે સાંભલ ગૌતમ સ્વામ ॥ દશ પચખાણ કીધાં થકાં, લહીયે અવિચલ ઠામ ॥ ૧ ॥ **શ્રી** ॥ [1]નવકારશી [2]બીજી પોરિસી [3]સાઢપોરિશી, [4]પુરિમઢ્ઢ ॥ [5]એકાસણ [6]નિવિકહી, [7]એકલઠાણું, [8]દિવઢ્ઢ ॥ શ્રી૦ ॥ ૨ ॥ દત્તિ [9]આંબેલ [10]ઉપવાસ સહિ, એહજ દશ પચખાણ ॥ એહના ફલ સૂણો ગૌતમા, જુજુઆં કરૂં વખાણ ॥ શ્રી ॥ ૩ ॥ રત્નપ્રભા શર્કરાપ્રભા, વાલુપ્રભા ત્રીજીય જાણ ॥ પંકપ્રભા ધ્રુમપ્રભા તમપ્રભા, તમતમા ઠામ ॥ શ્રી ॥ ૪ ॥ નરક સાતે રહિસહી, કરમ કઠન કરે જોર ॥ જીવ કરમ વશ કરે જૂદા, ઉપજે તિણહીજ ઠોર ॥ શ્રી ॥ ૫ ॥ છેદન ભેદન તાડના, ભુખ તૃષા વલી ત્રાસ ॥ રોમ રોમ પીડા કરે, પરમાધામીનો ત્રાસ ॥ શ્રી ॥ ૬ ॥ રાત દિવસ ક્ષેત્ર વેદના, તિલ ભર નહીં તિહાં સુખ ॥ કિધાં કરમ તિહાં ભોગવે, પામે જીવ બહુ દુખ ॥ શ્રી ॥ ૭ ॥ એક દિનની નવકારસી, જે કરે ભાવ વિશુંદ્ધ ॥ સો વરસ નરકનો આઉખો, દૂરી કરે જ્ઞાની બુદ્ધ ॥ શ્રી ॥ ૮ ॥ નિત્ય કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવકારશી, તે નર નરકે નહી જાય ॥ ન રહે પાપ વળી પાછલા, નિર્મળ હોવેજી કાય ॥ શ્રી ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ વિમલાસર તિલો ॥ એ દેશી ॥

સુણ ગૌતમ પોરિસી કિયા, મહામોટો ફલ હોય ॥ ભાવશું જે પોરિસી કરે, દુર્ગતિ છેદે સોય ॥ સુ૦ ॥ ૧ ॥ નરક માંહે જીવ નારકી, વરસ એક હજાર ॥ કરમ ખપાવે નરકમાં, કરતાં બહુત પુકાર ॥ ૨ ॥ દુર્ગતિ માંહે નારકી, દશહજાર પરિમાણ ॥ નરકનો આઉ ખિણ એકમેં, સાઢ પોરસી કરેહાણ ॥ ૩ ॥ પુરિમઢ કરતાં જીવડાં, નરકે તે નહીં જાય ॥ લાખ વરસ કરમના કરે, પુરિમઢ કરત ખપાય ॥ ૪ ॥ લાખ વરસ દસ નારકી, પામે દુઃખ અનંત ॥ એટલા કરમ એકાસણે, દુરિ કરે મન ખંત ॥૫॥ એક કોડિ વરસાં લગે, કરમ ખપાવે જીવ ॥ નિવિ કરતાં ભાવશું, દુર્ગતિ હણે સદીવ ॥ ૬ ॥ દસ કોડી જીવ નરકમેં, જીતરો કરે કર્મ દૂર ॥ તિતરો એકલ ઠાણહિ, કરે સહી ચકચુર ॥ ૭ ॥ દત્તિ કરંતા પ્રાણીયા, સો કોડે પરિમાણ ॥ ઇતરાં વરસ દુર્ગતિ તણાં, છેદે ચતુર સુજાણ ॥ ૮ ॥ આંબિલનો ફલ બહુ કહ્યો, કોડી દસ હજાર ॥ કરમ ખપાવે ઇણે પરે, ભાવે આંબિલ અધિકાર ॥ ૯ ॥ કોડી હજાર દસ વરસ સહી, દુખ સહે નરક મઝાર ॥ ઉપવાસ કરે એક ભાવસું, પામે મુક્તિ દુવાર ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ કેઈક વર માગે સિતા ભણી ॥ એ દેશી ॥

લાખ કોડી વરસાં લગે, નરકે કરતા બહુ રીવરે ॥ છઠનું તપ કરતાં થકાં, નરક નિવારે જીવરે ॥ ૧ ॥ સુંણ ગૌતમ ગણધર સહી ॥૧॥ નરક વિષે દશ કોડી લાખહી, જીવ લહે તિહાં અતિ દુખરે ॥ તે દુખ અઠ્ઠમ તપ હુંતી, દૂરકરે પામે સુખરે ॥ સુ૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ ॥ છેદન ભેદન નારકી, કોડા કોડી વરસ સોઇરે ॥ સુ૦ ॥ દુર્ગતિ કર્મને પરિહરે, દશમેં એટલો ફલ હોઇરે ॥ સુ૦ ॥ ૩ ॥ નિત્ય ફાસુ જલ પીવતાં, કોડા કોડી વરસનાં પાપરે ॥ સુ૦ ॥ દૂર કરે ખીણુ એકમાં, જીવ નિશ્ચયે નિરધારરે ॥ સુ૦ ॥ ૪ ॥ એતો વલી અવિશેષે ફલ કહ્યો, પંચમી કરતાં ઉપવાસરે ॥ સુ૦ ॥ તેતો પામે જ્ઞાન પાંચ ભલાં, કરતા ત્રિભુવન ઉજાસરે ॥ સુ૦ ॥ ॥ ૫ ॥ ચૌદશ તપ વિધિશું કરે, ચૌદ પૂરવનો હોય ધારરે ॥ સુ૦ ॥ બાહ્ય તપ એકાદશી, કરતાં લહીયે શિવવાસરે ॥ સુ૦ ॥ ૬ ॥ અષ્ટમી તપ આરાધતાં, જીવ ન ફરે ઇણ સંસારરે ॥ સુ૦ ॥ ઇમ અનેક ફલ તપ તણા, કહેતાં વલી નાવે પારરે ॥ સુ૦ ॥ ૭ ॥ મન વચન કાયાયે કરી, તપ કરે જે નર નારીરે ॥ સુ૦ ॥ અનંત ભવના પાપથી, છુટે જીવડો નિરધારરે ॥ સુ૦ ॥ ૮ ॥ તપ હુંતિ પાપી તર્યા, નિસ્તર્યો અરજુન માલીરે ॥ સુ૦ ॥ તપ હુંતિ દિન એકમાં, શીવ પામ્યા ગજસુકમાલરે ॥ સુ૦ ॥ ૯ ॥ તપના ફલ સૂત્રે કહ્યાં, પચખાણ તણા દશ ભેદરે ॥ સુ૦ ॥ અવર ભેદ પણ છે ઘણા, કરતાં છેદે તીન વેદરે ॥ સુ૦ ॥ ૧૦ ॥

॥ કલશ ॥ પચખાણ દસ વિધ ફલ પ્રરૂપ્યાં, મહાવીર જિન દેવએ ॥ જે કરે ભવિયણ તપ અખંડિત, તાસ સુરપતી સેવ એ ॥ સંવત વિધુ ગુણ અશ્વશશિ વળી, પોશ શુદ દશમી દીને ॥ પદ્મરંગ વાચક શિષ્ય તસ ગણિ, રામચંદ તપ વિધિ ભણે ॥ ઇતિ શ્રી પચ્ચખખાણ સ્તવન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી અઠાવીશ લબ્ધિનું સ્તવન.

॥ દુહા ॥ પ્રણમું પ્રથમ જિણેસરૂ, શુદ્ધ મને સુખકાર ॥ લબ્ધિ અઠ્ઠાવીશ જિન કહી, આગમને અધિકાર ॥ ૧ ॥ પ્રશ્ન-વ્યાકરણે પ્રગટ, ભગવતી સૂત્ર મઝાર ॥ પન્નવણા આવશ્યકે, વારૂ લબ્ધિ વિચાર ॥ ૨ ॥ આંબિલ તપે કરી ઉપજે, લબધિ અઠ્ઠાવીશ ॥ એહ હવે પ્રગટ, અર્થશું, સાંભળજ્યો સુજગીસ ॥ ૩ ॥

॥ ઢાળ ॥ ૧ ॥ સફલ સંસારની એ દેશી ॥

અનુક્રમે હવે અધિકાર ગાથા તણો, લબ્ધિ નામા પરિણામ સરિખા ભણો ॥ રોગ સહું જાય જસુ અંગ ફરસ્યાં સહી, પ્રથમ તે લબ્ધિ છે નામ આમો સહી ॥ ૧ ॥ જાસુ મલ મૂત્ર ઔષધ સમા જાણીયે, બીય વિપ્પો સહી લબ્ધિ વખાણીયે ॥ શ્લેષ્મ ઔ-ષધ સારિખો જેહનો, ત્રીજી ખેલો સહી નામ છે તેહનો ॥૨॥ દેહના મેલથી કોઢ દૂરે હુવે, ચોથી જલ્લો સહી નામ તેહનો ઠવે ॥ કેશ નખ રોમ સહુ અંગ ફરસ્યે સહી, રહે નહિ રોગ સવ્વો સહી તે કહી ॥ ૩ ॥ એક ઈંદ્રિયે કરી પાંચ ઈંદ્રિય તણા, ભેદ જાણે તિકા નામ સંભિન્ન ભણી ॥ વસ્તુ રુપી સહુ જાણિએ જિણ કરી, સાતમી લબ્ધિ તે અવધિ જ્ઞાને ઘણી ॥ ૪ ॥

॥ ઢાળ ॥ ૨ ॥ શારદ બધુ દાઈ ॥ એ દેશી ॥

આવ્યો તિહાં નરહર એજાતિ એ દેશી ॥ હવે અંગુલ અ-ઢીયે ઉણો માનુષ ખિત્ત, સંજ્ઞી પંચેદ્રિ તિહાં જેવસે વિચિત્ત ॥ તસુ મનના ચિત્ત તે જાણે થુલ પ્રકાર, એ ઋજુમતિ નામ અઠમ લબ્ધિ વિચાર ॥ ૧ ॥ સંપૂર્ણ માનુષ ખેત્રે સંજ્ઞાવંત, પંચેંદ્રિ જે વૈમનવતાં તસુતંત ॥ સૂક્ષમ પર્યાયે જાણે સહુ પરિણામ, એ નવમી કહીએ વિપુલ મતિ શુભ નામ ॥ ૨ ॥ જિણ લબ્ધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે ઉડી જાયે આકાશ, તે જંઘા વિદ્યા ચારણ લબ્ધિ પ્રકાશ ॥ જસુ વચન શ્રાપે ખિણમાં ખેરૂ થાય, એ લબ્ધિ અગીયારમી આસીવિષ કહેવાય ॥ ૩ ॥ સહુ સૂક્ષ્મ બાદર દેખે લોક અલોક, તે કેવલી લબ્ધિ બારમીયે સહુ થોક ॥ ગણધર પદ લહીયે તેરમી લબ્ધિ પ્રમાણ, ચૌદમી લબ્ધિ કરી ચૌદ પુરવજાણ ॥ ૪ ॥ તીર્થંકર પદવી પામે પંદરમી લબ્ધિ, સોલમી સુખદાઈ ચક્રવર્ત્તિ પદ ઋદ્ધિ ॥ બલદેવ તણા પદ લહીયે સતરમી સાર, અઢારમી આખી વાસુદેવ વિસ્તાર ॥ ૫ ॥ મિશ્રી ઘૃત ખીરે મેલ્યાં જેહ સવાદ, એહવી લહે વાણી ઓગણીસમે પ્રાસાદ ॥ ભણિયો નાવે ભૂલ સૂત્ર અર્થ સુવિચાર, તે કુઠગબુદ્ધિ વિસમ લબ્ધિ વિચાર ॥ ૬ ॥ એકે પદે ભણીએ આવેપદલખકોડિ, એકવીસમી લબ્ધિ પાયાર્ણુસારિણિ જોડિ ॥ એકે અર્થે કરી ઉપજે અર્થ અનેક, બાવીસમી કહીએ બીજ બુદ્ધિ સુવિવેક ॥ ૭ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ કપુર હોયે અતિ ઉજલુરે ॥ એ દેશી

સોલહ દેશ તણી સહીરે, દાહક શક્તિ વખાણ ॥ તેહ લબ્ધિ તેવીસમીરે, તેજો લેશ્યા જાણ ॥ ૧ ॥ ચતુર નર સુણજયો એ વિચાર ॥ વારૂ લબ્ધિ વિચાર ॥ ચતુરનર૦ ॥ ચૌદ પૂરવધર મુનિવરૂરે, ઉપજતા સંદેહ ॥ રૂપ નવો રચી મોકલેરે, લબ્ધિ આહારક એહ ॥ ચતુરનર૦ ॥ ૨ ॥ તેજો લેશ્યા અગ્નિનેરે, ઉપસમવા જલધાર ॥ મોટી લબ્ધિ પચવીસમીરે, શીતો લેશ્યા સાર ॥ ચતુર૦ ॥ ૩ ॥ જિણ શક્તિશું વિકુરવેરે, વિવિધ પ્રકારે રૂપ ॥ સદગુરૂ કહે છવીસમીરે, વૈક્રિય લબ્ધિ અનુપ ॥ ચતુર૦ ॥ ૪ ॥ એકજ પાત્રે આદમીરે, જિમાવે કેઈ લાખ ॥ જેહ અખીણ મહાનસીરે, સત્તાવીસમી ભાખ ॥ ચતુર૦ ॥ ૫ ॥ ચુરે સેન ચક્રી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શનીરે, સંઘાદિકને કામ ।। તેહ પુલાક લબ્ધિ કહીરે, અઠ્ઠાવીસમી નામ ।। ચતુર૦ ।। ૬ ।। તેજ શીત લેશ્યા એહવિરે, તિમ પૂલાક વિચાર ।। ભગવતી સૂત્રમેં ભાખીયારે, એ તિહુનો અધિકાર ।। ૭ ।। ચક્રવર્તી બલદેવનીરે, વાસુદેવ ત્રણ એહ ।। આવશ્યક સૂત્રે અછેરે, નહીં ઇંહાં સંદેહ ।। ચતુર૦ ।। ૮ ।। પન્નવણા આહારગીરે, કલ્પસૂત્ર ગણધાર ।। તિન તિન એક એક મલીરે, વારૂ આઠ વિચાર ।। ચતુર૦ ।। ૯ ।। પ્રશ્નવ્યાકરણ એ કહીરે, બાકી લબ્ધિ વીશ ।। સાંભલતાં સુખ ઉપજેરે. દોલતહુય નિસ દિસ ।। ચતુર૦ ।। ૧૦ ।।

।। કલશ ।। સંવત સતરસેં છવીસે, મેર તેરસ દિન ભલે ।। શ્રીનગર સુખકર, લુણકણસર આદિ જિન સુપસાઉલે ।। ૧ ।। વાચનાચારિજ સુગુરૂ સાનિધિ વિજય હરખ વિલાસએ ।। કહે ધર્મવરધન સ્તવન ભણતાં, પ્રગટ જ્ઞાન પ્રકાશએ ।। ૨ ।। ઇતિશ્રી લબ્ધિ અઠ્ઠાવીસ સ્તવન સમ્પૂર્ણ ।।

---

# बीजनुं स्तवन.

।। દુહા ।। સરસ વચન રસ વરસતિ, સરસતિ કલા ભંડાર ।। બીજ તણો મહિમા કહું, જિમ કહ્યો શાસ્ત્રમોઝાર ।। જંબુદ્વિપના ભરતમાં, રાજગૃહી નગરી ઉદ્યાન ।। વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન ।। ૨ ।। શ્રેણીક નામે ભૂપતિ, બેઠા બેસણ ઠાય ।। પુછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય ।। ૩ ।। ત્રિગડે બેઠા ત્રિભુવનપતિ, દેસના દિયે જીનરાય ।। કમલ સકોમલ પાંખડી, ઇમ જિનવર હૃદય સોહાય ।। ૪ ।। શશિ પ્રગટે જિમ તે દિને,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન તે દિન સુવિહાણુ ॥ એક મને આરાધતાં, પામે પદ નિર્વાણ ॥ ૫ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ કલ્યાણક જીનનાં કહું સુણ પ્રાણીજીરે, અભિનંદન અરિહંત ॥ એ ભગવંત ભવિપ્રાણીજીરે ॥ મહાશુદ બીજને દીને ॥ સુ૦ ॥ પામ્યા શીવ સુખસાર ॥ હરખ અપાર ॥ ભવિ૦ ॥ ૧ ॥ વાસુપૂજ્ય જિન બારમા ॥ સુ૦ ॥ એહજ તિથે નાણુ ॥ સફલ વિહાણુ ॥ ભવી૦ ॥ અષ્ટ કરમ ચુરણ કરી ॥ સુણો૦ ॥ અવગાહન એકવાર ॥ મુગતિ મોઝાર ॥ ભ૦ ॥ અરનાથ જીનજી નમું ॥ સુણો૦ ॥ અષ્ટાદશમો અરિહંત ॥ એ ભગવંત ॥ ભવિ૦ ॥ ઉજ્વલ તિથિ ફાગુણની ભલી ॥ સુણો૦ ॥ વરીયા શીવ વધુ સાર ॥ સુંદર નાર ॥ ભવિ૦ ॥ ૩ ॥ દશમા શીતલ જિનેસરૂ ॥ સુણો૦ ॥ પરમ પદની વેલ ॥ ગુણની ગેલ ॥ ભવિ૦ ॥ વૈશાખ વદી બીજને દિને ॥ સુ૦ ॥ મુકયો સરવ એ સાથ ॥ સુરનરનાથ ॥ ભવિ૦ ॥ ૪ ॥ શ્રાવણ સુદની બીજ ભલી ॥ સુણો૦ ॥ સુમતિનાથ જિનદેવ ॥ સારેસેવ ॥ ભવિ૦ ॥ ઇણ તિથિએ જિનભલા ॥ સુ૦ ॥ કલ્યાણક પંચસાર ॥ ભવનોપાર ॥ ભવિ૦ ॥ ૫ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ જગપતિ જિન ચોવીસમોરે લાલ, એ ભાખ્યો અધિકારરે ॥ ભવિકજન ॥ શ્રેણિક આદે સહુ મલ્યારે લાલ ॥ શક્તિ તણે અનુસારરે ભવિકજન, ભાવ ધરીને સાંભળોરે લાલ ॥ આરાધો ધરી ખંતરે ॥ ભવિક૦ ॥ ૧ ॥ દોયવરસ દોયમાસનીરે લાલ, આરાધો ધરી હેતરે ॥ ભ૦ ॥ ઉજમણું વિધિશું કરોરે લાલ બીજ તે મુગતિ મહંતરે ॥ ભ૦ ॥ ભા૦ ॥ ૨ ॥ મારગ મિથ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુરે તજોરે લાલ, આરાધો ગુણના થોકરે ॥ ભ૦ ॥ વીરની વાણી સાંભલીરે લાલ, ઉછરંગ થયો બહુ લોકરે ॥ ભ૦ ॥ ભા૦॥ ૩ ॥ ઇણિ બીજે કેઈ તર્યારે લાલ, વળી તરશે કેઈ શેષરે ॥ ભ૦ ॥ શશિનિધિ અનુમાનથીરે લાલ, સઇલા નાગધર અંકરે ॥ ભ૦ ॥ ૪ ॥ અસાડ શુંદી દશમી દીનેરે લાલ; એ ગાયો સ્તવન રસાલરે ॥ ભવિ૦ ॥ નવલ વિજય સુપસાયથીરે લાલ, ચતુરને મંગલ માલરે ॥ ભ૦ ॥ ભા૦ ॥ ૫ ॥

॥ કલશ ॥ ઇય વીર જિનવર, સયલ સુખકર, ગાયો અતિ ઉલટ ભરે ॥ અસાડ ઉજ્વલ દશમી દિવસે; સંવત અઢાર અઠ્ઠોત્તરે, બીજ મહિમા એમ વરણ્વ્યો, રહી સિદ્ધપુર ચોમાસુએ ॥ જેહ ભવિક ભાવે ભણે ગુણે, તસ ઘર લીલ વિલાસએ ॥ ૧ ॥

## अथ पंचमी स्तवन.

॥ ઇડર આંબા આંબલીરે ॥ એ દેશી ॥

॥ ઢાલ ॥ ૧ ॥ શ્રી ગુરૂ ચરણ નમી કરીરે, પ્રણમી સરસ્વતી માય ॥ પંચમી તપ વિધિશું કરોરે, નિર્મલ જ્ઞાન ઉપાય ॥ ભવિક જન કીજે એ તપસાર ॥ ૧ ॥ જનમ સફલ નિરધાર ॥ ॥ ભવિક૦ ॥ લહીએ સુખશ્રીકાર ॥ ભવિક૦ કીજે૦ ॥ એ આંકણી ॥ સમવસરણ દેવે રચ્યુંરે, બેઠા નેમી જિણંદ ॥ બારે પરખદા આગલેરે, ભાખે શ્રી જિનચંદ ॥ ભ૦ ॥ ૨ ॥ જ્ઞાન વડો સંસારમાંરે, શિવપુરનો દાતાર ॥ જ્ઞાનરૂપી દીવો કહ્યોરે, પ્રગટ્યો તેજ અપાર ॥ ભવિક૦ ॥ ॥ ૩ ॥ જ્ઞાન લોચન જબ નિરખીયેરે, તવ દેખે લોક અલોક ॥ પસુઆપરે તે માનવીરે, જ્ઞાન વિના સવિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોક ॥ ભવિક૦ ॥ ૪॥ જ્ઞાની શ્વાસોશ્વાસમાંરે, કરમ કરે જે નાસ ॥ નારકીના તે જીવનેરે, કોડિ વરસસુ વિલાસ ॥ ભવિક૦ ॥ ૫ ॥ આરાધક અધિકો કહ્યોરે, ભગવતી સૂત્ર મઝાર ॥ કીરીઆ વંતને આગલેરે, જ્ઞાન સકલ સિરદાર ॥ ભવિક૦ ॥ ૬ ॥ કષ્ટ ક્રિયા તો સહુ કરેરે, તેહથી નહિ કોઈ સિદ્ધ ॥ જ્ઞાન ક્રિયા જબ દો મિલેરે, તબ પામો બહુલી રિદ્ધ ॥ ભવિકજન૦ ॥ ૭ ॥ કુણે આરાધી એહવીરે, કોઇને ફ્લી તતકાલ ॥ તેહ ઉપર તુમે સાંભલોરે, એહની કથા રસાલ ॥ ભવિક૦ ॥ ૮ ॥ જંબુદ્વિપ સોહામણોરે, ભરતક્ષેત્ર અભિરામ ॥ પદ્મપુર નગરે શોભતોરે, અજિતસેન રાય નામ ॥ ભવિક૦ ॥ ૯ ॥ શીલ સૌભાગી આગલેરે; યશોમતિ રાણીનાર ॥ વરદત્ત બેટો તેહનોરે, મૂરખમાં શિરદાર ॥ ભવિક૦ ॥ ૧૦ ॥ માત પિતા મન રંગશુંરે. મુકે અધ્યાપક પાસ ॥ પણ તેહને નવી આવડેરે, વિદ્યા વિનય વિલાસ ॥ ભવિક૦ ॥ ૧૧ ॥ જિમ જિમ યોવન જાગતોરે, તિમ તિમ તનુ બહુ રોગ ॥ કોઢ થયો વળી તેહનેરે, વિસમા કરમના ભોગ ॥ ભવિક૦ ॥ ૧૨ ॥ આદરીએ આદર કરીરે, સોભાગ્ય પંચમી સાર ॥ સુખ સઘલાં સેહજે મિલેરે, પામે જ્ઞાન અપાર ॥ ભવિક૦ ॥ ૧૩ ॥

॥ દુહા ॥ તિલકપુર શેઠ વસે તિહાં, સિંહદાસ ગુણવંત ॥ જૈનધરમ કરતા લહે, કંચનકોડિઅનંત ॥ ૧ ॥ કપુરતિલકા સુંદરી, ચાલે કુલ આચાર ॥ તેહની કુંખે અવતરી, ગુણમંજરી વરનાર ॥ ૨ ॥ મુગી થઈ તે બાલિકા, વચન વદે નહીં એક ॥ જિમ જિમ અતિ ઔષધ કરે, તિ. તમ તનું બહુ રોગ ॥ ૩ ॥ સોલવરસ તેહને થયાં, પરણે નહિં કુમાર ॥ એહને કોઈ વંછે નહીં, સ્વજનાદિક પરિવાર ॥ ૪ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ ॥ ૨ ॥ બન્યોરે કુંવરજીનો સેહેરો ॥ એ દેશી ॥

એહવે આવી સમોસર્યા, શ્રી વિજયસેન સુરિંદરે ॥ સુંદર ॥ જ્ઞાની ગુરૂને વાંદવા, પુત્ર સહિત ભૂપ વૃંદરે ॥ સું૦ ॥ ૧ ॥ સદગુરૂ દીએ દેશનારે, સાંભલો ચતુરસુજાણરે ॥ સુંદર૦ ॥ જ્ઞાન ભણો ભવિ ભાવસું, જિમ લહો કોડી કલ્યાણરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૨ ॥ સું ॥ સિંહદાસ સુત આપણો, આવીનમ્યો કરજોડીરે ॥ સું૦ ॥ વિધિશું વાંદી દેશના, સાંભલવાના કોડરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૩ ॥ સું ॥ જ્ઞાન આશાતના જે કરે, તે લહે દુખ અનેકરે ॥ સું૦ ॥ વાચા પણ નવિ ઉપજે, બાલપરે વિવેકરે ॥ સું૦ ॥ સ૦૪ ॥ સું૦ ॥ ઇહ ભવ પરભવ દુખ લહે, દુષ્ઠ કુષ્ટાદિક રોગરે ॥ સું૦ ॥ પરભવ પુત્ર ન સંપજે, કલત્રાદિક વિયોગરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૫ ॥ સું૦ ॥ સિંહદાસ પુછે હવે, નિજ બેટીની વાતરે ॥ સું૦ ॥ શે કરમે રોગ ઉપનો, તે કહો સકલ અવદાતરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૬ ॥ સું૦ ॥ ગુરૂ કહે શેઠજી સાંભલો, પુરવભવ વિરતંતરે ॥ સું૦ ॥ ધાતકી ખંડ મધ્ય ભરતમાં, ખેટક નગર નિરખંતરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૭ ॥ સું૦ ॥ જિનદેવ વણિક વસે તિહાં, સુંદરી નામે નારરે ॥ સું૦ ॥ પાંચ બેટા ગુણ આગલા, ચાર સુતા મનોહારરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૮ ॥ સું૦ ॥ એક દિન ભણવા મુકીયા, હુશિયારી મન માંહીરે ॥ સું૦ ॥ ચપલાઈ કરે ચોગુણી, ન ભણે હરખે ઉચ્છાહિરે ॥ સું૦ ॥ સ૦ ॥ ॥ ૯ ॥ સું ॥ શીખામણ પંડયો દીએ, આવી દ્યએ માતા પાસરે, ॥ સું૦ ॥ કોપ કરી વલતુ કહે, બેઠા રહો ઘરવાસરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૧૦ ॥ સું ॥ ચુલામાંહિ નાખિયાં, પુસ્તકપાટી સોયરે ॥ સું૦ ॥ રીસે ધમધમતી કહે, આખર મરશે સહુ કોયરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૧૧ ॥ સું ॥ કંથ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહે નારિ પ્રત્યે, કોણ દીએ કન્યાદાનરે ॥ સું૦ ॥ મુરખ ગુણ ગ્રહેનહિ, ન લહે આદર માનરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૧૨ ॥ સું ॥ બિહુ જણ માહિ બોલતાં, ક્રોધ વસ્યો વિકરાલરે ॥ સું૦ ॥ જિનદેવે માર્યું મૂશલું, મરણ પામી તતકાલરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૧૩ ॥ સું ॥ તેહ મરી ગુણમંજરી, અવતરી તાહરે ગેહરે ॥ સું૦ ॥ જાતિ સમરણ ઉપનું, પ્રગટી પુન્યની રેલરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૧૪ ॥ સું ॥ સાચું સાચું સહું કહે, જ્ઞાન ભણો ગુણ ખાણરે ॥ સું૦ ॥ તપનો જો ઉદ્યમ કરો, તો લહો કેવલ નાણરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૧૫ ॥

॥ દુહા ॥ પાંસઠ મહિના કીજીએ, માસ માસ ઉપવાસ ॥ પોથી થાપો આગલે, સ્વસ્તિક પુરો ખાસ ॥ ૧ ॥ પાંચ પાંચ ફલ મુકીએ, પાંચ જાતિનાં ધાન ॥ પાંચ વાટી દીવો કરો, પાંચ ઢાઉપકવાન ॥ ૨ ॥ કુસુમ ભલાં આણી કરી, ધુપ પૂજા કરી સાર ॥ નમો નાણસ્સ ગુણણું ગણો, ઉત્તર દિશિ હોય હજાર ॥૩॥ ભક્તિકરે સાહમ્મી તણી, શક્તિ તણે અનુસાર ॥ જીનવર જુગતે પુજતાં, પામે મોક્ષદુવાર ॥ ૪ ॥ બાર ઉપવાસ ન કરીશકે, વરસ માંહિ દીન એક ॥ જાવ જીવ આરાહિયે, આણી પરમ વિવેક ॥૫॥

॥ ઢાળ ॥ ૩ ॥ ચુડલે યોવન ઝલ રહ્યો ॥ એ દેશી ॥

॥ રાયજન ॥ મુનીવર દીએ ધર્મદેશના, સુણીયે દેઈ કાન ॥ રા૦ ॥ આલસ મુકી આદરો, અજુઆલો નિજજ્ઞાન ॥ રા૦ ॥ મુ૦ ॥ ૧ ॥ રાયપૂછે હરખેકરી, સાંભલો ગુરૂ ગુણવંત ॥રાયજન॥ વરદત્તે કર્મ કીશ્યાં કર્યા, કોઢે અંગ ગલંત ॥ રા૦ ॥ ૨ ॥ ભવિક જીવ હિત કારણે, ગુરૂ કહે મધુરી વાણી ॥ રા૦ ॥ પૂરવભવની વારતા, સાંભલો ચતુર સુજાણિ ॥ રાયજન ॥ મુ૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ ॥ જંબુદ્વીપ ભરતક્ષેત્રમાં, શ્રીપુરનગર વિસાલ ॥ રા૦ ॥ વસુ શેઠના સુત બે ભલા; વસુસાર વસુદેવ નિહાલ ॥ રા૦ ॥ ૪ ॥ વનરમતાં ગુરૂવાંદિયા, શ્રી મુનિ સુંદરસુરિ ॥ રા૦ ॥ સાંભલતાં સંજમ લીયે, તપ કરે આનંદપુર ॥ રા૦ ॥ ૫ ॥ સકલ કલા-ગુણ આગલો, લઘુભાઈ અતિસાર ॥ રા૦ ॥ વસુદેવને કીધો પાટવી, પંચસયાં સિરદાર ॥ રા૦ ॥ ૬ ॥ પગ પગ પુછે તેહને, સુત્ર અરથ નિરધાર ॥ રા૦ ॥ પલક એક ઉંગે નહીં, તવ ચિંતે અણગાર ॥ રા૦ ॥ ૭ ॥ પાપ લાગ્યું મુજ કીહાંથકી, એવડો શો કંઠ શોષ ॥ રા૦ ॥ મૂઢ મૂરખ સસારમાં, કાયા કરે નિજ પોષ ॥ રા૦ ॥ ૮ ॥ બાર દિવસ મૌને રહ્યો, પ્રગટ થયો તવ પાપ ॥ રા૦ ॥ જેવાં કરમ જે કો કરે, તે લહે સઘલાં આપ ॥ રા૦ ॥ ૯ ॥ તુજ કુલે આવી અવતર્યો, દીપાવ્યો તુજ વંશ ॥ રા૦ ॥ વૃદ્ધભાઇ મરી ઉપન્યો, માન સરોવર હંસ ॥ રા૦ ॥ ૧૦ ॥ સયલ કથા સુણતાં લહ્યો, જાતિ સમરણ બાલ ॥ રા૦ ॥ ધન ધન જ્ઞાની ગુરૂ મિલ્યા, રોગ થયા આલમાલ ॥ રા૦ ૧૧ ॥ વિધિ-સાથે પંચમી કરે, રાજાદિક પરિવાર ॥ રા૦ ॥ રોગગયા સવિ તેહના, જિમ જાયે તડકે ઠાર ॥ રા૦ ॥ ૧૨ ॥ સ્વયંવર મંડપ માંડીયો, પરણી એક હજાર ॥ રા૦ ॥ હરખ્યો વરદત્ત ઈમ કહે, જૈનધરમ જગ સાર ॥ રા૦ ॥ અજિતસેન ચારિત્ર લીયો, સાચા શ્રી ગુરૂ હાથ ॥ રા૦ ॥ ૧૪ ॥ સુખ વિલસે સંસારના, વરતાવે નિજ આણ ॥ રા૦ ॥ પુત્ર જનમએ હવે થયો, ઉગ્યો અભિનવ ભાણ ॥ રા૦ ॥ ૧૫ ॥

॥ દુહા ॥ ગુણમંજરી સુંદર ભઇ, પરણી સા જિનચંદ ॥ ચારિત્ર સાધી નીરમલું, પામે વૈજયંતસુરિંદ ॥ વરદત્ત મનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિંતવે, આપુ સુતને રાજ ॥ હવે હું સંજમ આદરૂ, સાધુ આતમ કાજ ॥ ૨ ॥ અશુભ ધ્યાન દુરે કરે, ધરતાં જીનવર ધ્યાન॥ કાલ ધરમ પામી ઉપન્યો, પુષ્કલાવતી વિજયપ્રધાન ॥ ૩ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ સહીયાં હે પીઉ ચાલીયો ॥ એ દેશી ॥

॥ સૌભાગ્ય પંચમી આદરો, જિમ પામો હો સુખ સઘલાં વધુવીરતો ॥ ચોથ ભત્તે શુદી પંચમી, વ્રત ધરવું હો લોંચે રાવું ધીરતો ॥ સૌ. ॥ ૧ ॥ ત્રણ કાલ દેવ વાંદીએ, કીજે દીજે હો ગુરૂને બહુ માનતો ॥ પડિક્કમણાં દોય વારના, જિમ વાધે હો ઉત્તમ ગુણ ગ્યાનતો ॥ સૌ. ॥ ૨ ॥ નયરી પુંડરીગીણી સોહતી, વિરાજે હો અમરસેન ભુપાલતો ॥ તસ ધરણી શીલે સતીગુણવતી કુખેહો અવતરીયો બાલતો ॥ સૌ. ॥ ૩ ॥ સજ્જન સંતોષી સામટાં, નામ થાપેહો સુરસેન અભિરામતો ॥ ચંદકલા જેમ વાધતી, તેમ સાધેહો, વાધે નિજ નામતો ॥ સૌ૦ ॥ ૪ ॥ યોવનવય જાણી પિતા, સો કન્યા હો પરણાવી સારતો ॥ રાજ દેઈ નિજ પુત્રને, અમરસેન પહોતોહો પર લોક મોઝારતો ॥ સૌ૦ ૫ ॥ શ્રી સિમંધર આવ્યા સાંભલી, વાંદવાનેહો આવે તીહાં ભૂપ તો ॥ જ્ઞાન આરાધન દેશના, દેખાડે હો વરદત્ત સ્વરૂપ તો ॥ સૌ૦॥ ૬ ॥ સૂરસેન હવે વિનવે, પ્રભુ પ્રકાશો હો તે કુણ વરદત્ત તો ॥ સકલ વાત માંડી કહી, તપ માંડયો હો કીજે રંગ રત્તતો ॥ સૌ૦ ૭॥ જિનવર વાંદી આવીઆ, સંવેગે હો મુકે ઘર ભારતો ॥ સિહંતણી પરે આદરી, જિણે લહીએ હો ભવજલનો પાર તો ॥ સૌ૦ ॥ ૮ ॥ પંચમહાવ્રત આદર્યાં, સહસ વરસે હો પામે કેવલજ્ઞાનતો ॥ અવિચલ સુખ એણે લહ્યાં, ઈમ નિસુણિહો આરાધોજ્ઞાનતો ॥ સૌ૦ ॥ ૯ ॥ જંબુદ્વીપ માહે વલી, વિજય રમણી હો નગરી ચોસાલ તો ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમરસેન અમરાવતી, પુણ્ય પ્રગટયો હો, આંવ્યોએ બાલ તો ॥ સો૦ ॥ ૧૦ ॥ ગુણમંજરી જીવ ઉપન્યો, રાજાને હો હુઓ ઉછરંગ તો ॥ રાજકરે નિજ તાતનું, પ્રેમે પરણે હો કન્યા સુખ સંગ તો ॥ સો૦ ॥ ૧૧ ॥ એક દીન મનમાં ચિંતવે, હું તો સાધુ હો નિજ આતમ કાજ તો ॥ ચાર સહસ્સ બેટા થયા, પાટ આપેહો નિજસુત શિરતાજ તો ॥ સો૦ ॥ ૧૨ ॥ સિંહતણી પરે નીકલે, લાખ પૂરવ હો સંયમ શીરતાજતો ॥ તપ તપે અતિ આકરા, કેવલ પામી હો લહે શિવરાજતો ॥ સો૦ ॥ ૧૩ ॥

॥ ઢાલ ॥ ૫ ॥ રાગ ધનાશ્રી ॥ ખજાનાની ॥

તપ ઉજવણું એણી પરે સુણીએ, વિત સારૂ ધન ખરચોજી ॥ પાંચમ દિન પામી કીજીએ, જ્ઞાનાદિકને આચરોજી ॥ પાંચ પ્રતી સિદ્ધાંતની સારી, પાઠાં પાંચ રૂમાલજી ॥ ખડીયો લેખણ પાટી પોથી, ઠવણી કવલી દ્યો લાલજી ॥ ૧ ॥ સ્નાત્ર મહોત્સવ વિધિશું કીજે, રાતીજગે ગીત ગાયોજી ॥ ચૈત્યાદિકની પૂજા કરતાં, જીન-વરના ગુણગાઓજી ॥ ગુણમંજરી વરદત્ત તણીપરે, કીજે ત્રિકરણ શુદ્ધજી ॥ એ વિધ કરતાં થોડે કાલે, લહીએ સઘળી સિદ્ધજી ॥ ૨ ॥ વાસકુંપી ધુપ ધાણુ વલિ કીજીયે, ઝરમર પાંચ મંગાવોજી ॥ ગુરૂને વાંદી પુસ્તકને પુજી, સામી સામીણો નોતરાવોજી ॥ ગુરૂને તેડી બે કરજોડી, આદરસું વોહોરાવોજી ॥ પારણું કીજે લાહો લીજે, પાંચમ તપ ઉજવાવોજી ॥ ૩ ॥ નેમિ જિણેસર અતિ અલવેસર, કેશર વર સમ કાયાજી એ ઉપદેશ સુણીને સમજ્યા, જ્ઞાન લોચન દેખાયાજી ॥ વરદત્ત ગણધર આગે કહીએ લહીઓ ભવિજન પ્રાણીજી ॥ સોભાગ્ય પંચમી તપ આરાધો, નિસુણી જીનવર વાણીજી ॥ ૪ ॥ દેહ નિરોગ સોભાગી થાઓ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાઓ રંગરસાલજી ॥ મુરખપણું દૂરે છાંડો, માંડો જ્ઞાન વિશાલજી ॥ સૌભાગ્ય પંચમી જે નર કરશે, તે વરશે મંગલ માલજી ॥ ગજરથ છોડો સુંદર મંદિર, મણિમય ઝાક ઝમાલજી ॥ ૫ ॥ સંવત સત્તર અઠ્ઠાવન માંહિ, સિદ્ધપુર રહી ચોમાસુજી ॥ કાર્તિક શુદી પાંચમ દીને ગાયો, સફલ ફલી મુજ આસજી ॥ તપગચ્છ નાયક દિનકર સરીખા, શ્રીવિજયપ્રભ સુરિંદાજી ॥ શ્રીવિજયરત્ન સુરીશ્વર રાજે, પ્રણમે પરમાનંદાજી ॥ ૬ ॥ કલશ ॥ ઇમ નેમિ જિનવર સયલ સુખકર, ઉપદિશે ભવિ હિત કરો ॥ તપગચ્છ નાયક શિવસુખદાયક, લાયક માંહી પુરંદરો ॥ શ્રી લાલકુશલ વિબુધ સુખકર, વીર કુશલ પંડિત વરો ॥ સૌભાગ્ય કુશલ સુગુરૂ સેવક, કેશવ કુશલ જયકરો ॥ ઇતિશ્રી સૌભાગ્યપંચમી સ્તવન સંપૂર્ણમ્ ॥

---

## आठमनुं स्तवन.

દોહા ॥ પંચ તીરથ પ્રણમું સદા, સમરી શારદ માય ॥
અષ્ટમી સ્તવન હરખે રચ્યું, સુગુરૂ ચરણ પસાય ॥ ૧ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ હાંરે લાલા જંબુદ્વીપના ભરતમાં, મગધ દેશ મહંતરે ॥ લા૦ ॥ અષ્ટમી તીથી મનોહરૂ ॥ હાંરે લાલા ॥ ચેલણા રાણી સુંદરી, શિયલવતી સીરદારરે ॥ લા૦ ॥ શ્રેણીક સુત બુધ છાજતા, નામે અભય કુમારરે ॥ લા૦ ॥ અ ॥ ૨ ॥ હાં૦ વર્ગણા આઠ મીટે એહથી ॥ એહ સાધે સુખ નિધાનરે ॥ લાલા ॥ અષ્ટ મદ ભાજે વજ્ર છે, પ્રગટે સમકિત નિધાનરે ॥લા૦ ॥ અ૦ ॥ ૩ ॥ હાં૦ અષ્ટ ભય નાસે એહથી, બુદ્ધિ તણો ભંડારરે ॥ લાલા ॥ અષ્ઠ પ્રવચન જે સંપજે, ચારિત્ર તણો આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગારરે ॥ લા૦ ॥ અ૦ ॥ ૪ ॥ હાં૦ અષ્ટમી [illegible]ડી, અષ્ઠ કરમ કરે ચકચુરરે ॥ લાલા૦ ॥ નવનિધિ પ્રગટે તસ ઘરે, સંપુરણ સુખ ભરપુરરે, ॥ લા૦ ॥ અ૦ ॥ ૫ ॥ હાં૦ અડદૃષ્ટિ ઉપજે એહથી, શીવ સાધે ગુણ અંકુરરે ॥ લાલા ॥ સિદ્ધના આઠગુણ સંપજે, શીવ કમલા રૂપસરૂપરે ॥ લા૦ ॥ આ૦ ॥ ૬ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ જીહો રાજગૃહી રળીયામણી, જીહો વિચરે વીર જીણંદ ॥ જીહો સમવસરણ ઇંદ્રે રચ્યું, જીહો સુરાસુરની વૃંદ ॥ ૧ ॥ જગત સહુ વંદો વીર જીણંદ ॥ એ આંકણી ॥ જીહો દેવરચીત સિંહાસણે ॥ જીહો બેઠા વીર જીણંદ ॥ જીહો અષ્ટ પ્રતિહારજ શોભતા ॥ જીહો ભામંડલ ઝલકંત ॥ જગત૦॥ ૨ ॥ જીહો અનંત ગુણી જીનરાજજી, જીહો પરઉપગારી પ્રધાન ॥ જીહો કરૂણા સિંધુ મનોહરૂ, જીહો ત્રિલોકે જગભાણ ॥ જગત ॥ ૩॥ જીહો ચોત્રીશ અતિશય વિરાજતા, જીહો વાણી ગુણ પાંત્રીસ ॥ જીહો બારે પરખદા ભાવશું, જીહો ભગતે નમાવે શીસ ॥ જગત ॥ ૪ ॥ જીહો મધુરી ધ્વની દીયે દેશના, જીહો જીમરે અસાઢારે મેઘ ॥ જીહો અષ્ટમી મહિમા વરણવે, જીહો જગત બંધુ કહે તેમ ॥ જગત ॥ ૫ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ રૂડીને રઢિયાલીરે વાલા તારી દેશનારે, તેતોં જોજન લગે સંભળાય ॥ ત્રિગડે વિરાજેરે જિન દીયે દેશનારે, શ્રેણીક વંદે પ્રભુના પાય ॥ અષ્ટમી મહિમા કહો કૃપા કરીરે, પુછે ગોયમ અણગાર ॥ અષ્ટમી આરાધન ફલ સિધનુંરે ॥ ૧ ॥ વીર કહે તીથી મહિમા એહનોરે, ઋષભનું જનમકલ્યાણ ॥ ઋષભ ચારિત્ર હોય નીરમલુંરે, અજિતનું જનમ કલ્યાણ ॥ અ૦ ॥ ૨ ॥ સંભવ ચ્યવન ત્રાજા જિનેસરૂરે, અભિનંદન નિરવાણ ॥ સુમતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનમ સુપાર્શ્વ ચ્યવન છેરે, સુવિધિ નેમિ જનમ કલ્યાણ ॥ અ૦ ॥ ૩ ॥ મુનિસુવ્રત જનમ અતિગુણ નિધિરે, નમી શીવપદ લીધું સાર ॥ પાર્શ્વનાથ નિર્વાણ મનોહરૂરે, એ તિથિ પરમ આધાર ॥ અ૦ ॥ ૪ ॥ ગૌતમ ગણધર મહિમા સાંભલીરે, અષ્ટમી તિથિ પરિમાણ ॥ મંગલ આઠતણી ગુણ માલિકારે, તસઘેર શીવ કમલા પરધાન ॥ અ૦ ॥ ૫ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ આવશ્યક નિર્યુક્તિએ ભાસે, મહાનિશિથી સૂત્રેરે ॥ ઋષભ વંશ ધુર વીરજી આરાધે, શીવસુખ પામે પવીત્રરે ॥ શ્રી જિનરાજ જગત ઉપગારી ॥ એ આંકણી ॥ એ તિથી મહિમા વીરજી પ્રકાશે, ભવિક જીવને ભાસેરે, શાસન તારૂં અવિચલ રાજે, દિનદિન દોલત વાધેરે ॥ શ્રી૦ ॥ ૨ ॥ ત્રિસલારે નંદન દોષ નિકંદન, કર્મ શત્રુને જિત્યારે ॥ તીર્થંકર મોહંત મનોહર, દોષ અઢારને વરજ્યારે ॥ શ્રી૦ ॥ ૩ ॥ મન મધુકર જિનપદ પંકજ લીનો, હરખી નીરખી પ્રભુધ્યાઉરે ॥ શિવકમલા સુખ દીયો પ્રભુજી, કરૂણાનંદ પદ પાવુંરે ॥ શ્રી૦ ॥ ૪ ॥ વૃક્ષ અશોક સુર કુસુમની વૃષ્ટિ, ચમર છત્ર વિરાજેરે ॥ આસન ભામંડલ જિનદીપે, દુંદુભી અંબર ગાજેરે ॥ શ્રી૦ ॥ ૫ ॥ ખંભાત અંદર અતિય મનોહર, જીનપ્રાસાદ ઘણા સોહિએરે ॥ બિંબ સંખ્યાનો પારન લેવું, દર્શન કરી મન મોહિએરે ॥ શ્રી૦ ॥ ૬ ॥ સંવત અઢાર ઓગણચાલિસ વર્ષે, આશ્વિન માસે ઉદારોરે, શુકલપક્ષ પંચમી ગુરૂવારે, સ્તવન રચ્યું છે ત્યારેરે ॥ શ્રી૦ ॥ ૭ ॥ પંડિત દેવ સોભાગી બુદ્ધિ લાવણ્ય, રતન સોભાગી તેણે નામરે ॥ બુદ્ધિ લાવણ્ય લીયો સુખ સંપુરણ, શ્રી સંઘને કોડ કલ્યાણરે ॥ શ્રી૦ ॥ ૮ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अथ अष्टमी स्तवन.

॥ દુહા ॥ જય હંસાસણી શારદા, વરદાતા ગુણવંત ॥ માતા મુજ કરૂણા કરી, મહિયલ કરો મહંત ॥ ૧ ॥ સોલ કલા પૂરણ શશિ, નિર્જિત એણે મુખેણ ॥ ગજગતિ ચાલે ચાવતી, ધારતી ગુણવર શ્રેણ ॥ ૨ ॥ કવિ ઘટના નવનવિકરે, કેવલ આણી ખંત ॥ માતા તુજ સુપસાઉલે, પ્રગટે ગુણ બહુભ્રાંત ॥ ૩ ॥ માતા કરૂં તુજ સાન્નિધે, અષ્ટમી સ્તવન ઉદાર ॥ શત મુખે જીભે કો સ્તવે, તુજ ગુણ નાવે પાર ॥ ૪ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ નવમા નેમિ જિણંદને ॥ એ દેશી ॥

અષ્ટમી તિથિ ભવિ આચરો, સ્થિરકરી મન વચ કાયારે ॥ ધ્યાન ધરમનું ધ્યાઇએ, ટાળીએ દુષ્ઠ અપાયરે ॥ આં૦ ॥ ૧ ॥ પોસહ પણ ધરીએ સહી, સમતા ગુણ આદરીયેરે ॥ રાજ્યકથાદિક વરજીએ, ગુણીજન ગુણ આચરીએરે ॥ અ૦ ॥ ૨ ॥ ષટ લેશ્યામાંહે કહી, આદ્ય ત્રિહું અપ્રશસ્તરે ॥ વરજો સજ્જન દૂર એ, ધરો ત્રિહું અંત પ્રશસ્તરે ॥ અ૦ ॥ ૩ ॥ શલ્ય ત્રિહું દુરે તજો વરજો કુમતિ કુનારીરે ॥ સદ્‌ગતિ કેરી નિવારીકા, દુર્ગતિ કેરી એ બારીરે ॥ આં૦ ॥ ૪ ॥ રમીએ સુમતિ નારીસું, કરીએ દાન સહાયરે ॥ મૈત્રી પ્રમોદ કરૂણાદિક, ધરીએ દિલ સુખદાયરે ॥ ૫ ॥ વાચના પૃચ્છના તિમ વલી, અનુપ્રેક્ષા ધર્મ સંગરે ॥ પરાવર્ત્તના પંચ ભેદ એ, કરીએ ધરી મનરંગરે ॥ અ૦ ॥ ૬ ॥ જ્ઞાનાવરણીય દર્શના, વરણી વેદનીય તેમરે ॥ મોહ આયુ નામ ગોત્રએ, આઠમું અંતરાયરે ॥ આ૦ ॥ ૭ ॥ એ અષ્ટ કર્મ વિનાશિની, અષ્ટમી તિથિ જિન ભાખીરે ॥ આરાધનાદિક એ ક્રિયા, માનવ ગતિ એક સાખીરે ॥ અ૦ ॥ ૮ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ ॥ ૨ ॥ મુનિવર આર્યસુહસ્તીરે ॥ એ દેશી ॥

બાસઠ માર્ગણા દ્વારરે પ્રભુજીએ કહ્યાં, સુંદર સુલલિત વચણથીએ ॥ તેહમાં દશ દ્વારરે મોક્ષ જિનેશ્વરે કહિયા, અવરમાં નવિ લહ્યાં એ ॥ ૧ ॥ તિણ કારણ દિવ્ય મોક્ષરે, કારણ સુખ તણા, પામે માનવ ભવથકી એ ॥ દુલહો દશ દષ્ટાંતરે, લહિય મનુજ ભવ, હારો મત વિષય થકી એ ॥ ૨ ॥ પંચ ભરત મઝારરે, પંચ ઐરવ્રત, પંચ મહાવિદેહમાં એ ॥ પંનર કર્મભૂમિરે, નાણી જિનવરે, ધર્મ કહ્યાં નહિ અન્યમાં એ ॥ ૩ ॥ ક્રોધ માનને માયારે, લોભ તિમ વલી, એ ચારે દુખદાયીયા એ ॥ અપ્રત્યાખ્યાનાદિકરે, કરતાં ભેદ એ, સોલ હોએ તજો ભાઈઆએ ॥ ૪ ॥ થોડાપણ એકષાયરે, કીધાં દુખ દીએ, મિત્રાનંદ તણી પરે એ ॥ તે માટે તજો દુરરે, હૃદયથકી વલી, જેમ અનુક્રમે શિવ સુખ વરો એ ॥ ૫ ॥ અષ્ટમી તિથિ આરાધેરે, અષ્ઠ પ્રવચન, માતા આરાધક કહુ એ ॥ અનુક્રમે લહે નિર્વાણરે, એ તિથિ આરાધે, મુક્તિ રમણી, સન્મુખ જુવે એ ॥ ૬ ॥ અભય દાન સુપાત્રરે, અષ્ટમી પર્વણી, દિજે અઢલક ચિત્તશું એ ॥ પામે બહૂલી ઋદ્ધિરે, પરમ પ્રમોદશું, લીજે લાહે વિત્તશું એ ॥ ૭ ॥

॥ કલશ ॥ શ્રી પાર્શ્વજિન પસાય ઇણિપરે, સંવત સતર અઢાર એ ॥ વૈશાખ સુદી વર અષ્ટમી દિન, કુમતિ દિનપતિ વાર એ ॥ શ્રી શુભવિજય ઉવઝાય જયકર, શિષ્ય ગંગવિજય તણો ॥ નય શિષ્ય પભણે ભક્તિ રાગે, લહ્યો આનંદ અતિ ઘણો ॥ ૧ ॥ ઇતિ શ્રી અષ્ટમી સ્તવનમ્ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ मौन एकादशी स्तवनम् ॥ ઢાલ. ૧ ॥

॥ વૈરાગી થયો ॥ એ દેશી ॥

પ્રણુમી પુછે વીરનેરે, શ્રી ગોયમ ગણુરાય ।
મૃગશિર સુદિ એકાદશીરે, તપથી શું ફલ થાયરે ॥
જિનવર ઉપદિશે, તિહાં સાંભલે સહુ સમુદાયરે ॥ જિન૦ ॥૧॥
વીર કહે ગોયમ સુણોરે, હરિ આગલ કહ્યો નેમ,
તેમ તુમ આગલ હું કહુંરે, સાંભલો મનધરી પ્રેમરે ॥જિ૦ ॥૨॥
દ્વારિકા નયરી સમોસર્યારે, એકદિન નેમિ જિણુંદ ॥
કૃષ્ણુ આવ્યા તિહાં વાંદવારે, પુછે પ્રશ્ન નરિંદરે ॥ જિ૦ ॥ ૩ ॥
વર્ષ દિવસનાં દિન મિલીરે, તિનસો સાઠ કહુંત ॥
તેહમાં દિન કુણુ એહવોરે, તપથી બહુ ફલ હુંતરે ॥જિ૦॥ ॥૪॥
મૃગશિર શુદિ એકાદશીરે, વર્ણુવી શ્રી જગનાથ ॥
દોઢસો કલ્યાણુક થયાંરે, જિનનાં એકણુ સાથરે ॥ જિ૦ ॥ ૫ ॥
શ્રી અરજિન દીક્ષા ગ્રહીરે, "નમિ" ને કેવલ નાણુ,
જન્મદીક્ષા કેવલ લહ્યારે, શ્રીમલ્લિ જગભાણુરે ॥જિ૦॥ ॥ ૬ ॥
વર્તમાન ચોવિશીનારે, ભરતે પંચ કલ્યાણુ ॥
એ પાંચ ભરતે થઇરે, પંચાધિક વીશ જાણુરે ॥ જિ૦ ॥ ॥ ૭ ॥
પાંચે એરવતે મિલીરે, કલ્યાણુક પંચ પંચ ॥
દશ ક્ષેત્ર સહુ એ મિલીરે, પચાસ કલ્યાણુક સંચરે ॥જિ૦॥૮॥
અતીત અનાગત કાળનાંરે, વર્ત્તમાનના વલી જેહ ॥
દોઢસો કલ્યાણુક કહ્યારે, ઉત્તમ ઇણુદિન એહરે ॥ જિ૦ ॥ ૯ ॥
જે એકાદશી તપ કરેરે, વિધિ પૂર્વક ગુણુ ગેહ ॥
દોઢસો ઉપવાસો તણોરે, ફલ લહે ભવિયણુ તેહરે ॥જિ૦॥૧૦॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ઘોડી તો આવી તારા દેશમાં મારૂજી ॥એ દેશી ॥ ઢાલ ॥૨॥
હવે એકાદશી તપ તણો માધવજી, વિધિ કહું નિર્મલ
બુદ્ધિ હો ગુણરાગી નરેશ્વર સાંભલો જાદવજી
દેવ જુહારો દેહરે ॥મા૦॥ ગુરૂવંદો ભાવ વિશુદ્ધિ હો ॥ગુ૦॥૧॥
અહોરત્તા પોસહ કરી ॥મા૦॥ ગુરૂ મુખે કરો પચ્ચખ્ખાણહો ॥ગુ૦॥
દેવ વંદો ત્રણ ટંકના ॥મા૦॥ સાંભલો સદગુરૂ વાણીહો ॥ગુ૦૨॥
દોઢસો કલ્યાણક તણો ॥મા૦॥ ગુણનો ગુણો એક મનેહો ॥ગુ૦॥
ભણણ ગુણણ કિરીયા વિના ॥મા૦॥ નવિ બોલે અન્ય વચનહો॥૩॥
મૌન ગ્રહો નિશીદિવસનો ॥મા૦॥ રાખો શુભ પરિણામહો ॥ગુ૦॥
મૌન એકાદશી તે ભણી ॥મા૦॥ નિરૂપમ એવું નામહો ॥ગુ૦॥૪॥
પ્રથમ દિને એકાસણું ॥ મા૦ ॥ પારણે એહિજ રીત હો ॥ગુ૦॥
બારવર્ષ તપ ઈમ કરે ॥મા૦॥ શુદ્ધ ધર્મશું પ્રીત હો ॥ગુ૦॥૫॥
અંગ અગ્યારે તે ભણે ॥મા૦॥ પડિમા તપ અગ્યાર હો ॥ ગુ૦ ॥
પ્રતિમાસે ઉપવાસનો ॥મા૦॥ તપ કરે નિરૂપમ વાર હો ॥ગુ૦॥૬॥
સુવ્રતશેઠ તણી પરે ॥મા૦॥ મન રાખે સ્થિરતા જોગ હો ॥ગુ૦॥
તો એકાદશી દશમે ભવે ॥મા૦॥ લહે શિવવધુ સંજોગહો ॥ગુ૦॥૭॥

---

॥ દેશી લલનાની ॥ ઢાલ. ॥ ૩ ॥

હવે ઉજમણું તપ તણું, એકાદશી દિનસાર લલના,
દિન ઇગ્યારે દેહરે, સ્નાત્ર પૂજા અધિકાર લલના ॥
ભગવંત ભાખે હરિભણી ॥ ૧ ॥
ઢાંણું ઢાવિયે દેહરે, ધાન્ય ઇગ્યાર પ્રકાર ॥ લ૦ ॥
શ્રીફલ ફોફલ સુખડી, નવ નવી ભાત ઈગ્યાર લ૦ ॥ભ૦ ॥૨॥
કેસર સુખડ ધોતીયાં, કાંચન કલશ શૃંગાર લ૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધૂપ ધાણાને વાટકી, અંગલૂહણુ ઘન સાર ॥ લ૦ ભ૦ ॥ ૩ ॥
અંગ ઇગ્યારે લિખાવીયે, પુઠાને રૂમાલ ॥ લ૦ ॥
ઝાબી દોરા દાબડી, લેખણુ કાંબી નિહાલ ॥ લ૦ ॥ ભ૦ ॥૪॥
ઝીલમલ ચંન્દુઆ ભલા, ઠવણી સ્થાપના કાજ ॥ લ૦ ॥
પાટી જપમાલા ભલી, વાસના વટુઆ સાજ ॥લ૦॥ ભ૦॥ ૫ ॥
બીજણાને વળી પૂજણા, કવલી કોથળી તામ ॥ લ૦ ॥
રેશમની પાટી રૂયડી, મુહપતી જયણા કામ ॥ લ૦ ભ૦ ॥ ૬ ॥
જ્ઞાનના ઉપગરણુ ભલા, ઈગ્યાર ઈગ્યાર માન ॥ લ૦ ॥
સાધર્મિક ઈગ્યારને, પોષીજે પકવાન ॥ ॥ લ૦ ॥ ભ૦ ॥ ૭॥
તે સાંભલી હરિ હરખીયા, આદરે વ્રત પચ્ચખ્ખાણુ ॥ લ૦ ॥
તિથિ એકાદશી તપ કરે, બાર વર્ષ ગુણુ ખાણ ॥ લ૦ ભ૦ ॥ ૮॥
તીર્થંકર પદ તિણુ થકી, ગોત્ર નિકાચિત કીધ ॥ લ૦ ॥
અમમ નામે જિન બારમા, હોસી તપ ફલ સીધ ॥લ૦ ॥ભ૦॥૯॥
ઇણુ વિધિ શ્રીવીરે કહ્યો, એ અધિકાર અશેષ ॥ લ૦ ॥
તેહ ભણી તપ તુમે આદરો, લેશો સુખ સુવિશેષ ॥લ૦॥ભ૦॥૧૦॥

॥ કલશ॥ શ્રીવીરજિનવર સયલ સુખકર વરણુવી એકાદશી, તે સુણીય વાણી ભવિક પ્રાણી તપ કરણુ મન ઉલ્લસી ॥ જશવંત સાગર સુગુણ આગર શિષ્ય જિનેન્દ્રસાગરે, એકાદશી યહ સ્તવન કીધો, સુણીય ભવિયણુ આદરે ॥ ૧ ॥

## अथ एकादशीनुं स्तवन.

॥ ચોપાઇની દેશી ॥

॥ સમવસરણુ બેઠા ભગવંત, ધર્મ પ્રકાશે શ્રીઅરિહંત ॥
બારે પરખદા બેઠી રૂડી, માગસર સુદી અગીયારસ વડી ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મલ્લિનાથનાં તીન કલ્યાણક, જન્મ દીક્ષાને કેવલજ્ઞાન ॥ અર દીક્ષા લીધી રૂડી ॥ માગસર સુદી અગીયારસ વડી ॥ ૨ ॥ નમીને ઉપન્યુ કેવલ જ્ઞાન, પાંચ કલ્યાણક અતિ પ્રધાન ॥ એ તિથિની મહિમા વડી, ॥ મા૦ ॥ ૩ ॥ પાંચ ભરત ઐરવ્રત ઇમહીજ, પાંચ કલ્યાણક હુવે તિમહીજ ॥ પચાસની સંખ્યા પરગડી, ॥ મા૦ ॥ ૪ ॥ અતીત અનાગત ગણતા એમ, દોઢસો કલ્યાણક થાય તેમ ॥ કુણ તિથિ છે એ તિથિ જેવડી ॥મા૦ ॥૫॥ અનંત ચોવિશી ઇણ પરે ગણો, લાભ અનંત ઉપવાસ તણો, એ તિથિ સહુશીર એ ખડી, ॥ મા૦ ॥ ૬ ॥ મૌન પણે રહ્યા શ્રીમલ્લિનાથ, એક દિવસ સંયમ વ્રત સાથ ॥ મૌન તણી પરે વ્રત ઇમ વડી ॥ મા૦ ॥ ૭॥ આઠ પોહોરી પોસો લીજીયે, ચોવિહાર વિધિશું કીજીએ ॥ પણ પ્રમાદ ન કીજે ઘડી ॥ મા૦ ॥ ૮॥ વર્ષ ઇગ્યાર કીજે ઉપવાસ, જાવજીવ પણ અધિક ઉલ્લાસ ॥ એ તિથિ મોક્ષ તણી પાવડી, ॥ મા૦ ॥ ૯ ॥ ઉજમણું કીજે શ્રીકાર, જ્ઞાનનાં ઉપગરણ ઇગ્યાર ઇગ્યાર ॥ કરો કાઉસગ્ગ ગુરૂ પાયે પડી ॥ મા૦॥ ૧૦॥ દેહેરે સ્નાત્ર કીજે વલી, પોથી પુજો જે મન રળી ॥ મુકિત પુરી કીજે ઢુંકડી ॥ મા૦ ૧૧ ॥ મૌન અગીયારસ મોટું પર્વ, આરાધ્યાં સુખ લહીએ સર્વ ॥ વ્રત પચ્ચખ્ખાણ કરો આખડી ॥ મા૦ ॥ ૧૨ ॥ જેસલ સોલ ઇકયાસી સમે, કીધું સ્તવન સહુ મનગમે ॥ સમય સુંદર કહે દાહડી ॥ મા૦ ॥ ॥ ૧૩ ॥

## શ્રી વીશ સ્થાનકનું સ્તવન.

॥ હાંરે મારે પ્રણમું સરસ્વતી માગું વચન વિલાસજો, વીશરે તપ સ્થાનક મહિમા ગાઇશુંરે લોલ ॥ હાંરે મારે પ્રથમ અરિહંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પદ લોગસ્સ ચોવીસજો, બીજેરે સિદ્ધ સ્થાનક પન્નર ભાવશુંરે લોલ ॥૧॥ હાં૦ ત્રીજે પવયણસું ગણુશો લોગસ્સ સાતજો, ચઉથેરે આચારિયાણું છત્રીસનો સહીરે લોલ ॥હાં૦॥ થેરાણું પદ પંચમેં દસ ઉદારજો, છઠ્ઠેરે ઉવજ્ઝાયાણું પચવીસનો સહીરે લોલ ॥ ૨ ॥ હાં૦॥ સાતમે નમોલોએ સવ્વસાહુ સત્તાવીસજો, આઠમે નમો નાણસ્સ પંચે ભાવશુંરે લોલ ॥ હાં૦ નવમે દરિસણ સડસઠ મનને ઉદારજો, દશમે નમો વિણયસ્સ દસ વખાણીએરે લોલ ॥ ૩ ॥ હાં૦ ॥ અગીઆરમે નમો ચારિત્તસ્સ લોગસ્સ સત્તરજો; બારમે નમો બંભસ્સ નવગુણે સહીરે લો૦ ॥ હાં૦॥ કીરિયાણું પદ તેરમે વલી પચવીસજો, ચઉદમે નમો તવસ્સ બાર ગુણે સહીરે લો૦ ॥૪॥ હાં૦ પંદરમેં નમો ગોયમસ્સ અઠ્ઠાવીસજો, નમો જિણાય ચઉવીસ ગણશું સોલમેરે લો૦ ॥ સત્તરમે નમો ચારિત્ત લોગસ્સ સિત્તેર જો, નાણસ્સનો પદ ગણશું એકાવન અઢારમેરે ॥ લો૦ ॥ ૫ ॥ હાં૦ ઓગણીસમે નમો સુઅસ્સ પીસ્તાલીસજો, વીસમેં નમો તિત્થસ્સ વીસ ભાવસુંરે લો૦ ॥ હાં૦ તપનો મહિમા ચારસેં ઉપર વીસજો, ષટમાસે એક ઓલી પૂરી કીજીએરે લો૦ ॥ ૬ ॥ તાં૦ તપ કરતાં વળી ગણીયે દોયહજાર જો, નવકારવાલી વીસે સ્થાનક ભાવસુંરે લો૦ ॥ હાં૦ પ્રભાવના સંઘ સ્વામી વચ્છલ સારજો, ઉજમણાં વિધિ કીજીએ વિનય લીજીયેરે લો૦ ॥ ૭ ॥ તપનો મહિમા કહ્યો શ્રી વીર જિનરાયજો, વિસ્તારે ઇમ સંબંધ ગોયમ સ્વામિનેરે લો૦ ॥ હાં૦ તપ કરતાં વલી તીર્થંકર પદ હોયજો, દેવગુરૂ ઇમ કાંતિ સ્તવન સોહામણોરે લો૦ ॥ ૮ ॥ ઇતિશ્રી વીસ સ્થાનક સ્તવન સંપૂર્ણમ્ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री अढीद्वीप वीसजिनस्तवन.

॥ ઢાલ ॥ ૧ ॥ ધાતકી ખંડના ભરતમાં ॥ એ દેશી ॥

વંદુ મનશુદ્ધ વિહરમાન જીણેસર વીસ, દ્વીપ અઢીમે વિચરે જયવંતા જગદીશ ॥ કેવલ જ્ઞાનને ધારે તારે કરી ઉપગાર, કિણ કિણ કામે કુણ કુણ જિણ કહીશું સુવિચાર ॥ ૧ ॥ પેતાલીસ લખ જોયણ માનુષ ક્ષેત્ર પ્રમાણ, વલીયાકારે અર્ધપુષ્કર સીમા જાણ ॥ દોય સમુદ્રે સોહે દ્વીપ અઢાઇ સાર, તીણમેં પંનરે કર્મ-ભૂમિનો કહું અધિકાર ॥ ૨ ॥ પહિલો જંબુદ્વીપ સમે વિચ થાલ આકાર, લાંબો પહોલો એક લખ જોયણને વિસ્તાર ॥ મોટો તેહને મધ્ય સુદર્શન નામે મેર, તિણથી દિશિ વિદિશાની ગીણતી ચારે ફેર ॥ ૩ ॥ મેરૂથકી દક્ષિણ દિશિ એહ ભરત શુભક્ષેત્ર, પાંચસે છવીસ જોયણ છકલા તેહનો વેત્ર ॥ ઉત્તર ખંડમાં એહવો એરવત ક્ષેત્ર કહાય, ઇણ બિહુ કર્મ ભૂમિ આરા છયે ફિરતા જાય ॥ ૪ ॥ તેત્રીસ સહસ છસય ચોરાસી જોયણ જાણ, ચ્યાર કલાએ મહાવિદેહ વિષ્કંભ વખાણ ॥ ભરતથી બમણો એક એક વિજય તણો પરિમાણ, એહવી વિજય બત્રીસ, વિરાજે જેહનો ઠાણ ॥ ૫ ॥ મેરૂ વિચે કરે પૂરવ પશ્ચિમ દોય વિભાગ, સોલે સોલે વિ-જય તિહાં વિચરે વિતરાગ ॥ શાસ્વતે ચોથે આરે તારે શ્રી અ-રિહંત, એ હવે મહાવિદેહ કર્મ ભૂમિ ત્રીજી તંત ॥ ૬ ॥ પૂર્વ-વિદેહ વિજય પુષ્કલાવતી આઠમી ઠામ, પુંડરીકણી નગરી તીહાં સીમંધર સ્વામી ॥ વપ્ર વિજય પચીસમી વિજયપુરનો નામ, પશ્ચિમ વિદેહ બીજા યુગમંધર કીજે પ્રણામ ॥ ૭ ॥ તિમહીજ નવમી વચ્છવિજય વળી પૂર્વવિદેહ ॥ નયર સુસીમાં તીજો બાહુ નમું ધરી નેહ ॥ નલીનાવર્ત્ત ચોવીશમી પશ્ચિમવિદેહ વખાણ, વીત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોકા નગરી તીહાં, ચોથો સુબાહુ સુજાણ ॥ ૮ ॥ એ ચ્યારેહી જિનવર જંબુદ્વીપ મઝાર, મહાવિદેહ સુદર્શન મેરૂ તણે પ્રકાર ॥ એવો જંબુદ્વીપ મહાગઢ જેમ ગિરીંદ, ખાઈરૂપે દોઈ લખ જોયણ લવણસમુદ્ર ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ દીપે બીજો દ્વીપ એ ધન્ય, ધન્ય ધાતકી ખંડ, પહેલો ચિહું લખજોયણે મંડલરૂપે મંડ ॥ ૧૦ ॥ પૂર્વ પશ્ચિમ ધાતકી, ખંડ ગણીજે દોય ॥ વિજયમેરૂ પૂર્વ દિશે, પશ્ચિમ અચલમેરૂ જોય ॥ દી૦ ॥ ૧૧ ॥ દોય ભરત દોય એરવત, દોયવલી મહાવિદેહ ॥ કર્મભૂમિ છે ષટ જિહાં, ઉણહીજ નામે એહ ॥ દી૦ ॥ ૧૨ ॥ એક એક મેરૂને આશરે, કર્મ ભૂમિ તિન તિન ॥ નિજ નિજ મેરૂથી માંડીને, લેખો ચિહું દિશ લીન ॥ દી૦ ॥ ૧૩ ॥ શ્રીસુજાત જિન પાંચમા, છઠ્ઠા સ્વયંપ્રભ ઈશ ॥ ઋષભાનન જિન સાતમા, સમરીજે નીશ દિશ ॥ દી૦ ॥ ૧૪ ॥ અનંતવીર્ય જિન આઠમા, એ ચ્યારે જિન રાય ॥ પૂર્વ ધાતકી ખંડમેં, મહાવિદેહ રહાય ॥ દી૦ ॥ ૧૫ ॥ પહેલા ચિહું જિનનીપરે, વીજયનગર દિસ ઠાણ ॥ તીણહીજ નામે અનુક્રમે, વિજય મેરૂ અહીં નાણ ॥ દી૦ ॥ ૧૬ ॥ નવમા સુરપ્રભુ નમુ, દશમા દેવ વિશાલ ॥ ઈમ વજ્રધર અગીયારમા, ત્રિકરણ પ્રણમું ત્રિકાલ ॥ દી૦ ॥ ૧૭ ॥ બારમા ચંદ્રનન જીન, પશ્ચિમ ધાતકીમાંહિ ॥ વિચરે ચ્યારે જીનવરા, અચલ મેરૂ ઉચ્છાહ ॥ દી૦ ॥ ૧૮ ॥ એહવો ધાતકી ખંડ એ, પ્રદક્ષિણા પ્રકાર ॥ અઠલખ જોયણવીસ્તારે, સમુદ્ર કાલોદધિ સાર ॥ દી૦ ॥ ૧૯ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ કાલોદધિને પેલે પારે, વીંટયો ચુડી જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારે ॥ સોલે લખ જોયણ વિસ્તારે, દ્વીપ પુષ્કરવર અતિ સુ-ખકારે ॥ પુષ્કર દ્વીપ તીજો, તેહુને આગે વગે ॥ દ્વીપ પડયો પર્વત માનુષ્યોત્તર, મનુષ્યક્ષેત્ર તિહાંલગે ॥ તિણ આધ કરી આઠલાખ જોયણ, અર્ધ પુષ્કર એમએ ॥ તીહાં કર્મભૂમિ છએ કહીજે, ધાતકીખંડ જેમ એ ॥ ૨૦ ॥ આધે પુષ્કરને પૂર્વ દિશે, મંદિર નામે મેરૂ તિહાં વસે ॥ પંચમ વિજ્જુમાલી મેરૂએ ઇહાં કીણઠામે ઇતરો ફેર એ ॥ ફેરએ ઇતરો ઇંહાં નામે અવરઠામે કો નહીં. એક એક મેરે તીન તીને કર્મ ભુમિ તિહાં કહી ॥ તિમ ભરત ઐરવત વિદેહે, નામ સિરખેહે ॥ તપ તીણહીજ નામે વિજ્ય સગલી શાશ્વતા ધર્મક્ષેત્રએ ॥ ૨૧ ॥ ધાતકી ખંડે તિમ પુષ્કર સહી ઇણ ક્ષેત્રનો નામ કહ્યો નહીં ॥ દુગણ દુગણી અતિ વિસ્તાર એ, શાસ્ત્ર થકી લેજો સુવિચાર એ ॥ સુવિચાર દાખી તેહ સઘલો નગર તિમહીજ મન ગમે, પૂર્વ પશ્ચિમ જેહ જિણદિશ, તેહ તિ-મહીજ અનુક્રમે ॥ શ્રીચંદ્રબાહુ ભુજંગ ઇસર નેમ ચાર તીર્થંકરા પૂર્વ પુષ્કર અર્ધમાંહે સર્વ જીવ સુખંકરા ॥ ૨૨ ॥ વૈરસેન વંદુ જિન સત્તરમા, શ્રી મહાભદ્ર અઢારમા નિત નમો ॥ દેવજસા ઓ-ગણીસમા દેવએ, જસોઋદ્ધિ વીસમ જિન સેવ એ ॥ જિન સેવ ચ્યારે અર્ધ પુષ્કર માંહે પશ્ચિમ ભાગએ ॥ તિહાં મેરૂ વિજ્જુ-માલી ચિહુદિસ વિચરતા વીતરાગ એ ॥ ચોરાશી પૂર્વ લાખ વરસાં આઉ એક એક જિનતણો, પાંચસે ધનુષ શરીર સોહે, સોવન વરણ સુહામણો ॥ ૨૩ ॥ કાલ જઘન્યે ઇમ જિન વીસએ, હવે ઉત્કૃષ્ટ ભેદ કહીસ એ ॥ એકસો સિત્તેર જિહાં જિનવર રહે, પાંચે ભરતે જિણ પાંચ લહે ॥ જિણ લહે પાંચે તેમ પાંચ એરવત મલી દસ હુઆ ॥ એક એક વિદેહ બત્તીસ વિજયા, જીહાંપણ જિણ જુ-જુઆ ॥ એકસો સિત્તેર એમ જિનવર, કોડી નવ વલી કેવલી ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવ સહસ કોડી અવર મુનિવર વંદીએ નિત તે વલી ॥ ૨૪ ॥ ઈહાં ભરતે એરવતે આજ એ, પંચમ આરે નહીં જિનરાજ એ, ધન્યધન્ય પાંચે મહાવિદેહ એ, વીચરે વીસે જિન ગુણગેહ એ, ગુણગેહ દોષ અઢાર જીત્યા અતિશયા ચોતીસ એ ॥ ચોસઠ ઈન્દ્ર નરિંદ સેવત નમુ તે નીસ દીસએ ॥ તીહાં આજ વિચરે તરણતારણ કેવલી દોયે કોડએ, દુઅ સહસ કોડીસુ સાધુ બીજા, નમું બેકર જોડએ ॥ ૨૫ ॥

॥ કલસ ॥ એમ અઢી દ્વીપ પનરમા કર્મ ભૂમિક્ષેત્ર પ્રમાણએ, સિદ્ધાંત પ્રકરણ સાખ ભાખ્યા વીસ વિહરમાણ એ ॥ શ્રી નગર જેસલમેર સંવત સતર ગુણતીસે સમે, સુખવિજય હરખ જિણંદ સાનિધે, નેહ ધરિ ધર્મસિંહ નમે ॥ ૨૬ ॥ ઈતિ શ્રી અઢીદ્વીપ જિન સ્તવન સંપૂર્ણ.

## श्री कल्याणकनुं स्तवन.

॥ દુહા ॥ પ્રણમી જિન ચોવીસને, કહું કલ્યાણક તાસ ॥ માસ અમાવસ્ય તણી, રીતિ ધરી સુવિલાસ ॥ ૧ ॥ જેહના નામ સ્મરણ થકી, નાસે ભવ ભવ પાપ ॥ તિણે કલ્યાણકને દિને, કીજે પ્રભુનો જાપ ॥ ૨ ॥ ચ્યવન પરમેષ્ઠિને નમઃ, જનમ અર્હતે નામ ॥ નાથાય નમઃ દિક્ષા પદે, ગણીએ નિજગુણ કામ ॥ સર્વજ્ઞાય નમઃ કેવલી, મોક્ષ પાર ગતાય ॥ આંબિલ પોષધને વળી, એકાસણે પણ થાય ॥ ૪ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાળ ॥ ૧ ॥ પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુજવાત

॥ એ દેશી ॥

આસો સુદ પૂનમ દિનેજી, ચ્યવિયા નમિ જિનરાય ॥ વદી પાંચમ દિન કેવલીજી, સંભવ જિનવર થાય ॥ ૧ ॥ ભવિ ભાવ ધરીને ગાવો જિન કલ્યાણ ॥ ૧ ॥ એ આંકણી ॥ બે કલ્યાણક બારશે જી, નેમજી ચ્યવન પ્રમાણ ॥ પદ્મપ્રભુ જિન જનમીયાજી તેરસે દિક્ષા મંડાણ ॥ ભવિ૦ ॥ ૨ ॥ વીર અમાવાસે શિવ ગયાજી, હવે કાર્તિક સુદ જાણ ॥ ત્રીજેસુવિધિ કેવલીજી, બારસે અર જિનનાણ ॥ ભવિ૦ ॥ ૩ ॥ કાર્તિકવદી પાંચમ દિનેજી, સુવિધિ જન્મ એમ હોય ॥ છઠે વ્રત સુવિધિ લીએજી, દસમે વીર વ્રત જોય ॥ ભવિ૦ ॥ ૪ ॥ અગીઆરસ દિને શિવ લહ્યાજી, જિન ઉત્તમ મહારાજ ॥ પદ્મપ્રભુને પ્રણમતાંજી, લહીયે અવિચલ રાજ ॥ ભવિ૦ ॥ ૫ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ પ્રથમ ગોવાલા તણે ભવેજી ॥ એ દેશી ॥

માગસર શુદ દશમી દિનેજી, કલ્યાણક છેરે દોય ॥ અરજિન જન્મને શિવ લહ્યાજી, તે પ્રણમો સહુ કોયરે ॥ ભવિકા ॥ પ્રણમો શ્રી જિનચંદ ॥ જસ પ્રણમે વાસવ વૃંદરે ॥ ભવિકા૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ અગીઆરસ દિન મોટકોજી, જે દિન પાંચ કલ્યાણ ॥ મલ્લિ જન્મવ્રત કેવલીજી, અર વ્રત નમી જિન નાણરે ॥ ભવિકા૦ ॥ ૨ ॥ જન્મ્યા સંભવ ચૌદશેજી, પુનમે વલી વ્રત લીધ ॥ વદી દશમીથી ચૌદશ લગેજી, લાગટ છે પ્રસિદ્ધરે ॥ ભવિકા૦ ॥ ૩ ॥ પાર્શ્વ જન્મ વલી વ્રત લીયોજી, ચન્દ્રજન્મ વ્રત સાર ॥ શીતલ કેવલ પામીયાજી, હવે પોસ સુદી અવધારરે ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિકા ૦॥ ૪ ॥ વિમલ કેવલી છઠે દિનેજી, નવમી એ શાંતિને નાંણુ ॥ અજિત નાણુ અગીઆરસેજી, લોકાલોક સુજાણુરે ॥ ભ-વિકા૦ ૫ ॥ ચૌદસે કેવલ ઉપન્યોજી, અભિનંદન જિણ ભાણુ ॥ ધર્મ કેવલી પુનિમેજી, હવે વદીનું મંડાણુરે ॥ ભવિં૦ ૬ ॥ છઠે પદ્મ ચ્યવન ભલુંજી, બારસને દિન હોય હોય ॥ શિતલ જન્મ મુનિ થયાજી, તેરસે ઋષભ શિવ હોયરે ॥ ભવિકા૦ ॥ ૭ ॥ અમાવાસ્યા દિન પામીયાજી, શ્રેયાંસ કેવલનાણુ ॥ જિન ઉત્તમ પદ પદ્મનેજી, પ્રણુમો ભવિક સુજાણુરે ॥ ભવિકા૦ ॥ ૮ ॥

॥ ઢાંલ ॥ ૩ ॥ સુંદર મહાસુદીમાં હવે જાણીયે, બે કલ્યાણુક બીજે હો ॥ સુંદર અભિનંદન પ્રભુ જનમીયા, કેવલી વાસુપૂજ્ય હો ॥ સુંદર કલ્યાણુક દિને ગાઇએ ॥ ૧ ॥ સુંદર ત્રીજ દીને પણુ દોઈ કહ્યા, જન્મ વિમલને ધર્મહો ॥ સુંદર ચોથે વિ-મલ જિન વ્રત લીયે, આઠમે અજિતનો જન્મહો ॥ સુ૦ ॥ ૨ ॥ સુંદર નેમિ અજિત દિક્ષા લીયે, બારસે વ્રત અભિનંદન હો ॥ સુંદર તેરસે ધર્મ ચારિત્રિયા, વદી માં સુણી સુખકંદ હો ॥સુ૦॥ ૩ ॥ સુંદર છઠે સુપાસજી કેવલી, સાતમે દોય કલ્યાણ હો ॥સું-દર શિવ પહોત્યા સુપાસજી, ચંદ્રપ્રભુ લહે નાણ હો ॥ સું ॥ ૪ ॥ સુંદર નોમ દિને સુવિધિ ચ્યવીયા, એકાદશી આદિ નાણ હો ॥ સુંદર બારસે દોય શ્રેયાંસ જણ્યા, મુનિસુવ્રત નાણ જાણી હો ॥ સુ૦ ॥ ૫ ॥ સુંદર તેરશે શ્રેયાંસ વ્રત લીયે, જાયા ચૌદસે વાસુપૂજ્ય હો ॥ સુંદર અમાવાસ્યા વાસુપૂજ્ય વ્રત, ફાગણ સુદી હવે બીજહો ॥ સુંદર૦ ॥ ૬ ॥ સુંદર અર ચ્યવીયા ચોથે માલ્લ ચ્યવ્યા સંભવ આઠમ ચ્યવન હો ॥ સુંદર બારસે દોય સુવ્રત વ્રતી મલ્લી મોક્ષ કરો મનન હો ॥ સુંદર૦ ॥ ૭ ॥ સુંદર વદી ચોથે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોય જાણીએ, પાર્શ્વ ચ્યવન નાણુ હો ॥ સુંદર પાંચમે ચંદ્ર ચ્યવ્યાવલી, આઠમે દોય કલ્યાણક હો સુંદર૦ ॥ ૮ ॥ સુંદર ઋષભજી જનમને વ્રત લીયે, ચાર મુષ્ટી કરી લોચ હો ॥ સુંદર તસપદ પદ્મ નમ્યા થકી, નવિ આવે ભવિ શોચ હો ॥સુંદર૦॥૯॥

॥ ઢાલ ॥ ૪ ॥ માલી કેરા બાગમાં ॥ એ દેશી ॥

ચૈત્ર સુદી ત્રીજે સૂણો કુંથુ જિનનાણુરે લો૦ અહો કુંથુ જિન નાણુરે લો૦ ત્રણ પાંચમેં અનંત અજીતજી, સંભવ નિર્વાણુરે લો૦ ॥ અહો સંભવ ॥ ૧ ॥ નોમે સુમતિ જિન શિવ વર્યા, અગીઆરસે લહ્યા નાણુરે લોલ ॥ અહો અ૦ તેરસે વીરજી જનમીયા, રાકા પદમ વિનાણુરે લો ॥ અહોરા૦ ॥ ૨ ॥ વદી પડવે કુંથુ શિવ લહ્યા, બીજે શિતળ સિધ્યારે લોલ ॥ અહો૦ ॥ કુંથુ દિક્ષા લીએ પાંચમે, નિજ કાર્ય સિધ્યાં રે લોલ ॥ અહો૦ ॥ ૩ ॥ ચવીયા શિતલ છઠ્ઠ દિને, નમિ શિવ પદ દશમેરે લોલ ॥ અહો૦ ॥ અનંત જન્મ વલી તેરસે, ત્રણ છે ચૌદમેરે લોલ ॥ અ૦ ॥ ૪ ॥ દિક્ષા કેવલ ઇણ દીને, પામ્યા શ્રીઅનંતરે લોલ ॥ અહો૦ ॥ તિમ કુંથુ જિન જન્મીયા, પ્રણમો ભવિ સંતરેલો ॥ અહો ॥ ૫ ॥ વૈશાખ સુદી ચોથને દીને, અભિનંદન ચવિયારે લો૦ ॥ અહો૦ ॥ અભિનંદન શિવ પામીયા, સુમતિ જિન જાયારે લો૦ ॥ અહો૦ ॥ નોમે સુમતિ વ્રત વીરજી, દશમેં નાણુ પાયારે લો ॥ અહો૦ ૭ ॥ બારસે વિમલ ચ્યવન થયા, હવે તેરસે ઈટ્ઠરે લો ॥ અહો૦ ॥ અજિત ચ્યવ્યા વદી સાંભલો, ચ્યવ્યા શ્રેયાંસ છઠેરે લો ॥ અહો ॥ ૮ ॥ આઠમે સુવ્રત જનમીયા, નેમિ મોક્ષ પધાર્યારે લો ॥ અહો૦ ॥ તેરસે શાંતિ જન્મીયા, તેમ સિદ્ધિ સિધાયારે લો ॥ અહો૦ ૯ ॥ શાંતિ વ્રત લીયે ચૌ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દશે, તજી સર્વ ઉપાધિરે લો ॥ અહો૦ ॥ તસપદ પદ્મને પ્રણમતાં, લહો અવ્યાબાધરે લોલ ॥ અહો ॥ અ ॥ ૧૦॥

॥ ઢાલ ॥ ૫ ॥ વાડી ફુલી અતિ ભલી ॥ મનભમરારે ॥ એ દેશી ॥

જેઠ સુદી પાંચમ દિને, જિન નમીયેરે ॥ મોક્ષ ગયા ધર્મનાથ ભવિક જિન નમીયેરે ॥ ચવિયા વાસુપૂજ્ય નવમીયે જિન નમીયેરે ॥ જે તારે ગ્રહી હાથ, ભવિક જિન નમીયેરે ॥૧॥ બારસે સુપાસજી જન્મ્યા જિ૦ ॥ તેરસે દીક્ષા લીધ ॥ ભ૦ ॥ વદી ચોથે ચ્યવ્યા ઋષભજી ॥ જિ૦ ॥ સાતમે વિમલને મોક્ષ ॥ ભ૦ ॥ ૨ ॥ નમિ જિન દીક્ષા નવમીયે ॥ જિ૦ ॥ અસાડ શુદી છઠ દીને ॥ ભ૦ ॥ વીર ચ્યવન છે આઠમે ॥ જિન૦ ॥ મોક્ષ અરિષ્ટ નેમિ જિન ॥ ભ૦ ॥ ૩ ॥ વાસુપૂજ્ય શિવ ચૌદશે ॥ જિ૦ ॥ વદી ત્રીજે અવધાર ॥ ભ૦ ॥ સિદ્ધિશ્રી શ્રેયાંસને ॥ જિ૦ ॥ પામ્યા ભવોદધિ પાર ॥ ભ૦ ॥ ૪ ॥ અનંતનાથ ચ્યવ્યા સાતમે ॥ જિ૦ ॥ આઠમે નેમિ, જિન જન્મ ॥ ભ૦ ॥ કુંથુ ચ્યવ્યા નોમે તેહના ॥ જિ૦ ॥ પ્રણમો પાદ પદ્મ ॥ભ૦॥૫॥

॥ ઢાલ ॥ ૬ ॥ સુણ મોરી સજની રજની જાયરે ॥એ દેશી॥

સુમતિ ચ્યવ્યા શ્રાવણ સુદ બીજેરે ॥ નેમિ જન્મ પાંચમ દિન લિજેરે ॥ છઠ દિન દીક્ષા નેમજીએ લીધીરે ॥ પાર્શ્વ આઠમ દિન વરીયા સિદ્ધિરે ॥ ૧ ॥ પુનમે મુનિસુવ્રત પ્રભુ ચ્યવિયારે ॥ વદી સાતમે હોય કલ્યાણક જાણોરે ॥ શાન્તિ ચ્યવન ચન્દ્ર નિર્વાણરે ॥ આઠમે ચવીઆ સુપાસ જીન ભાણરે ॥ ૨ ॥ ભાદરવા સુદી નવમી સુવિધિ નિર્વાણરે ॥ વદી અમાવાસ્યા અરીષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નેમી નાણુરે ॥ એણીપેરે શ્રીજીન ઉતમ ગાયારે ॥ પદ્મવિજય કહે ભવ ફલ પાયારે ॥ ૩ ॥

॥ ઢાલ ॥ ૭ ॥ ગિરૂઆરે ગુણ તુમ તણા ॥ એ દેશી ॥

કલ્યાણક દિન ગાઇએ, ભાવ હર્ષ ધરી બહુ માનોરે ॥
પ્રભુ ગુણ સ્મરણ નિત્ય કરી, તપ કરીયે થઈ સાવધાનોરે ॥ક૦૧॥
તે કલ્યાણકનું ગણો, વલી ગણણું દોય હઝારરે ॥
વર્ત્તમાન ચોવીશીએ, કલ્યાણક દિન અતિ સારોરે ॥ ક૦ ॥ ૨॥
ઈમ અનંત ચોવીશી ધારીએ, તો અનંત કલ્યાણક થાયરે ॥
ઉજમણું પણ કીજીયે, ધરી ભક્તિ શક્તિ નિરમાયરે ॥ક૦॥૩॥
સંવત અઢાર છત્રીશના, મહાવદી બીજને શનિવારરે ॥
શોભન જોગે શોભન થયું, પ્રભુ ગાયો હર્ષ અપારરે ॥ક૦॥૪॥
પાટણ ચોમાસું રહી, લહી જિન ઉત્તમ સુપસાયરે ॥
પદ્મવિજય પુણ્યે કરી, ઈમ થુણીયા શ્રી જિનરાયરે ॥ક૦॥૫॥

## अथ श्री ६ आवश्यकनुं स्तवन.

॥ દુહા ॥ ચોવીસે જિનવર નમું, ચતુર ચેતના કાજ ॥ આવશ્યક જિણ ઉપદિશ્યા, તે થુણશ્યું જિનરાજ ॥ ૧ ॥ આવશ્યક આરાધીયે, દીવસ પ્રત્યે દોયવાર ॥ દુરિત દોષ દૂરે ટલે, એ આત્મઉપકાર ॥ ૨ ॥ સામાયિક ચઉવિસથ્થો, વંદન પડિકમણેણ કાઉસગ્ગ પચ્ચખાણકરે, આતમ નિર્મળ એણ ॥ ૩ ॥ ઝેર જાય જિમ જાંગુલી, મંત્ર તણો મહિમાય ॥ તેમ આવશ્યક આદરે, પાતક દૂર પલાય ॥ ૪ ॥ ભાર તજી જિમ ભારવહીં, હેલે હળવો થાય ॥ અતિચાર આલોયતાં, જન્મ દોષ તિમ જાય ॥ ૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ ઢાલ ॥ ૧ ॥ કપુર હોય અતિ ઉજલુંરે ॥ એ દેશી ॥

॥ પેહેલું સામાયિક કરોરે, આણી સમતા ભાવ ॥ રાગ દ્વેષ દૂરે કરોરે, આતમ એહ સ્વભાવરે ॥ પ્રાણી સમતા છે ગુણ ગેહ ॥ એતો અભિનવ અમૃત મેહરે ॥ પ્રાણી૦ ॥ ૧ ॥ આપે આપ વિચારીએરે, રમીએ આપ સ્વરૂપે ॥ મમતા જે પરભાવ નીરે, વિષમા તે વિષ કુપરે ॥ પ્રાણી૦ ॥ ૨ ॥ ભવ ભવ મેળવી મુકીયાંરે, ધન કુટુંબ સંજોગ ॥ વાર અનંતી અનુભવ્યારે, સવિ સંજોગ વિજોગરે ॥ પ્રાણી૦ ॥ ૩ ॥ શત્રુ મિત્ર જગકો નહીંરે, સુખ દુઃખ માયા જાલ ॥ જો જાગે ચિત્ત ચેતનારે, તો સવિ દુખ વિસરાલરે ॥ પ્રાણી૦ ॥ ૪ ॥ સાવદ્ય જોગ સવી પરિહરોરે, એ સામાયિક રૂપ ॥ હુઆ એ પરિણામથીરે, સિદ્ધ અનંત અરૂપરે ॥ પ્રાણી૦ ॥ ૫ ॥

## ॥ ઢાલ ॥ ૨ ॥ સાહેલડીની ॥ એ દેશી ॥

॥ સુ૦ ॥ ૪ ॥ કાંટા બોર બહુલના જી, કોણે અણીયાલા કીધ ॥ ॥ રૂપ રંગ ગુણ જુ જુઆ જી, તરૂ ફલ ફુલ પ્રસિદ્ધ ॥ સુ૦ ॥ ૫ ॥ વિષધર મસ્તક નિત્ય વસેજી, મણિ હરે વિષ તતકાલ ॥ પર્વત સ્થિર ચલ વાયરોજી, ઉર્ધ્વ અગ્નિની જવાલ ॥ સુ૦ ॥ ૬ ॥ મત્સય તુંબ જલમાં તરે જી, બુડે કાગ પહાણ ॥ પંખી જાત ગયણે ફિરેજી, ઈણી પરે સયલ વિનાણ ॥ સુ૦ ॥ ૭ ॥ વાયુ સુંઠથી ઉપશમેજી, હરડે કરે વિરેચ ॥ સીજે નહિં કણ કાંગડું જી, શક્તિ સ્વભાવ અનેક ॥ સુ૦ ॥ ૮ ॥ દેશ વિશેષે કાષ્ઠના જી, ભૂમિમાં થાય પહાણ ॥ શંખ આસ્તિનો નીપજે જી, ક્ષેત્ર સ્વભાવ પ્રમાણ ॥ સુ૦ ॥ ૯ ॥ રવિ તાતો શશી શીતલોજી, ભવ્યાદિક બહુ ભાવ ॥ છએ દ્રવ્ય આપ આપણાંજી, ન તજે કોઈ સ્વભાવ ॥ સુ૦ ॥ ૧૦ ॥ ઈતિ સ્વભાવવાદ ॥

ઢાલ ॥ ૩ ॥ કપુર હોય અતિ ઉજલોરે ॥ એ દેશી ॥

કાલ કિસ્યું કરે બાપડો જી, વસ્તુ સ્વભાવ અકજ્જ ॥ જો નવિ હોય ભવિતવ્યતાજી, તો કિમ સીઝે કજરે ॥ પ્રાણી મકરો મન જંજાલ, ભાવીભાંવનિહાલ રે ॥ પ્રા૦ ॥ મ ॥ ૧ ॥ એ આંકણી ॥ જલ નિધિ તરે જંગલ ફરેજી, કોડ જતન કરે કોય ॥ અણ ભાવી હોવે નહીં જી, ભાવી હોયતે હોયરે ॥ પ્રા૦ ॥૨॥ આંબેમોર વસંતમાંજી, ડાલે ડાલે કેઈ લાખ ॥ કેઈખિર્યાં કેઈ ખાખટીજી, કેઈ આંબા કેઇ સાખરે, ॥ પ્રા૦ ॥૩॥ બાઉલ જેમ ભવિતવ્યતાજી, જિણ જિણ દિશી ઉજાય ॥ પરવશ મન માણસ તણુંજી, તૃણ જેમ પુંઠે ધાયરે ॥ પ્રા૦ ॥૪॥ નિયતિ વશે વિણ ચિંતવ્યુંજી, આવિ મલે તતકાલ ॥ વરસા સોનું ચિંતવ્યુંજી, નિયતિ કરે વિસરાલરે ॥ પ્રા૦ ॥ ૫ ॥ બ્રહ્મદત્ત ચક્રી તણાંજી, નયણ હણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોવાલ ॥ દોય સહસ્સ જસ દેવતાજી, દેહતણા રખવાલરે ॥પ્રા૦ ॥ ૬ ॥ કોકુહો કોયલ કરેજી. કેમ રાખી શકે પ્રાણ ॥ આહેડી શર તાકીયોજી, ઉપર ભમે સીંચાણરે પ્રા૦ ॥ ૭ ॥ આહેડી નાગે ડસ્યોજી, બાણ લાગ્યો સિંચાણ ॥ કોકુહો ઉડી ગયોજી, જુઓ જુઓ નિયતિ પ્રમાણેરે ॥પ્ર૦॥૮॥ શસ્ત્રહણ્યાં સંગ્રામમાંજી, રાને પડયા જીવંત ॥ મંદિરમાંથી માનવીજી,રાખ્યાહી ન રહંતરે ॥ પ્રા૦ ॥ ૯ ॥ ઇતિ ભવિતવ્યતા વાદ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ રાગ મારૂણી મનોહર હીરજીરે ॥ એ દેશી ॥

॥ કાલ સ્વભાવ નિયત મતિ કુડી, કર્મ કરે તે થાય ॥ કર્મ નિરય તિરિય નર સુરગતિજી, જીવ ભવાંતરેજાય ॥ ચેતન ચેતીયેરે કર્મ સમો નહીં કોય ॥ ચેતન૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ કર્મે રામ વસ્યા વનસાસે, સીતા પામે આલ, કર્મે લંકા પતિ રાવણનું, રાજ થયું વિસરાલ ॥ ચે૦ ॥ ૨ ॥ કર્મે કીડી કર્મે કુંજર, કર્મેનર ગુણવંત, કર્મે રોગ સોગ દુઃખ પીડિત, જનમ જાય વિલપંત ॥ ચે૦ ॥ ૩ ॥ કર્મે વરસ લગેં રિસહેસર, ઉદક ન પામે અન્ન, કર્મે વીરને જુઓ યોગમાંરે ॥ ખીલા રોપ્યા કન્ન ॥ ચે૦ ॥૪॥ કર્મે એક સુખપાલે બેસે, સેવક સેવે પાય ॥ એક હય ગય રથ ચઢયા ચતુરનર, એક આગળ ઉજાય ॥ ચે૦॥૫॥ ઉદ્યમ માની અંધતણી પરે, જગ હીંડે હા હુતો ॥ કર્મ બલી તે લહે સકલફલ, સુખભર સેજે સુતોરે ॥ચે૦॥૬॥ ઉંદર એકે કીધો ઉદ્યમ, કરંડીયો કર કોલે ॥ માંહે ઘણા દિવસનો ભૂખ્યો,નાગ રહ્યો દુઃખ ડોલેરે ॥ ચે૦॥ ૭ ॥ વિવર કરી મૂષક તસ મુખમાં, દીયે આપણો દેહ ॥ માર્ગ લઇ વન નાગ પધાર્યા, કર્મ મર્મ જુઓ એહ ॥ ચે૦ ॥ ૮ ॥ ઇતિ કર્મ વિવાદ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ ॥ ૫ ॥

॥ હવે ઉદ્યમ વાદી ભણેએ, એ ચારે અસમર્થ તો ॥ સકલ પદાર્થ સાધવાએ, એક ઉદ્યમ સમર્થ તો ॥ ૧॥ ઉદ્યમ કરતાં માનવીરે, શું નવિ સીઝે કાજ તો ॥ રામે રયણાયર તરીએ, લીધું લંકા રાજ્ય તો ॥ ૨ ॥ કર્મ નિયત તે અનુસરે એ, જેહમાં શકિત ન હોય તો ॥ દેઉલ વાઘ મુખે પંખીયાંએ, પીયું પેસંતા જોયંતો ॥ ૩ ॥ વિણુ ઉદ્યમ કેમ નીકલે એ, તીલ માંહેથી તેલ તો ॥ ઉદ્યમથી ઉંચી ચઢે એ, જુઓ એકેંદ્રિય વેલ તો ॥ ૪ ॥ ઉદ્યમ કરતાં એક સમે એ, જે નવિ સીઝે કાજ તો ॥ તેહ ફરી ઉદ્યમથી હુવેએ, જો નવિ આવે વાજતો ॥ ૫ ॥ ઉદ્યમ કરી ઓર્યા વિના એ, નવી રંધાયે અન્ન તો ॥ આવીનપડે કોલીયોએ, મુખમાં પખે જતન્ન તો ॥૬॥ કર્મ પુત્ત ઉદ્યમ પિતાએ, ઉદ્યમે કીધાં કર્મ તો ॥ ઉદ્યમથી દુરે ટલે એ, જુઓ કર્મનો મર્મ તો ॥ ૭ ॥ દ્રઢપ્રહારી હત્યા કરીએ, કીધાં પાપ અનંત તો ॥ ઉદ્યમથી ખટ માસમાં એ, આપ થયો અરિહંત તો ॥ ૮ ॥ ટીંપે ટીંપે સર ભરે એ, કાંકરે કાંકરે પાલ તો ॥ ગિરિ જેવા ગઢ નીપજે એ, ઉદ્યમ શકિત નિહાળ તો ॥ ૯ ॥ ઉદ્યમથી જળ બિંદુઓ એ, કરે પાષાણમાં ઠામ તો ॥ ઉદ્યમથી વિદ્યા ભણે એ, ઉદ્યમ જોડે દામ તો ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૬ ॥ એ છંડી કીહાં રાખી ॥ એ દેશી ॥

॥ એ પાંચે નય વાદ કરંતા, શ્રી જિન ચરણે આવે ॥ અમિય સરસ જિન વાણી સુણીને, આનંદ અંગ ન માવેરે ॥ પ્રાણી સમકિત મતિ મન આણો. નય એકાંત મ તાણોરે ॥ પ્રા ૦॥ તે મિથ્યામતિ જાણોરે ॥ પ્રાણી સમકિત મતિ મન આણો ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ ॥ એ આંકણી ॥ એ પાંચે સમુદાય મિલ્યા વિણુ, કોઇ કાજ ન સીઝે ॥ અંગુલીયોગે કર તણી પરે, જે બુઝે તે રીઝેરે ॥ પ્રાણી ॥ સ૦ ॥ ૨ ॥ આગ્રહ આણી કોઇ એકને, એહમાં દીજે વડાઈ ॥ પણ સેના મિલી સકલ રણાંગણ, જીત સુભટ લડાઈ ॥ પ્રાણી૦ ॥ સ૦ ॥ ૩ ॥ તંતુ સ્વભાવે પટ ઉપજાવે, કાલ ક્રમે રે વણાયે ॥ ભવિતવ્યતા હોયે તો નીપજે, નહીં તો વિઘ્ન ઘણાંયરે ॥ પ્રાણી ॥ સ૦ ॥ ૪ ॥ તંતુ વાય ઉદ્યમ ભોકતાદિક, ભાગ્ય સકલ સહકારી ॥ એમ પાંચે મલી સકલ પદારથ, ઉત્પત્તિ જુઓ વિચારીરે ॥ પ્રાણી ॥ સ૦ ॥ ૫ ॥ નિયતિ વશે હલુ કરમો થઇને, નિગોદ થકી નીકલીયો ॥ પુણ્યે મનુજ ભવાદિક પામી, સદ્‌ગુરૂને જઇ મલીયોરે ॥ પ્રાણી ॥ સ૦ ॥ ૬ ॥ ભવસ્થિતિનો પરિપાક થયોતવ, પંડિત વીર્ય ઉલ્લસીયો; ભવ્ય સ્વભાવે શિવગતિ પામી, શિવપુર જઇને વસીયો રે ॥ પ્રાણી ॥ સ૦ ॥ ૭ ॥ વર્દ્ધમાન જિન એણી પરે વિનયે, શાસન નાયક ગાયો ॥ સંઘ સકલ સુખ હોયે જેહથી, સ્યાદ્વાદ રસ પાયોરે ॥ પ્રાણી॥સ૦॥૮॥

॥ કલશ ॥ ઇમ ધર્મ નાયક, મુક્તિદાયક, વીર જિનવર સંથુણ્યો ॥ સય સત્તર સંવતવન્હિ લોચન, વર્ષ હર્ષ ધરી ઘણો ॥ શ્રી વિજયદેવ સુરિંદ પટધર, શ્રી વિજયપ્રભ મુણિંદ એ ॥ શ્રી કીર્ત્તિવિજય વાચક શિષ્ય ઇણિપરે, વિનય કહે આણંદ એ ॥ ૧ ॥

---

## ॥ अथश्री समकितनुं स्तवन ॥

॥ ઢાલ ॥ ૧ ॥ તે મુજ મિચ્છામિદુક્કડં ॥ એ દેશી ॥

સાંભલરે તું પ્રાણીયા, સદગુરૂ ઉપદેશો ॥ માનવ ભવ દોહીલો લહ્યો, ઉત્તમ કુલ એસો ॥ સાં૦ ॥ ૧ ॥ દેવ તત્વ નવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓલખ્યો, ગુરૂતત્વ ન જાણ્યો ।। ધર્મ તત્વ નવિ સદહ્યો, હિયડે જ્ઞાન ન આણ્યો ।। સા૦ ।। ૨ ।। મીથ્યાત્વી સુર જિન પ્રત્યેં, સરખા કરી જાણ્યા ।। ગુણ અવગુણ નવિ ઓલખ્યો, વચણે વખાણ્યા ।। સા૦ ।। ૩ ।। દેવ થયા મોહે ગ્રહ્યા, પાસે રહેનારી ।। કામ તણે વશ જે પડ્યા, અવગુણ અધિકારી ।। સા૦ ।। ૪ ।। કેઈ ક્રોધી દેવતા, વલી ક્રોધના વાહ્યા ।। કે કોઇથી બીહતા, હથીયાર સવાહ્યા ।। સા૦ ।। ૫ ।। ક્રૂર નજર જેહની ઘણી, દેખંતા ડરીયે ।। મુદ્રા જેહની એહવી, તેહથી શું તરીયે ।। સા૦ ।। ૬ ।। આઠ કરમ સાંકલ જડ્યાં, ભમે ભવહી મોઝારે ।। જન્મ મરણ ભાવ દેખીયે, પામ્યા નહીં પારે ।। સા૦ ।। ૭ ।। દેવથઇ નાટક કરે, નાચે જણ જણ આગે ।। વેષકરી રાધા કૃષ્ણનો, વલી ભીક્ષા માગે ।। સા૦ ।। ૮ ।। મુખે કરી વાચે વાંસલી, પેહેરે તન વાઘા ।। ભાવંતા ભોજન કરે, એહવા ભ્રમ લાગા ।। સા૦ ।। ૯ ।। દેખો દૈત્ય સંહારવા, થયો ઉદ્યમવંતો ।। હરિ હીરણ્યાંકુશ મારીયો, નરસિંહ બલવંતો ।। સા૦ ।। ૧૦ ।। મત્સ્ય કચ્છ અવતાર લઈ, બહુ અસુર વિદાર્યા ।। દશ અવતારે જુજુઆ, દશ દૈત્ય સંહાર્યા ।। સા૦ ।। ૧૧ ।। માને મૂઢ મિથ્યા મતિ, એહવા પણ દેવો ।। ફરી ફરી અવતાર લે, દેખો કર્મની ટેવો ।। સા૦ ।। ૧૨ ।। સ્વામી સોહે જેહવો, તેહવો પરિવારો ।। ઈમ જાણીને પરિહરો, જિન હર્ષ વિચારો ।। સા૦ ।। ૧૩ ।।

।। ઢાલ ।। ૨ ।। ઓધવ માધવને કહેજો ।। એ દેશી ।।

।। જગનાયક જિનરાજને, દાખવિયે સહી દેવ ।। મૂકાણા જે કર્મથી, સારે સુરપતિ સેવ ।। જ૦ ।। ૧ ।। ક્રોધ માન માયા નહીં, નહીં લોભ અજ્ઞાન ।। રતિ અરતિ વેદે નહીં, છાંડ્યાં મદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાન ॥ જ૦ ॥ ૨ ॥ નિદ્રા શોક ચોરી નહિ, નહી વચણ અ-લિક ॥ મત્સર ભય વધ પ્રાણિનો, નકરે તહ કીક ॥ જ૦ ॥૩॥ પ્રેમ ક્રીડા ન કરે કદી, નહીં નારી પ્રસંગ ॥ હાસ્યાદિક અઢાર એ, નહીં જેહને અંગ ॥ જ૦ ॥ ૪ ॥ પદમાસન પુરી કરી, બેઠા શ્રી અરિહંત ॥ નિશ્ચલ લોયણ તેહના, નાસાગ્રેજ રહંત ॥જ૦॥ ૫ ॥ જિનમુદ્રા જિનરાજની, દીઠાં પરમ ઉલ્લાસ ॥ સમકિત થાયે નિર્મલું, તપે જ્ઞાન ઉજાસ ॥ જ૦ ॥ ૬ ॥ ગતિ આગતિ સહુ જીવની, દેખે લોકાલોક ॥ મનઃ પર્યાય સવિ તણા, કેવલજ્ઞાન આલોક ॥ જ૦ ॥ ૭ ॥ મૂર્ત્તિ શ્રી જિનરાજની, સમતાનો ભંડાર ॥ શીતલ નયન સુહામણો, નહીં વાંક લગાર ॥ જ૦ ॥ ૮ ॥ હસત વદન હરખે હૈયું, દેખી શ્રી જિનરાય ॥ સુંદર છબી પ્રભુ દેહની, શોભા વરણવી ન જાય ॥ જ૦ ॥ ૯ ॥ અવર તણી એહવી છબી, કિહાં એમ ન દીસંત ॥ દેવ તત્ત્વ એ જાણીયે, જિનહર્ષ કહંત ॥ જ૦ ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ જત્તણીની ॥ એ દેશી ॥

॥ શ્રી જિનવર પ્રવચન ભાખ્યા, જે કુગુરૂ તણા ગુણ દાખ્યા ॥ પાસથ્થાદિક પાંચેઇ, પાપ શ્રમણ કહ્યા સાચેઇ ॥ ૧ ॥ ગ્રહીના મંદિરથી આણી ॥ આહાર કરે ભાત પાણી ॥ સુવે ઉંઘે નીશદિશ, પ્રમાદી વિસવાવીસ ॥ ૨ ॥ કિરિયા ન કરે કિણીવાર, પડિકકમણું સાંજ સવાર ॥ ન કરે પચ્ચખાણ સજ્ઝાય, વિકથા કરતાં દિન જાય ॥ ૩ ॥ ઘૃત દુધ દહીં અપ્રમાંણ, ખાય ન કરે પચ્ચખાણ ॥ જ્ઞાન દર્શન ને ચારિત્ર, મૂકી દીધાં સુપવિત્ર ॥ ૪॥ સુવિહિત મુનિ સમાચારી, પાલે નહી તે અણગારી ॥ આહારના દોષ બયાલ, ટાલે નહીં કીણહિ કાલ ॥ ૫ ॥ ધબ ધબ ધસમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂતો ચાલે, કાચે જલે દેહ પખાલે ॥ અર્ચા રચના વંદાવે, વસ્ત્રાદિક શોભા બનાવે ॥ ૬ ॥ પરિગ્રહ વલી આઆ રાખે, વલી વલી અધિકાને ધાખે ॥ માઠી કરણી જે કહીયે, તે સઘલી જિણમેં લહીયે ॥ ૭ ॥ એહવા જે કુગુરૂ આરંભી, મુનિ સાધુ કહે વાયે દંભી ॥ કોઇ કમ્મ પ્રશંસા કરીયે, ભવ ભવ ગહમાં અવતરીયે ॥ ૮ ॥ લોહાની નાવા તોલે, ભવસાયરમાં જે બોળે ॥ જિનહર્ષ ભલો આહ કાલો, પણ કુગુરૂની સંગત ટાલો ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ કરજોડી આગલ રહી ॥ એ દેશી ॥

॥ ગુણ ગીરૂઆ ગુરૂ ઓલખો, હીયડે સુમતિ વિચારીરે ॥ ગુરૂ સુપરિક્ષા દોહિલી, ફલ પડે નર નારીરે ॥ ગુ૦ ॥ ૧ ॥ પાંચ ઈંદ્રય જે વશકરે, પાચ મહાવ્રત પાલેરે ॥ ચાર કષાય તજી જેણે, પાંચે કિરિયા ટાલેરે ॥ ગુ ॥ ૨ ॥ પાંચ સમિતી સમિતા રહે, તીન ગુપ્તિ જે ધારેરે ॥ દોષ બેતાલીસ ટાલીને, પાણી ભાત આહારેરે ॥ ગુ૦ ॥ ૩॥ મમતા છાંડી દેહની, નિર્લોભી નિર્માયીરે ॥ નવવિધ પરિગ્રહ પરહિરે, ચિત્તમેં ચિંતે ન કાંઈરે ॥ ગુ૦ ॥ ૪॥ ધર્મતણાં ઉપકરણ ધરે, સંયમ પાલવા કાજેરે ॥ ભૂમિ જોઈ પગલા ભરે, લોક વિરોધથી લાજેરે ॥ ગુ૦ ॥ ૫ ॥ પડિલેહણ નિત્ય ત્રિવિધે, કરે પ્રમાદ નિવારીરે ॥ કાલે શુદ્ધ ક્રિયાકરે, ઈચ્છા જોગ નિવારીરે ॥ ગુ૦ ॥ ૬ ॥ વસ્ત્રાદિક શુદ્ધ એષણા, લે દેખી સુવિશેષેરે ॥ કાલ પ્રમાણે ખપકરે, દૂષણ ટલતાં દેખેરે ॥ ગુ૦ ॥ ૭ ॥ કુરૂખી સંબલ જે કહ્યાં, સાનિધ્ય કિમહીં ન રાખેરે ॥ દે ઉપદેશ યથાસ્થિતે, સત્ય વચન મુખ ભાખેરે ॥ ગુ૦ ॥ ૮ ॥ વદન મેલાં મન ઉજળાં, તપ કરી ખીણી દેહીરે ॥ બંધન બે છેદી કરી, વિચરે જન નિઃસ્નેહીરે ॥ ગુ૦ ॥ ૯ ॥ એહવા ગુરૂ જોઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી, આદરીયે શુભ ભાવે રે ।। બીજું તત્વ સુગુરૂ તણું, એ જિનહર્ષ કહાવેરે ।। ગુ૦ ।। ૧૦ ।।

।। ઢાલ ।। ૫ ।। કર્મ ન છુટે રે પ્રાણીયા ।। એ દેશી ।।

।। ભવસાયર તરવા ભણી. ધર્મ કરે હો સારંભ ।। પથ્થર નાવે રે બેસીને, તરવો સમુદ્ર દુરલંભ ।। ભ૦ ।। ૧ ।। આપે ગોકુલ ગાયનાં, આપે કન્યા રે દાન ।। આપે ક્ષેત્ર પુણ્યાર્થે, બ્રાહ્મણને દેઈ માન ।। ભ૦ ।। ૨ ।। લૂંટાવે ઘાણી વલી, પૃથ્વીદાન સુપ્રેમ, ગોલા કલશા રે મોરયા, આપે હલ તિલ હેમ ।। ભ૦ ।। ૩ ।। વલી ખણાવેરે ખંતશું, કુઆ સુંદર વાવ ।। પુષ્કરિણી કરણી ભલી, સરોવર સખર તલાવ ।। ભ૦ ।। ૪ ।। કંદ મૂલ મૂકે નહીં, અગીઆરસને હો દીન ।। આરંભ તે દિન અતિ ઘણો, ધર્મ કીહાં જગદીશ ।। ભ૦ ।। ૫ ।। યાગ કરે હોમે તિહાં, ઘોડા નરને રે છાગ ।। હોમે જલચર મીડકાં, ધર્મ કીહાં વીતરાગ ।। ભ૦ ।। ૬ ।। કરે સદાયે રે નોરતાં, જીવ તણાં આરંભ ।। હણે મહિષને બોકડા, જેહથી નરક સુલંભ ।। ભ૦ ।। ૭ ।। સારે સરાવે બ્રાહ્મણ કને, પૂર્વજનાં રે શ્રાદ્ધ ।। તેડી પોખેરે કાગડા, દેખો એહ ઉપાધિ ।। ભ૦ ।। ૮ ।। તીર્થ જાય ગોદાવરી, ગંગા ગયા પ્રયાગ ।। ન્હાવે અણુગલ નીરમાં, ધર્મ તણો નહીં લાગ ।। ભ૦ ।। ૯ ।। ઈત્યાદિક કરણી કરે, પરભવ સુખનેરે કાજ ।। કહે જિન હર્ષ મલે નહીં, એહથી શિવપુર રાજ ।। ભ૦ ।। ૦ ।।

।। ઢાલ ।। ૬ ।। જાયા તુજ વિણ ઘડીરે છમાસ ।। એ દેશી ।।

।। ધર્મ ખરો જિનવર તણોજી, શિવ સુખનો દાતાર ।। શ્રી જિનજે પ્રકાશીયોજી, જેહના ચાર પ્રકાર ।। ભવિક જન જ્ઞાન વિચારીરે જોય ।। દુર્ગતિ પડતા જીવને જી, ધારે તે ધર્મ હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ભવિકજન૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પંચ મહાવ્રત સાધુનાં જી દશવિધ ધર્મ વિચાર ॥ હિત કરીને જિનવર કહ્યાજી, શ્રાવકનાં વ્રત બાર ॥ ભવિક૦ ॥ ૨ ॥ પંચુંબર ચારે વિગયજી, વિષ સહુ માટીરે હિમ ॥ રાત્રી ભોજનને કહ્યાજી, બહુ બીજાનો નેમ ॥ભવિક૦ ॥ ૩ ॥ ઘોલવડાં વલી રીંગણાંજી, અનંતકાય બત્રીસ ॥ અણજાણ્યાં ફલ ફુલડાંજી, સંધાણાં નિશદીશ ॥ ભવિક૦ ॥ ૪ ॥ ચલિત અન્ન વાશી થયુંજી, તુચ્છ સહુ ફલદક્ષ ॥ ધર્મી નર ખાયે નહીંજી, એ બાવીસ અભક્ષ ॥ ભાવિક૦ ॥ ૫ ॥ ન કરે નિદ્ધંસ પણેજી, ઘરના આરંભ ધીર ॥ જીવતણી જયણા ઘણીજી, ન પીયે અણગલ નીર ॥ ભવિક૦ ॥ ૬ ॥ ઘૃતપરે પાણી વાવરેજી, બીચે કરતાં પાપ ॥ સામયિક વ્રત પૌષધેજી, ટાળે ભવના તાપ ॥ ભવિક૦ ॥ ૭ ॥ સુગુરૂ સુદેવ સુધર્મનીજી, સેવા ભક્તિ સદીવ ॥ ધર્મ શાસ્ત્ર સુણતાં થકીજી, સમજે કોમલ જીવ ॥ ભવિક૦ ॥ ૮ ॥ માસ માસને આંતરેજી, કૂશ અગ્રે ભુંજે બાલ ॥ કલા ન પહોચે શોલમીજી, શ્રી જિનધર્મ વિશાલ ॥ ભવિક૦ ॥ ૯ ॥ જિન ધર્મ મુક્તિ પુરી દીયેજી, ચઉગતિ ભ્રમણ મિથ્યાત્વ ॥ એમ જિનહર્ષ પ્રકાશીયેજી, ત્રીજુ તત્ત્વ વિખ્યાત ॥ભવિક૦॥૧૦॥

॥ ઢાલ ॥૭॥ મધુકર આજ રહોરે મત ચલો એ દેશી ॥

॥ શ્રી જિનધર્મ આરાધિયેજી, કરી નિજ સમક્તિ શુદ્ધ ॥ ભવિયણ ॥ તપ જપ કિરિયા કીધલીજી, લેખે પડે વિશુદ્ધ ॥ભ૦ ॥ શ્રી૦ ॥ ૧ ॥ કંચન કશી કશી લિજિયેજી, નાણું લીજે પરીખ ॥ ભ ॥ દેવ ધર્મ ગુરૂ જોઇનેજી, આદરીયે સુગ્રી શીખ ॥ભ૦ ॥ શ્રી૦ ॥ ૨ ॥ કુગુરૂ કુદેવ કુધર્મનેજી, પરિહરિયે વિષ જેમ ॥ ભ૦ ॥ સુગુરૂ સુદેવ સુધર્મનેજી, ગ્રહીયે અમૃત તેમ ॥ ભ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ શ્રી૦ ॥ ૩ ॥ મૂલ ધર્મ તે જિને કહ્યોજી, સમકિત સુરતરૂ એહ ॥ ભ૦ ॥ ભવ ભવ સુખ સંપત્તિ થકીજી, સમકિતશું ધરી નેહ ॥ ભ૦ ॥ ૪ ॥ સત્તરસેં છત્રીસ સમેજી, નભ શુદી દશમી દીસ ॥ ભ૦ ॥ સમકિતસિત્તરી એ રચીજી, પુરપાટણ સુજગીશ ॥ ભ૦ ॥ શ્રી૦ ॥ ૫ ॥ ભણજો ગુણજો ભાવશુંજી, લેશો અવિચલ શ્રેય ॥ ભ૦ ॥ શાંતિ હર્ષ વાચક તણોજી, કહે જિન હર્ષ વિનેય ॥ ભ૦ ॥ શ્રી૦ ॥ ૬ ॥ ઇતિ શ્રી સમક્તિ-સિત્તરી સંપૂર્ણ ॥

## ॥ श्री बार आरानुं स्तवन ॥

॥ દુહા સરસ્વતી ભગવતા ભારતી, બ્રહ્માણી કરી સાર ॥ આરા બારતણા વળી, કહીશું સોય વિચાર ॥ ૧ ॥ વર્દ્ધમાન જિનવર નમું, જસ અતિશય ચોત્રીસ ॥ સમવસરણ બેઠા પ્રભુ, વાણી ગુણ પાંત્રીસ ॥ ૨ ॥ ગૌતમ પૂછે વીરને, પર ઉપગારી અકામી ॥ અનેક બોલ વિવરી કરી, ભાખે ત્રિભુવન સ્વામી ॥ ૩ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ ચોપાઈ ॥

॥ સ્વામી વચન કહે સુકુમાલ, આ કહીયે અવસર્પિણી કાલ ॥ દસ કોડાકોડી સાગર જોય, તિહાં ષટ આરા ગૌતમ હોય ॥ ૧ ॥ સુસમ સુસમા પહેલો સાર, ત્યારે જુગલ ધરે અવતાર ॥ બીજો સુસમા આરો લહુ, ત્યારે જુગલ જુગલણી કહું ॥ ૨ ॥ સુસમ દુસમા ત્રીજો વલી, ત્યારે જુગલ કહે કેવલી ॥ અંતે કુલગર હુઆ સાત, નાભિહુઆ આદીશ્વર તાત ॥ ૩ ॥

॥ દુહા ॥ આદિ ધર્મ જેણે થાપીઓ, શીખવ્યા પુરૂષ અનંત ॥ ત્રીજા આરામાંહે વલી, મુક્તિ ગયા ભગવંત ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ ॥૨॥ રાગ પરજીઓ ॥ મનોહરજીની ॥ એ દેશી ॥

॥ પછી વલી ગૌતમ ચોથે આરે, હુઆ ત્રેવીસ જિણન્દો ॥ એકાદશ ચક્રવર્ત્તી તિહાં હુઆ, ત્રીજે ભરત નરિંદોરે ॥ ૧ ॥ ગૌતમ સાંભલોરે, દીન દીન પડતો કાલ ॥ એ આંકણી ॥ ક્રોધ લોભ મદ મત્સર વધશે, દે અણહુંતા આલ ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૨ ॥ ચક્રી આઠ ગયા નર મુક્તિ, બે ચક્રી સુર મોટા ॥ સુભૂમરાય બ્રહ્મદત્ત ગયા નરકે, પુન્યકાજ હુઆ ખોટા ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૩ ॥ વાસુદેવ નવ નિશ્ચય હુઆ, નરક તણી લહી વાટયો ॥ જે ભૂપતિ સંગ્રામ કરંતા, ત્રિણુ સયાંને સાઠયો ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૪ ॥ ઈહ પ્રતિવાસુદેવ નવ નીકા, નવિ છંડે ધન નારી ॥ વાસુદેવ તણે કરે મારે, તે નરક તણા અધિકારી ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૫ ॥ નવ બલદેવ હૂઆ ઈણે આરે, નવ નારદ તે મોટા ॥ સુરગતિ મુક્તિ તણા ભજનારા, શિયલ વજ્ર કછોટા ॥ગૌ૦દીન૦॥૬॥

॥ દુહા ॥ ગૌતમ અંત્યે હૂં હવો, તવ કાયા કર સાત ॥ મુજશાસનમાંહે જેહવું, હશે તે ભાખુ વાત ॥ ૧ ॥

॥ ભાખે વીર જિણેસર ત્યારે, મેં સંજમ લીધો જ્યા રે ॥ વરસ ત્રણ ગયાં તિહાંયશાલે, ત્યારે કુશિષ્ય મિલ્યો ગોશાલેરે ॥ ભાખે૦ ॥ ૧ ॥ તેજોલેશ્યા તે પણ ગ્રહી તો, દોય મુનિવર જિન દહતુ જાઇરે ॥ અંતે પાતક આલોઇને, બારમે સ્વર્ગે સુર હોઈ રે ॥ ભાખે૦ ॥ ૨ ॥

॥ દુહા ॥ વીર કહે કેવલી પછી, વિચમાંહે એતો કાલ ॥ ચઉદ વરસે ઉપન્યો, નિન્હવ સોય જમાલ ॥ ૧ ॥ તિષ્ય ગુપ્તિ બીજો સહી, સોલે વરસે તેહ ॥ અંતે તે પાછા વલે, સમકિત પામે જેહ ॥ ૨ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ ॥ ૪ ॥ રાગ ગોડી ॥ ભાવી પટધર વીરનો ॥ એ દેશી ॥

॥ દુસમ આરોરે આગલે, વીસ સો વરસનું આયુ છે ॥ હોશે વરસ વીસનું, દોય હાથની કાય ॥ કહું તુજ ગોતમ ગણધરા ॥૧॥ વળી કહે વીર જીણેસરૂ, માહરો સુધર્મા શીષ્ય ॥ છેડે હોસે દુપ્પસહ મુનિ, તે વિચે ઉદય ત્રેવીસ ॥ કહે૦ ॥ ૨ ॥ યુગપ્રધાન જિણે કહ્યા, જસ એક અવતાર ॥ પંચમ આરે તે તે હશે, દોય સહસને ચાર ॥ કહે૦ ॥ ૩ ॥ યુગ પ્રધાન સરિખા હશે, મુનિવર લાખ અગીયાર ॥ તે ઉપર અધિકા કહું, મુનિવર સોલ હજાર ॥ કહે૦ ॥ ૪ ॥ જૈન ભૂપતિ જગમાં હશે, કરશે ધર્મ ઉદ્ધાર ॥ લાખ અગીઆરને ઉપરે, સંખ્યા સોલ હજાર ॥ ૫ ॥ વીર પછી ગોતમ જશે, બારે વરસે મોક્ષ ॥ વીસે સિદ્ધિગતે સુધર્મા, પ્રણમી પાતિક શોષ ॥ કહે૦ ॥ ૬ ॥

॥ દુહા ॥ વીર થકી વરસ ચોસઠે, મુક્તિ જંબુ સ્વામી ॥ જંબુ જાતે સહી જશે, દસવાનાં તસ ઠામ ॥ ૧ ॥

॥ ઢાલ ॥૫॥ રાગ આશાવરી કાનજી બજાવે વાંસલી ॥ એ દેશી ॥

॥ મનઃપર્યવ ત્યારે નહીં રે, પરમ અવધિ જ્ઞાન ॥ પુલાક લબ્ધિ આહારક તનુરે, ક્ષપક શ્રેણી નિધાન ॥ ૧ ॥ ઉપશમ શ્રેણી જિન કલ્પશુંરે, સંજમ ત્રિણ જાય ॥ કેવલજ્ઞાન નવમું લહેરે, તવ મોક્ષ પલાય ॥ ૨ ॥ વીર કહે વરસ મુજ પછીરે, ચિઉત્તરે થાય ॥ પ્રભવ સ્વામી ત્રીજે પાટેરે, પરલોકે જે જાય ॥ ૩ ॥ શય્યંભવસૂરિ મુનિવરૂરે, જે ચોથે પાટે થાય ॥ વીરથી વરસ અઠાણુંએરે, લહે શુભ ગતિ વાટ ॥ ૪ ॥ વીરથી વરસ ગયાં ઘણાંરે, એકસો અડતાલ ॥ યશોભદ્ર સુરલોકમાંરે, તબ દેતા ફાલ ॥ ૫ ॥ છઠે પાટે સંભૂતિ વિજયરે, હશે પંડિત જાણ ॥ વીરથી એકસો સિતેરે રે, વરસે નિરવાણ ॥ ૬ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ દુહા ॥ તમપૂર્વ ઓછા થયા, સુણ ગૌતમ કહે વીર ॥ ભદ્રબાહુ લગે તે હશે, જેહમાં અર્થ ગંભીર ॥ ૧ ॥

॥ ઢાલ ॥૬॥ રાગ ગોડી ॥ સિંહ તણી પરે એકલો ॥ એ દેશી ॥

॥ વરસ બસેં ચઉદે વલીરે, નિન્હવ ત્રીજો જે હોય ॥ આષાઢાચારજ તણોરે, શિષ્ય કહો વલી સોયરે ॥ ગૌતમ સાંભલો રે ॥ ૧ ॥ નિન્હવ સો વર્ષે સહીરે, પામે સમકિત સાર ॥ બસે પંદર વરસ વલીરે, સ્થુલિભદ્ર લહે પારો રે ॥ ગૌ૦ ॥ ૨ ॥ પૂર્વ અનુયોગ ત્યારે નહીંરે, સૂક્ષ્મ મહા પ્રણિધાન ॥ પેહેલું સંઘયણ થાકીઉંરે, વળી પેહેલું સંસ્થાનોરે ગૌ૦ ॥ ૩ ॥ બસેં વીસ વરસે વલીરે, નિન્હવ ચોથોરે જેહ ॥ અશ્વમિત્ર નામ જે હશેરે, પાછો વલશે નર તેહરે ॥ ગૌ૦ ॥ ૪ ॥ વીર પછી વરસ જશેરે, બસેંને અઠ્ઠાવીશ ॥ તવ નિન્હવ હોસે પાંચમોરે, ધનગુપ્તનો શિષ્યરે ॥ ગૌ૦ ॥ ૫ ॥

॥ દુહા ॥ ગંગાચારજ તે સહી, તે મતે આણે ઠાહિ ॥ ચારસેને સિત્તેરે, વીરથી વિક્રમ રાય ॥ ૧ ॥ જે નિજ સંવત થાપશે, પરદુઃખ ભંજણહાર ॥ જૈન શિરોમણિ તે હશે, શૂરવીર દાતાર ॥ ૨ ॥

॥ઢાલ॥૭॥ રાગ ધનાશ્રી ॥ પાટ કુસુમની ન પુજરૂપે ॥એ દેશી॥

॥ વીર કહે વરસ મુજથી જાશે, પંચસયાં ચઉંઆલ ॥ રોહાગુપ્તિ નિન્હવ હોય છઠો, ભમશે તે બહુ કાલ હો ॥ ગૌતમ દિન દિન કુમતિ વધશે ॥ ૧ ॥ ભૂપતિ નહીં કોઇ સંયમ ધરી, દાન પચાવો દેસેડો ગૌતમ ॥ પંચસયાં ચોરાસી વરસે, હોશે ગોષ્ટામાહીલ ॥ સાતમો નિન્હવ તેને કહીએ, ચાલે ભુંડી ચાલે હો ॥ ગૌ૦ ॥ ૨ ॥ પંચસયાં ચોરાસી ગૌતમ, વરસ ગયાં તું જોઇ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દસપૂર્વ થાકશે ત્યારે, વયરસ્વામી લગે હોઈ હો ॥ ગૌ૦ ॥ ૩ ॥ વીરથી વરસ છસે નવ જાયે, તામ દિગંબર થાય ॥ સર્વ વિસં-વાદી એ નિન્હવ, આઠમો તેહ કહાય હો ॥ ગૌ૦ ॥ ૪ ॥ વરસ છસેને સોલજ અંતે, પૂર્વ સાડા નવ છેદ ॥ દુર્બલિકા પુત્ર જ લગે હોઈ, પાછલ સોયને ખેદ હો ॥ ગૌ૦ ॥ ૫ ॥

॥ દુહા ॥ નવસેં ત્રાણું વરસજ ગયે, પુસ્તકારૂઢ જ હોય ॥ ચોથે પર્યુષણ આણુસે, કાલિકાચાર્ય સોય ॥ ૧ ॥

॥ ઢાલ ॥૮॥ રાગ પરજીઓ ॥ હિતકરી હીરજીનું ॥ એ દેશી ॥

॥ અથ સિંધુ ॥ વીરથી વરસ હજાર ગયા પછીરે, પૂર્વ હોયે તવ છેદોરે ॥ તેરસયારે વરસે મત હશેરે, બોલે નવનવ ભેદોરે ॥ ઈન્દ્રભૂતિ મોહ્યોરે વીર વચન રસેરે ॥૧॥ એ આંકણી ॥ દિન દિન કાલ પડતો સહી હશેરે, પુન્યવંતા નર કયાંહીરે ॥ નીચ કુલીરે નરપતિ બહુ થશેરે, પાપતણી મતી પ્રાહેરે ॥ ઈંદ્ર૦ ॥૨॥ વાસ વૈરાગ્ય વિનય થોડા થશેરે, ન મલે મન્ય મન્નોરે ॥ સુપુરૂષ છતે સહુ સગપણ છાંડશેરે, વાહાલો હોશે ધન્નોરે ॥ ઈંદ્ર૦ ॥૩॥ કલિયુગમાંહેરે મુનિ લોભી હશેરે, વિરલા કહી વ્યવહારોરે ॥ ધર્મ તજશે ક્ષત્રી નર વલીરે, બ્રહ્મ ધરે હથિયારોરે ॥ઈંદ્ર૦ ॥ ૪ ॥

॥ દુહા ॥ ગૌતમ વીર થકી જશે, વરસ સયાં ઓગણીસ ॥ પાંચ માસને ઉપરે, ભાષા બારજ દીસ ॥ ૧ ॥

॥ઢાલ॥૯॥ રાગ રામગીરી ॥ રામ ભણે હરી ઉઠીયે ॥એ દેશી॥

॥ તામ કલંકીરે ઉપજે, કુલ ચંડાલ અસાર રે ॥ માતા જસોદારે બ્રાહ્મણી, હોશે તીહાં અવતાર રે ॥ દુર્ગતિ ગામી રે તે સહી ॥ ૧ ॥ ચૈત્ર સુદીરે આઠમ દિને, વિષ્ણુ જનમ તે હોયરે ॥ દેહવરણ તસ ઉજલું, પીલાં લોચન દોઈરે ॥ દુ૦ ॥ ૨ ॥ રૂદ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલંકી ચતુર્મુખા, એ હોશે ત્રણુજ નામો રે ॥ છાસી વરસનું આઉખું, પાટલીપુર જસ ગામરે ॥ દુ૦ ॥ ૩ ॥ છઠ્ઠો ભાગજ ભીખનો, લેશે કલંકી રાય રે ॥ ષટ દરસણરે માને નહીં, દંડ કુદંડ થાયરે ॥ દુ૦ ॥ ૪ ॥ ઈંદ્ર ઈહાં પછે આવશે, ધરશે વિપ્રનું રૂપરે ॥ વેગે હણશેરે રાયને, લેશે નરકનું કુપરે ॥દુ૦ ॥૫॥

॥ દુહા ॥ તેહનો સુત સુંદર હશે, દત્ત ભૂપ અભિરામ ॥ શત્રુંજય ઉદ્ધાર કરાવશે, રાખે જગમાં નામ ॥ ૧ ॥

॥ઢાલ॥૧૦॥ રાગ રામગિરી ॥ પ્રણમી તુમ ગુરૂજી ॥ એ દેશી ॥

॥ આગલ આરે પાંચમેજી, દુપ્પસહ મુનિવર હોય ॥ સુર ગતિ માંહેથી આવશેજી, આગલ સુરપતિ સોય ॥ સોભાગી છેહલો મુનિવર એહ ॥ ૧ ॥ એ આંકણી ॥ છેહેલો સંઘ દુપ્પસહ તણોજી, આણ ન ખંડે તેહ ॥ સોભાગી૦ ॥ વીસ વરસનું આઉખુંજી, બાર વરસ ઘર વાસ ॥ ચાર વરસ મુનિવર પણુંજી વરસ ચાર ગજ ધાર ॥ સો૦ ॥ ૨ ॥ ફુલુક શ્રીનામે સાધવીજી, નાયલ શ્રાવક સોય ॥ સત્યશ્રી નામે શ્રાવિકાજી, સંઘ ચતુર્વિધ હોય ॥ સો૦ ॥ ૩ ॥ સુવિહિત સંઘ છેલો સહીજી, અલ્પ આઉખું રે ત્યાંહી ॥ સંઆશ્રુત શ્રેય વલીજી, જાશે પેરજ માંહે ॥ સો૦ ॥ ૪ ॥ વિમલ વાહન નરપતિ જી, સુધર્મ મંત્રીરે જેહ ॥ ન્યાય નીતી અગ્નિ જશેજી, વળી મધ્યાન્હે તેહ ॥ સો૦ ॥ ૫ ॥

॥ દુહા ॥ જૈન ધર્મ એતાં લગે, પછી નહીં પુન્ય દાન ॥ વાયુ મેઘ ભુંડા હશે, સુણ ગૌતમ તસ માન ॥ ૧ ॥

॥ ઢાલ ॥ ૧૧ ॥ રાગ સારંગ ॥ મગધ દેશનો રાજા રાજેસર ॥ એ દેશી ॥

॥ માન પ્રકાશે મેઘજ કેરૂ, પેહેલો તે જલધાર ॥ બીજો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગ્નિતણો વિહાં હોશે, ત્રીજો તે વિષધાર હો ॥ ગૌતમ સુણજો મધુરી વાણુ ॥ ૧ ॥ ચોથો આંબિલનો ઘન વરસે, વીજલીનો વરસાદ ॥ એકેકો મેઘ ત્યાંહિ વરસે, વાસર રાતજ સાત હો ॥ગો૦ ॥ ૨ ॥ બોતેર બોલ વૈતાઢયજ કેરા, છે વગી શાશ્વતા ત્યાંય ॥ નરનારી પંખી હય હરણાં, તે રેહશે તે માંહે હો ॥ ગો૦ ॥ ૩ ॥ આગળ છઠ્ઠો આરો હોશે, દુસમ દુસમાનામ ॥ એકવીસ સહસ વરસનો જાણો, નહીં નગરી નહીં ગામ હો ॥ ગો૦ ॥ ॥૪॥ ગર્ભધરે ખટ વરસની નારી,બિલવાસી મછ ખાય ॥ છેલ્લે કાયા એક હાથની હોશે, સોલ વરસનું આયુ હો ॥ ગો૦ ॥ ૫ ॥

॥ દુહા ॥ આગલ વલી ઉત્સર્પિણી, ત્યાં ષટ આરા જોય ॥ પેહેલો છઠ્ઠો સારેખો, દુસમ દુસમા સોય ॥ ૧ ॥

॥ ઢાલ ॥ ૧૨ ॥ રાગ કેદારો ॥ વાંદાંયણાના ॥ એ દેશી ॥

॥ આગલ બીજો આરો સારો, ત્યારે મેઘ હોશે વલી ચારો ॥ પુષ્કરાવર્ત્ત ખીર અમૃત અપારો, ચોથો વરસે ઘૃતની ધારો ॥૧॥ ભાલશે વન વનસ્પતિ બહુ ગામો, આગલ સાતે કુલગર તામો ॥ દુસમ સુસમા ત્રિજો અભિરામો, ત્રેવીસ જિનના તીહાં ઠામો ॥૨॥ નવ નારદ ચક્રી અગીઆરો, નવ બલદેવ હશે તીહાં સારો ॥ વાસુદેવ નવ તણી વારો, નવ પ્રતિવાસુદેવ અપારો ॥ ૩ ॥સુસમ દુસમા ચોથા માંહે, એક જિનવર એક ચક્રી ત્યાંહી ॥ અંતે જુગલ હોશે બહુ જાંહિ, આઉ પલ્યોપમ ભદ્રક પ્રાહિં ॥ ૪ ॥ આગલ સુસમ પંચમ આરો, જુગલ દેહ બે ગાઉ ધારો ॥ છઠ્ઠો સુસમ સુસમા સંભારો, જુગલ દેહ ત્રણ ગાઉ વિચારો ॥ ૫ ॥ પુછ્યાં વચન કહ્યાં વલી વીરે, ચિત્તમાં ધરીયા ગૌતમ ધીરે ॥ ભણતાં સુણતાં સુખહ શરીરે, ઋદ્ધિ રમણીઘર ભરી વીરે ॥૬ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ કલશ ॥ ભલે સ્તવન કીધું, નામ દીધુ, ગૌતમ પ્રશ્નોત્તર સહી ॥ સંવત સિધ્ધિ મુનિ અંગ ચંદે, ભાદ્રવા સુદી તિહાં તહિં॥ તપગચ્છ તિલક સમાન સોહે, ગુરૂશ્રી વિજયાનંદ સૂરિશ્વરૂ ॥સાગણુને વીત ઋષભ શ્રાવક, કહે ગચ્છ મંગલ કરૂ ॥૨॥ ઇતિશ્રી બાર આરાનું સ્તવન ॥

## ॥ अथ श्री आंतरानुंस्तवन ॥

॥ દુહા ॥ શારદ શારદના સુપરે, પદ પંકજ પ્રણમેય ॥ ચોવિસે જિન વરણવું, અંતર યુત સંખેય ॥ ૧ ॥ વીર પાર્શ્વને આંતરૂ, વરસ અઢીસે હોય ॥ પંચ કલ્યાણક પાર્શ્વના, સાંભલજો સહુ કોય ॥ ૨ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ નિરૂપમ નયરી વણારસી જી, શ્રી અશ્વસેન નરિંદતો ॥ વામા રાણી ગુણ ભર્યાજી, મુખ જિમ પુનમ ચંદ તો ॥ ભવી ભાવ ધરીને પ્રણમો પાસ જિણંદતો ॥ ૧ ॥ એ આંકણી ॥ પ્રાણુત કલ્પ થકી ચવ્યાજી, ચૈત્ર વદી ચોથને દીન તો ॥ તેહની કુખે અવતર્યાજી,પ્રભુ જિમ કિન્નર સિંહ તો ॥ભવિ૦ ॥૨॥ પોસ બહુલ દશમી દીનેજી, જન્મ્યા પાસ કુમાર તો ॥ જોબન વય પ્રભુ આવીયાજી, વરીયા પ્રભાવતી નારી તો ॥ ભવિ૦ ॥૩॥ કમઠ તણો મદ ગાલીયોજી, ઉધર્યો નાગ સજોર તો ॥ વદ અગીઆરસ પોસનીજી, સંજમ લીયે ઋદ્ધિ છોડતો ॥ ભવિ૦ ॥ ૪ ॥ ગાજ વિજ ને વાયરો જી, મુસલધાર મેઘ તો ॥ ઉપસર્ગ કમઠે કર્યોજી, ધરણેંદ્રે નિવાર્યો તેહ તો ॥ ભવિ૦ ॥ ૫ ॥ કર્મ ખપાવી કેવલ લહીજી, ચૈત્ર વદી ચોથ સુજાણતો ॥ શ્રવણ શુદ દીન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઠમેજી,પ્રભુજીનું નીર્વાણુ તો ॥ ભવિ૦ ॥ ૬ ॥ એકસો વરસનું આઉખુંજી, પાસ ચરિત્રે કહ્યું એમ તો ॥ વરસ ચોરાસી સહસનું જી, આંતરૂ પાસને નેમ તો ॥ ભવિ૦ ॥ ૭ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ સોરીપુરનયર સોહામણું, જગજીવનારે નેમ ॥

સમુદ્રવિજય નરપાલ હો, દીલરંજનારે નેમ ॥ ચવિયા અપરાજિત થકી, જગ જીવનારે નેમ ॥ કારતક વદ બારસ દીનહો, દીલ રંજનારે નેમ ॥ ૧ ॥ શીવા દેવી કુખે અવતર્યા ॥ જગ૦॥ માન સર જિમ મરાલ હો ॥ દીલ૦ ॥ શ્રાવણુ શુદી દીન પંચમી ॥ જગ૦ ॥ પ્રસવ્યો પુત્ર રતનહો ॥ દીલ૦ ॥ ૨ ॥ જોબન વય પ્રભુ આવીયા ॥ જગ૦ ॥ નીલકમલદલવાન હો ॥ દી૦ ॥ પરણો સુંદર સુંદરી ॥ જગ૦ ॥ ઈમ કહે ગોપી કાન હો ॥ દી૦ ॥ ૩ ॥ શ્રી ઉગ્રસેનની કુંવરી ॥ જગ૦ ॥ વરવા કીધી જાન હો ॥ દીલ૦ ॥ પશુ દેખી પાછા વળ્યા ॥ જગ૦ ॥ હુવા જાદવ કુલ હેરાન હો ॥ દી૦ ॥ ૪ ॥ તોડે હારને તીહાં રડે ॥ જગ૦ ॥ રાજુલ દુઃખ ન માય હો ॥ દીલ૦ ॥ કહે પીયુજી પાયે પડું ॥ જગ૦ ॥ છોડી મુને મત જાઓ ॥ દી૦ ॥ ૫ ॥ કીડીસું કટક કાંકરો ॥ જગ૦ ॥ એ તુમ કુણુ આચાર હો ॥ દી૦ ॥ માણુસના દીલ દુહવો ॥ જગ૦ ॥ પશુઆંશું કરો પ્યારહો ॥ દી૦ ॥ ૬ ॥ નવભવ નેહ નિવારીઓરે ॥ જગ૦ ॥ દેઈ સંવચ્છરી દાન હો ॥ દીલ૦ ॥ શ્રાવણુ સુદ છઠને દીનેરે ॥ જગ૦ ॥ સંજમ લીએ વડ વાન હો ॥ દીલ૦ ॥ ૭ ॥ તારી રાજુલ સુંદરી ॥ જગ૦ ॥ દેઈને દીક્ષા દાન હો ॥ દી૦ ॥ અમાવાસ્યા આસોજ તણીરે ॥ જગ૦ ॥ પ્રભુ લહે કેવલ જ્ઞાન હો ॥ દીલ૦ ॥ ૮ ॥ સહસ વરસ પ્રભુ આઉખુંરે ॥ જગ૦ ॥ પાલી શ્રી જિનરાજ હો ॥ દીલ૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અષાઢ સુદી દીન આઠમેરે ॥ જગ૦ ॥ પ્રભુ લહે શીવપુરરાજ હો ॥ દીલ૦ ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ થારા મહેલા ઉપર મેહ ઝબુકે વીજલી હો લાલ ॥ એ દેશી ॥

॥ પાંચ લાખ વરસ નમિ નેમને આંતરૂ હો લાલ, નમી નેમને આંતરૂ ॥ મુનિસુવ્રત નમિ નાથને છ લાખ ચિત્ત ધરૂં હો લાલ, છ લાખ ચિત્ત ધરૂં ॥ ચોપન લાખ વરસ મુનિસુવ્રત મલ્લિને હો લાલ, મુનિસુવ્રત મલ્લિને, કોડ સહસ વલી જાણો મલ્લી અર નાથને હો લાલ, મલ્લી અરનાથને ॥ ૧ ॥ કોડ સહસ વરસ ફરી, ઉણો પલ્યનું હો લાલ, ઉણો પલ્યનું ॥ ચોથો ભાગ અરનાથવલી કુંથુનાથને હો લાલ, વલી કુંથુનાથને ॥ પલ્યોપમનું અરધ જાણો શાતિ કુંથુને હો લાલ, જાણો શાંતિ કુંથુને ॥ શાંતિ ધર્મ પલ્યોપમ ઉણે સાગર ત્રણનું હો લાલ, સાગર ત્રણનું ॥૨॥ સાગર ચાર અનંતને ધર્મ જિણંદને હો લાલ, ધર્મ જિણંદને ॥ નવ સાગર વળી અનંત વિમલ જિન ચંદ્રને હો લાલ, અનંત વિમલ જિન ચંદ્રને ॥ સાગર ત્રીસ વિમલ વાસુપૂજ્યને હો લાલ, વિમલ વાસુપૂજ્યને ॥ સાગર ચોપન શ્રી વાસુપૂજ્ય શ્રેયાંસને હો લાલ, વાસુપૂજ્ય શ્રેયાંસને ॥ ૩ ॥ લાખ પાંસઠ સહસ છવીસ વરસસો સાગરૂ હો લાલ, વરસસો સાગરૂ ॥ ઉણો સાગર કોડ શ્રેયાશ શીતલ કરે હો લાલ, શ્રેયાંશ શીતલ કરે ॥ સુવિધિ શીતલને નવ કોડ સાગર ભાવજ્યો હો લાલ,સાગર ભાવજો ॥ સુવિધિ ચંદ્રપ્રભુ નેઉ કોડી સાગર ભાવજો હો લાલ, સાગર મન ભાવજો ॥ ૪ ॥ સાગર નવસેં કોડ સુપાસ ચંદ્રપ્રભુ હો લાલ, સુપાસ ચંદ્રપ્રભુ ॥ સાગર નવ સહસ કોડ સુપાસ પદ્મ પ્રભુ હો લાલ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુપાસ પદ્મ પ્રભુ ॥ સુમતિ પદ્મ પ્રભુ નેઉ સહુશ કોડ સાગરૂ હો લાલ, કોડ સાગરૂ ॥ સુમતિ અભિનંદન નવ લાખ કોડ સાગરૂ હો લાલ, કોડ સાગરૂ ॥ ૫ ॥ દસ લાખકોડ સાગર સંભવ અભિનંદને હો લાલ, સંભવ અભિનંદને ॥ ત્રીસ લાખકોડ સાગર સંભવ અજિતને હો લાલ, સંભવ અજિતને ॥ પચાસ લાખ કોડ સાગર અજિત જિન ઋષભને હો લાલ, અજિત જિન ઋષભને ॥ એક કોડા કોડ સાગરૂ ઋષભને વીરને હો લાલ, ઋષભને વીરને ॥ ૬ ॥ સહસ બેંતાલીસ તીન વરસ વલી જાણીએ હો લાલ, વરસ વલી જાણીયે ॥ સાડા આઠ મહિના ઉણા તે વખાણીએ હો લાલ, ઉણા તે વખાણીયે ॥ નવસે એંશી વરસે હોઈ પુસ્તક વાંચના હો લાલ, પુસ્તક વાંચના ॥ અંતર દાસ જાણો જિન ચોવીસનો હો લાલ, કે જિન ચોવીસનો ॥ ૭ ॥

॥ ઢાલ ॥ ૪ દીન સકલ મનોહર ॥ એ દેશી ॥

॥ જયો આદિ જિણેસર, ત્રિભુવનનો અવતંસ ॥ નાભી રાજા મરૂદેવા, કુલ માન સર હંસ ॥ સર્વાર્થ સિદ્ધથી ચવિ, ઈક્ષ્વાકુ ભૂમિવર ઠામ ॥ અસાડ વદી ચોથે, અવતર્યા પુરૂષ પ્રસન્ન ॥ ૧ ॥ ચૈત્ર વદી આઠમે, જન્મ્યા શ્રી જિનરાય ॥ આવે ઈંદ્ર ઈંદ્રાણી, પ્રભુજીના ગુણગાય ॥ સુનંદા સુમંગલા, વરયા જોબન પાય ॥ ભરતાદિક એકસો, પુત્ર પુત્રી દો થાય ॥ ૨ ॥ કરી રાજની થાપના, વાસિ વનિતા ઇંદ્ર ॥ જગમાં નિતિ ચલાય, મારૂ દેવીનો નંદ ॥ પ્રભુ શીલ્પ દેખાડી, ચારે જુગલ આચાર ॥ નરકલા બહોંતેર, ચોસઠ મહિલા સાર ॥ ૩ ॥ ભરતાદિકને દીએ, અંગાદિકનું રાજ્ય ॥ સુરનર ઇમ જંપે, જય જય શ્રીજિનરાજ ॥ દેઈ દાન સંવચ્છરી, પ્રભુ લીએ સંયમ ભાર, ચાર સહસ રાજાશું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૈત્રવદ આઠમ સાર ॥ ૪ ॥ પ્રભુ વિચરે મહીયલ, વરસ દિવસ વિણુ આહાર ॥ ગજરથને ઘોડા, જન દિએ રાજકુમારી ॥ પ્રભુતો નવિ લેવે, જુવે શુદ્ધ આહાર ॥ પડિલાભ્યા પ્રભુજી, શ્રી શ્રેયાંસકુમાર ॥ ૫ ॥ ફાગણુ અંધારિ, અગીઆરસ શુભ ધ્યાન ॥ પ્રભુ અઠ્ઠમ ભકતે, પામ્યા કેવલનાણુ ॥ ગઢ ત્રણે રચેં સુર, સેવા કરે કરજોડ ॥ ચક્ર રત્ન ઉપન્યો, ભરતને મન કોડ ॥ ૬ ॥ મારૂદેવા મોહે, દુઃખ આણે મનજોર ॥ મારો ઋષભ સહે છે, વનવાસી દુઃખ ઘોર ॥ તવ ભરત પયંપે, ત્રિભુવન કેરો રાજ* તુમ પુત્ર ભોગવે, જુઓ માતા આજ ॥૭॥ ગજરથ બેસાડી, સમવસરણુની પાસ ॥ ભરતેસર આવે, પ્રભુવંદન ઉલ્લાસ ॥ સુણી દેવની દુંદુભી, ઉલ્લસિત આણંદપુર ॥ આવ્યાં હરખનાં આંસું, તિમિર પડલ ગયાં દૂર ॥ ૮ ॥ પ્રભુની ઋદ્ધિ દેખી,એમ ચિંતે મનમાંહે ॥ ધિક ધિક કુડી માયા, કોના સુત કોના તાત"॥ એમ ભાવના ભાવતાં,પામ્યાં કેવલજ્ઞાન ॥ તતક્ષણુ મારૂદેવા, તિહાં લહ્યો નિર્વાણુ ॥ ૯ ॥ ધન્ય ધન્ય એ પ્રભુજી, ધન્ય એહનો પરિવાર ॥ લાખ પૂર્વ ચોરાશી, પાલી આયુ ઉદાર ॥ મહાવદી તેરસ દીને, પામ્યા સિદ્ધિનું રાજ ॥ અષ્ટાપદ શિખરે, જય જય શ્રી જિનરાજ ॥ ૧૦ ॥

॥ કલશ ॥ ચોવીસ જિનવર તણો અંતર, ભણ્યો અતિ ઉલ્લાસ એ, સંવત સતર તહોંતેરે, એમ રહી ચોમાસું એ ॥ સંઘ તણો આગ્રહ ગ્રહી મેં, શ્રી વિમલવિજય ઉવઝાયએ ॥તસ શિષ્ય રામવિજય નામે, વર્યો જય જય કાર એ ॥ ઇતિ શ્રી આંતરાનું સ્તવન સંપૂર્ણ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ श्री रोहिणी तप विधि स्तवन ॥

॥ દુહા ॥ સુખકર સંખેશ્વર નમી, શુભગુરૂને આધાર ॥ રોહિણી તપ મહિમા વિધિ, કહિશું ભવિ ઉપગાર ॥ ૧ ॥ ભક્ત પાન કુચ્છિત દિએ, મુનિને જાણુ અજાણુ ॥ નરક તીર્યંચમાં જીવ તે, પામે બહુ દુઃખ ખાણુ ॥ ૨ ॥ તે પણ રોહિણી તપ થકી, પામી સુખ સંસાર ॥ મોક્ષે ગયા તેહનો કહું, સુંદર એ અધિકાર ॥ ૩ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ શીતલજિન સહેજાનંદી ॥ એ દેશી ॥

॥ મઘવા નગરી કરી ઝંપા, અરિવર્ગ થકી નહિ કંપા, ભારતે પુરી છે ચંપા, રામ સીતા સરોવર પંપા ॥ ૧ ॥ ભનોતા પ્રેમથી તપ કીજે, ગુરૂપાસે તપ ઉચરીએ ॥ એ આંકણી ॥ વાસુપુજ્યના પુત્ર કહાય, મઘવા નામે તિહાં રાય, તસ લક્ષ્મીવતી છે રાણી, આઠ પુત્ર ઉપર એક જાણી ॥ ૫૦ ॥ ૨ ॥ રોહિણી નામે થઈ બેટી, નૃપવલ્લભસું થઇ મોટી, યૌવન વયમાં જબ આવે, તબ વરની ચિંતા થાવે ॥ ૫૦ ॥ ૩ ॥ સ્વયંવર મંડપ મંડાવે, દૂરથી રાજપુત્ર મિલાવે, રોહિણી શણગાર ધરાવી, જાણું ચંદ્ર પ્રિયા ઇહાં આવી ॥ ૫૦ ॥ ૪ ॥ નાગપુર વિતશોક ભૂપાલ, તસ પુત્ર અશોક કુમાર, વરમાલા કંઠે ઠાવે, નૃપ રોહણીને પરણાવે ॥ ૫૦ ॥ ૫ ॥ પરિકરસું સાસરે જાવે, અશોકને રાજ્યે ઠાવે, પ્રિયા પુણ્યે વધી બહુ ઋદ્ધિ, વિતશોકે દીક્ષા લીધી ॥૫૦॥ ૬ ॥ સુખ વિલસે પંચ પ્રકાર, આઠ પુત્ર સુતા થઇ ચાર, રહી દંપતિ સાતમે માલે, લઘુ પુત્ર રમાડે ખોલે ॥ ૫૦ ॥ ૭ ॥ લોકપાલાભિધાનને બાલ, રહી ગોખે જુએ જન ચાલ, તસ સન્મુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોતિ નારી, ગયો પુત્ર મરણ સંભારી ॥ પ૦ ॥૮॥ શિર છાતી કુટે મલી કેતી, માય રોતી જલજલી દેતી, માથાના કેશ તે રોલે, જોઇ રોહિણી કંતને બોલે ॥ પ૦ ॥ ૯ ॥ આજ મે નવું નાટક દીઠું, જોતાં બહુ લાગે મીઠું, નાચ શીખી કીંહાંથી નારી, સુણી રોશે ભર્યો નૃપ ભારી ॥ પ૦ ॥ ૧૧ ॥ કહે નાચ શીખો ઈણિ વેલા, લેઈ પુત્ર બાહિર દીએ ઝોલા, કરથી વિછોડયો તે બાલ, નૃપ હાહાકારે તતકાલ ॥ પ૦ ॥૧૧॥ પુરદેવ વિચેથી લેતા, ભુંય સિંહાસન કરી દેતા, રાણી હસતી હસતી જુએ હેઠું, રાજા એ કૌતક દીઠું ॥ પ૦ ॥ ૧૨ ॥ લોક સઘળા વિસ્મય પામે, વાસુપૂજ્ય શિષ્ય વન ઠામે, આવ્યા રૂપ સોવન કુંભ નામા, શુભ વીર કરે પરણામ ॥ પ ॥ ૧૩ ॥

## ॥ ઢાલ ॥ ૨ ॥ ચોપાઈની દેશી ॥

॥ ચઉનાણી નૃપ પ્રણમિ પાય, નિજ રાણીનું પ્રશ્ન કરાય॥ આ ભવદુખ નવિ જાણ્યા એહ, એ ઉપર મુજ અધિકો નેહ ॥૧॥ મુનિ કહે ઇણ નગરે ધનવંતો, ધનમિત્ર નામે શેઠજ હતો ॥ દુર્ગંધા તસ બેટી થઇ, કુબ્જા કુરૂપા દુર્ભગા ભઇ ॥ ૨ ॥ યોવન વય ધન દેતા સહી, દુર્ભગપણે કોઇ પરણે નહીં ॥ નૃપ હણતાં કૈતવ શિષેણ; રાખી પરણાવી સા તેણે ॥ ૩ ॥ નાઠો તે દુર્ગંધા લહી, દાન દેયંતાં સા ઘરે રહી ॥ જ્ઞાનીને પરભવ પૂછતી, મુનિ કહે રૈવતગિરિ તટ હતી ॥ ૪ ॥ પૃથ્વીપાલ નૃપ સિદ્ધિમતિ, નારી નૃપ વનમાં ક્રિડતી ॥ રાય કહે દેખી ગુણવંતા, તપસીમુનિ ગોચરીએ જતા ॥ ૫ ॥ દાન દીયો ઘર પાછાં વલી, તબ ક્રીડા રસે રીસે બલી ॥ મૂર્ખ પણે કરી બલતે હૈયે, કડવો તુંબડ મુનિને દીએ ॥ ૬ ॥ પારણું કરતાં પ્રાણ જ ગયા, સુરલોકે મુનિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવજ થયા ॥ અશુભ કર્મ બાંધે સા નારી, જાણી નૃપ કાઢે પુર બારે ॥ ૭ ॥ કુષ્ઠ રોગ દિન સાતે મરો, ગઈ છઠિ નરકે દુઃખ ભરી ॥ તિરીય ભવે અંતરતા લહી, મરીને સાતમિ નરકમાં ગઈ ॥ ૮ ॥ નાગણ ઢરભી ને કુતરી, ઉંદર ઘીરોલી જલો શુકરી ॥ કાકી ચંડાલણ ભવ લહી, નવકાર મંત્ર તિહાં સદહી ॥ ૯ ॥ મરીને શેઠની પુત્રી ભઈ, શેષ કર્મ દુર્ગંધા થઇ ॥ સાંભલિ જાતિ સ્મરણ લહી, શ્રી શુભ વીર વચન સદહી ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ ગજરા મારૂજી ચાલ્યા ચાકરીરે ॥ એ દેશી ॥

॥ દુર્ગંધા કહે સાધુને રે દુઃખ ભોગવિયાં અતિરેક ॥કરૂણા કરીને દાખીએરે જિમ જાએ પાપ અનેક રે ॥ જિમ ॥૧॥ મુનિ કહે રોહિણી તપ કરોરે, સાત વરસ ઉપર સાત માસ ॥ રોહિણી નક્ષત્રને દિનેરે, ગુરૂમુખ કરીએ ઉપવાસરે ॥ ગુરૂ૦ ॥ ૨ ॥ તપથી અશોક નૃપની પ્રિયારે, થઇ ભોગવી ભોગવિલાસ ॥ વાસુપૂજય જિન તીર્થેરે, તમો પામશો મોક્ષ નિવાસરે ॥ તમો૦॥૩॥ ઉજમણે પુરે તપેરે, વાસુપૂજ્યની પડિમા ભરાય ॥ ચૈત્ય અશોક તરૂ તલેરે, અશોક રોહિણી ચિતરાયરે ॥ અશો૦ ॥ ૪ ॥ સાહમિવચ્છલપધરાવીનેરે, ગુરૂ વસ્ત્ર સિદ્ધાંત લખાય ॥ કુમારસુગંધ તણી પરેરે, દુષ્કર્મ સકલ ક્ષય જાય રે ॥ દુષ૦ ॥ ૫ ॥ સાધુ કહે સિંહપુરમાંરે, સિંહસેન નરેસર સાર॥ કનકપ્રભા રાણી તણોરે, દુર્ગંધી અનિષ્ઠ કુમારરે ॥ દુર્ગં૦ ॥ ૬ ॥ પદ્મપ્રભુને પુછતારે, નિજ જલ્પે પૂર્વ ભવ તાસ ॥ બાર જોજન નાગપુરથીરે, એક શિલા નિલગીરિ પાસરે ॥ એક૦ ॥ ૭ ॥ તે ઉપર મુનિ ધ્યાનથીરે, ન લહે આહેડી શિકાર ॥ ગોચરી ગત શિલા તળેરે કોપ્યો ધરે અગ્નિ અપારરે ॥ કોપ્યો ॥ ૮ ॥ શિલા તપી રહ્યા ઉપરેરે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિ આહાર કરે કાઉસગ્ગ ॥ ક્ષપક શ્રેણી થઇ કેવલીરે, તત્‌ક્ષણ પામ્યા અપવર્ગરે ॥ તત૦ ॥ ૯ ॥ આહેડી કુષ્ટી થઇ રે, ગયો સાતમી નરક મઝાર ॥ મચ્છ મધા અહીં પાંચમીરે, સિંહ ચોથી ચિત્ર અવતાર સિંહ૦ ॥ ૧૦ ॥ ત્રીજી બિલાડો બીજીએરે, ધુક પ્રથમ નરક દુ:ખ જાલ ॥ દુખના ભવ ભમી તે થયોરે,એક શેઠ ઘરે પશુપાલ રે ॥ એક૦ ॥ ૧૧ ॥ ધર્મ લહી દવમાં બ-ળ્યોરે, નિદ્રાએ હૃદય નવકાર ॥ શ્રી શુભવીરના ધ્યાનથીરે, તુજ પુત્ર પણે અવતાર ॥ તુજ૦ ॥ ૧૨ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ મારી અંબાના વડલા હેઠ ॥ એ દેશી ॥

॥ નિસુણી દુર્ગંધ કુમાર, જાતિ સ્મરણ પામતોરે ॥ પદ્મ-પ્રભુ ચરણે શીસ, નામો ઉપાય તે પૂછતોરે ॥ પ્રભુ વયણે ઉજ-મણે યુક્ત, રોહિણીનો તપ સેવિયોરે ॥ દુર્ગંધ પણું ગયું દૂર, નામે સુગંધી કુમાર થયો રે ॥ રોહિણી તપ મહિમા સાર, સાં-ભળતાં નવ વિસરેરે ॥ એ આંકણી ॥ ૧ ॥ રહી વાત અધુરી એહ, સાંભળશો રોહિણીને ભવેરે ॥ ઈમ સુણી દુર્ગંધા નારી, રોહિણી તપ કરે ઓચ્છવેરે ॥ સુગંધિ લહિ સુખ ભોગ, સ્વર્ગે દેવી સોહામણીરે ॥ તુંજ કાંતા મઘવા ધુઆ; ચવિ ચંપાએ થઈ રોહિણી રે ॥ રો૦ ॥ ૨ ॥ તપ પુણ્ય તણે પ્રભાવ, જન્મથી દુ:ખ ન દેખીઓરે ॥ અતિ સ્નેહ કીસ્યો અમ સાથ, રાય અશોકે વલી પુછીયુંરે ॥ ગુરૂ બોલે સુગંધિ રાય, દેવ થઈ પુષ્કલાવતીરે ॥ વિ જયે થઈ ચક્રિ તેહ, સંજમધર હુઆ અચ્યુતપતિરે ॥ રો૦ ॥ ૩॥ ચવિને થયા તમે અશોક, એક તપે પ્રેમ બન્યો ઘણોરે ॥ સાત પુત્રની સુંણજ્યો વાત, મથુરામાં એક માહણોરે ॥ અગ્નિ શર્મા સુત સાત, પાટલિપુર જઇ ભીક્ષા ભમેરે ॥ મુનિ પાસે લઈ વૈ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ, વિચર્યા સાતે રહી સંજમેરે ॥ રો૦ ॥ ૪ ॥ સૌધર્મે હુઆ સુરસાત, તે સુત સાતે રોહિણીતણા રે ॥ વૈતાઢયે ભિલ્લચુલ ખેટ, સમકિત શુદ્ધ સોહામણોરે ॥ ગુરૂદેવની ભક્તિ પસાય, ધુર સ્વર્ગે થઇ દેવતારે ॥ લઘુ સુત આઠમો લોકપાલ, રોહિણીનો તે સુર સેવતારે ॥ રો૦ ॥ ૫ ॥ વલી ખેટ સુતા છે ચાર, રમવાને વનમા ગઇરે ॥ તીહાં દીઠા એક અણગાર, ભાખે ધર્મ વેલા થઈ રે ॥ પૂછયાથી કહે મુનિ ભાસ, આઠ પહોર તુમ આયુછેરે ॥ આજ પંચમીનો ઉપવાસ, કરશો તો ફલદાય છેરે ॥ રો૦ ॥ ૬ ॥ ધુ· જંતી કરી પચખાણ, ગેહ અગાસે જઈ સોવતિરે ॥ પડી વિજ- ળીયે વલી તેહ, ધુર સુર લોકે દેવી થતીરે ॥ ચવી થઇ તુમ પુત્રી ચાર, એક દિન પંચમી તપ કરીરે ॥ ઇમ સાંભલી સહુ પરિવાર, વાત પૂર્વ ભવની સાંભળીરે ॥ રો૦ ॥ ૭ ॥ ગુરૂ વંદી ગયા નિજ ગેહ, રોહિણી તપ કરતાં સહુરે ॥ મોટી શક્તિ બહુ માન, ઉજમણાં વસ્તુ બહુરે ॥ ઇમ ધર્મ કરી પરિવાર, સાથે મોક્ષપુરી વરીરે ॥ શુભ વીરના શાસન માંહ, સુખ ફલ પામો તપ આદરીરે ॥ રો૦ ॥ ૮ ॥

॥ કલસ ॥ ઇમ ત્રિજગ નાયક મુક્તિદાયક વીર જિનવર ભાખીયો ॥ તપ રોહિણીનો ફલ વિધાને, વિધિ વિશેષે દાખીયો ॥ શ્રી ક્ષમાવિજય જસવિજય પાટે, શુભવિજય સુમતિ ધરો ॥ તસ ચરણ સેવક કહે પંડિત, વીર વિજયો જય કરો ॥ ઇતિ શ્રી રો- હિણી તપ વિધિ સ્તવન સંપૂર્ણ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ अथश्री ऋषभदेवस्वामीनुं स्तवन. ॥

૧ ॥ દુહા ॥ પુરિસા દાણી પાસજી, બહુ ગુણમણિ વાસ ॥ ઋદ્ધિ વૃદ્ધિ મંગલ કરણ, પ્રણમું મન ઉલ્લાસ ॥ ૧ ॥ સરસતી સામિની વિનવું, કવિ જન કેરી માંય ॥ સરસ વાણી મુજને દીયો, મોટો કરી પસાય ॥ ૨ ॥ લબ્ધિ વિનય ગુરૂ સમરીએ, અહર્નિશ હર્ષ ધરેવ ॥ જ્ઞાન દષ્ટિ જેથી લહી, પદ પંકજ પ્રણમેવ ॥ ૩ ॥ પ્રથમ જિણેસર જે હુઓ, મુનિવર પ્રથમ વખાણ ॥ કેવલધર પહેલો જે કહે, પ્રથમ ભિક્ષાચર જાણ ॥ ૪ ॥ પહેલા દાતાં એ કહ્યો, આ ચોવીસી મઝાર ॥ તેંહ તણા ગુણ વરણવું, આણી હર્ષ અપાર ॥ ૫ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા ॥
॥ એ દેશી ॥ રાગ આસાવરી ॥

પહેલે ભવ ધન સાર્થવાહે, સમકિત પામ્યા સારરે ॥ આરાધી બીજે ભવ પામ્યા, જુગલતણો અવતાર રે ॥ ૧ ॥ સેવો સમકિત સાચું જાણી, એ સવિ ધર્મની ખાણીરે ॥ નવિ પામે જે અભવ્ય અનાણી, એહવી જિનની વાણી રે ॥ સેવો૦ ॥૨॥ એ આંકણી ॥ જુગલ ચવિ પેહલે દેવલોકે, ભવ તિજે સુર થાયરે ॥ ચોથે ભવે વિદ્યાધર કુલે થયા, મહાબલ નામે રાય રે ॥ સેવો૦॥ ॥ ૩ ॥ ગુરૂ પાસે દીક્ષા પાલીને, અણસણ કીધું અંતરે ॥ પંચિમે ભવે બીજે દેવલોકે, લલિતાંગ સુર દીપંતરે ॥ સેવો૦ ॥ ૪ ॥ દેવચવી છઠે ભવે રાજા, વજ્રજંઘ એણે નામેરે ॥ તીહાંથી સાતમે ભવે અવતરીઆ, જુગલા ધર્મશું ઠામેરે ॥ સેવો૦ ॥ ૫ ॥ પૂર્ણ આયુ કરી આઠમે ભવે, સુધર્મ દેવલોકે દેવરે ॥ દેવ તણી ઋદ્ધિ બહુલી પામ્યા, દેવતણા વળી ભોગરે ॥ સેવો૦ ॥૬॥ મુનિભવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિવાનંદ નવમે ભવે, વૈદ ચવી થયો દેવરે ॥ સાધુની વૈયાવચ્ચ કરી, દિક્ષા લઈ પાળે સ્વયમેવરે ॥ સેવો૦ ॥ ૭ ॥ વૈદ જીવ દસમે ભવે સ્વર્ગે, બારમે સુર હોય રે ॥ તિહાંકણે આયુ ભોગવી પુરૂં, બાવીસ સાગર જોયરે ॥ સેવો૦ ॥ ૮ ॥ અગીઆરમેં ભવે દેવ ચવીને, ચકી હુઓ વજનાભરે ॥ દીક્ષા લઈ વીસ સ્થાનક સાધી, ॥ લીધો જિનપદ લાભરે ॥ સેવો૦ ॥ ૯ ॥ ચૌદ લાખ પૂર્વની દીક્ષા, પાલી નિર્મળ ભાવેરે ॥ સર્વાર્થ સિદ્ધ અવતરીયા, બારમે ભવ આયરે ॥ સેવો૦ ॥ ॥ ૧૦ ॥ તેત્રીસ સાગર આયુ પ્રમાણે, સુખ ભોગવે તિહાં દેવરે ॥ તેરમા ભવ કેરો હવેહું, ચરિત્ર કહું સંખેવરે ॥ સેવો૦ ॥ ૧૧ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ વાડી ફુલી અતિ ભલી મનભમરારે ॥ એ દેશી ॥

॥ જંબુદ્વીપ સોહામણું ॥ મન મોહનારે ॥ લાખ જોજન પરિમાણ ॥ લાલ મન મોહનારે ॥ દક્ષિણ ભરત ભલું તિહાં ॥ મન મોહનારે ॥ અનુપમ ધર્મનું ઠામ ॥ લાલ મન મોહનારે ॥ ૧ ॥ નયરી વિનિતા જાણીએ ॥ મન૦ ॥ સ્વર્ગપુરી અવતાર ॥ લાલ૦ ॥ નાભીરાય કુલગર તિહાં ॥ મન૦ ॥ મરૂદેવી તસ નારિ ॥ લાલ૦ ૨ ॥ પ્રીતિ ભક્તિ પાલે સદા ॥ મન૦ ॥ પીયુશું પ્રેમ અપાર ॥ લાલ૦ ॥ સુખ વિલસે સંસારનાં ॥ મન૦ ॥ સુરપેરે સ્ત્રી ભરથાર ॥ લાલ૦ ॥ ૩ ॥ એક દિન સૂતી માલીયે ॥ મન૦ ॥ મરૂદેવી સુપવિત્ર ॥ લાલ૦ ॥ ચોથ અંધારી અષાડની ॥ મન૦ ॥ ઉત્તરાષાઢા નક્ષત્ર ॥ લાલ ॥ ૪ ॥ તેત્રીસ સાગર આઉખે ॥ મન૦ ॥ ભોગવી અનુપમ સુખ ॥ લાલ૦ ॥ સર્વાર્થ સિદ્ધથી ચવી ॥ મન૦ ॥ સુર અવતરીઓ કુખ ॥ લાલ ॥ ૫ ॥ ચઉદ સુપન દીઠાં તીસે ॥ મન૦ ॥ રાણી મધ્યમ રાત ॥ લાલ૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જઈ કહે નિજ કંતને ॥ મન૦ ॥ સુપન તણી સવિ વાત ॥ લાલ ॥ ૬ ॥ કંથ કહે નિજ નારીને ॥ મન૦ સુપન અર્થ વિચાર ॥ લાલ૦॥ કુલ દીપક ત્રિભુવનપતિ ॥ મન૦ ॥ પુત્ર હોશે સુખ કાર ॥ લાલ૦ ॥ ૭ ॥ સુપન અર્થ પીઉથી સુણી ॥ મન૦ ॥ મન હરખ્યા મરૂદેવી ॥ લાલ૦ ॥ સુખે કરી પ્રતિપાલના ॥ મન૦ ॥ ગર્ભ તણી નિત મેવ ॥ લાલ૦ ॥ ૮ ॥ નવ મસવાડા ઉપરે ॥ મન૦ ॥ દિન હુવા સાઢાસાત ॥ લાલ૦ ॥ ચૈત્ર વદ આઠમ દીને ॥ મન૦ ઉત્તરાષાઢા વિખ્યાત ॥ લાલ૦ ॥ ૯ ॥ મઝીમ રયણીને સમે ॥ મન૦ જન્મ્યો પુત્ર રતન ॥ લાલ૦ ॥ જન્મ મહોચ્છવ તવકરે ॥ મન૦ ॥ દિશીકુમરી છપ્પન્ન ॥ લાલ૦ ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ દેશી હમચડીની ॥

॥ આસન કંપ્યું ઇંદ્રતણુંરે, અવધિજ્ઞાને જાણિ ॥ જિનનો જન્મ મહોચ્છવ તવ કરવા, આવે ઇંદ્ર ઇંદ્રાણીરે ॥ હમચડી ॥૧॥ સુર પરિવારે પરિવર્યારે, મેરૂ શિખર લઈ જાય ॥ પ્રભુને નમણ કરીને પૂજી, પ્રણમી બહુ ગુણગાયરે ॥ હમચડી ॥ ૨ ॥ આણી માતા પાસે મેહેલી, સુર સુરલોકે પહુંતા ॥ દીન દીન વાધે ચંદ્ર તણી પરે, દેખી હરખે માતારે ॥ હમચડી ॥ ૩ વૃષભ તણું લંછન પ્રભુ ચરણે, માત પિતાએ દેખી ॥ સુપન માંહે વલી વૃષભ જે પહેલો, દીઠો ઉજવલ વેષીરે ॥ હમચડી૦ ॥ ૪ ॥ તેહથી માત પિતાએ દીધું, ઋષભ કુમાર ગુણ ગેહ ॥ પાંચસે ધનુષ પ્રમાણે ઉંચી, સોવન વરણી દેહરે ॥ હમચડી૦ ॥ ૫ વીસ પુર્વ લખ કુમાર પણેરે, રહીયા પ્રભુ ઘરવાસે ॥ સુમંગલા સુનંદા કુંવારી, પરણ્યા દોય ઉલાસેરે ॥ હમચડી૦ ॥ ૬ ॥ ત્યાશી લાખ પૂર્વ ઘરવાસે, વસીય ઋષભ જિણંદ ॥ ભરતાદિક સુત શત હુઆરે, પુત્રી દોય સુખ કંદરે ॥ હમચડી૦ ॥ ૭ ॥ તવ લોકાંતિક સુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવીનેરે, કહે પ્રભુ તીર્થ થાપો ॥ દાન સંવચ્છરી દેઈ દિક્ષા, સમય જાણી પ્રભુ આપેરે. ॥ હમચડી૦ ॥ ૮ ॥ દીક્ષા મહોચ્છવ કરવા આવે, સપરિવાર સુરિંદો ॥ શિબિકા નામે સુદર્શનારે,આગલ ઠવે નરીંદરે ॥ હમચડી૦ ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ ॥ રાગ મારૂ ॥ એ દેશી ॥

॥ ચૈત્રવદી આઠમ દીનેરે, ઉત્તરાષાઢારે ચંદ ॥ શિબિકાયે બેસી ગયારે, સિદ્ધારથ વનચંદોરે ॥ ૧ ॥ ઋષભ સંયમ લીયે ॥ એ આંકણી ॥ અશોક તરૂતલે આવીનેરે, ચઉ મુઠી લોચ કીધ ॥ ચાર સહસ વડ રાજવીરે, સાથે ચારેત્ર લીધરે ॥ ઋ૦ ॥ ૨ ॥ ત્યાંથી વિચર્યા જિનપતિરે, સાધુતણે પરિવાર ॥ ઘરઘર ફરતાં ગૌ-ચરીરે, મહીઅલ કરે વિહારરે ॥ ઋ૦ ॥ ૩ ॥ ફરતાં તપ કરતાં થકાંરે, વરસ દિવસ હુઆ જામ ॥ ગજપુર નયર પધારીયારે,દીઠા શ્રેયાંસે તામરે ॥ ઋ૦ ॥ ૪ ॥ વરસી પારણું જિન જઈરે, શેલડી રસ તિહાં કીધ ॥ શ્રેયાંસે દાન દેઈનેરે, પરભવ શંબલલિધરે ॥ ઋ૦ ॥ ૫ ॥ સહસવરસ લગે તપતપીરે, કર્મ કર્યાં ચકચુર ॥ પુ-રિમતાલપુર આવીયારે, વીચરતાં બહુ ગુણપુરારે ॥ ઋ૦ ॥ ૬ ॥ ફાગણ વદિ અગીયારસેરે, ઉત્તરાષાઢારે યોગ ॥ અઠ્ઠમ તપ વડ-હેઠલેર, પામ્યા કેવલ નાણરે ॥ રૂષભ ॥ ૭ ॥

॥ ઢાલ ॥ ૫ ॥ કપુર હોવે અતિ ઉજલોરે ॥ એ દેશી ॥

॥ સમવસરણ દેવે મલીરે, રચિયું અતિહિ ઉદાર ॥ સિં-હાસન બેસી કરીર, દીએ દેશના જિન સાર ॥ ચતુરનર૦ ॥૧॥ કીજે ધર્મ સદાઇ, જિમ તુમ શિવસુખ થાય ॥ ચતુરનર ॥કીજે૦ ॥ એ આંકણી ॥ બારે પરખદા આગલેરે, કહે ધર્મ ચ્યારે પ્રકાર ॥ અમૃત સમ દેશના સુણીરે, પ્રતિ બોધ્યા નરનાર ॥ ચતુરનર૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૨ ॥ ભરતતણા સુત પાંચસેરે, પુત્રી સાતસેં જાણ ॥ દિક્ષા લીયે જિનજી કનેરે, વૈરાગે મન આણ ॥ ચતુરનર૦ ॥ ૩ ॥ પુંડરીક પ્રમુખ થયારે, ચોરાસી ગણધાર ॥ સહસ ચોરાસી તિમ મલીરે, સાધુ તણો પરિવાર ॥ ચતુરનર૦ ॥ ૪ ॥ બ્રાહ્મી પ્રમુખ વલી સાહુણીરે, ત્રણ લાખ સુવિચાર ॥ પાંચ સહસ ત્રણ લાખ ભલારે, શ્રાવક સમકિત ધાર ॥ ચતુરનર૦ ॥ ૫ ॥ ચોપન સહ પંચ લાખ કહીરે, શ્રાવિકા શુદ્ધ આચાર ॥ ઈમ ચઉવિહ સંઘ થાપીનેરે, ઋષભ કરે વિહાર ॥ ચતુરનર૦ ॥ ૬ ॥ ચારિત્ર એક લખ પૂર્વનુંરે, પાંલ્યું ઋષભ જિણંદ ॥ ધર્મ તણે ઉપદેશથીરે, તાર્યા ભવિજન વૃંદ ॥ ચતુરનર૦ ॥ ૭ ॥ મોક્ષ સમય જાણી કરીરે, અષ્ટાપદ ગિરિ આવ ॥ સાધુ સહસ દશસું તિહાંરે, અણસણ કીધું ભાવ ॥ ચતુરનર૦ ॥૮॥ મહા વદી તેરસ દીનેરે, અભિજીત નક્ષત્ર ચંદ્ર યોગ ॥ મુક્તિ પહોત્યા ઋષભજીરે, અનંત સુખ સંજોગ ॥ ચતુરનર૦ ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૬ રાગ ધનાશ્રી ॥ કડખાની ॥ એ દેશી ॥

તું જયો તું જયો, ઋષભ જિન તું જયો, અલજયો હું તુમ દરસન કરવા ॥ મેહેર કરો ઘણી, વિનવું તુમ ભણી, અવર ન કોઈ કોઇ ધણીજગ ઉધરવા ॥ તુજ૦ ॥ ૧ ॥ જગમાંહે મેહને મોર જિમ પ્રીતડી, પ્રીતડી જેહવી ચંદ્ર ચકોરા ॥ પ્રીતડી રામ લક્ષમણ તણી જેહવી, રાત દિન નામ ધ્યાયું દરસ તોરા ॥ તુજ૦ ॥ ૨ ॥ શિતલ સુરતરૂ તણી તીહાં છાંયડી, સિતલો ચંદ ચંદન ઘસારો ॥ શીતલું કેલ કપુર જિમ શિતલું, શીતલો તિમ મુઝમંન મુખ તમારો ॥ તુજ૦ ॥ ૩ ॥ મીઠડો શેલડી રસ જિમ જાણીએ, ખટરસ દ્રાખ મીઠી વખાણી ॥ મીઠડિ આંબલા શાખજિમ તુમ તણી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિઠડિ મુજમન તિમ તુમ વાણી ॥ તુજ૦ ॥ ૪ ॥ તુમ તણા ગુણ તણો પારહું નવિ લહૂ, એક જીભે કેમ મેં કહીજે ॥ તાર મુજ તાત સંસાર સાગર થકી, રંગશું શીવરમણી વરીજે ॥તુ૦ ।૫॥

॥ કલશ ॥ ઇમ ઋષભ સ્વામી, મુક્તિગામી ચરણ નામી શીરએ ॥ મરૂદેવી નંદન સુખ નંદન, પ્રથમ જિન જગદીશએ ॥ મનરંગ આણી, સુખવાણી, ગાઈઓ જગ હિતકરૂ ॥ કવિરાય લબ્ધિ નિજ સુસેવક પ્રેમ વિજય આનંદ વરો ॥ ઇતિ શ્રી રૂષભ સ્વામીના તેર ભવનું સ્તવન ॥

## ॥ अथ श्री मल्लीनाथनुं स्तवन. ॥

॥ દુહા ॥ નવપદ સમરી મનશુદ્ધે, વલી ગૌતમ ગણધાર ॥ સરસ્વતી માતા ચિત્ત ધરૂં, વાધે વચન ઉદાર ॥ ૧ ॥ મલ્લીનાથ ઓગણીસમા; જિનવર જગમાં જેહ ॥ ગુણ ગાઇશું તેહના, સુગુણ સુણો ધરી નેહ ॥ ૨ ॥ કિણ દેહી કિણ નગરમેં, કવણ પિતા કુણ માત ॥ પાંચ કલ્યાણક પરગડા, વિગત કરી કહું વાત ॥૩॥

॥ ઢાલ ॥૧॥ રામચંદકે બાગમે ચંપો મોચ રહ્યોરી ॥ એ દેશી ॥

॥ ઇણહીજ જંબુદ્વીપ, ક્ષેત્ર ભરત સુખકારી ॥ નયરી મિથિલા નાંમ, અલકાને અણહારિ ॥ ૧ ॥ તિહાં નૃપ કુંભ નરેસર રાય, રાણી પ્રભાવતી નામે ॥ શીયલ ગુણ સમિહિત, જસ પસર્યો ઠામો ઠામે ॥ ૨ ॥ એક દિવસે તે નાર, સુતી સેજ મોઝારિ ॥ દેખી ચૌદે સુપન, તે જાગી તિણિવારે ॥ ૩ ॥ પતિની પહોતી પાસ, સુપન સહું તે કહીયા ॥ નૃપ હરખ્યો મન માંહે, અનુપમ હેતે લહીયા ॥ ૪ ॥ સુપન તણે અનુસાર, પુત્રી હોશે પુન્યવંતી ॥ અરથ સુણીને તેહ, ઘરપોહોતી ગહગહતી ॥ ૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહું પુર્વ ભવ વાત, જિહાંથી ચવી આવ્યા ॥ વીતશોકા નામે નગરી, મહાબલ નામ કહાયા ॥ ૬ ॥ તે મલીયા છએ મિત્ર, સહુ મલી દીક્ષા લીધી ॥ મહાબલ વંચ્યા મિત્ર, તપમે માયા કીધિ ॥ ૭ ॥ સેવ્યાં સ્થાનક વીસ, ગોત્ર તીર્થંકર બાંધ્યો ॥ સ્ત્રી વેદ ઉદાર, પુન્યમેં પાપએ સાધ્યો ॥ ૮ ॥ અણસણ કરીય તે વાર, જિન ધર્મશું લય લાઈ ॥ છએ જીવ જયન્તિ વિમાન, સુર પદ્વી તીહાં પાઇ ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૨॥ શ્રી ચંદ્રપ્રભુ પાહુણો રે ॥ એ દેશી ॥

॥ ઇણુહીજ જંબુદ્વીપમારે, ભરત ક્ષેત કહેવાયરે ॥ છએ મિત્ર તિહાં જે ઉપનારે, તે સુણુજ્યો ચિતલાયરે ॥ ઇણુહીજ૦ ॥ ॥ ૧ ॥ પડિબુદ્ધા ઇખ્ખવાગમાંરે, વદછાય અંગરાયરે ॥ શંખ કાશીનો રાજીયોરે, રૂપી કુણાલ કહાયરે ॥ ઇણુહીજ ॥ ૨ ॥ આદિત શત્રુ કુરુ દેશમાંરે, જિતશત્રુ પંચાલ કહાયરે ॥ જયંતથી ચવી તે સહુંરે, ઈહાં અવતાર લહાયરે ॥ ઇણુહીજ૦ ॥ ૩ ॥ મહાબલ જીવ તિહાં થકીરે, પુન્યવંત પ્રધાનરે ॥ ફાગણસુદી ચોથનેરે, ચવિયા શ્રી જયંતવિમાનરે ॥ ઇણુ૦ ॥ ૪ ॥ પ્રભાવતી ઉર અવતર્યારે, માસ હુઆ જવ તીનરે ॥ ડોહલો એવો ઉપનોરે, વિણ પૂજ્યા રહે દીનરે ॥ ઇણુહીજ૦ ॥ ૫ ॥ જલ થલ ઉપના ફૂલનીરે, સુવું સેજ બિછાયરે ॥ પાંચ વરણ ફૂલ ચંદુઆરે, સુગંધ સરૂપ સહાયરે ॥ ઇંણુહીજ૦ ॥ ૬ ॥ નવસરો હાર ફૂલાં તણોરે, હું પેહેરૂં મનરંગ ॥ વાણુવ્યંતર તે દેવતારે, પુરે તેહ સુગંધરે ॥ ઇણુહીજ૦ ॥ ૭ ॥ મૃગસીર શુદ્વી અગીઆરસેરે, જાયી પુત્રી રતનરે ॥ અર્ધ નીશા વીત્યા પછારે, માતાજી હરખી મનરે ॥ ॥ ઇણુહીજ૦ ॥ ૮ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ ॥ ૩ ॥ આદર જીવ ક્ષમા ગુણ આદર ॥ એ દેશી ॥

॥ છપન કુમરિ આઇ તિહાં હરખે, જિનવર વંદી પાયજી ॥ જન્મ મહોચ્છવ કરીય જુગતીસું, ગઈ નિજગૃહ મતિ લાયજી ॥ છપન૦ ॥ ૧ ચોસઠ ઇંદ્ર તિહાંકણે આવી, મેરૂશિખર નવરાયજી ॥ ગીત મધુર ધ્વનિ નાટક કરકે, મુકી ગયા નિજ ઠામજી ॥ છપન૦ ॥ ૨ ॥ હવે પ્રભાત થયો કુંભ રાજા. જન્મ મહોચ્છવ કીધજી ॥ દશ ઉઠણે બહુ જન જમાવી, મલ્લિ કુંવરી નામ દીધજી ॥ છપન૦ ॥ ૩ ॥ એક શત વરસ થયા કંઇ ઉણા, અવધિ પ્રયુંજી જ્ઞાનજી ॥ પૂર્વભવ છએ મિત્રો કેરા, લહી આવાગ મને નામજી ॥ છપન૦ ॥ ૪ ॥ તે મુજ રૂપે મોહ્યા સઘલા, આસા એણે ઠામજી ॥ ઇમ જાણી કુંમરીગૃહ માંહે, કનક મૂર્તિ કરી તામજી ॥ છપન૦ ॥ ૫ ॥ મસ્તકે રોજ કવલ એક મુકે, આપ જિમે તિણે માંહીજી ॥ દિવસ કેતે તે દુર્ગંધ પ્રગટી, મિત્રો દેખાઈ ઉછાંહીજી ॥ છપન૦ ॥ ૬ ॥ તે દેખી છએ મિત્ર પ્રતિ બોધ્યા, સહૂ ગયા નિજ નિજ ગેહજી ॥ હવે મલ્લી દીક્ષા અવસર જાણી, દે વર્ષીદાન તેહજી ॥ છપન૦ ॥ ૭ ॥

॥ ઢાલ ॥૪॥ જિન પ્રતિમા હો જિન સારીખી કહી ॥એ દેશી॥

॥ મૃગશીર શુદી અગીઆરસે આવીયા, તીનસે નર લઇ સાય ॥ તીનસે નારી હો વલી લીધી દિક્ષા, છોડી સહૂ ઘર આય ॥ મૃગસીર૦ ॥ ૧ ॥ તીણહીજ દિન સંધ્યા સમય થયાં, લહીયે કેવલ નાણ ॥ તત્ક્ષણ સમવસરણ દેવે કીધાં, સીધ્યાં સઘલા કાજ ॥ મૃગ૦ ॥ ૨ ॥ પરખદા બારહ લહી બેઠાં તિહાં, સુણી ધર્મ ધરિ નેહ ॥ તીણ સમે છએ મિત્ર પણ આવીયા, લઇ દિક્ષા તજી નેહ ॥ મૃગ૦ ॥ ૩ ॥ અઠાવીસ ગણધર થાએ જિનવરને,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુ સહસ ચાલીશ ॥ સાધ્વી સહસ પંચાવન જેહને, કરે ધર્મ નિશદીશ ॥ મૃગ૦ ॥ ૪ ॥ સહસ ચોરાસી એક લખ શ્રાવક, શ્રાવકણી લખ તીન ॥ સહસ પાંસઠ છે ઉપર જેહને, તપ જપ કરે નીસ દીન ॥ મૃગ૦ ॥ ૫ ॥ સહસ પંચાવન આયુ પાલીને, ઉપશમ ધરીયે ઉદાર ॥ પરઉપગારી હો શ્રી જિનવરતણો, નામ લીયો નિસ્તાર ॥ મૃગ૦ ॥ ૬ ॥ પાંચસે સાધુ અઢીસેં સાધવી, લઈ સાથે પરીવાર ॥ સમેતશિખરે જિનવર ચાલીયા, સુમતિ ગુપ્તિ સુવિચાર ॥ મૃગ૦ ॥ ૭ ॥

॥ ઢાલ ॥ ૫ ॥ આજહો પરમારથ પાયો ॥ એ દેશી ॥

॥ મલ્લિહો સમેતશિખર સિધાયા, ગિરિવર દેખી બહુ સુખ પાયા ॥ સઘલાં સાધ્યારે મન ભાયા, છોડી સકલ સંસારની માયા ॥ મલ્લિ૦ ॥ ૧ ॥ સહૂ જીવનાં પુઢવી પદ પમજ્જણ કીધા, સા ધારા મન વંછીત સિદ્ધા ॥ ॥ ડાભ સંથારે સુમન વીધા, ધર્મ શુકલ ધ્યાન સાથે લીધા ॥ મલ્લિ૦ ॥ ૨ ॥ ચોરાસી લખ જીવ ખમાયા, પાપ અઢારે દૂર ગમાયા ॥ સિદ્ધિવધૂ મિલવા ઉમાયા, પડિલેહી છોડી નિજ કાયા ॥ મલ્લિ૦ ॥ ૩ ॥ સાધવી અંતર પરખદ રહીયે, બારહ પરખદા સાધુની કહીયે ॥ કાઉસગ્ગ કરીને કાયા દહીયે, સિદ્ધ ધ્યાનસું શિવપદ લહીયે ॥ મલ્લિ૦ ॥૪॥ રૂતુ વસંત ફાગણ સુખદાઈ, શુકલપક્ષ બારસ અતિસા સાઇ ॥ અરધી નીશા જીમ ભરણી આઇં, તબ મલ્લિ નિજ સુગતિ સીરી પાઇ ॥ મલ્લિ૦ ॥ ૫ ॥ અવિનાશી અવિકાર કહાઈ, પરમ અતીંદ્રિય સુખ લહાઇ ॥ સમાધાન સરવંગ સહાઇ, પરમ રસ સરવંગ સહાઈ મલ્લિ૦ ॥ ૬ ॥ સિદ્ધ બુદ્ધ અવિરૂદ્ધ એ કહીયે, આદિ ન કોઇ એહનો લહીયે ॥ મૃગશિર સુદ અગીઆરસ આયા, જિન વચને કરી સદહીએ ॥ મલ્લિ૦ ॥ ૭ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ કલશ ॥ સંવત સત્તર વરસ છપન, આસો માસ ઉદાર એ ॥ પ્રતિપદા તિથિ શુકલ પક્ષે, જેસલમેર મોઝાર એ ॥ પ્રધાન પાઠક શ્રી કુશલ ધીરે, ગુરૂએ સાંનિધ્ય કરી ॥ એ સ્તવન કીધો કુશલ લાભે, ધર્મ માર્ગ મનમેં ધરી ॥ ઇતિ શ્રી મલ્લિનાથજી વૃદ્ધ સ્તવન ॥

## ॥ अथश्री नेमनाथजीनुं स्तवन ॥

॥ ઢાલ ॥ ૧ ॥ સરસતી સામિણી પાય નમુંજી, ગાયશું નેમી જિણંદ ॥ સમુદ્રવિજય કુલે ઉપનોજી, પ્રગટયો પુનમચંદ ॥ સુણો નર નેમ સમો નહી કોય ॥ સૌરીપુરનો રાજીઓજી, શિવાદેવી સુત સોય ॥ સુણોનર૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ચોદ સુપન સુચિત ભલાજી, જનમ્યા નેમિ કુમાર ॥ જોબન વય પ્રભુ આવીયાજી, સકલ લોક શણગાર ॥ સુણો૦ ॥ ૨ ॥ એક દીન આવે મલપતાજી, આયુધશાલા જ્યાંય ॥ શંખ ચક્રને ગદા ભલીજી, સારંગ ધનુષ ત્યાંહ ॥ સુણો૦ ॥ ૩ ॥ નેમિ ધનુષ ચઢાવીયોજી, ચક્ર ભમાડયું ત્યાંહ ॥ ગદા ઉપાડી ફેરવીજી, શંખલીઓ કરમાંહ ॥ સુણો૦ ॥ ૪ ॥ નેમિ વજાવે શંખનેજી, નાદે ડોલ્યારે ઇંદ્ર ॥ શેષનાગ પાતાલમાંજી, ગગને તારાચંદ્ર ॥ સુણો૦ ॥૫॥ વનમાં બીન્યા મૃગપતીજી, હંસ સરોવર કંઠ ॥ નારી બીનીકામિનીજી, આલંબી પીયા કંઠ ॥ સુણો૦ ॥ ૬ ॥ શબ્દ સુણયો જબ શંખનોજી, કરતો કૃષ્ણ વિચાર ॥ કહે કુણ વયરી ઉપનોજી, રાજ લોયે નિરધાર ॥ સુણો૦ ॥ ૭ ॥ હરિ હેલામાંહે આવિયાજી, જ્યાંછે નેમિ કુમાર ॥ મુખથી મીઠું બોલતાંજી, હીયડે રોષ અપાર ॥ સુણો૦ ॥ ૮ ॥ કૃષ્ણ કહે સુણો રાજીયાજી, નેમિ નિરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પમ નામ ॥ બલ પરીક્ષા ઈહાં કીજીએજી, આછે અનોપમ ઠામ ॥ સુણો૦ ॥ ૯ ॥ કૃષ્ણે કર લંબાવીયોજી, ઝાલી નેમ કુમાર ॥ કણયર કાંબ જિમ વાલીયોજી, ક્ષણ નવ લાગી વાર ॥ સુણો૦ ॥ ૧૦ ॥ કૃષ્ણે કર ધર્યો નેમનોજી, વાલ્યો કિમહી ન જાય ॥ નેમે કૃષ્ણ ધંધોલીઓજી, હરી મન ઝાંખો થાય ॥ સુ૦ ॥ કૃષ્ણ વલ્યા ઘર આપણેજી, ચિંતે હૃદય મોઝાર ॥ બત્રીસ સહસ અંતેઉરી જી, બોલાવી ઘર નાર ॥ સુ૦ ॥ ૧૨ ॥ નેમ કુંવર છે લાડકાજી, બંધવ શ્યામ શરીર ॥ વિવાહ તાસ મનાવવાજી, પેહેરો કંચુક ચીર ॥ સુણો૦ ॥ ૧૩ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ ટોલે મીલિ સવિ હરની નારી, પ્રમદા પહોતી ગઢ ગીરનારી, ખંડોખલી માંહિ ભરીઉ નીર, ઝીલે પહેરી આછાં ચીર ॥ ૧ ॥ નેમ તણો ઇમ ઝાલી હાથ, હાસ્ય વિનોદ કરતી નેમ સાથ ॥ સોવન શ્રિંગી નીરે ભરી, છાંટે નેમ કુંવરને ફોરી ॥૨॥ એક મુખ નેમ કુમારનું ધુએ, વદન એક ચીર જઈ લુહે ॥ દેવર મારા સુંદર સાર, પરણો નારી નેમ કુમાર ॥ ૩ ॥ ભોલા દેવર કરો વિચાર, નારી વિના કુણ કરસે સાર ॥ ભોયણ સુયણ ફોફલ પાન, નારી વિના કુણ દેશે માન ॥ ૪ ॥ નારી વિના નર હાલી હોય, બાર પરૂણો નાવે કોય ॥ સાધુ સાધવી શ્રાવક સોય, ભક્તિ કરે જો સ્ત્રી ઘર હોય ॥ ૫ ॥ નેમ કહે સુણો ભાભી વાત, એ પ્રીછું હું સવિ અવદાત ॥ નારી મોહે જે નર પડ્યા, સાતે નરકે તે રડવડ્યા ॥ ૬ ॥ એ નારી નવ કેહની હોય, તું પણ હૃદય વિચારી જોય ॥ સુરનર કિંનર દાનવ જેહ, નારી આપ્યા તેહને છેહ ॥ ૭ ॥ ભોજસુજ પરદેશી જેહ, શબ્દ વિડંબ્યા નારી તેહ ॥ હીક ધનને જિમ નારી નડયો, રાય ભર્તુહરિ ઇમ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રડવડયો ॥ ૮ ॥ બ્રહ્મરાય ઘર ચુલ ી જેહ, પોતે પુત્ર મરાવે તેહ ॥ ગૌતમ રૂષિની અહલ્યા નાર, ઇંદ્ર ભોગવે ભુવન મઝાર ॥ ૯ ॥ એ નારીનો જુઓ વિચાર, જોતાં કાંઇ નવ દીસે સાર ॥ સમજયા તે નર મુકી ગયા, નવિ સમજ્યા તે ખુંચી રહ્યા ॥ ૦॥ અક્કલ ગઇ નરની વલી એમ, જિહાંથી પ્રગટયા તિહાં બહુ પ્રેમ ॥ ઉત્પત્તિ જોઈ ન તું આપણી, સમજી મુક તે મતાં પાપિણી ॥ ૧૧॥ માત પિતાને જોગે વલી, શોણી શુક્ર ગયા બહુ મિલી ॥ જગ સઘલો તિહાં જઈ ઉપનો, નાનો મોટો એમ નીપનો ॥ ૧૨॥ તો તે સાથે શો વલી રંગ, ન કરૂં નારીકેરો સંગ ॥ ભોગ કરંતાં હિંસા બહુ, નરનારી તુમે સુણજ્યો સહૂ ॥ ૧૩ ॥ બેઇંદ્રિ પંચેદ્રિ જેહ, નવ નવ લાખ કહીજે તેહ ॥ મનુષ્ય અસંખ્ય સંમૂર્છિમ જાણી, ભોગ કરંતાં તેહની હાણ ॥ ૧૪ ॥ ઇસ્યાં વચન જબ નેમે કહ્યાં, અંતેઉર સવિ ઝાંખાં થયાં ॥ કૃષ્ણ રાય પ્રત્યે જઈ કહે, નેમનાથ ગૃહ વાસે નવિ રહે ॥ ૧૫ ॥ ગૌરી ગંધારી લક્ષ્મણા, રૂક્મિણી બોલ કહે તિહાં ઘણા ॥ જંબુવતીને સુસીમા સતી, સત્યભામાને પદ્માવતી ॥ ૧૬ ॥ પટરાણી એ હરિની હશે, દેવક મતી કાંતાહારી ખસે ॥ ઋષભ દેવ સામુ નવિ જોય, જન્મ કું વારો ન રહ્યો કોય ॥ ૧૭ ॥ ભરતરાય તો પરણ્યો ખરી, ચઉ સઠિ સહસ જો અંતઉરી ॥ હમણાં તારો બંધવ ભલો, બત્રીસ સહસ નિરવહે એકલો ॥ ૧૮ ॥ એક થકી થાયે આકલો, પરણા વાને પાછા વલો ॥ ના ના કહેતાં નાવે લાજ, કિમ રહેશે ક્ષત્રી કુલ રાજ ॥ ૧૯ ॥ ઇસ્યાં વચન કહે હરીની નારી, પાસે ઉભા દેવમુરારિ ॥ નેમ ન બોલ્યા મુખથી ફરી, માન્યું માન્યું કહે સુંદરી ॥ ૨૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ ॥ ૩ ॥ ઉગ્રસેન ઘર બેટડી, મન ભમરારે ॥ નામે રાજુલ નાર, લાલ મન ભમરારે ॥ કૃષ્ણ દેવ તિહાં આવિયા ॥ મન૦ ॥ રાય તણે દરબાર ॥ લાલ મન૦ ॥ ૧ ॥ ઉગ્રસેન ઘણું હરખીયા મન૦ ॥ ધન્ય ધન્ય દિન મુજ આજ ॥ લાલ૦ ॥ હરી આવ્યા મુજ આંગણે ॥ મન૦ ॥ તો સરીઆં સવિ મુજ કાજ ॥ લાલ૦ ॥ ૨ ॥ કૃષ્ણ કહે સુણો રાજીયા ॥ મન૦ ॥ મુજ બંધવ તુજ ધુઆ ॥ લાલ ॥ પ્રેમ ધરી પરણાવીયે ॥મન૦॥ જિમ વાધે બહુ નેહ ॥ લાલ૦ ॥ ૩ ॥ હરી વિવાહ મેલીઓ ॥ મન૦ ॥ નેમ તણો નિરધાર ॥ લાલ૦ ॥ મંડપ ઘાલ્યા બારણે ॥ મન ભમરારે ॥ તોરણ બાંધ્યા સાર ॥ લાલ૦ ॥ ૪ ॥ ખાજાં લાડુ લાપશી ॥ મન૦ ॥ અતિ પ્રૌઢાં પકવાન ॥લાલ૦॥ જમો જલેબી પાતળી ॥ મન૦ ॥ જીમ વાધે નિજવાન ॥લાલ૦॥ ૫ ॥ પેંડા મરકી મને ગમે ॥ મન૦ ॥ તનમની કોહળા પાક ॥ લાલ૦ ॥ ઉપર ભોજન અતિ ભલાં ॥ મન૦ ॥ સુંદર શોભિત શાક ॥ લાલ૦ ॥ ૬ ॥ સજન કુટુંબ સંતોષીયા ॥મન૦॥ નેમ વધારયો વાન ॥ લાલ૦ ॥ ખુંપ ભર્યો શિર શોભતો ॥મન૦॥ મુખ ચાવે બહુ પાન ॥ લાલ૦ ॥ ૭ ॥ કાને કુંડલ રયણમઇ ॥ મન૦ ॥ કમર બાંધીરે કમાય ॥ લાલ૦ ॥ ચામર વિઝે ચિહું દિસે ॥ મન૦ ॥ ગજ ચઢીયા નેમરાય ॥ લાલ૦ ॥ ૮ ॥ ચીર પીતાંબર પામરી ॥ મન૦ ॥ કંઠે કુસુમનો હાર ॥ લાલ૦ ॥ ગજરથ ઘોડા પાલખી ॥ મન૦ ॥ આગલ બહુ અસવાર ॥લાલ૦ ॥ ૯ ॥ છપન કોડિ યાદવ મલ્યા ॥ મન૦ ॥ ચાલી જિનવર જાન ॥ લાલ૦ ॥ કોકિલ કંઠ કામિની ॥ મન૦ ॥ ગોપી કરે તિહાં ગાન ॥ લાલ૦ ॥ ૧૦ ॥ ઢોલ દદામા ગડગડે ॥ મન૦ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચ શબ્દ તિહાં સાર ॥ લાલ૦ ॥ તેરણ આવ્યા નેમજી ॥મન૦॥ સુણીઓ પશુને પોકાર ॥ લાલ૦ ॥૧૧॥

॥ ઢાલ૦ ॥ ૪ ॥ હરિણી કહે સુણો કંથ હમારા, હમણાં પ્રાણ હણશે તુમારા ॥ એ આવે જિન નેમ કુમારા, કર કાંઇ તુ આતમ સારા ॥ ૧ ॥ હરણો કહે સહુકો ખેમ, અતિ અપરાધે મ હણે નેમ ॥ વિણ અવગુણ પ્રભુ કિસે ન મારે, હરણો વચન વદે તિણવારે ॥૨॥ હું ન કરૂં પરકેરી આશા, જઇ જંગલમા પુરૂ વાસ ॥ પર્વત પાણી ચરિ ઘાસ, નવી ઠાકુર નહી કહી દાસ ॥ ૩ ॥ વિણ અપરાધે મૃગને મારે, તે નર ભમશે ગતિ જો ચ્યારે ॥ વાત કરે નર પશુઅ પોકારે, શબ્દ સુણીને આપ વિચારે ॥૪॥ જો પરણું તો પશુ હણાય, મુજ અનુકંપા નાઠી જાય ॥ ભોગ ભોગવી કુણ દુખીયો થાય, નેમનાથ રથ ફેરી જાય ॥ ૫ ॥ વરસી જે દીધું દાન, સહસ પુરૂષ શું સંયમ ધ્યાન ॥ ચોપન દિન છદ્મસ્થા માન, નેમે પામ્યું કેવલ જ્ઞાન ॥ ૬ ॥

॥ ઢાલ ॥૫॥ રાજીમતી તો પુંઠે જાય, નેમ વિના દુખ સબલો થાય ॥ કહે કંથ મુજ અવગુણી, નીર વિના કિમ રહે પોયણી ॥ ॥ ૧॥ અષ્ટ ભવાંતર આગે નેહ, તો કિમ આપે હમણાં છેહ ॥ સ્વામી કઠિન હૃદય મત કરો, પરણવાને પાછા વલો ॥ ૨ ॥ ઇસ્યાં વચન ભાખે મુખ તિહાં, વાઘ સિંહ બોલે વન માંહે ॥ હીયડે ચિંતે રાજુલ નારી, કીશાં કરમ કીધાં કીરતાર ॥ ૩ ॥ કે મેં જલમાં નાંખ્યા જાલ, કે મેં માય વિછોહ્યાં બાલ ॥ કે મેં સતી ને ચડાવ્યાં આલ, કે મેં ભાખી વિરૂઇ ગાલ ॥ ૪ ॥ કે મેં વન દાવાનલ દીયા, કે મેં પરધન વંચી લીયા ॥ કે મેં શીલ ખંડના કરી, તો મુજને નેમે પરિહરિ ॥ ૫ ॥ ઇસ્યાં વચન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાંખે સુંદરી, નેમ તણે પાસે સંચરી ।। સ્વામી વચન સુણ્યાં જબ સાર, મનથી ચિંતે અથીર સંસાર ।। ૬ ।। રાજેમતી વૈરાગીણી થઇ, હારદોર તિહાં છોડે સહી ।। કંકણ ચુડી અલગી ઠવી, લઇ સંયમને હૂઇ સાધવી ।। ૭ ।। સુણી વ્યાખ્યાન વળી એક મને, તુટયો મેઘ ચમકી કામિની ।। વસ્ત્રે લાગ્યું કાચું નીર, ભીનું રાજુલ તણું શરીર ।।૮।। રેહેનેમી ઉભા છે જિહાં, રાજુલ વસ્ત્ર સુકવતી તિહાં ।। રેહેનેમી દીઠાં સુંદરી, પરવશ પુતાં તવ ઇંદરી ।। ૯ ।। પ્રગટ થઇ નર બોલ્યો યતિ, ભાભી દુ:ખ મ ધરસ્યો રતિ ।। નેમ ગયો તો મુજને વરો, કામ ભોગ મુજ સાથે કરો ।। ૧૦ ।। અંગ વિભૂષણ સવિ આદરો, નગર અમારે પાછા ફરો તુજ કારણ હું મુકું જોગ, જો તું મુજસ્યું વિલસે ભોગ ।। ૧૧ ।। એક વચન માનો સુંદરી, આગલ સંજમ લેજો ફરી ।। કુપ છાંચડી કરપી જેમ ધન, વિસમે ઠામે ઉગ્યું છે વન ।। ૧૨ ।। તેના ફલ જેમ તિહાં વિસમે, તિમ તું યોવન કાં એળે ગમે ।। રાજુલ કહે સુણ મૂઢ ગત આણ, પશ્ચિમ દીશે ઉગે જો ભાણ ।। ૧૩ ।। ચંદ્ર થકી વરસે અંગાર, તોહે ન વાંછું તુજ ભરથાર ।। પર્વત પાણી પાછાં ચઢે, કાયર સુરા જ્યમ જો વઢે ।। ૧૪ ।। પાપ કરીને પામે લીલ, તોએ ન ખંડુ મારૂં શીલ ।। વમી વસ્તુને શું આદરે, વિષય કાજે કાં દુર્ગતિ ફરે ।।૧૫।। રેહનેમી મન ઝાંખો થયો, હે હે વચન કિશ્યોમેં કહ્યો ।। ઉત્તમ કુલની ન રહી લાજ, ધિગ ધિગ તું રે વિરૂઆ કાજ ।। ૧૬।। આતમ નિંદા કરતો આપ, મુજ ભાઇ પોઢાં લાગ્યાં પાપ ।। નેમ તણાં જે વંદે પાય, લેઇ સંયમને મુક્તિ જાય ।।૧૭।। રાજિમતી તિહાં બહુતપ તપે, અરિહંત નામ હૃદયમાં જપે ।। નેમે તારી ઘરની નાર, રાજુલ મુકી મુગતિ મોઝાર ।। ૧૮ ।।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ ॥ નેમનાથ નિત્ય વંદો બાવીસમારે, વંદોરે નેમનાથ રાજેમતિરે ॥ સંવત સોલ સત સઠિ સંઘ સહુ સાંભલોરે ॥ પોસમાસ સુદ બીજે ગુરૂરે ॥ સ્થંભ નયર માંહે જિન થુણ્યોરે ॥

॥ કલશ ॥ ઇયનેમિ જિનવર, પુણ્ય દિનકર, સકલ ગુણ મણિ સાગરો ॥ જસ નામ જપતાં કર્મ ખપીએ, છુટીએ ભવ આગરો ॥ તપગચ્છ મુનિવર સકલ સુખકર શ્રી વિજયસેન સૂરીસરો ॥ તસ તણો શ્રાવક ઋષભ બોલે, થુણ્યો નેમિ જિણેસરો ॥ ઇતિ શ્રી નેમનાથ સ્તવન સંપૂર્ણ.

## ॥ श्री महावीर स्वामीनुं सतावीस भवनुं स्तवन.

॥ મારૂમન મોહ્યુંરે શ્રી સિદ્ધાચલેરે ॥ એ દેશી ॥

॥ પેહેલાને સમરૂં પાસ સંખેશ્વરોરે, વલી શારદ સુખકંદ ॥ નિજ ગુરૂ કેરારે ચરણ કમલ નમુંરે, થુણસું વીર જીણંદ ॥ ભવિ તમે સુણોરે, સત્તાવીસ ભવ મોટકારે ॥ ૧ ॥ એ આંકણી ॥ નયસાર નામેરે અપર વિદેહમાંરે, મહિપતિને આદેશ ॥ કાષ્ટ લેવા નર વન ગયો પરિકરારે, ગિરિગહનને પરદેશ ॥ ભવિ૦ ॥ ૨ ॥ આહાર વેલારે રસવતિ નિપનીરે, દાનરૂચી ચિત્તલાય ॥ અતિથિ જુઓરે ઇણ અવસરેરે, ધરી અંતરથી ભાવ ॥ ભવિ૦ ॥ ૩ ॥ પુણ્ય સંયોગેરે મુનિવર આવિયારે, માર્ગ ભૂલ્યા છે તેહ ॥ નિરખી ચિંતેરે ધન્ય મુજ એ ભાગ્યનેરે, રોમાંચિત થયા દેહ ॥ ભવિ૦ ॥ ૪ ॥ નિરવદ્ય આહાર દેઇને ઇમ કહેરે, નિસ્તારો મુજ સ્વામ ॥ જોગ જાણીને મુનિ દીયે દેશનારે, સમકિત લહ્યો અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભિરામ ॥ ભવિ૦ ॥ ૫ ॥ માર્ગ દેખાડી વાંદીને વળ્યારે, સમરંતો નવકાર ॥ દેવગુરૂ ધર્મ તત્ત્વને આદરીરે, શાશ્વતો સુખ દાતાર ॥ ભવિ૦ ॥ ૬ ॥ પહેલે ભવે ઈમ ધર્મ આરાધીનેરે, સૌધર્મે થયો દેવ ॥ એક પલ્યોપમ આઉખું ભોગવીરે, બીજે ભવે સ્વયમેવ ॥ ભવિ૦ ॥ ૭ ॥ ત્રીજે ભવ ચક્રિભરતેસરૂરે, તસ હુઆ મરિચિ કુમાર ॥ પ્રભુ વચનામૃત સાંભલ્યો રંગથીરે, દિક્ષીત થયો અણગાર ॥ ભવિ૦ ॥ ૮ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ ચતુર સનેહી મોહના ॥ એ દેશી ॥

॥ એક દિન ગ્રીષ્મ કાલમાં, વિચરંતો એકાકીરે ॥ અલગો સ્વામી થકી રહે, જ્ઞાનમદે અતિ છાકીરે ॥ ત્રીજો ભવ ભવિ સાંભલો ॥ ૧ ॥ ટેક ॥ તપને તપે અતિ આકરો, મેલે મલિન છે દેહરે ॥ શ્રમણ પણું દુક્કર ઘણું, જલવાયે નહીં એહરે ॥ ત્રીજો૦ ૨ ॥ ઘર જાવું જુગતું નહીં, એમ ધારીને વિરચેરે ॥ વેશ નવો ત્રિદંડીનો, ચંદન દેહ તે ચરચેરે ॥ ત્રી૦ ॥ ૩ ॥ કર કમલે ગ્રહું દંડને, ભગવું કપડું કરવુંરે ॥ પાયે ઉપાનહ પહેરણે, માથે છત્રને ધરાવુંરે ॥ ત્રી૦ ॥૪॥ પરિમિત જલસું સ્નાનહો, મુંડ જટા જુટ ધારૂંરે ॥ રાખું જનોઈ સુવર્ણની, પ્રાણી સ્થુલ ન મારૂંરે ॥ ત્રી૦ ॥૫॥ વેષ કરીને લિંગીનો, ધર્મ કરે વલી સાચોરે ॥ વાણી ગુણે પડિઓહતો, જેહવો હીરો કાચોરે ॥ ત્રી૦ ॥ ૬ ॥ જાણી દિક્ષા યોગ્યને, આણી મુનિને આપેરે ॥ જણજણ આગલ રાગથી, સાધુ તણા ગુણ થાપેરે ॥ ત્રી૦ ॥ ૭ ॥ આદિ જિણંદ સમોસર્યા, સાકેતન ઉદ્યાનેરે ॥ ભરતજી વંદન સંચર્યા, વંદ્યા હરખ અમાનેરે ॥ ત્રી૦ ॥ ૭ ॥ ભરતજી વંદિને સંચરે, કોઈ અછે તુમ સરખોરે ॥ સ્વામી કહે સુણ રાજીઆ, તુમ સુત મરિચી એ પર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોરે ।। ત્રી૦ ।। ૯ ।। વાસુદેવ પેહેલો હોશે, ચક્રવર્તી મુકા-ચેરે ।। તીર્થપતિ ચોવીસમો, નામે વીર કહાયેરે ।। ત્રી૦ ।।૧૦।। પુલકિત થઈ પ્રભુ વંદીને, મરિચી નિકટે પહોતોરે ।। ત્રણ પ્રદક્ષિણા દેઈને, વંદે મન ગહગહતોરે ।। ત્રી૦ ।। ૧૧ ।। ગુણ સ્તવના કરી ઇમ કહે, વંદુછું એહ મરમરે ।। વાસુદેવ ચક્રી થઈ, થાસ્યો જિનપતિ ચરમ રે ।। ત્રી૦ ।। ૧૨ ।। જિન વચનામૃત દાખવી, રંગે ઉલટ આણીરે ।। પ્રણમિ ભરત ઘરે ગયો, મરિચીને ગુણ નિધિ જાણીરે ।। ત્રી૦ ।। ૧૩ ।।

।।ઢાલ।।૩।। નદી જમુનાકે તીર ઉડે દોય પંખીઆં।। એ દેશી ।।

।। મરિચિ ઇમ ચિંતવે ભરત વચન સુણિ, મુજ સમ અવરન કોય છે જગમાનું ગુણી, જેટલા લાભ જગતમાં છે તે મેં લહ્યા, અહોશ્રી આદિ જિણંદે તે નિજ મુખથી કહ્યા ।। ૧ ।। રત્નાકર મુજ વંશ અનોપમ ગુણયુતા, દાદો જિનમાં મુખ્ય ચક્રીમાં મુજપિતા ।। અહો ઉત્તમ કુલ માહરૂં હું સહું શિરે ।।ધન ધન મુજ અવતાર હરિમાં હું ધુરે ।। ૨ ।। ચક્રવર્તી થઈ ચરમ જિણેસર થાઇશું, કનક કમલ પરે નિજપદ કમલને ઠાયશું ।। સુરનર કોડા કોડ મલી મુજ પ્રણમસે, પ્રતિહારજ વર આઠસું સમવસરણ થશે ।। ૩ ।। મદ કરવાથી નીચ ગોત્ર ઇમ બાંધીઉં, ભવ ભવ નીચ કર્મનું ફલ ઇહાં સાધીઉં ।। એક દિન રોગ ઉદયથી મને એમ ચિંતવે, સેવાકારક શિષ્ય કરૂં કોઇક હવે ।।૪।। સાર ન પુછે એમુનિ પરિચિત છે ઘણા, ડુંગરા દુરથકી દિસે રળિઆમણા ।। એવે કપિલ નામે એક નૃપ સુત આવીઓ, તેને મરિચીએ પ્રભુનો ધર્મ સુણાવિયો ।।૫।। યોગ્ય જાણી કહે જાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિપાંસે તુમે, દિક્ષા લ્યો શુભ ભાવથી કહીએ છીએ અમે ॥ કપિલ કહેતવ ધર્મ નથી શું તુમ ગચ્છે, મનથી ચિંતે અજોગ એ મુજ લાયક અછે ॥ ૬ ॥ મરિચી કહે જો કપીલ ઈહાં પણ ધર્મ છે, ચિત્ત રૂચે તિહાં સેવીએ એ હિત મર્મ છે ॥ ઈમ ઉત્સૂત્ર કથ્યાથી સંસાર વધારીયો. સાગર કોડા કોડ અપારા ચોરીયો ॥ ૭ ॥ ચોરાસી લખ પૂર્વનું આયુષ ભોગવી, અંતે અનાલોચિત ત્રીજે ભવથી ચવી ॥ દશ સાગર ભવ ચોથે પંચમ સ્વર્ગથી, ઉપન્યો પંચમ ભવ હવે બ્રાહ્મણ વર્ગમાં ॥ ૮ ॥ એંસી પૂર્વ લખ આઉખે કૌશિક દ્વિજ થયો, ઘૂણા નયરીએ છઠે ભવ ભમતાં ગયો ॥ બેહાતેર લખ પુર્વાયુષ્ય દ્વિજ નામથી, અંતે ત્રિદંડી થઈને મુઓ તે અકામથી ॥૯॥ સાતમે સોહમ ચૈત્યપુરે ભવ આઠમે, અગ્નિદ્યોત દ્વિજ લખ પુર્વાયુ સાઠમે ॥ અંતે ત્રિદંડી થઈને હવે નવમે ભવે, ઈશાને અમૃત સુખ રંગે અનુભવે ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ દશરથ પૂર્વદ્વિપનું ભવિકા સિદ્ધગિરિ ધ્યાઓ ॥ એ દેશી ॥

અગ્નિભૂતિ દ્વીજ દસમે આયો, મંદર પુરમાં તેહ સુહાયો ॥ લાલન તેહ સુહાયો ॥ છપ્પન લખ પૂર્વાયુ ધરતો, અંતે ત્રિદંડીયો થઈને તે ફરતો ॥ લાલન થઈને તે ફરતો ॥ ૧ ॥ ઈગ્યારમે ભવે સનત્કુમાર, બારમે શ્વેતાંબિયે અવતાર ॥ લા૦ ॥શ્વે૦॥ ભિભારદ્વીજ અંતે ત્રિદંડી, ચુંઆલીસ લાખ પૂર્વાયુ મંડિ ॥લા૦॥ ॥પુ૦ ॥૨॥ તેરમે ભવ થયો માહેંદ્રદેવ, ચૌદમે થાવર બ્રાહ્મણ દેવ ॥ લા૦ ॥ બ્રા૦ ॥ ચોત્રીસ લાખ પુર્વાયુ પાલી, ત્રિદંડીયો થઈ કાયાને ગાળી, ॥ લા૦ ॥ કા૦ ॥૩॥ પનરમે ભવે પાંચમે સ્વર્ગે, તીહાંથી ચવી ભમિયો ભવ વરગે ॥ લા૦ ॥ ભ૦ ॥ સો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લમે ભવે વિશ્વભૂતિ નામે, ક્ષત્રીય સુત ઉપન્યો તે સકામે ાલાા૦ાા ાા ઉ૦ ાા ૪ ાા વિશાખભૂતિ ધારણીનો જાયો, સંભૂતિસાધુયે તેહ વંદાયો ાા લા૦ ાા તે૦ ાા સહસ વરસ જિણ ચરણ આરાધિ, તપસી થયો અતિ વીરમિ ઉપાધિ ાા લા૦ ાા વી૦ ાા ૫ ાા એક દિન મથુરામા ગોચરી ચાલ્યો, વરજાત્રા જતાં ભાઇયે ભાલ્યો ાા લા૦ ાા ભા૦ ાા એહવે એક ગાયે તસ માર્યો, ભૂમિ પડયો અતિ ક્રોધે ધાર્યો ાા લા૦ ાા ક્રો૦ ાા ૬ ાા તે જોતાં ગૌ ગગને ભમાડી, એમ નિજ ભુજ બલ તેહને દેખાડિ ાા લા૦ ાા દે૦ ાા અણસણ સાથે નિયાણું કીધું, તપ સાટે બલ માગીને લીધુ ાાલા૦ ાા મા૦ ાા ૭ ાા કોડ વરસનું જીવિત સારિ, સત્તરમે શુક્ર સ્વર્ગે અવતારિ ાા લા૦ ાા સ૦ ાા અઢારમે ભવે પુત્રીનો કામી, પ્રજાપતિ પોતનપુર સ્વામી ાા લા૦ ાા પુ૦ ાા ૮ ાા મૃગપતિ રાણીયે કુખે ધરિયો, સાત સુપન સૂચિત અવતરીયો ાા લા૦ ાા સૂ૦ ાા બાલપણે જેણે સિંહને હણીયો, ત્રિપૃષ્ટ નારાયણ કરી સુણીયો ાા લા૦ ાા ના૦ ાા ૯ ાા ત્રણસેં સાઠ સંગ્રામ તે કીધો, સજ્યા પાલકને દુઃખ દીધો ાા લા૦ ાા પા૦ ાા લાખ ચોરાસી વરસનું આય, ભોગવી સાતમી નરકે તે જાય ાા લા૦ ાા ન૦ ાા ૧૦ ાા ઓગણીસમે ભવે દુઃખ અતિવેદી, વીસમે ભવ હુઓ ભવ સિંહ સખેદી ાા લા૦ ાા સિં૦ ાા ચોથી નરકમેં ભવ એકવીસમે, બહુ ભવ ભમતાં હવે બાવીસમે ાા લા૦ ાા હ૦ ાા કોઇ શુભયોગે નરભવ પાયો, ત્રેવીસમે ભવ ચક્રી ગવાયો ાા લા૦ ાા ચ૦ ાા ધનંજય ધારણીનો તે બેટો, મુકા નગરીયે ભુજબલ તેજો ાાલા૦ાા ભુ૦ ાા ૧૨ ાા ખટ ખંડ પૃથ્વીમાં આણ મનાવી, ચૌદ રયણ નિધિ સંપદ પાઈ ાા લા૦ ાા સં૦ ાા પોટિલાચાર્ય ગુરૂ તિહાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંદી, દીક્ષા, આદરી મનથી આનંદી ॥ લા૦ ॥ મ૦ ॥ ૧૩ ॥ ચોરાસી લાખ પૂર્વ પ્રમાણ, આયુ પાળી હવે ચોવીસમે જાણુ ॥ ॥ લા૦ ॥ ચો૦ ॥ મહાશુક્રે હુવો અમર ઉમંગે, અમૃત સુખ ભોગવે રંગે ॥ લા૦ ॥ ભો૦ ॥ ૧૪ ॥

॥ ઢાલ ॥ ૫ ॥ દશરથ પૂરવ વ દિપતું ॥ એ દેશી ॥

॥ આ ભરતે છત્રિકા પુરી, પચવીસમે ભવે આયાજી ॥ ભદ્રા જિનશત્રુ નૃપ કુલે, નન્દન નામ સુહાયાજી ॥ ત્રોટક ॥ નામ નંદન ત્રિજગ વંદન, પોટિલાચારજ કન્હે ॥ ગ્રહી ચરણ દમતો કરણ, વિચરે મૃગપતિ જિમ વને ॥ ૧ ॥ તીહાં માસખમણે, વીસ સ્થાનક, તપ તપી દુઃકર પણે ॥ પદ બાંધિયું ઇહા તીર્થંકરનું, ભાવથી આદર ઘણે ॥ ચાલ ॥ અભિગ્રહી માસખમણ કીયાં, જાવજીવ વિહરંતોજી ॥ ઉલસિત ભાવે તપ તપી, કીધો કરમનો અંતોજી ॥ ૨ ॥ ત્રોટક ॥ ભવ અંત કીધો કાજ સિધ્યો તાસ સંખ્યા હું કહું, અગીઆર લાખને સહસ એંસી, છસેં પીસતાલીસ લહું ॥ દીન પાંચ ઉપર અધિક જાણો, લાખ પચવીસ સહસનું ॥ આઉખું પાલી ભ્રમણ ટાલી, કામ કીધું મરદનું ॥ ૩ ॥ ॥ ચાલ ॥ અણસણ માસ સંલેખણા, કરી વધતે પરિણામેજી ॥ સવિ જગજંતુ ખમાવીને, ચવિયો તીહાંથી સકામેજી ॥ ૪ ॥ ॥ ત્રોટક ॥ ચવિયો સકામે સ્વર્ગ દશમે, વીસ સાગરે સુર હુઓ, તીહાં વિવિધ સુર સુખ ભોગવે, ખટ વીસમો ભવ એ જુઓ ॥ મરિચી ભવે એ કર્મ બાંધ્યું, તે હજી ખુટ્યું નહીં, ચરિમ સત્તાવીસમે ભવે, ઉદય આવ્યું તે સહી ॥ ૫ ॥ ચાલ ॥ ઋષભદત્ત બ્રાહ્મણ વસે, વર માહણ કુંડ ગામજી, તસ ઘરણી ગુણ ગોરડી, દેવાનંદા ઇતિ નામેજી ॥ ૬ ॥ ત્રોટક૦ ॥ દેવાનંદા કુખે આયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૌદ સુપના નિસિ લહે ॥ તબ ઈંદ્ર અવધિએ જોઇને, હરણી-ગમેષીને કહે ॥ નગર ક્ષત્રીય કુંડગામે સિદ્ધારથ છે નરપતિ ॥ તસ પટ્ટરાણી તેહ ખાણી નામે ત્રિશલા ગુણવતી ॥ ૬ ॥ ચાલ॥ તીહાં જઈ ગર્ભને પાલટો એ, તુમને છે આદેશજી ॥ કોઈ કાલે એમ નવી બન્યું, દ્વિજ કુલ હોય જિનેશજી ॥ ૭ ॥ ત્રોટક ॥ દ્વિજ કુલે ન હોય જિનપતિ વલી, એહ અચરિજની કથા, લવણમાં જિમ અમૃત લહરિ મરૂમાં સુરતરૂ યથા ॥ એમ ઇંદ્રવચણાં સાંભળી પહોંચી તીહાં પ્રણમે પ્રભુ, બહુ ગર્ભ પલટી રંગભરથી જઈ વહે નીજ વિભુ ॥ ૯ ॥

## ॥ ઢાલ ॥ ૬ ॥ હાંરે કાંઈ જોબનીયાનો ચટકો દહાડા ચ્યારજો ॥ એ દેશી ॥

॥ હારે મારે એસી દીન ઇમ વસીને દ્વિજ ઘરમાંહિજો, ત્રીશલા કુંખે ત્રિભુવન નાયક આવિયા રે ॥ લોલ ॥ હારે મારે તેહજ રાતે ચૌદ સુપન લહે માતજો, સુપન પાઠક તેડીને અર્થ સુણાવિયારે લોલ ॥ ૧ ॥ હાંરે મારે ગર્ભ સ્થિતી પૂર્ણ થયે જનમ્યા સ્વામીજો, નારક સ્થાવર જનના સુખને ભાવતારે લોલ ॥૨॥ હાંરે મારે સૂતિ કર્મને કરતી ધરતી હર્ષજો, અમરિરે ગુણ સમરી જિનપદ પાવતીરે લોલ ॥ ૨ ॥ હાંરે મારે સોહમ ઈંદ્રાદિકનો ઓચ્છવ હુંતજો, સિદ્ધારથ પણ તિમ વલી મન મોટે કરેરે લોલ ॥ હાંરે મારે નામ ઠવ્યું શ્રી વર્દ્ધમાન કુમારજો, દિન દિન વાધે પ્રભુજી કલ્પતરૂપરેરે લોલ ॥ ૩ ॥ હાંરે મારે દેવે અભિધા દિધું શ્રી મહાવીરજો, જોવન વય વલી સંઠવે નવ નવ ભોગનેરે લોલ ॥ હાંરે મારે ઇમ કરતાં માત પિતા ગયાં સ્વર્ગ મોજારજો, લોકાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિક તબ આવી કરે ઉપયોગનેરે લોલ ॥ ૪ ॥ હાંરે મારે વર- સીદાન દઇને સંજમ લીધજો, પરિસહને ઉપસર્ગ સહ્યા પ્રભુએ ઘણારે લોલ ॥ હાંરે મારે લાખ વરસ તપસી પૂર્વ ભવ નાથજો, તો પણ આ ભવ તપની રાખી નહીં મણારે લોલ ॥ ૫ ॥ હાંરે મારે બે ખટમાસી તેમાં પણ દિન ઉણજો નવ ચઉમાસી બે ત્ર- ણમાસીને લહુરે લોલ ॥ હાંરે મારે બે અઢીમાસી ખટ બે માસી જાણજો, દોઢ માસી હોય માસ ખમણ બારે કહુંરે લોલ ॥ ૬ ॥ હાંરે મારે બોંતેર પાસ ખમણ વલી અઠ્ઠમ બારજો, દોયસત ઓગણત્રીસ એ છઠ તપને ભણુંરે લોલ ॥ હાંરે મારે આદિ પ્રભુ તપ તપીયા તે વિણું નીરજો, ત્રણસેં ગુણ પંચાસ એ પારણે દિન ગણુંરે લોલ ॥ ૭ ॥ હાંરે મારે તિમ અપ્રતિ બંધી બેઠા નહીં ભગવંતજો, બાર વરસમાં નિદ્રા બે ઘડીની કરીરે લોલ ॥ હાંરે મારે તેમ નિરમલ ધ્યાને ઘાતિકર્મ ખપાયજો, દર્શન જ્ઞાન વિલસી કેવલને વરીરે લોલ ॥ ૮ ॥ હાંરે મારે પ્રભુ કેવલ પામ્યા રજુવાલિકા તીરજો, આવેરે વિચરંતા ચિત્ત ઉમંગથીરે લોલ ॥ હાંરે મારે અતિ ઉલસે થઈને સુરનર કોડા કોડજો, જિન વચના- મૃત સુણવા આવે રંગથીરે લોલ ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૭ ॥ દેશી હમિરિયાની ગીતની છે ॥

॥ મહસેન વનમાં સમોસર્યા, જગનાયક જિનચંદ સુજ્ઞાની ॥ સમવસરણ રચના કરી, પ્રણમેં ચોસઠ ઇંદ્ર સુજ્ઞાની ॥ વીર જી- ણંદને વંદીએ ॥ ૧ ॥ એ આંકણી ॥ પ્રતિહારજ વર આઠસું શોભે પ્રભુનો દેદાર ॥ સુજ્ઞાની ॥ દીવ્ય ધ્વનિ દેવે દેશના, સાંભલે પરખદા બાર ॥ સુજ્ઞાની ॥ વી૦ ॥ ૨ ॥ ઇંદ્રભૂતિ દ્વિજ પ્રમુ- ખને, ગણધર થાપે ઇગ્યાર ॥ સુજ્ઞાની ॥ દર્સણ નાણ ચરણ ધરા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૌદ સહસ અણગાર ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૩ ॥ છત્રીસ સહસ સુસાહુણી, ચારસેં વાદિ પ્રમાણ ॥ સુજ્ઞાની ॥ વૈક્રિય લબ્ધિને કેવલી, સાતસેં સાતસેં જાણ ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૪ ॥ ઓહી નાણીધર તેરસે, મનઃ પર્યવશત પંચ ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥૫॥ દોઢ લાખ નવ સહસ છે, શ્રમણોપાસક સાર ॥ સુજ્ઞાની ॥ શ્રાવિકા વળી ત્રણ લાખને, ઉપર સહસ અઢાર ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૬ ॥ ચઉવિધ સંઘની સ્થાપના, કરતા ફિરતા નાથ ॥સુજ્ઞાની॥ ભવિક કમલ પડિબોહતા, મેલતા શિવપુર સાથ ॥ સુજ્ઞાની ॥ ॥ વીર૦ ॥ ૭ ॥ પુત સપુત ન એહવા, જગમાં દીસે કોય ॥ સુજ્ઞાની ॥ બ્યાસી દીન કુખે વસ્યા, એ ઉપકારને જોય ॥ સુજ્ઞાની॥ ॥ વીર૦ ॥ ૮ શિવપુર તેહને પહોચાવીયા, બ્રાહ્મણ બ્રાહ્મણી દોય ॥ સુજ્ઞાની ॥ જગવત્સલ જિન વંદતા, હિયડું હરખીત હોય ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૯ ॥ ત્રીસ વરસ ગૃહવાસના, ભોગવી ભોગ ઉદાર ॥ સુજ્ઞાની ॥ છદ્મસ્થાન વસ્યા સહિ, બારસાધિક વર્ષ ધાર ॥ સુજ્ઞાની વીર૦ ॥ ૧૦ ॥ ત્રીસ વરસ જીણે અનુભવ્યો, કેવલ લીલવિલાસ ॥ સુજ્ઞાની ॥ પૂર્ણ આઉખું પાલીને, બોંતેર વરસનું ખાસ ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૧૧ ॥ દિવાલી દીન શિવ વર્યા, છોડી સયલ જંજાલ ॥ સુજ્ઞાની ॥ સહજાનંદી સુખ લહ્યું, આતમ શકિત અજુઆલ ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૧૨ ॥ ભૂત ભાવિ વર્ત્તમાનના, સુર સુખ લેઇ અશેષ ॥ સુજ્ઞાની ॥ નભપ્રદેશ ઠવે કરી, કીજે વર્ગ વિશેષ ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૧૩ ॥ ઇણીપરે વર્ગ અનંતના, કરીયે સહુ સમુદાય ॥ સુજ્ઞાની ॥ અવ્યાબાધિત સુખતણો, અંશ ન એક લખાય ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૧૪ ॥ નિજગુણ ભોગી ભોગવે, સાદિ અનંતો કાલ ॥ સુજ્ઞાની ॥ નિજ સત્તાને વિલસતા, નિશ્ચય નય સંભાલ ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૧૫ ॥ ઇમ અમૃત પદને વરી, બેઠા થઇ નિશંક ॥ સુજ્ઞાની॥ વર્દ્ધમાન ભાવેકરી, વંદે નિત નિત રંગ॥ સુજ્ઞાની ॥ વીર૦ ॥ ૧૬ ॥

॥ કલશ ॥ ઇમ વીર જિનવર સયલ સુખકર દુરિત દુઃખહ જિમ મહી, યુગ બાણ વસુ શશી માન વરસે, સંસ્તુણ્યો ત્રિભુવન ધણી ॥ સગવીસ ભવનું સ્તવન ભવિયણ, સાંભલી જે સદૃહે ॥ તે ઋદ્ધિ વૃદ્ધિ સુ સિદ્ધિ સઘલે, સદા રંગ વિજયલહે ॥ ઇતિ શ્રી સત્તાવીસ ભવનું વીર જિન સ્તવન સંપૂર્ણ. ॥

## ॥ श्री महावीरस्वामीनुं पंचकल्याणकनुं– त्रण ढाळनुं स्तवन ॥

॥ દુહા શાસન નાયક શિવકરણ, વંદુવીર જિણંદ ॥ પંચ કલ્યાણક જેહના; ગાશું ધરી આણંદ ॥ ૧ ॥ સુણતાં થુણતાં પ્રભુ તણા, ગુણ ગીરૂઆ એકતાર ॥ ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફલ હુએ અવતાર ॥ ૨ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ બાપડી સુણ જીભલડી ॥ એ દેશી ॥

॥ સાભળજ્યો સસ્નેહી સયણાં, પ્રભુના ચરિત્ર ઉલ્લાસે ॥ જે સાંભળશે પ્રભુ ગુણ તેહના, સમકિત નિર્મળ થાશેરે ॥ સાં૦ ॥ ॥ ૧ ॥ જંબુદ્વીપે દક્ષિણ ભરતે, માહણ કુંડ ગામે ॥ ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, દેવાનંદા નામેરે ॥ સાં૦ ॥ ૨ ॥ અષાઢસુદી છઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવિયા ॥ ઉત્તરા ફાલ્ગુની યોગે આવી, તસ કુખે અવતરીયારે ॥ સાં૦ ॥ ૩ તિણ રયણી સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે ॥ પ્રભાતે સુણી કંથ ઋષભદત્ત, હિયડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંહી હરખેરે ॥ સાં૦ ॥ ૪ ॥ ભાંખે ભોગ અર્થ સુખ હોસ્યે, હોસ્યે પુત્ર સુજાણ ॥ તે નિસુણી સા દેવાનંદા, કીધું વચન પ્રમાણરે ॥ સાં૦ ॥ ૫ ॥ ભોગ ભલા ભોગવતા વિચરે, એ હવે અચરિજ હોવે ॥ સતક્રતુ જીવ સુરેસર હરખ્યો, અવધિ પ્રભુને જોવેરે ॥ સાં૦ ॥ ૬ ॥ કરી વંદનને ઇંદ્ર સન્મુખ, સાત આઠ પગ આવે ॥ શક્રસ્તવ વિધિ સહિત ભણીને, સિંહાસન સોહાવેરે ॥ સાં૦ ॥ ૭ ॥ સંશય પડિઓ એમ વિમાસે, જિનચક્રી હરીરામ ॥ તુચ્છ દરિદ્ર માહણકુલ નાવે, ઉગ્રભોગ વિણ ધામેરે ॥ ॥ સાં૦ ॥ ૮ ॥ અંતિમ જિન માહણ કુલ આવ્યા, એહ અછેરૂ કહીએ ॥ ઉત્સર્પિણી અવસર્પિણી અનંતી, જાતાં એહવું લહીએરે ॥ સાં૦ ॥ ૯ ॥ ઇણ અવસર્પિણી દસ અછેરાં, થયાં તે કહીએ તેહ॥ ગર્ભ હરણ ગોસાલા ઉપસર્ગ, નિષ્ફળ દેશના જેહરે ॥ સાં૦ ॥ ॥ ૧૦ ॥ મૂલ વિમાને રવિ શશી આવ્યા, ચમરાનો ઉત્પાત ॥ એ શ્રીવીરજિણેસર વારે, ઉપના પંચ વિખ્યાતરે ॥ સાં૦ ॥૧૧॥ સ્ત્રી તીર્થ મલ્લિજિનવારે, શીતલને હરિવંશ ॥ ઋષભને અટ્ઠોત્તરસો સીધા ॥ સુવિધિ અસંજતી સંસરે ॥ સાં૦ ॥ ૧૨ ॥ શંખ શબ્દ મીલીયા હરિ હરસ્યું, નેમીસરને વારે ॥ તીમ પ્રભુ નીચ કુલે અવતરીયા, સુરપતિ એમ વિચારેરે ॥ સાં૦ ॥ ૧૩ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ નદી યમુનાકે તીર ॥ એ દેશી ॥

॥ ભવ સત્તાવીસ સ્થુલમાંહિ ત્રીજે ભવે, મરીચી કીયો કુલનો મદ ભરત યદા સ્તવે ॥ નીચ ગોત્ર કરમ બાંધ્યુ તિહાં તે વતી ॥ અવતરીયા માહણ કુલ અંતીમ જિનપતી ॥ ૧ ॥ અતિ અઘટતું એહ થયું થાશે નહીં, જે પ્રસવે જિન ચક્રી નીચકુલે નહીં ॥ ઈહાં મારો આચાર ધરૂં ઉત્તમ કુલે, હરણીગમેષી દેવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેડાવે એટલે ॥ ૨ ॥ કહે માહણકુંડ નયરે જાઈ ઉચિત કરો, દેવાનંદા કુખેથી પ્રભુને સંહરો ॥ નયર ક્ષત્રાયકુંડ રાય સિદ્ધારથ ગેહિની, ત્રિશલા નામે ધરો પ્રભુ કુખે તેહની ॥ ૩ ॥ ત્રીશલા ગર્ભ લઇને ધરો માહણી ઉરે, બ્યાસી રાત વસીને કહ્યું તીમ સુરકરે ॥ માહણી દેખે સુપન જાણે ત્રીશલા હર્યાં, ત્રીશલા સુપન લહે તવ ચોદ અલંકર્યાં ॥ ૪ ॥ હાથી વૃષભ સિંહ લક્ષ્મી માલા સુંદરૂં, શશી રવિ ધ્વજ કુંભ પદ્મ સરોવર સાગરૂં ॥ દેવ વિમાન રયણ પુંજ અગ્નિ વિમલ હવે, દેખે ત્રિશલા એહ કે પીઉને વિનવે ॥ ૫ ॥ હરખ્યો રાય સુપન પાઠક તેડાવિયા, રાજભોગ સુતફલ સુણી તેહ વધાવિયા ॥ ત્રિશલારાણી વિધિસ્યું ગર્ભસુખે હવે, માય તણે હિત હેત કે પ્રભુ નિશ્ચલ રહે ॥ ૬ ॥ માય ધરે દુઃખ જોર વિલાપ ઘણું કરે, કહે મેં કીધાં પાપ અઘોર ભવાંતરે ॥ ગર્ભ હર્યો મુજ કેણુ હવે કેમ પામીએ, દુઃખનો કારણ જાણી વિચાર્યું સ્વામીયે ॥ ૭ ॥ અહો અહો મોહ વિટંબણ જાલમ જગતમે, અણુદીઠે દુઃખ એવડો ઉપાયો પલકમેં ॥ તામ અભિગ્રહ ધારે પ્રભુ તે કહું, માત પિતા જીવતાં સંયમ નવિ ગ્રહું ॥ ૮ ॥ કરૂણા આણી અંગ હલાવ્યું જિનપતિ, બોલી ત્રિશલા માત હિયે ઘણું હિસતી ॥ અહો મુજ જાગ્યાં ભાગ્ય ગર્ભ મુજ સલસલ્યો, સેવ્યો શ્રી જિનધર્મ કે સુરતરૂ જિમ ફલ્યો ॥ ૯ ॥ સખીય કહે શીખામણ સ્વામીની સાંભલો, હળવે હળવે બોલો હસો રંગે ચલો ॥ ઈમ આનંદે વિચરંતા ડોહલા પુરતે, નવ મહિનાને સાડાસાત દિવસ થતે ॥ ૧૦ ॥ ચૈત્ર તણી સુદ તેરસ નક્ષત્ર ઉત્તરા, જોગે જન્મ્યા વીર કે તવ વીકસી ધરા ॥ ત્રિભુવન થયો ઉદ્યોત કે રંગ વધામણાં, સોના રૂપાની વૃષ્ટિ કરે ઘેર સુર ઘણા ॥ ૧૧ ॥ આવી છપ્પન કુમારી કે ઓછવ પ્રભુ તણો, ચાલ્યું રે સિંહાસન ઈંદ્રકે ઘં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટારણ ઝણે ॥ મળી સુરની કોડ કે સુરવર આવીયો, પંચ રૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીઓ ॥ ૧૨ ॥ એક કોડ સાઠ લાખ કલશ જલશું ભર્યા, કિમ સેહેસ્યે લઘુ વીર કે ઇંદ્ર સંશય ધર્યા ॥ પ્રભુ અંગુઠે મેરૂ ચાંપ્યો અતિ ધડ ધડે, ગડગડે પૃથ્વી લોક જગતના લડથડે ॥ ૧૩ ॥ અનંત બળી પ્રભુ જાણી ઇંદ્રે ખમાવિઓ, ચાર વૃષભનાં રૂપ કરી જલ નામીઓ ॥ પૂજી અરચી પ્રભુને માય પાસ ધરે, ધરી અંગુઠે અમૃત ગયા નંદીશ્વરે ॥૧૪॥

॥ ઢાલ ॥ ૩ ॥ દેશી હમચડીની ॥

॥ કરી મહોચ્છવ સિદ્ધારથ ભૂપ, નામ ધરે વર્ધમાન ॥ દીન દીન વાધે પ્રભુ સુરતરૂ જિમ, રૂપ કલા અસમાન રે ॥હમચડી ॥ ૧ ॥ એક દિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જબ જાવે ॥ ઇંદ્ર મુખે પ્રશંસા સુણી તિહાં, મિથ્યાત્વી સુર આવેરે ॥ હમચડી ॥ ૨ ॥ અહિ રૂપે વિટાણો તરૂસ્યું, પ્રભુ નાંખ્યો ઉછાલી ॥ સાત તાડનું રૂપ કર્યું તબ, મુઠે નાંખ્યો વાલી રે ॥ હમચડી ॥ ૩ ॥ પાયે લાગીને તે સુર ખામે, નામ ધરે મહાવીર ॥ જેવો ઇંદ્રે વખાણ્યો સ્વામી, તેવો સાહસ ધીરરે ॥ હમચડી ॥૪॥ માત પીતા નિશાળે મુકે, આઠ વરસના જાણી ॥ ઇંદ્રતણા તિહાં સંશય ટાળ્યા, નવ વ્યાકરણ વખાણીરે ॥ હમચડી ૫ ॥ અનુક્રમે યોવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદા રાણી ॥ અઠ્ઠાવીશે વરસે પ્રભુનાં, માત પિતા નિર્વાણીરે ॥ હમચડી ॥ ૬ ॥ દોય વરસ ભાઇને આગ્રહ, પ્રભુ ઘરવાસે વસીયા ॥ ધર્મ પંથ દેખાડો ઇમ કહે, લોકાંતિક ઉલસીયારે ॥ હમચડી ॥ ૭ ॥ એક કોડ આઠ લાખ સોનઇયા, દીન દીન પ્રભુજી આપે ॥ ઇમ સંવચ્છરી દાન દઇને, જગનાં દારિદ્રય કાપેરે ॥ હમચડી ॥ ૮ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છાંડયા રાજ અંતેઉર પ્રભુજી, ભાઇએ અનુમતિ દીધી॥ મૃગશીર વદ દશમી ઉત્તરાયે, વીરે દીક્ષા લીધીરે ॥ હમચડી ॥ ૯ ॥ ચક્રિનાણું તિણુ દીનથી પ્રભુજી, વરસ દિવસ ઝાઝેરં ॥ ચિવર અર્ધ બ્રાંહ્મણને દીધું, ખંડ ખંડ બે કેરી રે ॥ હમચડી ॥ ૧૦ ॥ ઘોર પરિસહ સાઢા બારે, વરસ જે જ સહીયા ॥ ઘોર અભિગ્રહ જે જે ધારયા, તે નવિ જાયે કહીયારે ॥ હમચડી ॥ ૧૧ ॥ સૂલપાણીને સંગમદેવે, ચંડકોસી ગોસાલે ॥ દીધું દુખને પાયસ રાંધી, પગ ઉપર ગોવાલેરે ॥ હમચડી ॥ ૧૨ ॥ કાને ગોપે ખીલા માર્યા, કાઢતાં મુકી રાડી ॥ જે સાંભલતાં ત્રિભુવન કંપ્યાં, પર્વત શિલા ફાટીરે ॥ હમચડી ॥ ૧૩ ॥ તં તેં દુષ્ટ સહું ઉધરીયા, પ્રભુજી પર ઉપગારી ॥ અડદ તણા બાકુલા લઈને, ચંદન બાલા તારીરે ॥ હમચડી ॥ ૧૪ ॥ દોય છ માસી નવ ચઉ માસી અઢી માસી ત્રણુમાસી ॥ દોઢ માસી બે બે કીધાં, છકીધાં બે માસીરે ॥ હમચડી ॥૧૫॥ બાર માસને પખ બોહોતેર, છઠ બસેં ઓગણુત્રીસ વખાણું ॥ બાર અઠમ ભદ્રાદિ પ્રતિમાં, દીન દોઇ ચાર દશ જાણુંરે ॥ હમચડી ॥૧૬॥ ઇમ તપ કીધાં બારે વરસે. વીણુ પાણી ઉલ્લાસે ॥ તેમાં પારણું પ્રભુજીએ કીધાં, ત્રણુસેં ઓગણુપચાસરે ॥ હમચડી ॥ ૧૭ ॥ કર્મ ખપાવી વૈસાખમાસે, સુદ દશમી સુભ જાણુ ॥ ઉત્તરા યોગ શાલિવૃક્ષ તલે, પામ્યા કેવલ નાણુરે ॥ હમચડી ॥ ૧૮ ॥ ઇંદ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણુધર પદવી દીધી ॥ સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા, સંઘ સ્થાપના કીધીરે ॥ હમચડી ॥ ૧૯ ॥ ચઉદ સહસ અણુગાર સાધવી, સહસ છત્રીસ કહીજે ॥ એક લાખને સહસ ગુણુ સહિ, શ્રાવક શુદ્ધ કહીજેરે ॥ હમચડી ॥ ૨૦ ॥ તીન લાખ અઢાર સહસ વલી, શ્રાવિકા સંખ્યા જાણી ॥ ત્રણુસેં ચૌદ પૂર્વધારી, તેરસેં

૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓહી નાણીરે ॥ હમચડી ॥ ૧ ॥ સાત સયાં તે કેવલનાણી, લબ્ધિધારી પણ તતા ॥ વિપુલ મતિયા પાંચસેં કહાયા, ચ્યારસેં વાદી જિત્યા રે ॥ હમચડી ॥ ૨૨ ॥ સાતસેં અંતેવાસી સીધ્યા, સાધવી ચૈદસેં સાર ॥ દીન દીન તેજ સવાયે દીપે એ, પ્રભુજીનો પરિવારર ॥ હમચડી ॥ ૨૩ ॥ ત્રીસ વરસ ઘરવાસે વસીયા, બાર વરસ છદ્મસ્થે ॥ તીસ વરસ કેવલ બેંતાલીસ, વરસ સમણ મધિર ॥ હમચડી ॥ ૨૪ ॥ વરસ બહોતેર કેરૂ આયુ, વીર જિણંદનું જાણો ॥ દીવાલી દીન સ્વાતી નક્ષેત્ર, પ્રભુજીનો નિરવાણરે ॥ હમચડી ॥ ૨૫ ॥ પંચકલ્યાણક એમ વખાણ્યા, પ્રભુજીના ઉલ્લાસે ॥ સંઘ તણે આગ્રહ હરખ ભરીને, સુરત રહી ચોમાસુંરે ॥ હમચડી ॥ ૨૬ ॥

॥ કલશ ॥ ઇમ ચરમ જિનવર, સયલ સુખકર, થુણ્યો અંત ઉલટ ધરી ॥ અષાડ ઉજ્વલ પંચમી દિન, સંવત શત ત્રીહોતરે ॥ ભાદ્રવા શુદ પડવા તણે દીન, રવિવારે ઉલટ ભર્યો ॥ વિમલ વિજય ઉવઝાય પયકજ, ભ્રમર સમ શુભ શીષ્ય એ ॥ રામવિજય જિનવર નામે, લહે અધિક જગીસએ ॥ ૨૭ ॥ ઈતિ શ્રી વીર જિન સ્તવન ॥

## ॥ श्री आंबिल वर्धमान तपनुं चैत्यवंदन ॥

॥ વર્દ્ધમાન જિનપતિ નમી, વર્દ્ધમાન તપ નામ ॥ ઓલી આંબિલની કરૂં, વર્દ્ધમાન પરિણામ ॥ ૧ ॥ એક એક દિન યાવત શત, ઓલી સંખ્યા થાય ॥ કર્મ નિકાચિત તોડવા, વજ્ર સમાન ગણાય ॥ ૨ ॥ ચૌદ વર્ષ ત્રણ માસની, એ સંખ્યા દિનની વીસ ॥ યથા વિધિ આરાધતાં, ધર્મરત્ન પદ ઈશ ॥ ૩ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ वर्धमान तपनुं स्तवन ॥

॥ ઢાલ ॥ ૧ ॥ નવપદ ધરજ્યો ધ્યાન, ભવિક તમે નવપદ ધરજ્યો ધ્યાન ॥ એ દેશી ॥

॥ તપ પદ ધરજ્યો ધ્યાન, ભવિક તમે, નામે શ્રી વર્દ્ધમાન ॥ દિન દિન ચઢત વાન, ભવિક તમે, સેવો થઈ સાવધાન ॥ ભ૦ ॥૧॥ પ્રથમ ઓલી એમ પાલીનેરે, બીજી એ આંબિલ હોય ॥ ભ૦ ॥ ત્રીજી ત્રણ ચોથા ચાર છેરે, ઉપવાસ અંતરે હોય ॥ ભ૦ ॥ ૨ ॥ એમ આંબિલ સો વૃત્તનીરે, સોમી આલી થાય ॥ ભ૦ ॥ શક્તિ અભાવે આંતરેરે, વિશ્રામે પહોંચાય ॥ ભ૦ ॥ ॥ ૩ ॥ ચાદ વરસ ત્રણ માસનીરે, ઉપર સંખ્યા વીશ ॥ભ૦ ॥ કાલ માન એ જાણવુંરે, કહે વીર જગદીશ ॥ ભ૦ ॥ ૪ ॥ અંતગડ અંગે વરણવ્યુરે, આચારદિનકર લેખ ॥ ભ૦ ॥ ગ્રંથાતરથી જાણવુંરે, એ તપનું ઉલ્લેખ ॥ ભ૦ ॥ ૫ ॥ પાંચ હજાર પચાસ છેરે, આંબિલ સંખ્યા લવ ॥ ભ૦ ॥ સંખ્યા સો ઉપવાસનીરે, તપ માન ગાલે ગર્વ ॥ ભ૦ ॥ ૬ ॥ મહાસેન કૃષ્ણા સાધવીરે, વર્દ્ધમાન તપ કીધ ॥ ભ૦ ॥ અંતગડ કેવલ પામીનેરે, અજરામર પદ લીધ ॥ ભ૦ ॥ ૭ ॥ શ્રીચંદકેવલીએ તપ સેવિઓરે, પામ્યા પદ નિર્વાણ ॥ ભ૦ ॥ ધર્મ રત્ન પદ પામવારે, એ ઉત્તમ અનુમાન ॥ ભ૦ ॥ ૮ ॥

॥ ઢાલ ॥૨॥ જેમ જેમ એ ગિરિ ભેટીએરે, તેમ તેમ પાપ પલાય સલુણા ॥ એ દેશી ॥

॥ જિમ જિમ એ તપ કીજીએરે, તિમ તિમ ભવપરિપાક સલુણા ॥ નિકટ ભવિ જીવ જાણવોરે ॥ એમ ગીતાર્થ સાખ સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લુણાં ॥ જિમ૦ ॥ ૧ ॥ આંબિલ તપ વિધિ સાંભલોરે, વર્દ્ધમાન ગુણખાણ સલુણા ॥ પાપ મલક્ષય કારણેરે, કતક ફુલ ઉપમાન સલુણા ॥ જિમ૦ ॥ ૨ ॥ શુભ મહુર્ત્ત શુભ યોગમાંરે, સદ્ગુરૂ આદિ યોગ સલુણા ॥ આંબિલ તપ પદ ઉચરીરે, આરાધો અનુયોગ સલુણા ॥ જિમ૦ ॥ ૩ ॥ ગુરૂ મુખ આંબિલ ઉચરીરે, પુજી પ્રતિમા સાર સલુણા ॥ નવપદની પૂજા ભણીરે, માગો પદ અણુહાર સલુણા ॥ જિમ૦ ॥ ૪ ॥ ખટરસ ભોજન ત્યાગવારે, ભૂમિ સંથારો થાય સલુણા ॥ બ્રહ્મચર્યાદિ પાલવારે, આરંભ જયણા થાય સલુણા ॥ જિમ૦ ॥ ૫ ॥ તપ પદની આરાધનારે, કાઉસગ્ગ લોગસ્સ બાર સલુણા ॥ ખમાસમણાં બાર આપવારે, ગણણું દોય હજાર સલુણા ॥ જિમ૦ ॥ ૬ ॥ અથવા સિદ્ધપદ આશ્રયિરે, કાઉસગ્ગ લોગસ્સ આઠ સલુણા ॥ ખમાસમણાં આઠ જાણવારે, નમો સિદ્ધાણં પાઠ સલુણા ॥ જિમ૦ ॥ ૭ ॥ બીજે દીન ઉપવાસમારે, પૌષધાદિ વ્રતયુક્ત સલુણા ॥ પડિક્કમણાદિ ક્રિયા કરારે, ભાવના પરિમલ યુક્ત સલુણા ॥ જિમ૦ ॥ ૮ ॥ એમ આરધતાં ભાવથીરે, વિધિ પૂર્વક ધરો પ્રેમ સલુણા ॥ લાવો ધ્યાવો ભવિજનારે, ધર્મ રત્ન પદ એમ સલુણા જિમ૦ ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૬ ॥ નરભવ નયર સોહામણું વણજારારે ॥ એ દેશી ॥

॥ જિન ધર્મ નંદન વન ભલો, રાજ હંસારે, શીતલ છાયા સેવોને, રાજ હંસારે ॥ પ્રાણી તું થા સાવધાન અહો રાજ હંસારે ॥ ૧ ॥ અમૃત ફલ આસ્વાદીને રાજ હંસારે, કાઢ અનાદિની ભુખ ॥ અહો૦ ॥ ભવ પરિભ્રમણમા ભમતુ ॥ રાજ૦ ॥ અવસર પામી ન ચુક ॥ અહો૦ ॥ ૨ ॥ શત શાખાથી શોભતો ॥ રાજ૦ ॥ પાંચ હજાર પચાસ ॥ અહોરાજહંસારે, આંબિલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુલે અલંકર્યો ॥ રાજ૦ ॥ અક્ષય પદ ફલ તાસ ॥ અહો૦ ॥૩॥ વિમલેસર સુર શાંનિધ્યે ॥ રાજ૦ ॥ તું નિર્ભય થયો આજ ॥ અહો૦ ॥ કૃત્ય કૃત્ય થઈ માગતું ॥ રાજ૦ ॥ અકલ સ્વરૂપી રાજ ॥ અહો૦ ॥ ૪ ॥ વિગ્રહ ગતિ વોસરાવીને ॥ રાજ૦ ॥ લોકાગ્રે કરવાસ ॥ અહો૦ ॥ ધન્ય તું કૃત્ય પુણ્ય તું ॥ રાજ૦ ॥ સિદ્ધ સ્વરૂપ પ્રકાશ ॥ અહો૦ ॥૫॥ તપ ચિંતામણી કાઉસગ્ગે ॥ રાજ૦ ॥ વીર તપો ધન ધ્યાન ॥ અહો૦ ॥ મહાસેન કૃષ્ણા સાધવી ॥ રાજ૦ ॥ શ્રીચંદ ભવજલ નાવ ॥ અહો૦ ॥ ૬ ॥ સૂરિશ્રી જગચંદ્રજી ॥ રાજ૦ ॥ હીરવિજય ગુરૂ હીર ॥અહો૦॥ મલ્લિવાદી પ્રભુ કુરગડુ ॥ રાજ૦ ॥ આચાર્ય સુહસ્તી વીર ॥ અહો૦ ॥ ૭ ॥ પારંગત તપજલધિના ॥ રાજ૦ ॥ જે જે થયા અણગાર ॥ અહો૦ ॥ જીત્યા જીન્હા સ્વાદને ॥ રાજ૦ ॥ ધન્ય ધન્ય તસ અવતાર ॥ અહો૦ ॥ ૮ ॥ એક આંબિલે તુટશે ॥ ॥ રાજ૦ ॥ એક હજાર દસ ક્રોડ ॥ અહો૦ ॥ દસ હજાર ક્રોડ વરસનું ॥ રાજ૦ ॥ ઉપવાસે નરક આયુષ ॥ અહો૦ રાજ૦ ॥ ૯ ॥ તપ સુદર્શન ચક્રથી ॥ રાજ૦ ॥ કરો કર્મનો નાશ ॥અહો૦॥ધર્મ રત્ન પદ પામવા ॥રાજ૦॥ આદરો અભ્યાસ॥૧૦॥

॥ કલશ ॥ તપ આરાધન ધર્મસાધન, વર્દ્ધમાન તપ પરગડો, મનકામના સહુ પૂરવામાં, સર્વથા એ સુરઘડો ॥ અન્નદાનથી શુભધ્યાનથી, સુભવિ જીવ એ તપસ્યા કરો ॥ શ્રી વિજયધર્મ સૂરીય સેવક, રત્નાવજય કહે શીવ વરો ॥ ૧ ॥ ઇતિ વર્દ્ધમાન તપ સ્તવન સમ્પૂર્ણ. ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ अथ श्री वर्धमान तपनी थोयो ॥

॥ વર્દ્ધમાન ઓલી કરો, ભવ ભવ પાતિક ત્યારે હરો ॥ વર્દ્ધમાન જિન પામીને, દૂર કરો મહું આમીને ॥ ૧ ॥ વર્દ્ધમાનાદિક જિન તર્યા, પૂર્વે ભવે જે તપ કર્યા ॥ તે તપ મુજને ફલ આપો, આહારાદિક સંજ્ઞા કાપો ॥ ૨ ॥ અંતગડ આચાર દિન, શ્રી ચંદ્ર ચરિત્ર આદરૂં, તપ કુલકાદિ પંથ છે, તપ સાધનના ગ્રંથ જે ॥ ૩ ॥ તપગચ્છ નંદન સુરતરૂ, શ્રી વિજય ધર્મ સુરીસરૂ ॥ રત્ન વિજય સુખદાયિકા, સહાયકરે સિદ્ધાયિકા ॥ ૪ ॥ ઇતિ થોયો.

# ॥ श्री वर्धमान तपनी सझाय. ॥

॥ મોરા સાહિબહો શ્રી શીતલનાથકે અરજ સુણો એક માહરી ॥ એ દેશી ॥

॥ મોરા ચેતન હો કહું અનુભવ વાતકે, સાંભલ સ્થિર થઇ મિત્ર તું ॥ જિમ પામે હો તું શિવસુખ સારકે, ક્ષણમાં હોય પવિત્ર તું ॥ ૧ ॥ તપ આંબિલ હો કરજે વર્દ્ધમાન કે, વિઘ્ન વિદારણ કેસરી. અષ્ટસિદ્ધિ હો અણિમાદિક થાયકે, પ્રગટે ઋદ્ધિ પરમેશ્વરી ॥ ૨ ॥ ભય સાતે હો સહુ દૂર પલાયકે, આંબિલે બલી નહીં દ્વારિકા ॥ દેવ સાંનિધ્ય હો કરે હરે સૌ કષ્ટ કે, મંત્ર તંત્ર ફલ કારકા ॥ ૩ ॥ મયણા સુંદરી હો શ્રીપાલ નરેશ કે, એ તપથી સુખીયા થયા ॥ એ સેવ્યા હો તપ સુરવૃક્ષકે, મુક્તિ પદવી લહ્યા ॥ ૪ ॥ નવકારશી હો તોડે એકસો વર્ષકે, નરકાયુ સુરનું કરે ॥ તો તોડે પોરસી હો વર્ષ એક હજાર કે, આયુ તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાઢ પોરસી હરે ॥ ૫ ॥ એક લાખ હો પુરિમડ્ઢ હરતકે, એ-કાસણુ દસ લાખનું ॥ નીવી કરતાં હો એક ક્રોડ કપાયકે, એકલ-ઠાંણા દસ ક્રોડનું ॥ ૬ ॥ કાપે સો ક્રોડ હો વર્ષ એકલદાતિકે, હજાર ક્રોડ વરસ આંબિલે ॥ ઉપવાસે હો દસ સહસ ક્રોડકે, નરક આયુષ તું કાપલે ॥ ૭ ॥ એ વાખ્યા હો મધ્યમ ફલ જાણુકે, કેવલ લહે ઉત્કૃષ્ટથી ॥ દસ ધારો હો એ અસિ સૂર્ય હાસકે, સુષ્ટિ જ્ઞાને ગ્રહો સુષ્ટથી ॥ ૮ ॥ નમો તવસ્સહો ગણો દોય હ-જારકે, ખમાસમણા બાર છે ॥ ગણો લોગસ્સ હો બાર કાઉસ્સગ રૂપકે, સાચો કર્મ કુઠાર છે ॥ ૯ ॥ યથા શકિત હો કરો તપ અનુકુલકે, સંયમ શ્રેણી આદરો ॥ તપ વર્દ્ધમાન હો વર્દ્ધમાન પરિણામકે, ધર્મ રત્ન પદ અનુસરો ॥ ૧૦ ॥ ઈતિ વર્દ્ધમાન તપ સઝાય.

---

## ॥ श्री सीमन्धरस्वामीनुं स्तवन ॥

॥ શ્રી સીમંધરસ્વામીજી, જીવન જગદાધાર ॥ વાહલા સુણો એક વિનતિ, મારા પ્રાણ તણા આધાર ॥ પ્રભુજી માનીએ મહારાજ ॥ ૧ ॥ હિયડુ તે મુજ હે જાલુઓ, શંસય ભર્યા ઉભરાય ॥ એક પલક ધીરજ નવી ધરે, કહું કવણ આગલ જાય ॥ પ્રભુ૦॥ ॥ ૨ ॥ ક્ષણ ક્ષણ મનોરથ નવનવા, ઉપજે તે મનડામાંહિ ॥ ફરી તે મનમાં વીરમે, કાંઈ જેમ કુવાની છાંહિ ॥ પ્ર૦ ॥ ૩ ॥ એક ઘડી અથવા અધઘડી,, જો પ્રભુ મલે એકાંત ॥ તો વાત સવી મનની કહું, ભાંજે તે સઘલી ભ્રાંત ॥ પ્ર૦ ॥ ૪ ॥ ભલે સર-જયાં તે પંખેરૂઆં, મન ચિંતવે તિહાં જાય ॥ માણસને ન સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રજી પાંખડી, તીણે રહ્યું મન અકલાય ॥ પ્ર૦ ॥ ૫ ॥ કુણુ મિત્ર જગ એહવો મિલે, જે લહે મનની વાત ॥ વેધે નહી મન જેહશું, કીમ મિલે તેહ સુધાત ॥ પ્રભુજી૦ ॥ ૬ ॥ નવનવા રંગી જી વડા, અતિ વિભ્રમ પંચમ કાલ ॥ આપ આપણા મન રંગમાં સહુકો થઈ રહ્યા લાલ ॥ પ્રભુજી૦ ॥ ૭ ॥ કહું કુણુ આગલ વાતડી, કુણ સાંભલે વલી તેહ ॥ ટાલે તે કુણુ પ્રભુ તુમ વિના, મનડાતણા સંદેહ ॥ પ્રભુજી૦ ॥ ૮ ॥ સંસાર સઘલો જોવતાં, મુજ મન ન રૂચે કાંહી ॥ જીમ કમલ વનનો ભમરલો, તેને અવર ન ગમે કાંહી ॥ પ્રભુજી૦ ॥૯॥ ધન્ય મહાવિદેહના લોકને, જે રહે સદા પ્રભુ પાસ ॥ મુખચંદ દેખી તુમ તણો, પુરેતે મનની આશ ॥ પ્રભુજી૦ ॥૧૦॥ તુમ વયણા અમૃત સારીખા, શ્રવણે સુણે નિત્યમેવ ॥ સંદેહ પુછી મનતણો, નિર્ણયકરી નિત્યમેવ ॥૧૧॥ શે ગુનહે અમને અવગુણી, પ્રભુજી વશ્યા અતિદુર ॥ શી ભક્તિ એવી તે હુંતિ, જે કર્યા આપ હજુર ॥ પ્રભુજી ॥ ૧૨ ॥ જો ગુન્હા લાખ ગમે કરી, સેવક હલેતાં જેહ ॥ તો પણ પોતાના ત્રેવડી, સાહિબન દાખો છેહ ॥ પ્રભુજી૦ ॥ ૧૩ ॥ વળી વળી શું કહીએ ઘણું, પ્રભુ વિનતિ મન માંહી ॥ ઇમ ભકતને ઉવેખતાં, નહીં ભલા દીસો કાંહી ॥ પ્રભુજી૦ ॥ ૧૪ ॥ મુજ સરિખા કોડી ગમે, સેવક તુમારે સ્વામ ॥ પણ મારે પ્રભુ તુમ વિના, ન અવર મન વીસરામ ॥ પ્રભુજી૦ ॥ ૧૫ ॥ એ અરજ મારી સાંભળી, કરૂણા કરી મન સાથ ॥ કહે હંસ પ્રભુ હેજે હવે, દરીસણ દીજે નાથ ॥ પ્રભુજી૦ ॥ ૧૬ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ श्री सिद्धाचलजीनुं स्तवन ॥

॥ નાભિનંદન પૂર્વ નવાણું, શ્રી આદીશ્વર આવ્યા ॥ અજિત શાંતિ ચોમાસું રહીયા સુરનરપતિ મન ભાવ્યા, ભવિ તુમે વંદોરે, સિદ્ધાચલ સુવિચારી ॥ પાપ નિકંદોરે, ગિરિ ગુણ મનમાં ધારો ॥ ૧ ॥ ચૈત્ર સુદી પુનમને દિવસે, ગુણ રયણાયર ભરીયા ॥ પાંચ કોડિસું પુંડરિક ગણધર, ભવ સાયરને તરિયા ॥ ભવિ૦ ॥ ॥ ૨ ॥ પોતરા પ્રથમ પ્રભજી કેરા, દ્રાવિડ વારિખેણ જાણો । કાર્ત્તિક સુદી પુનમને દિવસે, દસ કોડી ગુણ ખાણી ॥ ભવિ૦ ॥ ॥ ૩ ॥ કુંતા માતા સતી શિરોમણી, યદુવંશી સુખકારી ॥ પાંડવ વીસ કોડીશું સિદ્ધા, અણગારી અણહારી ॥ ભવિ૦ ॥ ૪ ॥ ફાગણ સુદી દશમીને સેવો, નમિ વિનમી બે કોડિ, આતમ ગુણ નિર્મલ નિપજાવ્યા, નાવે એહની જોડી ॥ ભવિ૦ ॥ ૫ ॥ ચૈત્ર વદી ચૌદસ શિવ પામી, નમિ પુત્રી ચોસઠ રત્નત્રયી સંપૂર્ણ સાધી, પામી એ પરમઠ ॥ ભવિ૦ ॥ ૬ ॥ ફાગણ સુદી તેરસે શિવ પામ્યા, શાંબ પ્રદ્યુમન ગુણ ખાણી ॥ સાડી આઠ કોડીશું મુનિવર, પરણી શિવ પટરાણી ॥ ભવિ૦ ॥૭॥ રામ ભરત ત્રણ કોડી મુનિશું, અચલ થયા અરિહંત ॥ છેહેલા નારદ લાખ એકાણું સમરો મન કરા સંત ॥ ભવિ૦ ॥ ૮ ॥ એક સહસશું થાવચ્ચા સુત, પંચ સયા સેલગજી ॥ એક હજારસું શુક પરિવ્રાજક, પામ્યા પદ અવિચલજી ॥ ભવિ૦ ॥ ૯ ॥ અતીત ચોવીસીના ચોવીસમા પ્રભુ તેહના ગણધર વંદો ॥ કદંબ નામ એક કોડીશું સિદ્ધ થયા સુખકંદો ॥ ભવિ૦ ॥ ૧૦ ॥ એક હજારને આઠ સંઘાતે, બાહુબલિ મુનિ મોટા ॥ ત્રણ કોડિ જયરામ ઋષીશ્વર સિદ્ધ થયા નહીં ખોટા ॥ ભવિ૦ ॥ ૧૧ ॥ અંધકવિષ્ણુ પિતા મા ધારિણી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેહ તણા દસ પુ ॥ ગૌતમ સમુદ્ર પ્રમુખ શિવ પામ્યા, રાખ્યું ધરનું સૂત્ર ॥ ભવિ૦ ॥ ૧૨ ॥ વળી તેહના આઠ પુત્ર વખણ્યા, અક્ષાભ આદિ કુમરા ॥ સોલ વરસ સંજમ આરાધી, પામ્યા ભવના પરા ॥ ભાવ૦ ॥ ૧૩ ॥ અનાધૃષ્ટિને દારૂગ મુનિ હોય, આત્મ શક્તિ સમારી ॥ ઋષભ સેનાદિક તીર્થંકર પણ, ઇહાં વરીઆ શિવનારી ॥ ભવિ૦ ॥ ૧૪ ॥ ભરત વશે રાજાદ ઘણેરા, આતમ ધર્મને સાધ્યો ॥ શુક રાજન શોકાગત સુણીએ, મુક્તિ નિલય ગુણ વાધ્યો ॥ ભવિ૦ ॥ ૧૫ ॥ જાલિ મયાલિને ઉવયાલે, દેવકી ખટ સુત વારૂ ॥ સિદ્ધ થયા મંડુક મુનિ વળી, નમતાં મન હોય ચારૂ ॥ ભવિ૦ ॥ ૧૬ ॥ અતીત કાલે સિદ્ધા અનંતા, સીદ્ધશે વલી અનંતા ॥ સંપતિકાલે મોટું તીરથ, ઇમ ભાંખે ભગવંતા ॥ ભવિ૦ ॥ ૧૭ ॥ ધન્ય એ તીરથ મોટો મહિમા, પામી પાતક જાયે, ક્ષમાવિજય જસ તીરથધ્યાને, શુભ મન સિધ્ધિ થાયે ॥ ભવિ૦ ॥ ૮ ॥ ઇતિ શ્રી સિધ્ધાચલ સ્તવન સંપૂર્ણ ॥

## श्री सुमतिनाथ स्तवन.

॥ સજની મોરી સુમતિ જિનેસર સેવારે ॥ સ૦ ॥ નરભવનો એ મેવારે ॥ સ૦ ॥ સારંગપુર શણગારરે ॥ સ૦ ॥ આપે ભવનો પારરે ॥ સ૦ ॥ વિનતડી અવધારરે ॥ સ૦ ॥ નિજ આતમને તારોરે ॥ ૧ ॥ સ૦ ॥ ભોગ કર્મ ક્ષય જાણીરે ॥ સ૦ ॥ પરણ્યા સંજમ રાણીરે ॥ સ૦ ॥ પુદ્ગલ અનુભવ છાંડયોરે ॥ સ૦ ॥ કરમશું ઝઘડો માંડયોરે ॥ ૨ ॥ સ૦ ॥ સંવર કોટ શ્રીકારરે ॥ સ૦ ॥ ચોકી ભાવના બારરે ॥ સ૦ ॥ ધીરજ ઢાલ પર સિધ્ધરે, ક્ષમા ખડગ કર લીધરે ॥ ૩ ॥ સ૦ ॥ શિયલ સન્નાહ ધરી ધીરરે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ સ૦ ॥ તપ તિરકસ ભરી તીરરે ॥ સ૦ ॥ જ્ઞાનના ગોલા ચલા- વીરે ॥ સ૦ ॥ ધ્યાન અનલ સલગાવીરે ॥ ૪ ॥ સ૦ ॥ મોહ રાયને મા રિ ॥ સ૦ ॥ નિજ આતમને તાર્યારે ॥ સ૦ ॥ કરમ કટક સિવિ ભાગ્યુંરે ॥ સ૦ ॥ જીત નગારૂં વાગ્યુંરે ॥ ૫ ॥ સ૦ ॥ કેવલ કમલા વરિયારે ॥ સ૦ ॥ જ્ઞાતાદિક ગુણ દરિઆરે ॥ સ૦ ॥ આતમ સુખના ભોગીરે ॥ સ૦ ॥ પુદ્ગલ ભાવ વિયો- ગીરે ॥ ૬ ॥ સ૦ ॥ સુમતિ જિન સુમતિ આપેરે ॥ સ૦ ॥ આપ સમોવડ થાપેરે ॥ સ૦ ॥ એ સમ અવરન કોઇરે ॥ સ૦ ॥ ત્રણ ભુવનમાં જોઇરે ॥ ૭ ॥ સ૦ ॥ આપ થયા શિવ ગામીરે ॥ સ૦ ॥ કરમશું કરશે હરામીરે ॥ સ૦ ॥ સાદિ અનંતે ભાંગોરે ॥ સ૦ ॥ એ પદ કુણ ન માગેરે ॥ ૮ ॥ સ૦ ॥ શું વિષયા રસ રાચોરે ॥ સ૦ ॥ ભવસુખ જાણો કાચોરે ॥ સ૦ ॥ ઘરનો ધંધો છોડોરે ॥ સ૦ ॥ ધર્મશું મમતા જોડોરે ॥ ૯ ॥ સ૦ ॥ મણિ ઉદ્યોત પ્રભુ પામીરે ॥ સ૦ ॥ કિમ થાયે વિષયારામીરે ॥ સ૦ ॥ કુણ પીયે ખાટી છાશરે ॥ સ૦ ॥ મુકી અમૃત સુવાસરે ॥ ૧૦ ॥ ઇતિ શ્રી સુમતિનાથ સ્તવન ॥

## ॥ अथ अठाईनुं स्तवन लिख्यते ॥

॥ દૂહા ॥

સ્યાદવાદ સુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ ॥ પરમ પંચ પરમેષ્ટીમાં । તાસ ચરણ સુખકંદ ॥ ૧ ॥ ત્રિગુણ ગોચર નામ જે, બુદ્ધિ ઇશાંનમાં તેહ ॥ થયા લોકોતર સત્વથી, તે કર્વે જીનગેહ ॥ ૨ ॥ પંચ વરણ અરિહા વિભૂ, પંચ કલ્યાણુક ધ્યેય ॥ અટ્ઠ અઠાઇ સ્તવન રચું, પ્રણમિ અનંત ગુણગેહ ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ ઢાલ પહેલી ॥

॥ કપુર હોએ અતિ ઉજલો રે ॥ એ દેશી ॥

ચૈત્ર માસ સુદિ પક્ષમાં રે ॥ પ્રથમ અઠાઇ સંયોગ ॥જીહાં સિદ્ધચક્રની સેવના રે ॥ અધ્યાતમ ઉપયોગ રે ॥ ભવિકા પર્વ અઠાઈ આરાધ ॥ મન વંછિત સુખ સાધ રે । ભવિકા૦ ॥ ૧ ॥ ॥ એ આંકણી ॥ પંચ પરમેષ્ટી ત્રિકાલનાં રે ॥ ઉત્તર ચઉ ગુણવંત ॥ સાસ્વતા પદ સિદ્ધચક્રનાં રે ॥ વંદતાં પુન્ય મહંત રે ॥ ભ૦ ॥ ૨ ॥ લોચન કર્ણ યુગલ મુખે રે ॥ નાસિકા અગ્ર નિલાડ ॥ તાલુ સિર નાભિ હ્રદે રે ॥ ભમુંહ મધ્યે ધ્યાન પાઠ રે ॥ ભ૦ ॥ ૩ ॥ આલંબન સ્થાનક કહ્યાં રે ॥ જ્ઞાનિયેં દેહ મઝાર ॥ તેહમાં વિગત વિષયપણે રે ॥ ચિતમાં એક આધાર રે ॥ ભ૦ ॥ ૪ ॥ અષ્ટ કમલદલ કર્ણિકા રે ॥ નવ પદ થાપો ભાવ ॥ બહિર યંત્ર રચિ કરી રે ॥ ધારો અનંત અનુભાવ રે ॥ ભ૦ ॥ ૫ ॥ આસો સુદિ સાતમ થકી રે ॥ બિજી અઠાઇ મંડાણ ॥ બસેં ત્રેતાલીસ ગુણે કરી રે ॥ અસિઆ ઉસાદિક ધ્યાન રે ॥ ભ૦ ॥ ૬ ॥ ઉત્તરાધ્યયન ટિકા કહે રે ॥ એ દોય સાસ્વતિ યાત્ર ॥ કરતા દેવ નંદિશ્વરે રે ॥ નર જિમ ઠામ સુપાત્ર રે ॥ ભવિકા૦ ॥ ૭ ॥

## ॥ ઢાલ બીજી ॥

॥ ભવિકા સિદ્ધચક્ર પદ વંદો ॥ એ દેશી. ॥

આસાઢ ચોમાસાની અઠાઈ ॥ જિહાં અભિગ્રહ અધિકાઈ ॥ કૃષ્ણ કુમારપાલ પરેં પાલો ॥ જીવદયા ચિત લાઇ રે ॥ પ્રાણી અઠાઇમોચ્છવ કરીયેં ॥ સચિત આરંભ પરિહરીયેં રે ॥ પ્રા૦ ॥ ૧ ॥ દિસિ ગમન તજો વર્ષા સમયેં ॥ ભક્ષ્યાભક્ષ્ય વિવેક ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ અછતિ વસ્તુ પણ વિરતિયેં બહુ ફ્લ ॥ વંકચુલ વિવેક રે ॥ પ્રા૦ ॥ ૨ ॥ જે જે દેહ ગ્રહીને મુકયાં ॥ દેહથી જે હિંસા થાય ॥ પાપ આકર્ષણ અવિરત યોગે ॥ તે જીવ કર્મ બંધાય રે ॥ પ્રા૦ ॥ ૩ ॥ સાયક દેહતા જીવ જે ગતિમાં ॥ વસિયા તસ હોય કર્મ ॥ રાજા રંક- કિરીયા સરિખી, ભગવતિ અંગનો મર્મ રે ॥ પ્રા૦ ॥ ૪ ॥ ચોમાસિ આવસ્યક કાઉસગના ॥ પંચ સત માન ઉસાસા ॥ છઠ તપની આલોયણ કરતાં ॥ વિરતિ સધર્મ ઉલ્લાસ રે પ્રા૦ ॥ ૫ ॥

## ॥ ઢાલ ત્રીજી ॥

॥ જીન રયણજી દસદિસ નિરમલતા ધરે ॥ એ દેશી ॥

કાર્તિક સુદીમાં જી ધરમ વાસર અડધારીયે ॥ તિમ વલી ફાગુણે જી પર્વ અઠાઇ સંભારીયેં ॥ ત્રણ અઠાઈ જી ચોમાસિ ત્રણ કારણી ॥ ભવી જીવનાં જી પાતિક સર્વ નિવારણી ॥૧॥ ત્રુટક ॥ નિવારણી પાતિક તણી એ જાણી ॥ અવધિજ્ઞાને સુરવરા ॥ નિકાય ચારના ઇંદ્ર હર્ષિત ॥ વદે નિજ નિજ અનુચરા ॥ અઠાઇ મહોત્સવ કરણ સમયે ॥ સાસ્વતા એ દેખીયેં ॥ સવિ સજ થઓ દેવદેવી ॥ ઘંટ નાદ વિસેષિયેં ॥ ૨ ॥ ચાલ ॥ વલી સુરપતિ જી ઉદઘોષણા સુરલોકમાં ॥ નીપજાવે જી પરિકર સહિત અસોકમાં ॥ દ્વિપ આઠમે જી નંદિશ્વર સવિ આવિયા ॥ ॥ સાસ્વતિ પ્રતિમા જી પ્રણમી વધાવે ભાવીયા ॥ ૩ ॥ ત્રુટક ॥ ભાવીયા પ્રણમિ વધાવે પ્રભુને ॥ હરખ બહુલેં નાચતા ॥ બત્રીસ વિધના કરીય નાટિક ॥ કોડિ સુરપતિ માચતા ॥ હાથ જોડી માન મોડિ ॥ અંગ ભાવ દેખાવતી ॥ અપછરા રંભા અતિ અચંભા ॥ અરિહા ગુણ આલાવતિ ॥ ૪ ॥ ચાલ ॥ ત્રણ અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠાર્ડમાં જી ખટ કલ્યાણક જિનતણા ॥ તથા આલયજી બાવન જિનનાં બિંબ ઘણાં ॥ તસ સ્તવનાજી સદ્ભૂત અર્થ વખાણતાં ॥ ઠામે પોહચે જી પછે જિન નામ સંભારતાં ॥ ૫ ॥ ત્રુટક ॥ સંભારતાં પ્રભુનું નામ નિસદિન ॥ પરવ અઠાઈ મન ધરે ॥ સમકિત નિરમલ કરણ કારણ ॥ સુભ અભ્યાસ એ અનુસરે ॥ નર નારી સમકિતવંત ભાવે ॥ એહ પર્વ આરાધશે ॥ વિઘન નિવારે તેહનાં સહિ ॥ સોભાગ્ય લક્ષ્મી વાધશે ॥ ૬ ॥

॥ ઢાલ ચોથી ॥

આદિ જિણંદ મયા કરી ॥ એ દેશી ॥

પરવ પજુસણમાં સદા ॥ અમારી પડહો વજડાવો રે ॥ સંઘ ભગતિ દ્રવ્ય ભાવથી ॥ સાંહમિવચ્છલ શુભ દાવર ॥ મહોદય પર્વ મહિમા નિધિ ॥ ૧ ॥ સાહમીવચ્છલ એકણ પાસે ॥ એકત્ર કર્મ સમુદાય રે ॥ બુધ્ધિ તોલાયં તોલી યે ॥ તુલ્યલાભ ફલ થાય રે ॥ મ૦ ॥ ૨ ॥ ઉદાઇ ચરમ રાજઋષી ॥ તિમ કરો ખાંમણાં સત્ય રે ॥ મિચ્છામિદુકડં દેઇ ॥ ફરી સેવો પાપ વત્તરે ॥ મ૦ ॥ ૩ ॥ તેહ કહ્યા માયા મૃષાવાદી ॥ આવસક નિર્યુક્તિ માંહે રે ॥ ચઈત પરવાડિ કિજીયે ॥ પૂજા ત્રિકાલ ઉછાહ રે ॥ મ૦ ॥ ૪ ॥ છેહલી ચ્યાર અઠાઈયે ॥ મહા મહોત્સવ કરે દેવા રે ॥ જિવાભિગમે ઈમ ઉચરે ॥ પ્રભુ શાસનના એ મેવા રે ॥ મ૦ ॥ ૫ ॥

॥ ઢાલ પાંચમી ॥

॥ અરણિક મુનિવર ચાલ્યા ગોચરી ॥ એ દેશી ॥

અઠમનો તપ વાર્ષિક પર્વમાં ॥ સલ્ય રહિત અવિરુધ્ધરે ॥ કારક સાધક પ્રભુના ધર્મનો ॥ ઈછારોધે હોય સુધ્ધ રે ॥ પને સેવો રે ટાંલ વિસ્તીના સા મ ગા છુટે ॥ સો વરસે રે કર્યું અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામથી ॥ નારકિ તે તો સકામે રે ॥ પાપ રહિત હોય નવકારસી થકી॥ સહસતે પોરસી ઠામેરે ॥ત૫૦॥૨॥ વધતો વધતાંકે તપ કરવા થકી ॥ક્રમ ગુણો લાભ ઉદારરે ॥ત૦॥ દશલાખ કોડ વરસનું આઠમો દુરિત મિટે નિરધારો રે ॥૩॥ પંચાસ વરસ સુધી તપ્યાં લખમણા ॥ માસ તપ નવિ શુધ્ધ રે ॥ અસંખ્ય ભવ ભમ્યાં રે એક કુવચન થકી ॥ પદ્મનભ વારે સિધ્ધ રે ॥ ત૦ ॥ ૪ ॥ આહારે નિહરતા રે અચ્યુ તપ કહ્યો ॥ જુઓ અભ્યંતર તપ રે ॥ ભવોદધિ સેતુ રે અઠમ તપ ભણી ॥ નાગકેતુ ફલ તપ રે ॥ત ॥૫॥

॥ ઢાલ છઠી ॥

॥ સ્વામી શ્રીમંધર વિનતી ॥ એ દેશી ॥

વાર્ષિક પડિકમણાં વિષે ॥ એક હજાર શુભ આઠ રે ॥ સાસ ઉસાસ કાઉસગ તણાં ॥ આદરી ત્યજો કર્મ કાઠ રે ॥ પ્રભુ તુમ શાસન અતિ ભલું ॥ ૧ ॥ દુગ લખ ચઉ સય અઠ કહ્યાં ॥ પલ્ય પણુયાલિસ હજાર રે ॥ નવ ભાગે પલ્યના ચઉ ગ્રહ્યા ॥ સાસમાં સુર આયુ સાર રે ॥પ્ર૦॥ ૨ ॥ ઓગણિસ લાખને ત્રેસઠી ॥ સહસ બસેં સતસઠિ રે ॥ પલ્યોપમ દેવનું આઉખું ॥ નોકાર કાઉસગ જીઠ રે ॥ પ્ર૦ ॥ ૩ ॥ એકસઠ લાખ ને પણતીસા ॥ સહસ બસેં દશ જાણ રે ॥ એટલા પલ્યનું સુર આઉખું ॥ લોગસ કાઉસગ માન રે ॥ પ્ર૦ ॥ ૪॥ ઘેનુ ધણ રૂપે રે જીવનાં॥ ॥ અચલ છે આઠ પ્રદેશ રે ॥ તેહ પરે સર્વ નિર્મલા કરે ॥ પર્વ અઠાઇ ઉપદેશ રે ॥ પ્ર૦ ॥ ૫ ॥

॥ ઢાલ સાતમી ॥

॥ લીલાવંત કુંવર ભલો એ દેશી ॥

સોહમ કહે જંબુ પ્રતે ॥ જ્ઞાનાદિ ધર્મ આગમ [illegible] ॥ એ આંકણી ॥ અર્થ પ્રકાશે જિનજીના તિમ મેં રચિઓ સિધ્ધાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રે ॥ વિનીત ॥ ૧ ॥ પ્રભુ આગમ ભલો વિશ્વમાં ॥ ષઠ લાખ ત્રહ્સેં ને તેત્રીસ ॥ એ ગુણા સાઠ હજાર રે ॥ વિ૦ ॥ પીસ્તાલીસ આગમ તણો ॥ સંખ્યા જગદાધાર રે ॥ વિ૦ ॥ ૨ ॥ પ્ર૦ ॥ અથમીએ જીન કેવળ રવિ ॥ સુત દીપે વ્યવહાર રે ॥ વિ૦ ॥ ઉભય પ્રકાશક સૂત્રનો ॥ સંપ્રતિ બહુ ઉપગાર રે ॥ વિ૦ ॥ ૩ ॥ પ્ર૦ ॥ પુન્ય ક્ષેત્રમાં સિધ્ધાગિરી ॥ મંત્રમાંહે નવકાર રે ॥ વિ૦ શુક્લધ્યાન છે ધ્યાનમાં ॥ કલ્પસૂત્ર તિમ સાર રે ॥ વિ૦ ॥૪॥ પ્ર૦ ॥ વિર વર્ણવ છે જેહમાં ॥ શ્રી પર્વ તસુ સેવ રે ॥ વિ૦ ॥ ૭૭ તપે કલ્પસૂત્ર સુણે મુદા ॥ ઉચિત વિધિ તતખેવરે ॥ વિ૦ ॥ ૫ ॥ પ્ર૦ ॥

॥ ઢાલ આઠમી ॥

॥ તપસુ રંગ લાગ્યો ॥ એ દેશી ॥

નેઉ સહસ સંપ્રતિ નૃપે રે ॥ ઉધ્ધાર્યા જૈન પ્રાસાદ રે ॥ છતિસ સહસ નવાં કરયાં રે ॥ નિજ આયુ દિનવાદ રે ॥ મનને મોદે રે ॥ પૂજો પૂજો મહોદય પર્વ ॥ મહોત્સવ મોટે રે ॥ ૧ ॥ અસંખ્ય ભરતના પાટવી રે ॥ અઠાઈ ધર્મનાં ઠામિ રે ॥ સિધ્ધગિરીયે શિવપૂરી વરયા રે ॥ અજરામર શુભ ધામિ રે ॥ મ૦ ॥ ૨ ॥ યુગપરધાન પૂરવ ધણી રે ॥ વયર સ્વામિ ગણધાર રે ॥ નિજ પિતુ મિત્ર પાસે જઈ રે ॥ જાચ્યાં ફુલ તઇયાર રે ॥ મ૦ ॥ ૩ ॥ વીસ લાખ ફુલ લેઇ ને રે ॥ આવ્યા ગિરી હિમવંત રે ॥ શ્રીદેવી હાથે લીયા રે ॥ મહા કમલ ગુણવંત રે ॥ મ૦ ॥ ૪ ॥ પછે જિનરાગીને સુંપિયાં રે ॥ સુભીક્ષ નયર મઝાર રે ॥ સુગત મત ઉછ દિને રે ॥ શાસન સોભા અપાર રે ॥ મ૦ ॥ ૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ નવમી ॥

॥ ભરત નૃપ ભાવશું એ ॥ એ દેશી ॥

પ્રતિહારજ અડ પામીયે એ ॥ સિદ્ધ પ્રભુના ગુણ આઠ ॥ હરખ ધરી સેવીયે એ ॥ જ્ઞાન દર્શન ચારિત્રનાં એ ॥ આઠ આચારણાં પાઠ ॥ હ૦ ॥ સેવો સેવો પર્વ મહંત ॥ હ૦ ॥૧॥ પવયણ માતા સિદ્ધિનું એ ॥ બુદ્ધિ ગુણાં અડ દૃષ્ટિ ॥ હ૦ ॥ ગણિ સંપદ અડ સંપદા એ ॥ આઠમી ગતિ દિયે પુષ્ટિ ॥ હ૦ ॥ ૨ ॥ આઠ કર્મ અડ દોષને એ ॥ અડ મદ પરમાદ ॥હ૦॥ પરિહરી આઠ વિધ કારણ ભજીએ ॥ આઠ પ્રભાવક વાદ ॥હ૦॥૩॥ ગુજર હલિ દેશમાં એ ॥ અકબરશાહ સુલતાન ॥ હ૦ ॥ હિરજી ગુરૂનાં વયણથી એ ॥ અમારી પડહ વજડાવી ॥ હ૦ ॥ ૪ ॥ સનસુરી તપગચ્છ મણિ એ ॥ તિલક આણંદ મુણિંદ ॥ હ૦ ॥ રાજયમાન રિદ્ધિ લહે એ ॥ સોભાગ્ય લક્ષ્મી સુરિંદ ॥હ૦॥૫॥ સેવો સેવો પર્વ મહંદ ॥ હ૦ ॥ પુજા જિનપદ અરવિંદ ॥હ૦॥ પુન્ય પર્વ સુખકંદ ॥ હ૦ ॥ પ્રગટે પરમાણંદ ॥ હ૦ ॥ કહે એમ લક્ષ્મી સુરિંદ ॥ હ૦ ॥ ૬ ॥

## ॥ कलस ॥

એમ પાસ પ્રભુનો પસાય પામી ॥ નાંમે અઠાઇ ગુણ કહ્યા ॥ ભવિ જીવ સાધો નિત આરાધો ॥ આત્મ ધર્મે ઉમહ્યાં ॥ ૧ ॥ સંવત જિન અતિશય વસુ સસી ॥ ચૈત્ર પુનમે ધ્યાઇ યા ॥ સો-ભાગ્યસુરી શિષ્ય લક્ષ્મીસુરી બહુ ॥ સંઘ મંગલ પાઇયા ॥ ૨ ॥

॥ ઇતિ શ્રી અઠાઈ મહોત્સવ સ્તવન સંપૂર્ણમ્ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ अथ श्री महावीरस्वामीना सत्तावीश भवनुं पंचढालियुं ॥

## ॥ દોહા ॥

શ્રી શુભવિજય સુગુરૂ નમી ॥ નમી પદ્માવતી માય ॥ ભવ સત્તાવીશ વર્ણવું ॥ સુણતાં સમકિત થાય ॥ ૧ ॥ સમકિત પામે જીવને ॥ ભવ ગણતીએ ગણાય ॥ જો વલી સંસારે ભમે ॥ તોપણ મુગતે જાય ॥૨॥ વીર જિનેશ્વર સાહેબો ॥ ભમિયો કાલ અનંત ॥ પણ સમકિત પામ્યા પછી ॥ અંતે થયા અરિહંત ॥ ૩ ॥

## ॥ ઢાલ પહેલી ॥

॥ કપૂર હોયે અતિ ઉજલો રે ॥ એ દેશી ॥

પહેલે ભવે એક ગામનો રે ॥ રાય નામે નયસાર ॥ કાષ્ટ લેવા અટવી ગયો રે । ભોજન વેળા થાય રે ॥ પ્રાણી ॥ ધરિયે સમકિત રંગ ॥ જિમ પામિયે સુખ અભંગ રે ॥ પ્રાણી ॥ ધરિયે ॥ ૧ ॥ એ આંકણી ॥ મન ચિંતે મહિમા નીલો રે ॥ આવે તપસી કોય ॥ દાન દેઇ ભોજન કરૂં રે ॥ તો વંછિત ફળ હોય રે ॥ પ્રાણી૦ ॥ ૨ ॥ મારગ દેખી મુનિવરા રે ॥ વંદે દેઇ ઉપયોગ ॥ પુછે કેમ ભટકો ઈહાં રે ॥ મુનિ કહે સાથ વિજોગ રે ॥ પ્રાણી૦ ॥ ૩ ॥ હરખ ભરે તેડી ગયો રે ॥ પડિલાભ્યા મુનિરાજ ॥ ભોજન કરી કહે ચાલીએ રે ॥ સાથ ભેળા કરૂં આજ રે ॥ પ્રાણી૦ ॥ ૪ ॥ પગવટીયે ભેળા કરયા રે ॥ કહે મુનિ દ્રવ્ય એ માર્ગ ॥ સંસારે ભૂલા ભમો રે ॥ ભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારગ અપવર્ગ રે ॥ પ્રાણી૦ ॥ ૫ ॥ દેવગુરૂ ઓળખાવિયા રે ॥ દીધો ત્રિધિ નંવકાર ॥ પશ્ચિમ મહાવિદેહમાં રે ॥ પામ્યો સમકિત સાર રે ॥ પ્રાણી૦ ॥ ૬ ॥ શુભ ધ્યાને મરી સુર હુઓ રે ॥ પહેલા સર્ગ મઝાર ॥ પલ્યોપમ આયુ ચવી રે ॥ ભરત ઘરે અવતાર રે ॥ પ્રાણી૦ ॥ ૭ ॥ નામે મરીચી જોવને રે ॥ સંયમ લીયે પ્રભુ પાસ ॥ દુષ્કર ચરણ લહી થયો રે ॥ ત્રિદંડીક શુભ વાસ રે ॥ પ્રાણી૦ ॥ ૮ ॥

॥ ઢાલ બીજી ॥

॥ વિવાહલાની દેશી ॥

નવો વેષ રચે તેણી વેળા ॥ વિચરે આદિશ્વર ભેળા ॥ જળ થોડે સ્નાન વિશેષે ॥ પગ પાવડી ભગવે વેષે ॥ ૧ ॥ ધરે ત્રિદંડ લાકડી મ્હોટી ॥ શીર મુંડણને ધરે ચોટી ॥ વળી છત્ર વિલેપન અંગે ॥ થુલથી વ્રત ધરતો રંગે ॥ ૨ ॥ સોનાના જનોઇ રાખે ॥ સહુને મુનિ મારગ ભાંખે ॥ સમોસરણે પૂછે નરેશ ॥ કોઈ આગે હોશે જિનેશ ॥ ૩ ॥ જિન જંપે ભરતને તામ ॥ તુજ પુત્ર મરીચી નામ ॥ વીર નામે થશે જિન છેલ્લા ॥ આ ભરતે વાસુદેવ પહેલા ॥ ૪ ॥ ચક્રવર્તિ વિદેહે થાશે ॥ સુણી આવ્યા ભરત ઉલ્લાસે ॥ મરીચીને પ્રદક્ષિણા દેતા ॥ નમી વંદીને એમ કહેતા ॥ ૫ ॥ તમે પુન્યાઇવંત ગવાશો ॥ હરિચક્રી ચરમ જિન થાશો ॥ નવિ વંદુ ત્રિદંડિક વેષ ॥ નમું ભક્તિયે વીર જિનેશ ॥ ૬ ॥ એમ સ્તવના કરી ઘર જાવે ॥ મરીચી મન હર્ષ ન માવે ॥ મ્હારે ત્રણ પદવીની છાપ ॥ દાદા જિન ચક્રી બાપ ॥ ૭ ॥ અમે વાસુદેવ ધુર થઇશું ॥ કુલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ મ્હારૂં કહીશું ॥ નાચે કુળ મદશું ભરાણો ॥ નીચ ગોત્ર તિહાં બંધાણો ॥ ૮ ॥ એક દિન તનુ રોગે વ્યાપે ॥ કોઇ સાધુ પાણી ન આપે ॥ ત્યારે વંછે ચેલો એક ॥ તંવ મળિયો કપિલ અવિવેક ॥ ૯ ॥ દેશના સુણી દીક્ષા વાસે ॥ કહે મરીચી લીયો પ્રભુ પાસે ॥ રાજપુત્ર કહે તુમ પાસે ॥ લેશું અમે દિક્ષા ઉલ્લાસે ॥ ૧૦ ॥ તુમ દરશને ધરમનો વ્હેમ ॥ સુણી ચિંતે મરિચી એમ ॥ મુજ યોગ્ય મળયો એ ચેલો ॥ મૂળ કડવે કડવો વેલો ॥ ૧૧ ॥ મરિચી કહે ધર્મ ઉભયમાં ॥ લીયે દીક્ષા જોવન વયમાં ॥ એણે વચને વધ્યો સંસાર ॥ એ ત્રીજો કહ્યો અવતાર ॥૧૨॥ લાખ ચોરાશી પૂરવ આય ॥ પાળી પંચમે સર્ગ સધાય ॥ દશ સાગર જીવિત ત્યાંહી ॥ શુભવીર સદા સુખ માંહી ॥ ૧૩ ॥

॥ ઢાલ ત્રીજી ॥

॥ ચોપાઇની દેશી ॥

પાંચમે ભવ કોલ્લાગસન્નિવેશ ॥ કોસિક નામે બ્રાહ્મણ વેષ ॥ એંશી લાખ પૂરવ અનુસરી ॥ ત્રિદંડીયાને વેષે મરી ॥ ૧ ॥ કાલ બહુ ભમીયો સંસાર ॥ થુણાપુરી છઠો અવતાર ॥ બહોતેર લાખ પૂરવને આય ॥ વિપ્ર ત્રિદંડી વેષ ધરાય ॥ ૨ ॥ સૌધર્મે મધ્ય સ્થિતિયે થયો ॥ આઠમે ચૈત્ય સન્નિવેષે ગયો ॥ અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો ॥ પૂર્વ આયુખલ સાઠે મૂઓ ॥ ૩ ॥ મધ્ય સ્થિતિયે સુર સર્ગઇશાન ॥ દશમે મંદિર પુર દ્વિજઠાણ ॥ લાખ છપ્પન પૂરવાયુરી ॥ અગ્નિભૂતિ ત્રિદંડીક મરી ॥ ૪ ॥ ત્રીજે સરગે મધ્યાયુ ધરી ॥ બારમે ભવ શ્વેતાંબીપુરી ॥ પુરવ લાખ ચુમ્માળીશ આય ॥ ભારદ્વાજ ત્રિદંડીક થાય ॥ ૫ ॥ તેરમે ચોથે સ્વર્ગે રમી ॥ કાળ ઘણો સંસારે ભમી ॥ ચઉદમે ભવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજગૃહી જાય ॥ ચોત્રીશ લાખ પુરવને આય ॥ ૬ ॥ થાવર વિપ્ર ત્રિદંડી થયો ॥ પાચમે સર્ગે મરીને ગયો ॥ સોળમે ભવ કોડ વરસ સમાય ॥ રાજકુમર વિશ્વભૂતિ થાય ॥ ૭ ॥ સંભૂતિમુનિ પાસે અણગાર ॥ દુક્કર તપ કરી વરસ હજાર ॥ માસખમણ પાંરણુ ધરી દયા ॥ મથુરામાં ગોચરીએ ગયા ॥ ૮ ॥ ગાયે હણ્યા મુનિ પડિયા વશા ॥ વિશાખનંદી પિતરિયા હશ્યા ॥ ગૌશૃંગે મુનિ ગર્વે કરી ॥ ગયણ ઉછાળી ધરતી ધરી ॥ ૯ ॥ તપ બળથી હોજ્યો બળ ઘણી ॥ કરી નિયાણું મુનિ અણસણી ॥ સત્તરમે મહાશુકે સુરા ॥ શ્રી શુભવીર સત્તર સાગરા ॥ ૧૦ ॥

॥ ઢાલ ૪ થી. ॥

॥ નદી યમુનાકે તીર, ઉડે દોય પંખીયાં ॥ એ દેશી ॥

અઢારમે ભવે શાત ॥ સુપન સૂચિતસતિ ॥ પોતનપુરીયે પ્રજાપતિ ॥ રાણી મૃગાવતી ॥ તસ સુત નામે ત્રિપૃષ્ઠ ॥ વાસુદેવ નીપન્યા ॥ પાપ ઘણું કરી સાતમી ॥ નરકે ઊપન્યા ॥ ૧ ॥ વીશમે ભવ થઇ સિંહ ॥ ચોથી નરકે ગયા ॥ તીહાંથી ચવી સંસારે ॥ ભવ બહુળા થયા ॥ બાવીશમે નર ભવ લહી ॥ પુણ્ય દશા વરયા ॥ ત્રેવીશમે રાજ્યધાની ॥ મૂકાયે સંચર્યા ॥ ૨ ॥ રાય ધનંજય ધારણી ॥ રાણીયે જનમિયા ॥ લાખ ચોરાશી પૂરવ આયુ જીવિયા ॥ પ્રિય મિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી ॥ કોડી વરસ ચારિત્ર દશા પાલી સહી ॥ ૩ ॥ મહા શુક્રે થઇ દેવ ॥ ઇણે ભરતે ચવી ॥ છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી ॥ ભદ્રામાય લખ પચવીશ ॥ વરસ સ્થિતિ ધરી ॥ નંદન નામે પુત્રે ॥ દીક્ષા આચરી ॥ ૪ ॥ અગીયાર લાખ ને એંશી ॥ હજાર છસ્સેં વળી ॥ ઉપર પીસ્તાળીશ ॥ અધિક પણ દિન રૂળી ॥ વીશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાનક માસ ખમણે ॥ જાવજ્જીવ સાધતા ॥ તિર્થંકર નામ કર્મ ॥ તિહાં નિકાચતા ॥ ૫ ॥ લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા ॥ છવ્વીશમે ભવ ॥ પ્રાણત કલ્પે દેવતા ॥ સાગર વીશનું જીવિત ॥ સુખ ભર ભોગવે ॥ શ્રી શુભવીર જિનેશ્વર ॥ ભવ સુણજો હવે ॥ ૬ ॥

॥ ઢાલ પાંચમી ॥

॥ ગજરામારૂજી ચાલ્યા ચાકરી રે ॥ એ દેશી ॥

નયર માહણકુંડમાં વસે રે ॥ મહા રૂદ્ધિ ઋષભદત્ત નામ ॥ દેવાનંદા દ્વિજ શ્રાવિકારે ॥ પેટ લીધો પ્રભુ વિસરામ રે ॥ પેટ લીધો પ્રભુ વિસરામ ॥ ૧ ॥ બ્યાશી દિવસને અંતરે રે ॥ સુર હરિણગમેષી આય ॥ સિદ્ધારથ રાજા ઘરે રે ॥ ત્રિશલા કૂખે છટકાય રે ॥ ત્રિ૦ ॥ ૨ ॥ નવ માસાંતરે જનમીયારે ॥ દેવ દેવીયે ઓછવ કીધ ॥ પરણી યશોદા જોવને રે ॥ નામે મહાવીર પ્રસિદ્ધ રે ॥ ના૦ ॥૩॥ સંસાર લીલા ભોગવી રે ॥ ત્રીશ વર્ષે દીક્ષા લીધ ॥ બાર વરસે હુઆ કેવળી રે ॥ શિવવહુનું તિલક શિર દીધ રે ॥ શિ૦ ॥ ૪ ॥ સંઘ ચતુર્વિધ થાપીયો રે ॥ દેવા નંદા ઋષભદત્ત પ્યાર ॥ સંયમ દેઇ શિવ મોકલ્યાં રે ॥ ભગવતીસૂત્રે અધિકાર રે ॥ ભ૦ ॥ ૫ ॥ ચોત્રિશ અતિશય શોભતા રે ॥ સાથે ચઉદ સહસ અણગાર ॥ છત્રીશ સહસ તે સાધવી રે ॥ બીજો દેવ દેવી પરિવાર રે ॥ બીજો૦ ॥ ૬ ॥ ત્રીશ વરસ પ્રભુ કેવળી રે ॥ ગામ નગર તેપાવન કીધ ॥ બહોતેર વરસનું આઉખું રે ॥ દીવાળીયે શિવપદ લીધ રે ॥ દીવા૦ ॥ ૭ ॥ અગુરૂ લઘુ અવગાહને રે ॥ કીયો સાદી અનંત નિવાસ ॥ મોહરાયમલ્લ મૂળશું રે ॥ તન મન સુખનો હોય નાશ રે ॥ તન મન૦ ॥ ૮ ॥ તુમ સુખ એક પ્રદેશનું રે ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવી માવે લોકાકાશ ॥ તો અમને સુખીયા કરો રે ॥ અમે ધરીએ તુમારી આશ રે ॥ અમે૦ ॥ ૯ ॥ અણુય ખતા । નાથોર ॥ મેં દીઠો ગુરૂ ઉપદેશ ॥ લાલચ લાગી સાહેબા રે ॥ નવિ ભજીયે કુમતિનો લેશ રે ॥ નવિ૦ ॥ ૧૦ ॥ મ્હોટાનો જે આધારો ॥ તેથી પામીયે લીલ વિલાસ ॥ દ્રવ્ય ભાવ શત્રુ હણ્યા રે ॥ શુભ-વીર સદા સુખવાસ રે ॥ શુભ૦ ॥ ૧૧ ॥

## ॥ कलस ॥

ઓગણીશ એકે વરસ છે કે ॥ પૂર્ણિમા શ્રાવણ વરો ॥ મેં શુણ્યો લાયક વિશ્વનાયક ॥ વર્દ્ધમાન જિનેશ્વરો ॥ સંવેગ રંગ તરંગ ઝીલે ॥ જસ વિજય સમતા ધરો ॥ શુભવિજય પંડિત ચરણ સેવક ॥ વીરવિજયો જય કરો ॥ ૧૨ ॥

॥ ઇતિ શ્રી મહાવીરસ્વામીનું પંચ ઢાલિઉં સ્તવન ॥

# ॥ अथ श्री महावीरस्वामीनुं पालणुं प्रारंभ ॥

માતા ત્રિશલાયે પુત્ર રત્ન જાઇઓ ॥ ચોશઠ ઇંદ્રનાં આસન કંપે સાર ॥ અવધિજ્ઞાને જોઇ ધાયો શ્રી જિનવીરને ॥ આવે ક્ષત્રિયકુંડ નયર મુઝાર ॥ માતા૦ ॥ ૧ ॥ વીર પ્રતિબિંબ મૂકિ માતા કને ॥ અવસર્પિણી નિદ્રા દીએ સાર ॥ એમ મેરૂશિખરે જિનને લાવે ભક્તિશું ॥ હરિ પંચરૂપ કરી મનોહાર ॥ માતા૦ ॥ ૨ ॥ એમ અસંખ્ય કોટાકોટી મલી દેવતા ॥ પ્રભુને અભિષેક મંડાણે લઇ જાય ॥ પાંડુકવન શિલાયે જિનને લાવે ભક્તિશું ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરિ અંમે થાપે ઈંદ્ર ઘણું ઉચ્છાય ॥ માતા૦ ॥ ૩ ॥ એક કોડી સાઠ લાખ કલશે કરી ॥ વીરનો સ્નાત્ર મહોચ્છવ કરે સાર ॥ અનુક્રમે વીરકુમરને લાવે જનની મંદિરે ॥ દાસી પ્રિયવંદા જાણે તેણીવાર ॥ માતા૦ ॥ ૪ ॥ રાજા સિદ્ધારથને દીધી વધામણી ॥ દાસીને દાનને માન દીયે મનોહર ॥ ક્ષત્રી કુડમાંહે ઓચ્છવ મંડાવ્યો ॥ પ્રજાલોકને હરખ અપાર ॥ માતા૦ ॥ ૫ ॥ ઘર ઘર શ્રીફલ તોરણ ત્રાટજ બાંધિયાં ॥ ગોરી ગાવે મંગલ ગીત રસાલ ॥ રાજા સિદ્ધારથે જન્મ મહોત્સવ કરયો ॥ માતા ત્રિશલા થઇ ઉજમાલ ॥ માતા૦ ॥ ૬ ॥ માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે ॥ ઝુલે લાડકડા પ્રભુજી આનંદ ભેર ॥ હરખી નિરખિને ઈંદ્રાણીયો જાએ વારણે ॥ આજ આનંદ શ્રી વીરકુમરને ઘેર ॥ માતા૦ ॥ ૭ ॥ વીરના મૂખડા ઉપર વારૂં કોટી ચંદ્રમા ॥ પંકજ લોચન સુંદર વિશાલ કપોલ ॥ શુક ચંચુ સારેખી દીસે નિર્મલ નાસિકા ॥ કોમળ અધર અરૂણ રંગ રોળ ॥ માતા૦ ॥ ૮ ॥ ઓપધિ સોવન મઠી રે શોભે હાલરે ॥ નાજુક આભરણુ સઘલાં કંચન મોતી હાર ॥ કર અંગુઠો ધાવે વીરકુમર હર્ષે કરી ॥ કાંઇ બોલાવતાં કરે કિલકેલાકાર ॥ માતા૦ ॥ ૯ ॥ વીરને નિલાડે કીધો છે કુંકુમ ચાંદલો ॥ શોભે જડિત મરકત મણિમાં દીસે લાલ ॥ ત્રિશલાયે જુગતે આંજી અણિયાલી બેહુ આંખડી ॥ સુંદર કસ્તુરીનું ટબકું કીધું ગાલ ॥ માતા૦ ॥ ૧૦ ॥ કંચન શોભે જાતનાં રત્ને જડીયું પારણું ॥ ઝુલાવતી વેળા થાયે ઘુઘરનો ઘમકાર ॥ ત્રિશલા વિવિધ વચને હરખી ગાયે હાલરૂં ॥ ખેંચે કુમતીઆલી કંચન દોરી સાર ॥ માતા૦ ॥ ૧૧ ॥ મારો લાડકવાયો સરખા સંગે રમવા જશે ॥ મનોહર સુખડલી હું આપીશ એહને હાથ ॥ ભોજન વેળા રમઝમ રમઝમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતો આવશે ॥ હું તો ધાઇને ભીડાવીશ હૃદયા સાથ ॥ માતા૦ ॥ ૧૨ ॥ હંસ કારંડવ કોકિલ પોપટ પારેવડાં ॥ માંહી બપૈયાને સારસ ચકોર ॥ મેનાં મોર મેલ્યાં છે રમકડાં રમવા તણાં ॥ ઘમઘમ ઘુઘરા બજાવે ત્રિશલા કિશોર ॥ માતા૦ ॥૧૩॥ મારો વીરકુમર નિશાલે ભણવા જાયશે ॥ સાથે સજ્જન કુટુંબ પરિવાર ॥ હાથી રથ ઘોડા પાલખે ભલું શોભતું ॥ કરી નિશાળગરણું અતિ મનોહાર ॥ માતા૦ ॥ ૧૪ ॥ મારા વીર સમાણી કન્યા સારી લાવશું ॥ મારા કુમરને પરણાવીશ મહાટે ઘર ॥ મારો લાડકડો વરરાજા ઘોડે બેસશે ॥ મારો વીર કરશે સદાય લીલા લહેર ॥ માતા૦ ॥ ૧૫ ॥ માતા ત્રિશલા ગાવે વીરકુમરનું હાલરૂં ॥ મારોનંદન જીવજો કોડા કોડી વરસ ॥ એતો રાજ રાજેશ્વર થાશે ભલો દીપતો ॥ મારા મનના મનોરથ પૂરશે જગીશ ॥ માતા૦ ॥ ૧૬ ॥ ધન્ય ધન્ય ક્ષત્રીકુંડ ગામ મનોહરૂં ॥ જિહાં વીરકુમરનો જનમ ગવાય ॥ રાજા સિદ્ધારથના કુલમાંહિ દિનમણી ॥ ધન્ય ધન્ય ત્રિશલારાણી જેહની માય ॥ માતા૦ ॥૧૭॥ એમ સૈયર ટોળી ભેળી ગાવે હાલરૂં ॥ થાશે મનના મનોરથ તેહને ઘેર ॥ અનુક્રમે મહોદય પદવી રૂપવિજય પદ પામશે ॥ ગાયે અમિયવિજય કહે થાશે લીલા લહેર ॥ માતા ત્રિશલા ગાવે વીરકુંમરનું હાલરૂં ॥ ૧૮ ॥

## ॥ महावीरस्वामीनुं हालरीयुं ॥

છાનો મોરા છબ । છાનો મોરા વીર ॥ પછે તમારી દોરી તાણું । મહાવીર કુંવર ઝુલે પારણીએ ઝુલે ॥ ટેક ॥ હીરના છે દોર । ઘુમે છે મોર ॥ કોયલડી સુર નારી ॥ મહાવીર૦ ॥૧॥ ઇંદ્રાણી આવે હાલણુ હુલણુ લાવે ॥ વીરને હેતે કરી હુલરાવે ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવીર૦ ॥ ૨ ॥ સુંદર બેહેની આવે । આભુષણ લાવે । ખાજાં રૂડાં લાવે । મોતીચુર ભાવે ॥ વીરને હેતે કરી જમાડે ॥મહાવીર૦ ॥૩॥ વીર મ્હોટા થશે । નિશાળે ભણવા જાશે ॥ એમ ત્રિસલા-માતા હરખાશે ॥ મહાવીર૦ ॥૪॥ નંદિવર્ધન આવે । રાણી રૂડી લાવે ॥ વીરને હેતે કરી પરણાવે ॥ મહાવીર૦ ॥૫॥ વીર મ્હોટા થાશે । જગતમાં ગવાશે ॥ એમ કાંતિ વિજય ગુણ ગાશે ॥ મ-હાવીર૦ ॥ ૬ ॥

॥ ઇતિ શ્રી વીરકુમરનું પાલણું સમાપ્ત ॥

# नारकीनी सात ढालोनुं स्तवन.

॥ શ્રીવીતરાગાયનમઃ ॥ શ્રીશારદાયનમઃ ॥ શ્રીત્રિસલાનંદન પ્રણમીયે, શાસન નાયકવીર, સિદ્ધારથનૃપકુલતીલો, બલવંત સાહસધીર ॥ ૧ ॥ ચરણ અંગુઠે ચાંપિયો, જેણે મેરૂગિરિંદ, સવિસુર શંસય ઉપન્યો, જાણ્યો ત્રિભુવન ચંદ ॥૨॥ બાલ્લિલા સુખ ભોગવી, પછી લીયે સંજમભાર, કેવળજ્ઞાનપામીકરી, કરે ભાવનો ઉપગાર ॥ ૩ ॥ સમવસરણબેસીકરી, ગૌતમ આગળ વીર, નરકતણા દુઃખ વર્ણવે, સાંભળે વીર વજીર ॥૪॥ વિવિધ પ્રકારની વેદના, સહિતા નારકી જીવ, સાભલતાં હૈયો થરહરે, ભાખે શાસનવીર ॥ ૫ ॥

॥ ઢાલ પહેલી ॥ ત્રિપદિની છે ॥

પહેલી નરકે જાણરે, સાગર એકનો, આયુ ભાખે વીરજીરે એ ॥ ૧ ॥ બીજી નરકે જોયરે, સાગર ત્રણનું, આયુ એટલું જાણીએ એ ॥૨॥ સાગર સાતનું આયુરે, ત્રિજીએ કહ્યા, કેવલિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચન તે સદ્દહોએ ॥ ૩ ॥ ચોથે દસસાગર જાણુરે, ગુણવંત સાંભલો, એહ વચન જિનવીરના એ ॥ ૪ ॥ ગણધાર ભાખે તાસરે, પાંચમી નરકનો, સત્તર સાગર આઉખો એ ॥ ૫ ॥ છઠી નરકે ગુણવંતરે, સાગર બાવીસનો, ઈમ્રિપરે ગુરૂ મુખે સાંભલું એ ॥૬॥ સાતમીએ જાણો સંતરે, સાગર તેત્રિસનો, આયુ વીરજિન પરૂપતાએ ॥૭॥ એ સાતે નરકે આયુરે જાણો શાસ્ત્રથી, નરકવેદન અતિ આકરીએ ॥૮॥ કહે મુક્તિ વીર જિણંદરે કિમ સમેવેદના, ધર્મે મુક્તિ જશલહેએ ॥ ૯ ॥

॥ દૂહા ॥

રત્નપ્રભા પહેલી કહી, સકર પ્રભાનું જાણ, વાલુકા પ્રભા ત્રીજી સુણી, સાંભલો ચતુર સુજાણ ॥૧॥ ચોથી પંક પ્રભા સુણો, ધૂમ પ્રભા પંચમી જેહ, તમ પ્રભા છઠ્ઠી કહી, તમતમા સાતમી જાણ ॥ ૨ ॥

॥ ઢાલ બીજી ॥ મનડું તે મારૂ મોકલું ॥ એ દેશી ॥

કાલ અનંતીવેદના ગુણવંતાજીરે, ઘણું શું ભાખુંએહ, સુગુણજન સાંભળો ગુણવંતાજીરે, સોરબકોર કરે નારકો ॥ ગુ ॥ કેવલી જાણે તેહ ॥ સુ ॥ ગુ૦ ॥૧॥ પંદરભેદના દેવતા ॥ ગુ ॥ વેદના ઉપજાવે પ્રચંડ ॥ સુ ॥ ગુ ॥ ખંડો ખંડ તે પ્રાણુના ॥ગુ॥ ઉપરે મુદગર દંડ ॥ સુ ॥ ગુ ॥ ૨ ॥ એહવા શબ્દ કોણ સાંભળે ॥ ગુ ॥ એક સાંભળે શ્રીજિનરાજ ॥ સુ ॥ ગુ ॥ પાપ કરીને પ્રાણિયો ॥ ગુ ॥ જઈ બેસે નારકીપાત ॥ સુ ॥ ગુ ॥૩॥ કર્કશ ભાષા બોલતા ॥ ગુ ॥ વર્ણકુવર્ણ તું જાણ ॥ સુ ॥ ગુ ॥ માંહામાંહિ સાંભળે ॥ ગુ ॥ સહેવલિ દુઃખની ખાણ ॥ સુ ॥ ગુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૪ ॥ શિતલયોનિ એ ઉપજે ॥ ગુ ॥ રહેતા તિણુજ ઠામ ॥ ॥ સુ ॥ ગુ ॥ રૂધિરમા ખૂચ્યા બાપડા ॥ ગુ ॥ દેખત ઘોર અંધાર ॥ સુ ॥ ગુ ॥ ૫ ॥ કિચ ભક્ષણુ કરે નારકી ॥ ગુ ॥ ઘણુા નરકમાં દુઃખ ॥ સુ ॥ ગુ ॥ મનની વાત મનમાં રહે ॥ ગુ ॥ પરવશ નારકી જીવ ॥ સુ ॥ ગુ ॥ ૬ ॥ દિશ નવિ સૂઝે તેહને ॥ ગુ ॥ પરમાધામી ઉભા જેહ ॥ સુ ॥ ગુ ॥ નાશીને જાય કિહાં ॥ ગુ ॥ એહવો થાનક નહિ જેહ ॥ સુ ॥ ગુ ॥૭॥ સાંભળી હિયડા કમકમે ॥ ગુ ॥ એહવા નારકી દુઃખ ॥સુ ॥ગુ॥ જીવજંત મારે પ્રાણિયો ॥ ગુ ॥ કિમલહે મુક્તિના સુખ ॥ સુ॥ ॥ ગુ ॥ ૮ ॥

॥ દુહા ॥

દશ પ્રકારની વેદના, સહેતા નારકી જીવ, અન્યોઅન્ય ઝૂંઝતા, સહતા દુઃખ સદૈવ ॥ ૧ ॥ અશુભબંધન ૧ અશુભગતિ ૨ અશુભસંસ્થાન હુંડ ૩ ભેદન ૪ અશુભવર્ણ તે ૫ ॥ સહેતા દુઃખ પ્રચંડ ॥ ૨ ॥ અશુભ ગંધ ॥ ૬ ॥ તે જાણજો અશુભ રસ ॥ ૭ ॥ વળી જોય માઠો ફરસ ૮ વળી કહ્યો ॥ માઠો અગુરૂ લઘુ તે હોય ॥ ૩ ॥ માઠો શબ્દ તે લહ્યો, એ વેદન દસે પ્રકાર, ત્રૈલોકય દીપકથી જાણજો. ભાખ્યો સૂત્ર મઝાર ॥ ૪ ॥

॥ ઢાલ ૩ ત્રીજી ॥ મનડો અડે રહ્યો અભિમાને ॥ એ દેશી ॥

સાતે નરકમાં જાણો, વેદના શ્રીવીર વખાણેરે ॥ પ્યારા ॥ નરકતણા દુખ સુણજો, નહિ સુરજ નહિ ચંદ, નહિ પાણી નહિ પવન પ્રચંડારે ॥ પ્યા ॥ ન ॥ ૧ ॥ માહાઘોર અંધકાર, થાનક પણ નહિ સારરે ॥ પ્યારા ॥ બિહામણી ભોમિ જાણો, તસ ફરસ ખંડાધારરે ॥ પ્યારા ॥ ૨ ॥ સાતે નરકે જાણો, ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સવેદન કહિનવિજાવેરે ॥ પ્યા ॥ મહાક્રોધ ધરિને તિહાં, હુ થિયાર ધરિને આવેરે ॥ પ્યા ॥ ૩ ॥ કાતરણિયે કારે દેહ, ઇમ ચૂરણ કરતા તેહરે ॥ પ્યા ॥ મહારૌરવ શબ્દ તે જાણો, કેવલી જાણે તેહરે ॥ પ્યા ॥ ૪ ॥ પરમાધામી પચાવેરે, વલી ઉંધે મસ્તક ટાંગેરે ॥ પ્યા ॥ દેહને ક્ષિણમાં મરોડે, વલી તેહની પૂંઠે દોડેરે ॥ પ્યા ॥ ૫ ॥ વૈતરણી નદીમા લેઇ આવે, વળી પાણીમાં ઝઝકાવેરે ॥ પ્યા ॥ એ કર્મતણા વિપાક, માંહોમાંહે મળી જાવેરે ॥ પ્યા ॥ ૬ ॥ કરે કોહાડા રાખે, વલી વચન બિહામણાં ભાખેરે ॥ પ્યા ॥ છેદન ભેદન કરતા, વળી પાપની રાશે વધતારે ॥ પ્યા ॥૭॥ સમળીને રૂપે આવે, વળી વાય સરૂપે સાહાવેરે ॥ પ્યા ॥ વાઘસિંહના રૂપજ કરતાં, થઇ ચિતા-રૂપે તાડુકેરે ॥ પ્યા ॥ ન ॥ ૮ ॥ ઇમ અનેક હિંસારીજીવ, ઇમપરમા ધામીરૂપેરે ॥ પ્યા ॥ વીર ભાખે પંદર ભેદે, કહે મુક્તિ દુઃખ ઉછેદેરે ॥ પ્યા ॥ ના ॥ ૯ ॥

॥ દુહા ॥

ઇમ દશ પ્રકારની વેદના, કહે નરકે જિનરાજ, શીત ઉષ્ણ નિવેદના, કેવળીયે કહી નવિ જાય ॥ ૧ ॥ ભૂખ તરસતસવેદના, ખરજવેદના અત્યંત, પરવસતી જવરતાપણું, દાધજવર પામે અનંત ॥ ૨ ॥ ભય શોક તેહને ઘણો, ઇમતે નારકી જાણ, વારજિન ઇણપરિ ભાખતા, સુણતા ગોયમ સ્યામ ॥ ૩ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ હો સુણો સાહેબજિ પરમાતમ પૂજાનો ફલ મુજ આપો ॥ એ દેશી ॥

હો સુણો ગૌતમજી, વીરપયંપે નરકતણા દુખ નિવારતા, પરનારી તણી સંગત જે કરતાં, વળી પાપથકી પ્રાણી નહિં ડરતા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમરાયનિ સંકા નવિ ધરતા ॥ ૧ ॥ સુણો: શ્રોતા ॥ નરકતણાં દુ:ખ સાંભળતાં હૈયડું થરહરે ॥ હો ગુણવંતાજી ॥ વીરતણી વાંણી સાંભળતાં ધર્મ ખજાનો તે ભરે ॥ એ ટેક ॥ લોહતણી પૂતાલે તપાવે છે, અતિ અગ્નિમય કરાવે છે, તસ આલિંગન તેહ કરાવે છે ॥ સૂ ॥ ૨ ॥ હો ॥ પાંચસેં જોજન ઉંચા ઉછાલે છે આકાસે પડતાં ઝાલે છે, ફરિ તેહની દેહને બાલે છે ॥ સૂ ॥૩॥ હો ॥ સ્વાનને રૂપે કરડે છે, જાલિ નારકી અંગતે મરડે છે, વલી તેહનિ વાંસે તે દોડે છે ॥ સૂ ॥ ૪ ॥ હો ॥ ગુ ॥ મૃગલાંજિમ પાસમાં પાડે છે, વળી કરવતે કરીને ફાડે છે, ઇમ ઊંચા પકડી ભમાડે છે ॥ સૂ ॥ હો ॥ ૫ ॥ વળી તસ સૂલિઆરોપે છે, વલી કાન નાક તસ કાપે છે, વિરૂઆ તસ તેહના વિપાક છે ॥ ॥ સૂ ॥ હો ॥ ૬ ॥ વળી તાતા તેલમાં ઘાલે છે, ભ્રાસડિમાં તેહને બાળે છે, વળી ખાલ ઉતારી ઝાલે છે ॥ સૂ ॥ હો ॥૭॥ આમિષ તસ આહાર કરાવે છે, ઇમ નારકી દુ:ખને પાવે છે, બહુ શબ્દ કરતાં કાળ ગમાવે છે ॥ સૂ ॥ હો ॥ ૮ ॥ વળા તનમાં ખાર મેલાવે છે. પરમાધામી દુ:ખ દેખાવે છે, પ્રભૂ વીર વાણીયેશીતલ થાવે છે ॥ સૂ ॥ હો ॥ ૯ ॥

॥ દુહા ॥

ભોમિ છે તિહાં આકરી, વન જે સીતલ જાણ, આવી બેસે તરૂ છાંયડિ, પડતાં ભાંજે પ્રાણ ॥ ૧ ॥ વિરૂઆ વિષય વિલાસતસ, સુખ થોડો દુ:ખ બહુ જાણ, નરકતણાં દુ:ખ સાંભળો, ભાખે વીર વર્ધમાન ॥૨॥

॥ ઢાલ પાંચમી ॥ મુનિસંભવજિન સુપ્રીત ॥ એ દેશી ॥

કુંભિમાં કરતાં ચાક; દેહતે જાણોરે, તેલ ઘાણિમાં તેહ, ઘાલે જિમરાણોરે, ॥ ૧ ॥ મેહેરન આવે તાસ, ગળગૃહિ ઝાલેરે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रस काढे तसतनुथी जेह, वळी वळी बाळेरे ॥२॥ नाठा जाये तेह, मन भय भ्रांतेरे, परमाधामी तेह, झाले एकांतेरे ॥ ३ ॥ सूलि परे वे जेह, हातमां लेवेरे, वळी मारि करे सत खंड; घणुं दुःख देवरे ॥ ४ ॥ फीरफीर लागे पाय, वेदना सेहवारे, एम काल अनंतो त्यांय, सहे दुःख मरतांरे ॥ ५ ॥ हवे ना सह्या न जाय, नारको दुःखडारे, कोय न पूछे सार, नारकी सुख- डारे ॥ ६ ॥ नहि शरणु तसमकोई अशरणु मरतारे, परमाधामी जेह बहु दुःखदेतारे ॥ ७ ॥ सांभळी थरथरे देह, थाये प्रा- णिरे, कह मुक्ती महाराज, कहे प्रभू नाणीरे ॥ ८ ॥

॥ दुहा ॥

पापकर्म कीधां घणां, बहु जीव संहार ॥ पिडा न जाणि पर तणी, जीवडो वडो गमार ॥ १ ॥ अलिक वचन मुख भा- खिया, पारका चोरया माल ॥ सेवी परनारी निःशंकपणे, आरंभ कीधा अपार ॥ २ ॥ बहु परिग्रह मेळव्यो, निशीभोजन अंधार ॥ बहु जीव विणास्यातिहांकने, अभक्ष अथाणुं नही पार ॥ ३ ॥ कठोळमां छाश भेळवी, जिम्यो आहारनिशंक, लालच जोगे बहु जीवजे, उपजेते न देखंत ॥ ४ ॥ अळगी थाए नार तस, आभड छेट निवार, ठाणांगे प्रगट पाठए, जाणो तुमे निरधार ॥ ५ ॥

॥ ढाल ७ ठी ॥ विसराभिरे ॥ ए देशी ॥

मातपिता गुरु ओळव्या, गुणरागीरे, कीधा क्रोध अपार ॥ सुणो तुमे रागीरे, मानमाया लोभथी ॥ गुण बुद्धि रहि नहि ॥ सु ॥ १ ॥ नरकतणां जे बारणां ॥ सु ॥ पापे उ- घाडयां तेह ॥ सु ॥ एम परमाधामी निंदल ॥ सु ॥ अलिक-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટકવજી ॥ સુ ॥ ૨ ॥ ઉદેરિ ઉદેરી દેહને ॥ ગુ ॥ પાછા પછાડે તેહ ॥ સુ ॥ તરસ વસે કરિ તેહને ॥ ગુ ॥ ઉકાલિ કથિરતે પાય ॥સુ॥૩॥ મુખમાં નાંખે તેહને ॥ ગુ ॥ સહેવદન વલિ તામ ॥ સુ ॥ બહુ કોડા કરડે દેહમાં ॥ ગુ ॥ વળી અપા કરે તસ ખંડ ॥ સુ ॥ ૪ ॥ નિશિ ભોજન તસવારણું ॥ ગુ ॥ જાણો પાપ અખંડ ॥ સુ ॥ ઉનો ને અતિ આકરો ॥ ગુ ॥ નીર આણે પ્રચંડ ॥ સુ ॥ ૫ ॥ તે ઘાલિ નિજ આંખમાં ॥ ગુ ॥ શ્રવણમાં ભરે કથીર ॥ સુ ॥ માહાં કાલાં બિહામણાં ॥ ગુ ॥ મહાંવિભત્સ ચિત્તધાર ॥ સુ ॥ ૬ ॥ દિન દયામણા જાણવા ॥ ગુ ॥ નરકના જીવ અતીવ ॥ સુ ॥ વીરજિણંદ એમ દેશના ॥ ગુ ॥ સુણે તે મુક્તિ વર કંત ॥ સુ ॥૭॥

॥ દુહા ॥

નરક તણાં દુખ સાંભળિ, કંપે તાસ શરીર, નમિ ગોયમ તે ઇમ કહે, સાંભળો ગુણ ગંભીર ॥ ૧ ॥ પ્રભુ ચરણે શીર નામીને, પૂછે ગોતમસ્યામ, અંતરજામિ માહરા, કહો સંબંધ તે ખાસ ॥ ૨ ॥ એ વેદના મેં બહુ સહિ, વાસયો કાળ અનંત, કોઇક પૂન્ય કલોલથી, મુજ મળ્યા ભગવંત ॥૩॥ પંચમહાવ્રત જે ધરે, પાલે પંચા ચાર, પાંચ સુમતિ જે આદરે, તે લેશે ભવનો પાર ॥ ૫ ॥

॥ ઢાલ સાતમી ॥ આસાણરારે જોગી ॥ એ દેશી ॥

ઇણિપરે બહુ વેદના અહિયાસી, હવે આવ્યો ચરણનિવાસી વીરજી ગુણવંત, વસતા નરકમાંહિ જિનરાજ ગયો, કાલ અનંત મહારાજરે ॥ વી ॥ ૧ ॥ જ્ઞાન વિના, કુણ જાણે પ્રાણી, કહેતા નાવે પારરે, શુદ્ધ સંજમરાગી, દસે દ્રષ્ટાંતે દોહિલો ભાખ્યો, ન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રભવ પૂન્ય સંજોગેરે ॥ સુ ॥ ૨ ॥ સુધા સંજમનો ખપ કરસ્યે, ટાલિ વિષય વિકારરે ॥ સુ ॥ પાંચે ઇંદ્રીને વશ કરજ્યો, તો સિવરમણી તે વરસ્યોરે ॥ સુ ॥ ૩ ॥ નિંદા વિકથા દુરનિવારો, શ્રીજિન ધર્મ ચિત્તધારોરે ॥ સુ ॥ સમકિત રત્ન હિયડે ધારો, તો નરકતણા દુઃખવારોરે ॥ સુ ॥ ૪ ॥ ભાજે સર્વે મિથ્યાભર્મ, એહવો જિનશાસન ધર્મરે ॥ સુ ॥ શ્રી ચિંતામણિ ચરણ પસાયે, સંકટ વિકટ તે જાવે રે ॥ સુ ॥ ૫ ॥ ભૂજપૂર શહેર ગુરૂનિ મેહરે, કર્યો ચોમાસું ઉલાસરે ॥ સુ ॥ સંવત ઓગણિ સતલોતેર વરસે, પોસતણી સુદ દશમીરે ॥ સુ ॥ ૬ ॥ શ્રી અંચલગચ્છે પૂજ્ય પટોધર, શ્રીપુન્ય સિંધુ સૂરિરાયારે ॥ સુ ॥ સંઘની સાથે મિચ્છામિ દુક્કડં, હોજો અધિક સવાયાંરે ॥ સુ॥૭॥ જે કોઇ ભણશે શ્રવણે સાંભળશે, તસ ઘર મંગળ માળરે ॥ સુ ॥ નરકતણા દુઃખ વીરે ભાખ્યા, વીરવચન રસ ચાખ્યારે ॥સુ॥૮॥ કહે મુક્તિ કમળા તસવરજ્યો, સદહજો વીરની વાણીરે ॥ સુ ॥ મિથ્યા પરમાદ તજો સવિભાઇ, જિન આણા ચિત્તલાઇરે ॥ સુ ॥ ૯ ॥ ઇતિ નારકીની સાત ઢાલો સંપૂર્ણમ્ ॥

## श्री न्याय सागरजीकृत अष्टमीनुं स्तवन.

શ્રી રાજગૃહી શુભ ઠામ, અધિક દિવાજેરે, વિચરંતા વીરજિણંદ, અતીશય છાજેરે, ચોત્રીશ અને પાંત્રીશ વાણી ગુણ લાવેરે, પાઉધાર્યાં વધામણી જાય, શ્રેણીક આવેરે, ॥ ૧ ॥ તિહાં ચોસઠ સુરપતિ આવીને, ત્રીગડું બનાવેરે, તેમાં બેસીને ઉપદેશ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુજી સુણાવેરે; સુરનરને તિર્યંચ, નિજનિજ ભાષારે; તિહાં સમજીને ભવતીર, પામે સુખ ખાસારે, ॥ ૨ ॥ તિહાં ઇંદ્રભૂતિ ગણધાર, શ્રીગુરૂ વીરનેરે, પૂછે અષ્ટમીનો મહીમાય, કહો પ્રભુ અમનેરે; ભાખે વીરજિણંદ, સુણો સહુ પ્રાણીરે, આઠમ દિન-જિનનાં કલ્યાણ, ધરોચિત આણીરે; ॥ ૩ ॥

॥ ઢાલ બીજી ॥

આવો આવો પાર્શ્વજી મુજ મલીયારે, ( એ દેશી )

શ્રી ઋષભનું જન્મ કલ્યાણરે, વલી ચારિત્ર લહ્યું ભલે વાનરે; ત્રીજા સંભવ નિરવાણ, ભવિજન અષ્ટમી તિથિ સેવોરે; એ છે શિવ વધૂનારીનો મેવો, ॥ ભવિ૦ અષ્ટ૦ ॥ ૧ ॥ શ્રી અજિત સુમતિજિન જન્મ્યારે; અભિનંદન શિવપદ પામ્યારે, જિન સાતમા શિવપદ રામ્યા, ભવિ૦ ॥ ૨ ॥ વીશમાજિન સુવ્રત સ્વામીરે, તેહનો જન્મ મોક્ષ ગુણ ધામીરે; એકવીશમા શિવ વિસરામી; ॥ ભવિ૦ ॥ ૩ ॥ પારસજિન મોક્ષ મહંતારે, ઇત્યાદિક જિન ગુણવંતારે; કલ્યાણક મોક્ષ કહંતા ॥ ભવિ૦ ॥ ૪ ॥ શ્રીવીર જિણંદની વાણીરે, નિસુણી સમજ્યા ભવિ પ્રાણીરે; આઠમ દિન અતિ ગુણ ખાણી, ॥ ભવિ૦ ॥ ૫ ॥ આઠ કર્મ તે દૂર પલાયરે, એથી અડ સિદ્ધિ અડ બુદ્ધિ થાયરે; તે કારણે સીંચો ચિત્તલાય, ॥ ભવિ૦ ॥ ૬ ॥ શ્રીઉદય સાગરસૂરિ રાયારે, ગુરૂ શિષ્ય વિવેકે ધ્યાયારે; તસ ન્યાયસાગર જય થાયા, ॥ ભવિ૦ ॥૭॥

## શ્રી શેત્રંજાનું અથવા સિદ્ધાચળજીનું સ્તવન.

તમે તો ભલે બિરાજોજી શ્રીસિદ્ધાચળકે વાસી સાહેબ ભલે બીરાજોજી ॥ મરૂદેવીનો નંદન રૂડો નાભી નરીંદ મલ્હાર, જુગલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચરમ નીવારણ આવ્યા પુરવ નવાણું વાર ॥ તમે તો ॥ ૧ ॥ મુળદેવને સન્મુખ રાજે પુંડરીક ગણધાર ॥ પંચક્રોડસ્યું ચૈત્રી પુનમે વરીયા શીવ વધુ સાર ॥ તમે તો ॥ ૨ ॥ સહસકોટ દક્ષીણ બીરાજે જીનવર સહસ ચોવીશ ॥ ચઉદસેં બાવન ગણધરનાં પગલાં પુજો જગીશ ॥ તમે તો ॥ ૩ ॥ પુંઠે પગલા રાયણ હેઠે પુજી પરમાણંદ ॥ અષ્ટાપદ ચઉવીશ જીનેશ્વર સમેત વીશ જીણંદ ॥તમે તો ॥ ૪ ॥ મેરૂ પરવત ચૈત્ય ઘણેરા ચઉમુખ બીંબ અનેક ॥ બાવન જીનાલયનાં દેવળ નીરખી હરખ લહુ અતી રેખ ॥તમેતો ॥ ૫ ॥ સહેસફેણાને સામળા પાસજી સમોવસરણ મંડાણ ॥ છીપાવસીને ખડતર વસી કંઈ પ્રેમાવસી પરમાણ ॥ તમે તો ॥ ૬ ॥ સંવત અઢાર ઓગણ પચાશે ફાગણ અષ્ટમી દીન ॥ ઉજ-વળ પક્ષે ઉજવળ હુઓ ગીરી ફરસ્યા મુજ મન ॥ તમે તો ॥ ૭ ॥ ઈત્યાદિક જીન બીંબનીહાળી સાંભળે સિદ્ધની શ્રેણ ॥ ઉત્તમ ગીરીવર કેણીપેરે વીસરે પદ્મવિજય કહે જેણ ॥ તમે તો ભલે બીરાજોજી ॥ ૮ ॥

સમાપ્ત ગાથા ૮

# ॥ श्री नवकारनो रास ॥

॥ સરસ્વતી સ્વામિની દ્યો મુજ માય તો, ગૌતમ ગણધર લાગુજી પાય તો ॥ તે ફલ જાણજો શ્રી નવકાર તો, રાસ ભણું શ્રીનવકારનો ॥ ૧ ॥ પેહેલાં લીજે શ્રી અરિહંતનું નામ તો, સાધુ સર્વને કરૂં પ્રણામ તો ॥ સદ્‌ગુરૂ વાણી તુમે સાંભલો, ભુલ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો અક્ષર લીખજ્યોજી ઠામતો ॥ ચૌદ પૂર્વ પેહેલાં કહ્યાં, તે પછી પુરશે મન તણી આશ તો ॥ તે૦ ॥ શ૦ ॥ ૨ ॥ એણે મંત્રે બાંધ્યો બીજ આકાશ તો, અમાવાસ્યા પુનિમ કહે ॥ વૃક્ષ ઉપાડી ચલાવિયો સાથે તો, વિચે વાઘ વાસો વસે, ડાકણી સાકણી લાગેજી પાયતો ॥ તે૦ ॥ શ૦ ॥ ૩ ॥ મંત્ર માંહિ કીધો વડેરે નવકારતો, ગુણતાં આણંદજી લાગે પાય તો ॥ એ રત્નરૂપ એ નિરમલાં, કર્મ રહિત થયા મોક્ષ દ્વાર તો, ॥ તે૦ ॥ શ૦ ॥૪॥ સુરનર નારી તુમે સાંભળો વાત તો, ગાતા પુરશે મન તણી આશ તો, ધ્યાયતાં સર્વ સંકટ ટળી જાય તો, વૈરી વિરોધ દુરે ટળે, સુગુણીનો પિતા મુક્તિનો સાથ તો ॥ તે૦ ॥ શ૦ ॥ ૫ ॥ એહનો એક અક્ષર સંભારે તો, પાપ ખપાવે સાગર સાત તો ॥ પુરે પદ આગલ કહું દુરિત હરે, સાગર પચાસ તો ॥ પાંચસે પૂર્ણતા લહુ, વહી ઉપધાન ભણે નવકાર તો ॥ તે૦ ॥ શ૦॥૬॥ સૂત્ર સિદ્ધાંત તોહિ એણે પ્રકાશ તો, તોહિ પણ એણે સમો કોઇ નહીં, જિનવરે ભાખીઓ એ લેલાટ તો ॥ સાધુ શ્રાવક એમ જપિયા ॥ મોક્ષનું કારણ લહું ભવ પાર તો ॥ તે૦ ॥ શ૦ ॥ ॥ ૭ ॥ શાશ્વતા પદ એ જગમાં જાણતો, તોહી પણ એણ સમેં કોઇ નહ ॥ એક શિયલ બીજો નવકાર તો ॥ તે૦ ॥ શ૦ ॥ ૮ ॥ કેરડા ચારંતો ઓળે વેસતો, નદી જલ ઉલટ આવિયા શેઠ તો ॥ બાલક સાથે ચલાવિયો નાવતો, તેણે સમર્યો મનમાં નવકારતો ॥ નદી જલ ફાટી હુઇરે દ્વાર તો ॥ તે૦ ॥ શ૦ ॥ ૯ ॥ એહના માંહે સુરતરૂ રંગે તો, રંગ ફાટે ફીટે નહીં ॥ ગાયંતા તતક્ષણ સહુ પરિવાર તો ॥ અવરમાં કોઇ સાંસો નહીં ॥ કોન્હે વણારસી કુને પન્નાય તો ॥ તે૦ ॥ શ૦ ॥ ૧૦ ॥ રત્ન જાડત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગલે પેહેરીયો હાર તો, તપ તણી મુદ્રિકા જલહલે ॥ ખેમા તો ખટકણુ રાખીયો હાર તો, પંચમી ગતિનો એહ દાતાર તો ॥ તે૦ ॥ રા૦ ॥ ૧૧ રત્નમૂલાનો હાથ પરિમાણુ તો, શિયલ અનોપમ જગમાં જાણું તો ॥ જે નરનારી નીર વહ્યાં, અનુભવ સુરતરૂ જય જયકાર તો ॥ તે૦ ॥ પરભવ પામશે મોક્ષ દ્વાર તો ॥ રા૦ ॥ ૧૨ ॥ કન્યા ધુધરતણી સાંભલો વાત તો, કુડી ન પુરશો કોઈ તણી સાખ તો ॥ થાપણુ મોસો મત કરો, ગંધરપની પરે ઉપન્યો રોગ તો ॥ દુષ્કૃતની પરે જાણીએ ॥ જીમ સહેને પડેરે વિયોગ તો ॥ તે૦ ॥ રા૦ ॥ ૧૩ ॥ ચંપાપુરી નગરીતણી સાંભલો વાત તો, સતીને કલંક આવ્યાં અપરીધ તો ॥ નામ સુભદ્રા જાણજો, કુડું ન ભાખ્યું રતિય લગાર તો ॥ તે૦ ॥ રા૦॥૧૪॥ જિતશત્રુ રાજા પાલશે રાજ્ય તો ॥ દીન દીન એક એક બીજોરૂ ખાય તો ॥ જીમ તણે રસે ઇંદ્રીએ ચોરતો, એહ બીજોરે રાખીઓ હારતો ॥ તે૦ ॥ રા૦ ॥ ૧૫ ॥ એક દિને ચિઠી આવી જિનદાસ તો, રાયે બોલાવી આપણ પાસ તો ॥ ઉઠો શેઠજી બીજોરૂ લાવજ્યો, શેઠને ઉઠતાં લાગી છે વાર તો, તેણે સમર્યો મનમાં નવકાર તો ॥ દેવતા ઉઠીને લાગ્યોજી પાય તો ॥ તે૦॥ રા૦ ॥ ૧૬ ॥ એક પૂરવતણી સાંભલો વાત તો, રાજાને ખોળે વિશર્યો દાસ તોં, લોક માંહિ મહિમા ઘણો ॥ અનુભવ સુરતરૂ જય જય કારતો ॥ પરભવ પામશો મોક્ષદ્વાર તો ॥ તે૦॥રા૦॥ ૧૭ ॥ પોતનપુરતણી સાંભલો વાત તો, મદન નામે એક શ્રાવક સારતો, તેહના બેટી છે શ્રીમતિ, પરણીછે મિથ્યાત્વિને ઘેર તો, ધર્મ ઉપર દ્વેષ છે ઘણો, તેણે રાખીયો ઘડામાંહિ સાપતો, નવકાર પ્રભાવે થઈ ફૂલની માલતો ॥ ૧૮ ॥ રત્નપુરી નગરે યશોભદ્ર રાય તો, તેહનો બેટો શિવકુમાર તો, સાત વ્યસનનો સેવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાર તો, પર વચન સેવે ઘણું, માત પિતા કુટુંબ સહુ પરિવાર તો, કેણુ ન માને કોય તણું, સંકટ પડે સમર્યા નવકાર તો, ફરશ્યાથી ઉઠી નીકળ્યો બહાર તો ॥ તે૦ ॥ રા૦ ॥ ૧૯ ॥ મથુરા નગરી તણી સાંભળો વાત તો ॥ અધિક ચોર વસે તે માંહિ તો ॥ ખાતર પાડી ધન લાવે ઘણું ॥ મથુરાં નગરી તણો કહું અવદાત તો ॥ કુલવંતી વેશ્યાએ માંડયો વાદ તો ॥ તે૦ ॥ રા૦ ॥ ૨૦ ॥ હાર પડયો ચોર ઝાલીઓ એક તો, તે લેઇ નાંખ્યો કેરડાની પાસ તો ॥ શુલી ઉપરે જો રોપીઓ, પાણીની તૃષા લાગી અપાર તો ॥ હાથ સાને જલ માગીઓ ॥ તે૦ ॥ રા૦ ॥૨૧॥ રાજાને ભયે કોય પાણી ન પાયતો, જિનદાસ શેઠે એમ કહ્યું, પાણી લાવું ત્યાં લગી ગણે નવકાર તો ॥ તિણે સમર્યો મનમાં નવકાર તો, તેહ મરી થયો યક્ષ કુમાર તો ॥ શત્રુંજયે શાનિધ તે કરે ॥ તે૦ ॥ રા૦ ॥ ૨૨ ॥ ચારૂદત્ત નામે શેઠનો પુત્ર તો, વેશ્યાને સંગે હાર્યો વિત્તતો, દ્રવ્ય ઉપરે ઉદ્યમ કરે, અનુક્રમે આવ્યો દરીઆની તીરતો ॥ કાઉસગ્ગ અણુસણ ઉચરે, સુણી નવકારને ગયો દેવ લોક તો, દેવતા આવીને કરે પ્રણામ તો ॥તે૦ ॥ રા૦ ॥ ૨૩ ॥ ચંદ્રાવતી નગરી મનોહાર તો, વીરધવલ રાજા કરે રાજ્ય તો ॥ બેટી મલયાસુંદરી, કર્મ વશે ગઈ દેશ નેપાલ તો ॥ દુખ સહ્યાં કીધા અપાર તો, પંખો થકી જલધર પડે, તીહાં સમર્યો મનમાંહી નવકાર તો, જલધર તરી ઉતર્યો પાર તો ॥ તે૦ ॥ રા૦ ॥ ૨૪ ॥ ફોફલપુર નગરી જસ દીપ મોજાર તો, દમણ સાગર ઋષિ રહ્યા ચોમાસું તો ॥ ત્યાં બેસી બેહુ શીખ્યાં નવકાર તો, રાજકુમાર રત્નાવલી, ચારિત્ર પાલી ગયા મોક્ષ દુવાર તો ॥ તે૦ ॥ રા૦ ॥ ૨૫ ॥ ત્રિભુવનમાં હુઓ જયજયકાર તો, તેફલ જાણુ જયો શ્રીનવકાર તો ॥ રાશ ભણું નવકારનો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાસ ભણું શ્રીઅરિહંતનો ॥ રાસ ભણું શ્રી ગૌતમ સ્વામીનો, રાસ ભણું સર્વ સાધુનો ॥ તે ફલ જાણજ્યો શ્રી નવકાર તો રાસ ભણું શ્રી નવકારનો ॥ તે૦ ॥ રા૦ ॥ ૨૬ ॥ સંપૂર્ણ ॥

---

## ॥ अथ श्री सिद्धाचल स्तवन ॥

॥ હરણી જવ ચરે લાલનાં ॥ એ દેશી ॥

॥ કર જોડી કહે કામિની લલના, લાલાહો પ્રીતમજી અવધાર, એહ ગિરિવરૂ રે લલના ॥ સફલ કરો લહી આપણો લલના, લાલાહો માનવનો અવતાર ॥ એહ ગિરિ૦ ॥ ૧ ॥ નવલખો ટીલોસ્યું કરૂ લલના, લાલા હોશે જવાલી જોડાવે ॥એહ૦॥ સુનંદાનો નાહલો લ૦ લાલાહો ત્રિભુવન તિલક ભેટાવી, ॥એહ૦॥ ॥ ૨ ॥ ઋષભ સેનાદિક જિનવરા લલના, લાલાહો મુક્તિ ગયા ઇણે ઠામ ॥ એહ૦ ॥ જિનતણી ફરસી ભૂમિકા લલના, લાલાહો સિદ્ધ અનંતાનો ઠામ ॥ એહ૦ ॥ ૩ ॥ ઇણી ચોવીશી સિદ્ધાચલે લલના, લાલાહો નેમિ વિના ત્રેવીસ ॥ એહ૦ ॥ ભાવી ચોવીશી આવશે લલનાં, લાલાહો પદ્મનાભાદિ જિનેશ, ॥ એહ૦॥ ॥ ૪ ॥ આદિ જિણંદ સમોસર્યા લલના, લાલાહો પૂર્વ નવાણું વાર, ॥ એહ૦ ॥ ચોમાસું અજિત જિનેશ્વર લલના, લાલાહો શાન્તિ ચોમાસું સાર ॥ એહ૦ ॥ ૫ ॥ પાંચ કોડિ પરિવારશું લલના, લાલાહો ઋષભસેના પુંડરિક, ॥ એહ૦ ॥ ચૈત્રી પુનેમ શિવ સંપદા લલના, લાલાહો પામી થયા નીરભીક, ॥ એહ૦ ॥ ॥ ૬ ॥ કાર્તિક પુનમ કામિત વર્યા લલનાં, લાલાહો દ્રાવિડ વા-

---

આ સ્તવનમાં કેટલીક ગાથાઓમાં ચરણો વધારે ઓછાં છે તેમ અર્થ સંગતિ પણ બરોબર જણાતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રિષેણ દોય ॥ એહ૦ ॥ દસ કોડિ મુનિ મહંતશું લલનાં, લાલાહો પ્રણમી પાતક ધોય ॥ એહ૦ ॥ ૭ ॥ નમિ વિનમિ વિદ્યાધરા લલના, લાલાહો બે કોડી સાધુ સંગાતે ॥ એહ૦ ॥ ફાગણ સુદી દશમી શમી લલના, લાલાહો કીધો કર્મનો ઘાત, ॥ ૮ ॥ ઋષભ વંશ નરપતિ ઘણાં લલના, લાલાહો ભરત અંગજ કેઇ પાટ, ॥ એહ૦ ॥ સિદ્ધક્ષેત્ર શ્રેણી ચઢી લલનાં, લાલાહો રોપ્યા ધર્મના ઘાટ ॥ એહ૦ ॥ ૯ ॥ નારદ એકાણું લાખશું લલના, લાલાહો રામ ભરત ત્રણ કોટી, ॥ એહ૦ ॥ વીશ કોટિશું પાંડવા લલના, લાલાહો દેવકી સુત ષટ કોટિ, ॥ એહ૦ ॥ ૧૦ ॥ હરિનંદન દોય વંદિઇ લલના, લાલાહો શ્યામ પ્રદ્યુમ્ન કુમાર, ॥ એહ૦ ॥ સાઢી આઠ કોડિ સાથે થયા લલના, લાલાહો શિવ સુંદરી ભરથાર, ॥ એહ૦ ॥ ૧૧ ॥ થાવચ્ચા સુત સંયમી લલના, લાલાહો સહસશું અણસણ લીધ, ॥ એહ૦ ॥ નેમી શિષ્ય નંદિષેણજી લલના, લાલાહો અજિત શાન્તિ સ્તવ કીધ, ॥ એહ૦ ॥ ૧૨ ॥ સુવ્રત સહસ મુણિંદ શું લલના, લાલાહો શુક પરિવ્રાજક સિદ્ધ ॥ એહ૦ ॥ પંચસયા સેલકસૂરિ લલના, લાલાહો મંડુક મુણિસુપ્રસિદ્ધ, ॥ એહ૦ ॥ ૧૩ ॥ સિદ્ધાચલ વિમલગિરિ લલનાં, લાલાહો મુક્તિ નિલય સિદ્ધ ઠામ ॥ એહ૦ ॥ શત્રુંજય આદિ જેહનાં લલનાં, લાલાહો ઉત્તમ એકવીસ નામ ॥ એહ૦ ॥ ૧૪ ॥ ભવસાયર તરીએ જિણે લલના, લાલાહો તીરથ તેહ કહાય ॥એહ૦॥ કારણ સકલ સફલ હોય લલના, લાલાહો આતમ વીર્ય સહાય, ॥ એહ૦ ॥ ૧૫ ॥ કીર્તિ સ્તંભ એ જૈનનો લલના, લાલાહો શિવમંદિર સોપાન, ॥ એહ૦ ॥ ક્ષમાવિજય ગુરૂથી લહી લલના, લાલાહો સેવક જિનધરે ધ્યાન ॥ એહ૦ ॥ ૧૬ ॥ ઇતિ શ્રી સિદ્ધાચલ સ્તવનમ્ ॥

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ अथ श्री सिद्धाचल स्तवनम् ॥

॥ જીરે મારે શ્રી સિદ્ધાચલ તીર્થ, શાસ્વતું પ્રાયઃ જાણીયે ॥ જીરેજી ॥ જીરે મારે નાભિનરેશ્વર નંન્દ, ઋષભ જિણંદ વખાણિયે ॥ જીરેજી ॥ જીરે મારે પૂર્વનવાણું વાર, ગિરિ દર્શનને આવીયા ॥ જીરેજી ॥ જીરે મારે આદ્ય આઠમથી જાણ, ફાગણ સુદી મન ભાવીયા ॥ જીરેજી ॥ ૧ ॥ જીરે મારે રાયણ ઋષભ મનોહાર, તે ચરણે પાવન કરી ॥ જીરેજી ॥ જીરે મારે હું વન્દુ ત્રણ કાલ, ભાવ ઘણો મનમાં ધરી ॥ જીરેજી ॥ જીરે મારે ભરતેશ્વર નિજનંદ, પુછે પ્રભુ બહુ માનથી ॥ જીરેજી ॥ જીરે મારે તુમ સરીખા જગનાથ, પૂજ્ય કહે કુણ કામથી ॥ જીરેજી ॥ ૨ ॥ જીરે મારે કૃપાવન્ત ભગવન્ત, તીર્થ મહિમા અતિ દાખિયો ॥ જીરેજી ॥ જીરે મારે આઠ ઉપર સો નામ, રસ સ્વાદ કરી ચાખીયો ॥ જીરેજી ॥ જીરે મારે સાંભળી જિનવર વાણ, ઋષભસેન પ્રમુખ વલી ॥ જીરેજી ॥ જીરે મારે ચોરાસી ગણધાર, તીર્થ સ્થાપે મન રૂલી ॥ જીરેજી ॥ ૩ ॥ જીરે મારે ઋષભસેન પુંડરીક, પુછે પ્રભુ ચરણે નમી ॥ જીરેજી ॥ જીરે મારે કીહાં હોશે મુજ સિદ્ધિ, ભાખો પૂજ્ય કેવલ ગમી ॥ જીરેજી ॥ જીરે મારે કહે કેવલી જિનરાજ, નાણ નિર્વાણ સાધશો ॥ જીરેજી ॥ જીરે મારે એ તીર્થે મહા ભાગ્ય, ગુણ અતિશય વાધશો ॥ જીરેજી ॥ ॥ ૪ ॥ જીરે મારે પાંચ કોડી અણગાર, ફાગણ સુદી પુનમ ભલી ॥ જીરેજી ॥ જીરે મારે કરી સંલેખન સાર, ચૈત્ર સુદી પુનમ વલી ॥ જીરેજી ॥ જીરે મારે પામી કેવલ નાણ, અજરામર સુખ પામીયા ॥ જીરે૦ ॥ જીરે મારે સાદિ અનંત નિવાસ, જન્મ જરા દુઃખ વામીયા ॥ જીરેજી ॥ ૫ ॥ જીરે મારે દ્રાવિડ ને વારિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખેણુ, દશકોડિ મુનિ પરિવારશું ॥ જીરેજી ॥ જીરે મારે કાર્તિક પુનમ દિનસાર, હું વંદુ ભલા ભાવશું ॥ જીરેજી ॥ જીરે મારે વિદ્યાધર મુનિ દોય, નમિ વિનમિ વખાણીયે ॥ જીરેજી ॥ જીરે મારે બે કોડી મુનિ સંજુત, અવ્યાબાધ સુખ પામીયા ॥ જીરેજી ॥ ૬ ॥ જીરે મારે સાગરચંદ મુનિરાય, ત્રણ કોડિ પરિવારશું ॥ જીરેજી ॥ જીરે મારે સોમજય અણગાર, તેર કોડિ ભલા ભાવશું ॥ જીરેજી ॥ જીરે મારે દમીતારી નીસલ્લ, ચઉદ સહસસું સિદ્ધ થયા ॥ જીરેજી ॥ જીરે મારે બાહુબલી બલવંત, એક સહસઆઠશું શિવ ગયા ॥ જીરેજી ॥ ૭ ॥ જીરે મારે પાંડવ પાંચ જુઝાર, વીશ કોડિ પરિવારશું ॥ જીરેજી ॥ જીરે મારે આસો પુનમ દિન સાર, મુક્તિ વર્યા ભલે ભાવશું ॥ જીરેજી ॥ જીરે મારે ઈત્યાદિક અનેક, કાંકરે કાંકરે સિદ્ધ થયા ॥ જીરેજી ॥ જીરે મારે એ તીરથ આધાર, કર્મ ખપાવી મોક્ષે ગયા ॥ જીરેજી ॥ ૮ ॥ જીરે મારે જાત્રા નવાણું એહ, જે કરશે ભલા ભાવશું ॥ જીરેજી ॥ જીરે મારે તે તરશે સંસાર, ન પડે ભવના દાવશું ॥ જીરેજી ॥ જીરે મારે જિન ઉત્તમ મહારાજ, પાય પદ્મ તસ નામીયે ॥ જીરેજી ॥ જીરે મારે રૂપ વિજય કવિરાય, શિવ સુખ લક્ષ્મી પામીયે ॥ જીરેજી ॥ ૯ ॥ ઇતિશ્રી સિદ્ધાચલજીનું સ્તવન સંપૂર્ણ ॥

## ॥ अथ एकादशी स्तवनं ॥

॥ એકાદશી તિથિ સેવીયેરે લાલ. ઉલટ આણી અંગ મેરે પ્યારે ॥ કલ્યાણક દિન એ વડોરે લાલ, કહે જિનજી મનરંગ ॥ મેરે પ્યારે રે ॥ એકા૦ ॥ ૧ ॥ ઋષભ અજિત સંભવ વલીરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલ, અર મલ્લિ નમિનાથ ॥ મેરે પ્યા૦ ॥ પાર્શ્વનાથ દીક્ષા વ-લીરે લાલ, સેવો શિવપુર સાથ ॥ મેરે પ્યા૦ ॥ એકા૦ ॥ ૨ ॥ મૌન એકાદશી એવડીરે લાલ, કલ્યાણક એકસો પચાસ ॥ મેરે પ્યા૦ ॥ શત ઉપવાસ આરાધતાંરે લાલ, હોઈ ધરી લીલ વાસ ॥ મેરે પ્યા૦ ॥ એકા૦ ॥ ૩ ॥ કેવલજ્ઞાની જ્ઞાનશુંરે લાલ, મહિમા ભાખ્યો ઉદાર ॥ મેરે૦ ॥ કૃષ્ણ પ્રભુ મુખે આદર્યોરે લાલ, ઉજવ્યો વિધિ મનોહાર ॥ મેરે૦ ॥ એકા૦ ॥ ૪ ॥ મિથ્યાત્વી માને ઘણુંરે લાલ, જિનશાસન દિન એહ ॥ મેરે૦ ॥ આદરીયે આદર ઘણા રે લાલ, ધણકણ કંચન ગેહ ॥ મેરે૦ ॥ એકા૦ ॥ ૫ ॥ મૌન પણે પોસહ કરીરે લાલ, વિકથાનો પરિહાર ॥મેરે૦॥ ગણણું ગણીએ નેહશુંરે લાલ, હોઇ અલ્પ સંસાર ॥ મેરે૦ ॥ એકા૦ ॥ ૬ ॥ એકાદશી મહિમા કહ્યુંરે લાલ, ગૌતમ આગલે વીર ॥ મેરે૦ ॥ શ્રી મેરૂવિજય સુપસાઉલેરે લાલ, મેરૂ લહે ભવ તીર ॥ મેરે૦ ॥ એકા૦ ॥ ૭ ॥ ઇતિ એકાદશી સ્તવનમ્ ॥

---

## ॥ अथ सज्झायो ॥ ढुंढक पचवीसीनी सज्झाय॥

॥ શ્રી શ્રુતદેવી પ્રણમી કહેસ્યું, જિન પ્રતિમા અધિકાર ॥ નવિ માને તસ વદન ચપેટા, માને તસ સિણગાર ॥ શ્રી જિન પ્રતિમાશું નહીં રંગ, તેનો કદિય ન કીજે સંગ ॥ ૧ ॥ કેવલ નાણી ચઉં નાણી, એણ સમે નહીં ભરત મઝાર ॥ જિન પ્રતિમ જિન પ્રવચન, જેનો એ મોટો આધાર ॥ શ્રી૦ ॥ ૨ ॥ તે જિનવર પ્રતિમા ઉત્થાપી, કુમતિ હૈયા કુટે ॥ તે વિના કીરિયા હાનિ લાગે, તેતો થોથા કુટે ॥ શ્રી૦ ॥ ૩ ॥ જિન પ્રતિમા દ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



र्थथी दर्शन, लहीએ મતનું મૂલ ॥ તેહજ મૂલ કારણ ઉત્થાપી, શું થાયે જગ શુલ ॥ શ્રી૦ ॥ ૪ ॥ અભયકુમાર મૂકિ પ્રતિમા, દેખી આર્દ્રકુમાર ॥ પ્રતિબોધે સંયમ લઈ સુધો, એ ચાવો અધિકાર ॥ શ્રી૦ ॥ ૫ ॥ પ્રતિમા આકારે મચ્છ નિહાલે, અન્ય મચ્છ સવિ બુઝે ॥ સમકિત પામે જાતિ સ્મરણ. તસ પૂર્વભવ સૂઝે ॥ શ્રી૦ ॥ ૬ ॥ ચૈત્ય વિના અન્યતીરથ સુજને, વંદના પૂજા નિષેધે ॥ સાતમે અંગે શ્રી આણંદે, સમકિત ધાર્યું સૂધે ॥શ્રી૦॥ ॥ ૭ ॥ છઠે અંગે જ્ઞાતા સૂત્રે, દ્રૌપદીએ જિન પૂજ્યા ॥ એહવા અક્ષર દેખે તો પણ, મૂઢ મતિ નવિ બુઝયા ॥ શ્રી૦ ॥ ૮ ॥ ચારણ મુનિએ ચેઈય વંદ્યા, ભગવઇ અંગે રંગે ॥ મરડી અર્થ કરે તિણે સ્થાનક, કુમતિ તણે પ્રસંગે ॥ શ્રી૦ ॥ ૯ ॥ ભગવઈ આદિ શ્રીગણધરજી, બંભી લીપીને વાંદે, એહવા અક્ષર સ્થાપના દેખી, કુમતિ કહો કિમ નંદે ॥ શ્રી૦ ॥ ૧૦ ॥ સૂર્યાભે જિન આગલે, નાટક કીધું મનને રંગે ॥ સમક્તિદૃષ્ટિ તેહ વખાણ્યા, રાયપસેણી ઉવંગે ॥ શ્રી૦ ॥ ૧૧ ॥ સમકિતદૃષ્ટિ શ્રાવક કરણી, જિનઘર જેહ કરાવે ॥ તે બારમેં દેવલોકે પંહોચે, મહા નિશીથ આલાવે ॥ શ્રી૦ ॥ ૧૨ ॥ અષ્ટપદ ગિરિ ઉપર ભરતે, મણિમય બંબ ભરાવ્યા ॥ એહવા અક્ષર આવશ્યકસૂત્રે, ગૌતમ વંદન આયા ॥ શ્રી૦ ॥ ૧૩ ॥ પરંપરાગત પુસ્તક પ્રતિમા, માને તેહજ નાણી ॥ નવિ માને તેહજ અજ્ઞાની, એવી જિનવર વાણી ॥ શ્રી૦ ॥ ૧૪ ॥ ઢુંઢક વાણી કુમત સમાની, સૂણો મત ભૂલો પ્રાણી ॥ બોધિબીજની કરસે હાણી, કિમ વરશે શિવરાણી ॥ શ્રી૦ ॥ ૧૫ ॥ ક્ષેત્રપાલ ભવાની દેહરે, તિહાં જાવું નવિ વારે ॥ વીતરાગને દેહરે વારે, તે કુણસૂત્ર અનુસારે ॥ શ્રી૦ ॥ ૧૬ ॥ મેલાં કપડાં મોઢું બાંધી, ઘર ઘર ભીક્ષા ફરતા ॥ માંદા માણસની પરે થોડું, બોલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણે મરતા ॥ શ્રી૦ ॥ ૧૭ ॥ આરસે કાલા માંહે કાલા, જેહવા કાલા પારા ॥ પંચમ કાલે એ દુષ્ટ પ્રગટ્યા, મહામૂઢ વિકરાલા ॥ શ્રી૦ ॥ ૧૮ ॥ ધર્મને હુંઢત હુંઢત પ્રાણી, તોહી ધર્મ ન પાયો ॥ તે માટે મૂઢ હુંઢક કહેવાયો, એલે જનમ ગમાયો ॥શ્રી૦ ॥૧૯॥ ભાવ ભેદ તત્ત્વ નવી જાણે, દયા દયા મુખ ભાખે ॥ મુગ્ધ લોકને ભરમે પાડે, એ પણ દુર્ગતિ માટે ॥ શ્રી૦ ॥ ૨૦ ॥ ભાષ્ય ચુર્ણી ટીકા નવી માને, કેવલ સૂત્ર પોકારે ॥ તે માંહે નિજ કલ્પિત સ્થાપી, બહુ સંસાર વધારે ॥ શ્રી૦ ॥ ૨૧ ॥ આગમનો એક વર્ણ ઉત્થાપે, તે કહ્યો અનંતસંસારી ॥ આખો સ્કંધ ઉત્થાપે તેની, શી ગતિ હોશે સારી ॥ શ્રી૦ ॥ ૨૨ ॥ ચિત્રલિખિત નારી જોવંતા, વાધે કામ વિકાર ॥ તિમ જિન પ્રતિમા મુદ્રા દેખી, શુદ્ધ ભાવ વિસ્તાર ॥ શ્રી૦ ॥ ૨૩ ॥ તે માટે હઠ છંડો ભવિયાં, પ્રતિમાશું દિલ રાખો ॥ જિનપ્રવચન જેને, અનુભવ ભરી રસ ચાખો ॥ શ્રી૦ ॥ ૨૪ ॥ હુંઢક પચવીસી એહ મે ગાઈ, નગર નાડુલ મઝાર ॥ જસવંત શ્રીજિનેંદ્ર પ્રયંપે, હિતકાર અધિકાર ॥ શ્રી૦ ॥ ૨૫ ॥

## ॥ द्वारिका नगरीनी सज्ञाय ॥

॥ દોનું બંધવ આરડે, દુખ ધરતાં મન માંહે ॥ બલતી દેખી દ્વારિકા, કીજે કવણ ઉપાય ॥ ૧ ॥ રતન ભીંત સોવન તણી, તેહ બલે તતકાલ ॥ સોવન થંભા કાંગરા, જાણે બલે પરાલ ॥ ૨ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ બલતી દ્વારિકા દેખીરે, ભાઈ ઘણા થયા દિલગીરરે ॥ છાતી તે લાગી ફાટવારે, ભાઇ નયણે વછુટયા નીરરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માધવ ઇમ બોલે ॥ ૧ ॥ બે બંધવ મલીને તીહાંરે, ભાઈ વાત કરે કરૂણાંય ॥ દુખ સાલે દ્વારિકા તણુંરે, ભાઇ અબ કીજે કવણ ઉપાયરે ॥ મા૦ ॥ ૨ ॥ કિહાંરે દ્વારિકાની સાહિબીરે, ભાઇ કીહાં ગજદલનો ઠાઠ ॥ સ્વજનનો મેલો કિહાંરે, ભાઇ ક્ષણમાં હુઆ ઘણા ઘાટ ॥ મા૦ ॥ ૩ ॥ હાથી ઘોડા રથ બલેરે, ભાઇ બેતાલીસ બેતાલીસ લાખ ॥ અડતાલીસ ક્રોડ પાલા હુતારે, ભાઇ ક્ષણમાં હુઇ ગયા રાખરે ॥ મા૦ ॥ ૪ ॥ હલધરને હરજી કહેરે, ભાઇ ધિગ કાયરપણું મોય ॥ નગરી બલે મુજ દેખતારે, ભાઇ જોર મુજ ન ચાલે કોયરે ॥ મા૦ ॥ ૫ ॥ નગરી બલે મુજ દેખતાંરે, ભાઇ રાખી ન શકુંરે જેમ ॥ ઇંદ્ર ધનુષ મેં ચઢાવી- ચુંરે, ભાઈ એ બલ ભાગ્યું કેમરે ॥ મા૦ ॥ ૬ ॥ જીણી દીશી જોતાં તિણ દિશેરે, ભાઈ સેવક સહસ અનેક ॥ હાથ જોડી ઉભા ખડારે, ભાઈ આજ ન દીસે એકરે ॥ મા૦ ॥ ૭ ॥ મોટા મોટા રાજવીરે, ભાઈ શરણે રહેત આય ॥ ઉલટો શરણો તાકીઓરે, ભાઈ વેરણ વેલા આયરે ॥ મા૦ ॥ ૮ ॥ વાદલ વીજતણી પરેરે, ભાઇ ઋદ્ધિ બદલાયે સોય ॥ ઇણ દોહીલીમાં આપણોરે, ભાઇ સગો ન દીસે કોયરે ॥ મા૦ ॥ ૯ ॥ મેહેલ ઉપગરણ આયુધ બલેરે, ભાઇ બલે સહુ પરિવાર ॥ આ આપદા પુરી પડીરે, ભાઇ કીજે કવણ વિચારરે ॥ મા૦ ॥ ૧૦ ॥ વળતાં હલધર ઇમ કહેરે, ભાઈ પ્રગટયાં પૂર્વનાં પાપ ॥ બીજું તો સઘળું રહ્યુંરે, ભાઈ માંહિ બળે માય બાપરે ॥ મા૦ ॥ ૧૧ ॥ દોનું બાંધવ માંહે ધસ્યારે, ભાઈ નગરીમાં ચાલ્યા જાય ॥ રથ જોડી તેણે સમેરે, ભાઈ માંહે ઘાલ્યા માત તાતરે ॥ મા૦ ॥ ૧૨ ॥ દોનું બાંધવ જુતિયારે, આવ્યા પોળની માંય ॥ દોનું બંધવ બહાર નીકળ્યારે, ભાઈ દર- વાજો પડિયો આયરે ॥ મા૦ ॥ ૧૩ ॥ પાછું વળા જુએ તીહાંરે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઇ ઘણા થયા દિલગીર ॥ છાતી તે લાગી ફાટવારે, ભાઇનયણે વછુટયાં નીરરે ॥ મા૦ ॥ ૧૪ ॥ હળધરને હરજી કહેરે, ભાઇ સાંભળ બંધવ વાત ॥ કિણ દીશી આપણે જાઈશુંરે, ભાઇ તે દિશ મોય બતાયરે ॥ મા૦ ॥ ૧૫ ॥ વચન સુણી માધવ તણાંરે, ભાઇ હળધર બોલે એહ ॥ પાંડવ ભાઈ કુંતાતણાંરે, ભાઈ અબ જાઇયે તેહને ગેહરે ॥ મા૦ ॥૧૬॥ વચણાં સુણી હળધર તણાંરે, ભાઇ માધવ બોલે એમ ॥ દેશવટો દેઈ કાઢીયારે, ભાઇ તે ઘર જુઓ કેમરે ॥ મા૦ ॥૧૭॥ વલતા હળધર ઇમ કહેરે, ભાઈ દેખી હોશે દિલગીર ॥ તે કિમ અવગુણ આણશેરે, ભાઇ ગિરૂઆ ગુણગંભીરરે ॥ મા૦ ॥ ૧૮ ॥ તેં તેહનાં કારજ કિયારે, ભાઇ ઘાતકી ખંડમાં જાય ॥ દ્રૌપદી સોંપી આણીનેરે, ભાઈ તે કેમ ભુલશે ભાયરે ॥ મા૦ ॥ ૧૯ ॥ અહંકારી સીર સેહરારે, ભાઈ એહવી સંપદા પાય ॥ તે નર પાળા ચાલિયારે, આપદા પડી બહુ આયરે ॥ મા૦ ॥ ૨૦ ॥ પાંડવ મથુરાં પ્રગટી જિહાંરે, ભાઈ અગ્નિખુણ સમુદ્રની તીર ॥ તીણ નગરી ભણી ચાલીયારે, ભાઇ બંધવ બેહુ સધીરરે ॥ મા૦ ॥ ૨૧ ॥ જે નર સજ્યાએ પોઢતારે, ભાઇ તે નર પાલા હોય ॥ કરજોડી વિનય વિજય ઇમ ભણેરે, ભાઈ આ ભવ પાર ઉતારરે ॥ માધવ ઈમ બોલે ॥ ૨૨ ॥

---

## ॥ अथ स्थूलिभद्रनी सज्झाय ॥

॥ બોલી ગયો મુખ બોલ, ચ્યાર ઘડીનો કોલ ॥ આછે લાલ ॥ હજીએ ન આવ્યો વાલહો ॥ દેઈ ગયો દુખ દાહ, પાછો નાવ્યો નાહ ॥ આ૦ ॥ કે સહી કેણે ભોલવ્યોજી ॥ ૧ ॥ રહેતો નહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષણુ એક, રે દાસી સુવિવેક ॥ આ૦ ॥ જાઇ જુઓ દિસા દસેજી, એમ બોલંતી બાલ, એની ઉત્તમ ચાલ ॥ આછે લાલ ॥ છેલ ગયો મુજ છેતરીજી ॥ ૨ ॥ ઉલસ વાલસ થાય, અંગ ઉધામ ધાય ॥ આછે ॥ નયણે નાવે નિંદ્રડીજી ॥ ચોખા ચંપક શરીર, નણુદલના હો વીર ॥ આ૦ ॥ નયણે દીઠા નવીજી ॥ ૩ ॥ જેમ બપૈયા મેહ, મચ્છને જલશું નેહ ॥ આ૦ ॥ ભમરાને મન કેતકીજી ॥ ચકવો ચાહે ચંદ્ર, ઇન્દ્રાણી મન ઇન્દ્ર ॥ આ૦ ॥ અહનિશી તમને ઓલગુંજી ॥ ૪ ॥ તુમવિણ ઘડીએ છ માસ, તેં મુજ નાખી પાસ ॥ આ૦ ॥ નિષ્ઠુરપણું નર તેં કર્યુંજી ॥ ભાખો કોઇક દોષ, મુકી મનનો રોષ ॥ આછે૦ ॥ કાંઇક તો કરૂણા કરોજી ॥ ૫ ॥ હું નિરાધાર નાર, મેલી ગયો ભરથાર ॥ આ૦ ॥ ઉભી કરૂં આલોચનાજી ॥ એમ વિલવલતી કોસ, દેતી કરમનો દોષ ॥ આ૦ ॥ દાસી આવીરે દોડતીજી ॥ ૬ ॥ સાંભળ સ્વામીની વાત, લાછિલ દેનો જાત ॥ આંછે૦ ॥ સ્થુલિભદ્ર આવ્યોરે આંગણેજી ॥ વનિતા સાંભળી વાત, હિયડે હરખ ન માત ॥આ૦॥ પ્રીતિ પાવન પ્રભુ તેં કરીજી ॥ ૭ ॥ પધારો ઘર મુજ, મુનિ ભાખ્યો સવિ ગુજ ॥ આ૦ ॥ ઉઠ હાથ અલગી રહેજી ॥ માતા આગે મુસાલ, તિમ મુજ આગલ ખ્યાલ ॥ આ૦ ॥ એહ પ્રપંચ કિહાં ભણ્યાજી ॥ ૮ ॥ ચિત્રશાલી ચોમાસ, નિહાલી મુખતાસ ॥ ॥ આ૦ ॥ વનિતા વિધિશું આલોચવેજી ॥ માદલ તાલ કંસાલ, ભુંગલ ભેરિ રસાલ ॥ આ૦ ॥ ગાવે નવ નવ રાગશુંજી ॥ ૯ ॥ વાળે વિધિશું અંગ, ફરતી કુદડી ચંગ ॥ આ૦ ॥ હાવભાવ બહુ હેતસુંજી ॥ સાંભલ સ્વામીની વાત, તિંહને ઘાલે ઘાત ॥ આ૦ ॥ રાઇનો પાડ રાતે ગયોજી ॥ ૧૦ ॥ સો બાલક સાથે રોઇ, પાવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈયાને પાનો ન હોય ॥આ૦॥ પથ્થર ફાટયો તે કિમ મલેજી ॥ સમુદ્ર મીઠો ન થાય, પૃથ્વી રસાતલ જાય ॥ આ૦ ॥ સૂર્ય ઉગે પશ્ચિમ દિશેજી ॥ ૧૧ ॥ પ્રતિ બોધી ઇમ કોશ, છોડી રાગને રોષ ॥ આ૦ ॥ દ્વાદશ વ્રત ઉચરેજી ॥ પૂરણ કીધો ચોમાસ, આવ્યા શ્રી ગુરૂપાસ ॥ આ૦ ॥ દુક્કર દુક્કર તું સહીજી ॥૧૨॥ ત્રીસ વરસ ઘરવાસ, પુરી સહુની આશ ॥ આછે૦ ॥ પંચમહાવ્રત પાલતાજી ॥ ધન્ય માત ધન્ય તાત, નાગર ન્યાતિ કહાત, ॥આછે૦॥ વારૂ વંશ દીપાવીયોજી ॥ ૧૩ ॥ જે નરનારી ગાય, તસ ઘર લચ્છી સવાય ॥ આછે૦ ॥ પભણે શાંતિ મયા થકીજી ॥ ૧૪ ॥ ઇતિ સ્થુલિભદ્રજીની સજઝાય ॥

---

# नेमराजेमतीनो सज्झाय.

॥ રાણી રાજુલ કરજોડી કહે, એતો જાદવકુલ શણગારરે ॥ વાલા મારા ॥ ભવરે આઠેનો નેહલો, પ્રભુ મત મેલો વિસારીરે ॥ વાલા મારા ॥ ૧ ॥ વારિહું જિનવર નેમજી, એક વિનતડી અવધાર રે ॥ વા૦ ॥ સુરતરૂ સરખો સાહિબો, હુંતો નિત્ય નિત્ય ધરૂ દેદાર રે ॥ વા૦ ॥ મા૦ ॥ ૨ ॥ પ્રથમ ભવે ધનવતિનો; તું ધનનામે ભરતારરે ॥ વા૦ ॥ નિસાલે જાતાં મુજને, છાનો મેલ્યો મોતી કેરો હારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૩ ॥ દિક્ષા લેઇ હરખે કરી, તિહાં દેવતણો અવતાર રે ॥ વા૦ ॥ ક્ષણવિરહ ખમતા નહીં, તિહાં પણ ધરતા પ્યાર રે ॥ વા૦ ॥ મા૦ ॥૪॥ ત્રીજે ભવે વિદ્યાધરૂ, તિહાં ચિત્રગતિ રાજકુમારરે ॥ વા૦ ॥ ભૂપતિ પદવી ભોગવો, હું રત્નવતી તુજનારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ॥ ૫ ॥ મુહાવ્રત પાલી સાધુના, તિહાં ચોથે ભવે સુરદારરે ॥ વા૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરણ્ય દેવલોકે બેઉ જણા, તિહાં સુખ વિલસ્યાં સવિકારરે ॥વા૦॥ ॥ મા૦ ॥ ૬ ॥ પાંચમો ભવ અતિ શોભતો; તિહાં નૃપ અપરાજિત સારરે ॥ વા૦ ॥ પ્રીતમવતી હું તાહરી, થઇ પ્રભુ હૈયાનો હારરે ॥ વા૦ ॥ મા૦ ॥૭॥ અહી દીક્ષા હરખે કરી તિહાં છઠ્ઠે ભવે સુરદારરે ॥ વા૦ ॥ માહેંદ્ર દેવલોકમાં, તિહાં સુખ વિલસ્યાં વારેવારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૮ ॥ શંખ રાજા ભવ સાતમો, તિહાં જસમતિ પ્રાણ આધારરે ॥ વા૦ ॥ વીસ સ્થાનક તીહા ફરસતાં, જિનવર પદ બાંધ્યું સારરે ॥ વા૦ ॥ મા૦ ॥૯॥ આઠમે ભવ અપરાજિતે; તિહાં વરસ ગયાં બત્રીસ હજારરે॥વા૦॥ આહારની ઈચ્છા ઉપની,એતો પૂર્વ પુન્ય પ્રકાશરે ॥વા૦ ॥મા૦॥ ૧૦ ॥ હરિવંશમાંથી ઉપની, મારી શિવાદેવી સાસુ મલ્હારરે ॥ વા૦ ॥ નવમે ભવે કયાં પરિહરો, પ્રભુ રાખો લોક વ્યવહારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૧૧ ॥ એર સંબંધ સુણી પાછલો, તિહાં નેમજી ભણે બ્રહ્મચારીરે ॥ વા૦ ॥ હું તમને તેડવા કારણે, આવ્યો સસરાજીને વાસરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૧૨ ॥ અવિચલ કીધો એણે સાહિબો, રૂડો નેહલો મુક્તિમાં જાયરે ॥ વા૦ ॥ માની વચન રાજેમતિ, તિહાં ચાલી પિઉડાની લારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૧૩ ॥ ધન્ય ધન્ય જિનબાવીસમો, જિણે તારી પોતાની નારરે ॥ વા૦ ધન્ય ધન્ય ઉગ્રસેનની નંદિની, જે સતીયોમેં સિરદારરે ॥ વા૦ ॥ મા૦ ॥ ૧૪ ॥ સંવત સતર ઈકોતેરે, તિહાં શુભ વેલા શુભ વારરે ॥ વા૦ ॥ કાંતિવિજય રાજુલનાં, તિહાં ગુણ ગાયા શ્રીકારરે ॥ વાલા મારા ॥ વારિઙં જિનવર નેમજી ॥ ॥ ૧૫ ॥ ઈતિ નેમરાજેમતિ સજ્ઝાય ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ अथ श्रीअगीआरसनो सज्झाय ॥

॥ ઉલગાણુનો ॥ દેશી ॥

॥ ગાયમ પૂછે વીરને, સુણા સ્વામીજી, મોન એકાદશી કિણે કહી, કિણે પાલી કિણે આદરી ॥ સુણો૦ ॥ એહ અપૂર્વ દિન સહી ॥ ૧ ॥ વીર કહે સુણો ગાયમા, ગુણ ગેહાજી, નેમે પ્રકાશી એકાદશી, મૌન એકાદશી નિર્મલી, સુણો ગાયમજી ॥ ગોવિંદ કરે મલારસી ॥ ૨ ॥ દ્વારામતી નગરી ભણે, ॥સુણો૦॥ નવ જોયણ આયામ વસી, છપ્પન કોડ જાદવ વસે ॥ સુણો૦ કૃષ્ણ બિરાજે તિણે નગરી ॥ ૩ ॥ વિચરંતા વિચરંતા નેમજી ॥ સુણો૦ ॥ આવી રહ્યા ઉજ્વલ શિખરે, મધુરી, ધ્વનિ દિયે દેશના ॥ સુણો૦ ॥ ભવિયણને ઉપગાર કરે ॥ ૪ ॥ ભવ અટવી ભીષણ ઘણી ॥ સુણો૦ ॥ તે તરવા પંચ પર્વી કહી, બીજે બે વિધ સાંચવો ॥ સુણો૦ ॥ દેશ વિરતિ સર્વ વિરતિ સહી ॥૫॥ પંચમી જ્ઞાન આરાધીયે ॥ સુણો૦ ॥ પંચ વરસ પંચ માસ વળી, અષ્ટમી દિન અષ્ટ કર્મનો ॥ સુણો૦ ॥ પરભવ આયુનો બંધ કરે ॥ ૬ ॥ ત્રીજે ભાગે નવમે ભાગે ॥ સુણો૦ ॥ સત્તાવીસમે ભાગે સહી, અથવા અંતર્મુહુર્ત્ત સમે ॥ સુણો૦ ॥ શ્વાસોશ્વાસમાં બંધકરે ॥ ૭ ॥ માયા કપટ જે કેલવે ॥ સુણો૦ ॥ નરક તિર્યંચનું આયુ ધરે, રાગ તણે વશ મોહીયો ॥ સુણો૦ ॥ વિકલ થયો પરવશ પણે ॥ ૮ ॥ કરણી અકરણી નવી ગહે ॥ સુણો૦ ॥ મોહ તિમિર અંધકાર પણે, મોહે મદ ધાઢો ફિરે ॥ સુણો૦ ॥ દે ઘુમરી ઘણું જોર પણે ॥ ૯ ॥ ઘાયલ જિમ રહે ઘુમતો ॥ સુણો૦ કહ્યું ન માને નેહ પણે, જીવ રૂલે સંસારમાં ॥ સુણો૦ ॥ મોહ કર્મની સહી જાણી ॥ ૧૦ ॥ અલ્પ સુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરસવ જેવું ॥ સુણો૦ ॥ તો તેને મેરૂ સમાન ગણે, લોભે લંપટ વાહીયો ॥ સુણો૦ ॥ નવિગણે તે અંધપણે ॥ ૧૧ ॥ જ્ઞાની વિણ કહ્યાં કુણ લહે ॥ સુણો૦ ॥ શું જાણે છદ્મસ્થપણે, આઠમી એકાદશી ચઉદશી ॥ સુણો૦ ॥ સામાયિક પોસહ કરે ॥ ૧૨ ॥ ધર્મને દિવસે કર્મનો ॥ સુણો૦ ॥ આરંભ કરે જે નરનારી, નિશ્ચય સદ્‌ગતિ નવિ લહે ॥ સુણો૦ ॥ અશુભ કર્મનાં ફલ છે ભારી ॥ ૧૩ ॥ પાંચ ભરત પાંચ ઐરવત ॥ સુણો૦ મહાવિદેહ તે પાંચ ભણી, કર્મભૂમી સઘળી થઈ ॥ સુણો૦ ॥ કલ્યાણક પંચા સોય ભણો ॥૧૪॥ શ્રીવિશાલસોમ સૂરિશ્વર પ્રભુ ॥ સુણો૦॥ તપ ગચ્છના સિરદાર મુણિ, તસ ગુરૂ ચરણ કમલ નમી ॥સુણો૦॥ સુવ્રત રૂપ સજ્ઝાય ભણી ॥ ૧૫ ॥ ઈતિ અગીઆરસના સજ્ઝાય સંપૂર્ણમ્ ॥

---

## अथ त्रेसठशलाका पुरुषनी सज्झाय.

॥ ચોપાઇની દેશી ॥ પહેલમે પ્રણમું સરસતી માય, વળી સદ્‌ગુરૂને લાગું પાય ॥ ત્રેસઠ શલાકાના કહું નામ, નામ જપંતાં સીજે કામ ॥ ૧ ॥ પ્રથમ ચોવીસ તીર્થંકર જાણ, તેહતણાં હું કરીશ વખાણ ॥ ઋષભ અજિતને સંભવ સ્વામ, ચોથા અભિનંદન અભિરામ ॥ ૨ ॥ સુમતિ પદ્મ પ્રભુ પુરે આશ, સુપાર્શ્વ ચંદ્રપ્રભ દે સુખવાસ ॥ સુવિધિ શીતલને શ્રેયાંસનાથ, એ છે સાચા શિવપુર સાથ ॥ ૩ ॥ વાસુપૂજ્ય જિન વિમલ અનંત, ધર્મ શાંતિ કુંથું અરિહંત, અરમલ્લી મુનિસુવ્રત સ્વામ, એહથી લહીએ મુક્તિનું ઠામ ॥ ૪ ॥ નેમિનાથ નેમિસર દેવ, જસ સુરનર નિત્ય સારે સેવ ॥ પાર્શ્વનાથ મહાવીર પ્રસિદ્ધ, ત્રુઠયા આપે અવિચલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઋદ્ધિ ॥ ૫ ॥ હવે નામ ચક્રવર્તી તણાં, બાર ચક્રીજે શાસ્ત્રે ભણ્યા ॥ પહેલો ચક્રી ભરતનરેશ, સુખે સાધ્યા જિણે ષટખંડ દેશ ॥ ૬ ॥ બીજો સગર નામે ભૂપાલ, ત્રીજો મઘવરાય સુવિશાલ ॥ ચોથા કહીયે સનતકુમાર, દેવપદવી પામ્યા જે સારા॥૭॥ શાંતિ કુંથું અર ત્રિણે રાય, તીર્થંકર પણ પદ કહેવાય ॥ સુભૂમ આઠમો ચક્રી થયો, અતિ લોભે તે નરકે ગયો ॥ ૮ ॥ મહા પદ્મરાય બુદ્ધિ નિધાન, હરિષેણ દશમો રાજન ॥ ઈગ્યારમો જય નામ નરેશ, બારમો બ્રહ્મદત્ત ચક્રનરેશ ॥ ૯ ॥ એ બારે ચક્રિસર કહ્યા, સૂત્ર સિદ્ધાંત થકી મેં લહ્યા ॥ હવે વાસુદેવ કહું નવ નામ, ત્રિણ ખંડે જેણે જીત્યા ઠામ ॥ ૧૦ ॥ વીર જીવ પ્રથમ ત્રિપૃષ્ટ ॥ સ્વયંભૂ પુરૂષોત્તમ મહારાય, પુરૂષસિંહ પુંડરિક રાય ॥ ૧૧ ॥ દત્ત નારાયણ કૃષ્ણ નરેશ, એહ નવ હવે બલદેવ વિશેષ ॥ અચલ વિજયભદ્ર સુપ્રભ ભૂપ, સુદર્શન આનંદનંદનરૂપ ॥૧૨॥ પદ્મરામ એ નવ બલદેવ, પ્રતિ શત્રુ નવ પ્રતિ વાસુદેવ ॥ અશ્વગ્રીવ તારક રાજેંદ્ર, મેરક મધુ નિશુભ બલેંદ્ર ॥ ૧૩ ॥ પ્રલ્હાદને રાવણ જરાસંઘ, જીત્યા ચક્રબલે સત્યસંઘ ॥ ત્રેસઠ સંખ્યા પદવી કહી, માતા ઈકસઠ ગ્રંથે લહિ ॥ ૧૪ ॥ પિતા બાવનને સાઠ શરીર, ઓગણસાઠ જીવ મહાધીર ॥ પંચવરણ તીર્થંકરજાણ, ચક્રી સોવન વાન વખાણ ॥ ૧૫ ॥ વાસુદેવ નવ શામલવાન, ઉજવલ તનુ બલદેવ પ્રધાન ॥ તીર્થંકર મુક્તિપદ વર્યા, આઠ ચક્રી સાથે સંચર્યા ॥ ૧૬॥ બલદેવ આઠ તેહને સાથ, શિવપદ લીધો હાથોહાથ ॥ મઘવ સનત્ કુમાર સુરલોક, ત્રીજે સુર સેવે ગત સોગ ॥ ૧૭ ॥ નવમો બલદેવ બ્રહ્મનિવાસ, વાસુદેવ સહુ અધોગતિ વાસ ॥ અષ્ટમ બારમ ચક્રિસાથ, પ્રતિ વાસુદેવ સમા નરનાથ ॥ ૧૮ ॥ સુરવર સુખશાતા ભોગવી, નરક દુઃખ વ્યથા અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નુભવી ॥ અનુક્રમે કર્મ સૈન્ય જય કરી, નરવર ચતુરંગી સુખવરી ॥ ૧૯ ॥ સદ્ગુરૂ જોગે ક્ષાયિકભાવ, દર્શન જ્ઞાન ભવોદધિ નાવા ॥ આરોહિ શિવ મંદિર વસે, અનંત ચતુષ્ટય તવ ઉલ્લસે ॥ ૨૦ ॥ લેશે અક્ષય પદ નિર્વાણ, સિદ્ધ સર્વે દ્યો મુજ કલ્યાણ ॥ ઉત્તમ નામ જપો નરનાર, સરૂપચંદ લહે જયકાર ॥ ૨૧ ॥ ઇતિ ત્રેસઠ સલાકા પુરૂષની સજ્ઝાય ॥

## ॥ अथ मानकी सज्झाय ॥

॥ માન ન કરશોરે માનવી, કાચી કાયાનો શો ગર્વરે ॥ સુરનર કિન્નર રાજીઆ, અંતે મરીગયા સર્વરે ॥ મા૦ ॥ માને જ્ઞાન વિનાશરે, માને અપયશ વાસરે ॥ માને કેવલ નાશરે ॥એ આંકણી ॥ ૧ ॥ સોના વર્ણીરે ચહે બલે, રૂપા વર્ણી ધુવાસરે ॥ કુમકુમ વર્ણીરે દેહડી, અગની પરજાલિ કરી છારરે ॥ મા૦ ॥ ॥ ૨ ॥ જે નર શીર કસી બાંધતા, સાલુ કસબીના પાઘરે ॥ તે નર પોઢયા પાધરા, ચાંચ મારે શિર કાગરે ॥ મા૦ ॥ ૩ ॥ કેઇ ચાલ્યા કેઈ ચાલશે, કેતા ચાલણ હારરે ॥ મારગ વહેરે ઉતાવલો, પડખે નહીં લગારરે ॥ મા૦ ॥ ૪ ॥ અંતરે પ્રાણનો આવશે, ન જુએ વાર કુવારરે ॥ ભદ્રા ભરણીને ચોગણી, શની સોમ વલી કાલરે ॥ મા૦ ॥ ૫ ॥ જે વહાલાં વિણ એક ઘડી, સોહતો નહીં લગારરે ॥ તે વિના જનમારા વહી ગયા, નહી શુદ્ધિ નહીં સમાચારરે ॥ મા૦ ॥ ૬ ॥ જે નર જાગીરે બોલતા, વાવરતા મુખ પાનરે ॥ તે નર અગ્નિમાં પોઢીયા, કાયા કાજલ વાનરે ॥ મા૦ ॥ ૭ ॥ ચીર પીતાંબર પેહેરતા, કંઠે કનકનો હારરે ॥ તે નર કાલે માટી થયા, જો જો અસ્થિર સંસારરે ॥ મા૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ ॥ જે શિર છત્ર ઢળાવતા, ચઢતા હાથીને ખંધરે ॥ તે નર અંતેરે લઈ ગયા, દેઇ દોરડાના બંધરે ॥ મા૦ ॥ ૯ ॥ કોડી મણુની સીલા કર ગ્રહી, ગિરિધર કહાવે નામરે ॥ તરસે તરફડે ત્રીકમો, નહીં કોઈ પાણી પાનારરે ॥ મા૦ ॥ ૧૦ ॥ ચોસઠ સહસ અંતેઉરી, પાયક છન્નુ કરોડ રે ॥ તે નર અંતેરે એકલો, સૂતો ચિવર ઓઢ ॥ મા૦ ॥ ૧૧ ॥ જે જિહાં તે તિહાં રહ્યા, પાપને પુણ્ય બે સાથરે ॥ અહો સ્વરૂપને દેખીને, પુણ્ય કરો નિજ હાથરે ॥ માત૦ ॥ ૧૨ ॥ જે નર હસી હસી બોલતા, કરતાં ભોજન સારરે ॥ તે નર અંતેરે માટી થયા, ઘડાતા પાત્ર કુંભારરે ॥ મા૦ ॥ ૧૩ ॥ ચંપા વરણી દેહડી, કદલી કોમલ જંઘરે ॥ તે નર સુતારે કાષ્ટમાં પડે ધરોધડ ડાંગરે ॥ મા૦ ॥ ૧૪ ॥ દેહ વિટંબના નર સુણો, ન કરો તરણાનો લોભરે ॥ જે સંઘ સરખોરે રાજવી, અંતે ન રહ્યા તે થોભરે ॥ મા૦ ॥૧૫॥ અસ્થિર સંસાર જાણી કરી, મમતા ન કરો કોઇરે ॥ કવી ઋષભનીરે શીખડી, સાંભલજો સહું કોઇરે ॥ મા૦ ॥ ૧૬ ॥

---

## ॥ श्री आत्महितशिक्षा सज्झाय ॥

॥ આવો જમાઇ પ્રાહુણા જયવંતાજી ॥ એ દેશી ॥ ચેતના કહે કરજોડીનેરે ॥ સુણો રંગ રસીયા ॥ માણીગર આતમરામ ॥ પ્રીતમ પાતળીઆ ॥ કુમતિ કદાગ્રહ ગેહનીરે ॥ સુ૦ ॥ કુડકપટનું ધામ ॥ પ્રી૦ ॥ ૧ ॥ કુલહીણી કુલક્ષણીરે ॥ સુ૦ ॥ લજ્જા વિહુણી રીસાલ ॥ પ્રી૦ ॥ ક્રોધ મુખી ચંડાલણીરે સુ૦ ॥ છોડી ઘો એહનો ખ્યાલ ॥ પ્રી૦ ॥ ૨ ॥ શ્રી જિનધર્મ સમાચરોરે ॥ સુણો૦ ॥ તન મન કરી એક ચિત ॥ પ્રી૦ ॥ સંધ્યારાગ વાદલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીસોરે ॥ સુ૦ ॥ છે સંસાર અનિત્ય ॥ પ્રી૦ ॥ ૩ ॥ સ્વારથીઓ સંસાર છેરે ॥ સુ૦ ॥ સહુ સ્વાર્થે ધરે નેહ ॥ પ્રી૦ ॥ જબ સ્વારથ પૂગે નહીંરે ॥ સુ૦ ॥ છટકી દેખાવે છેહ ॥ પ્રી૦ ॥ ૪ ॥ આ કાયા છે કારમીરે ॥ સુ૦ ॥ પલક પલક પલટાય ॥ પ્રી૦ ॥ સમય સમય આઉ ઘટેરે ॥ સુ૦ ॥ ક્ષણ રાખ્યું ન રહાય ॥ પ્રી૦ ॥ ૫ ॥ લૌકિક માતપિતા સવેરે ॥ સુ૦ ॥ બાહ્ય કુટુંબ કહેવાય ॥ પ્રી૦ ॥ માલ મૂલક એ માલીયોરે ॥ સુ૦ ॥ સબકો છોડી જાય ॥ પ્રી૦ ॥ ૬ ॥ લોકોત્તર કુટંબથીરે ॥ સુ૦ ॥ પ્રેમ ધરો અંતરંગ ॥ પ્રી૦ ॥ ધૈર્યપિતા વ્રત માવડીરે ॥ સુ૦ ॥ ભ્રાત સંજમ શુચીચંગ ॥ પ્રી૦ ॥ ૭ ॥ સકુલણી ભગિની દયારે ॥ સુ૦ ॥ જગહિત વચ્છલ મિત્તિ ॥ પ્રી૦ ॥ કુલ ભાસણ ખીમા ઘરણીરે ॥ સુ૦ ॥ પુત્ર વિવેક પવિત્ત । પ્રી૦ ॥ ૮ ॥ શિયલ ભુષણ અંબર ધરોરે ॥ સુ૦ ॥ તિલક આણા વીતરાગ ॥ પ્રી૦ ॥ સુ. મતિ રસોયણ તપ રૂપીરે ॥ સુ૦ ॥ ભોજન ખટરસપાક ॥ પ્રી૦ ॥ ઉપશમ સુંદર મંદિરેરે ॥ સુ૦ ॥ જ્ઞાનદીપક મનોહાર ॥ પ્રી૦ ॥ ધ્યાન પલ્યંક બિછાવીનેરે ॥ ધર્મક્રીડા કરો સાર ॥ પ્રી૦ ॥ ૧૦ ॥ સમકિત સમચિત પાલીએરે ॥ સુ૦ ॥ ટાલી મન વિખવાદ ॥ પ્રી૦ ॥ વિનય કરો સખાઇયોરે ॥ સુ૦ ॥ ગાળે કુમતિનો નાદ ॥ પ્રી૦ ॥ ૧૧ ॥ એક કુટુંબ છે સુમતણોરે ॥ સુ૦ ॥ અચળ સંબંધહ ઠરાય ॥ પ્રી૦ ॥ કાલ અનાદિનો શાશ્વતોરે ॥ સુ૦ ॥ ભાખેશ્રી જિનરાય ॥ પ્રી૦ ॥ ૧૨ ॥ પ્રેમે એકાંતે સેવતાંરે ॥ સુ૦ ॥ પ્રગટે રૂપ અભંગ ॥ પ્રી૦ ॥ શ્રી વિજયરંગ કૃપા થકીરે ॥ સુ૦ ॥ દીપે અનુપમ અંગ ॥ પ્રીતમ પાતળીઆ ॥ ૧૩ ॥ ઇતિ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ अथ श्री अज्ञद्यनी सज्झाय ॥

જિન શાસનરે, શુદ્ધિ સદ્દહણા ધરે, સુણી ગુરૂ મુખરે નત્રે તત્વ નિરતા કરે ॥ મિથ્યામતિરે, કુમતિ કદાગ્રહ પરીહરે ॥ સહી- પાલેરે, તે નર સમકિત મન ખરે ॥૧॥ ત્રુટક ॥ મનખરે સમકિત શુદ્ધ પાલો, ટાલો દોષ દયા પરો ॥ દુર પંચ અણુવ્રત ત્રિણુ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત ધરો ॥ ઇમ દેશવિરતિ ક્રિયા નિરતિં, સુણો ભવિયણ મન રૂલી ॥ દાખવિયે ગુણ પરહ કેરા, દોષ મમ કાઢો વલી ॥ ૨ ॥ મમ કાઢોરે, લોભી નર કુડો કરો ॥ જાણી સાવધ્યરે, અભક્ષ બાવીસ પરિહરો ॥ વડ પીપલરે, પીપરને કઠુંબરો ॥ ઉંબર ફલરે, રખે તુમે ભક્ષણ કરો ॥ ૩ ॥ ત્રુટક ॥ રખે તુમે ભક્ષણ કરો, માખણ મધ મધુ આમિષ તણો ॥ વિષ હેમ કરહા છાંડી પરહા, દોષ મલ માટી ઘણો ॥ પરિહરો સજ્જન રયણી ભોજન, પ્રથમ દુર્ગતિ બારણું, મત કરો વાલુ અતિ અસુરો. રવિ ઉદે વીણ પારણો ॥ ૪ ॥ અથાણુંરે, અનંતકાય સવી નીમીયે, કાચા ગોરસરે માંહિ કઠોલ ન જીમીયે ॥ વલી વેંગણરે, તુચ્છ ફલ સવિ છાંડીએ, આપણુ પૂર્વેરે, વ્રત લીધું નવી ખંડીએ ॥ ૫ ॥ ત્રુટક ॥ નવિ ખંડીએ સવિ નેમ લેઇ, છેએ ફલ વ્રત ભંગનો, અજાણુ ફલ બહુ બીજ ભોજન, ચલિત રસ હુએ જેહનો ॥ સંવર આણી અભક્ષ્ય જાણી, તજો એ બાવીસએ ॥ ગુરૂ વયણ વિગતે વળી પ્રીછો, અનંત કાય બત્રીસએ ॥ ૬ ॥ અનંતીરે કંદ જાતિ જાણો સહુ, જસ ભક્ષણરે, પાઠક બોલ્યા છે બહુ ॥ કચુરોરે, હલદર નિલુ આદુ વળી, વજ ચુરણરે, કંદ બહુ કુંલિ ફલી ॥ ૭ ॥ ત્રુટક ॥ વલી ફલીય કુયલી બીજ પાખે, ચાખે ચતુર આંબલી ॥ રતાલુ પેડાલુ થેગ થોહર, સતાવરી લસણુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલી ॥ ગાજર મુલા ગલા ગરણી, વરીયાલી હુંક વથ્થુલા ॥ પલ્યંક સૂરણુ બાલ બીલી, મોથ નીલી સાંભળો ॥ ૮ ॥ વંસ કારેલારે કુંપલ કુંલા તરૂતણા ॥ અંકુરારે લોટા તે જલ પોયણા ॥ કુમારિરે, ભમર વૃક્ષની છાલડી ॥ જે કહીયેરે લોકે અમૃત વેલડી ॥ ૯ ॥ ત્રુટક ॥ વેલડી કેરા તંતુ તાજા, ખીલોડાને ખરસુઆ ॥ ભોમી ફોડા છત્રાકાર જાણો, નિલ ફૂલ સવે જુઆ ॥ બત્રીસ બોલ પ્રસિદ્ધ બોલ્યા, લક્ષ્મી રત્ન સૂરિ ઇમ કહે ॥ પરિહરે જે નર દોષ જાણી, તે શિવ વધુ સુખ લહે ॥ ૧૦॥

---

# अथ श्री ॥ उपदेशनी सज्झाय ॥

તુને સંસાર સુખ કિમ સાંભરેરે લોલ, દુખ વિસર્યાં શુ ? ગર્ભાવાસનાજો ॥ નવ માસ તું રહ્યો માને ઉદરેરે લોલ, મલમૂત્ર અશુચી વિસરામજો ॥ તુ૦ ॥ ૧ ॥ તીહાં હવા પવન નહીં સંચરેરે લોલ, નહીં સેજ તલાઈ પલંગજો ॥ તીહાં લટકી રહ્યો ઉંધે શીરેરે લોલ, દુખ સહન અનંત અપારજો ॥ તુ૦ ॥ ૨ ॥ ઉઠ કોડી સૂય તાતી કરીરે લોલ, સમકાલે ચાંપે કોઈ રાયજો ॥ તેથી અનંતગુણો તીહાં કણેરે લોલ, દુખ સહને વિચાર તવ થાયજો॥ તુ૦, ॥ ૩ ॥ હવે પ્રસવે જો મુજને માવડીરે લોલ, તો હું કરૂં તપ જપ ધ્યાનજો ॥ હવે સેવું સદા જિન ધર્મનેરે લોલ, મુકુ કુગુરૂનો સંગ અજ્ઞાનજો ॥ તુ૦ ॥ ૪ ॥ જ્યારે જનમીયોં ત્યાંરે ભૂલી ગયોરે લોલ, ઉહાં ઉહાં રહ્યો ઇમ કહેજો ॥ તીહાં લાગી લાલચ રમવા તણીરે લોલ, આયુ અંજલીજલ સમ વાહજો ॥ તુ૦ ॥ ૫ ॥ ઈમ બાલક વય રમતે ગઈ રે લોલ, થયો જોબને મકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્વજ સમાનજો ॥ ચિત્ત લાગ્યો તદા રમણી સુખેરે લોલ, પુત્ર પૌત્રા દેખી હરખાયજો ॥ તુ૦ ॥૬॥ થઈ ચિંતા વિવાહજમનીરે લોલ, ધન કારણે ધાવે નિસ દીસજો ॥ પુણ્ય હીણા થઈ પામે નહિંરે લોલ, ચિંતે ચોરી કરૂં કે લુટું દેશજો ॥ તુ૦॥૭॥ ગયો યોવન આવી જરા ડાકણીરે લોલ, ધુજ્યો કર પગ શીરને શરીરજો, ઘરે કહ્યું કોઈ માને નહીરે લોલ ॥ પડયો કરે પોકાર નહીં ધીરજો ॥ તુ૦ ॥ ૮ ॥ ઇમ કાલ અનંતો વહી ગયોરે લોલ, અબ ચેત મૂર્ખના સિરદારજો ॥ આવો જોગ મળવો મુશ્કીલ છેરે લોલ, સેવો શ્રી જિન શિવ સંકેતજો ॥ તુ૦ ॥ ૯ ॥ કવિ દાસ કહે મુજ સાહબોરે લોલ, કુડો કપટી કુશીલ ફીર મોડજો ॥ મેં તો દીઠો નહીં કોઇ દેશમાંરે લોલ, મોટો ધર્મનો ઠગ ઠાકોર જો ॥ ૧૦ ॥ મુનિ તત્ત્વ સાગરના પસાયથીરે લોલ, ધર્મ ધ્યાન થયો મૂજ માંહેજો ॥ સંઘસેવા કરે શાંતિનાથનીરે લોલ, તેથી મંગલિક માલ વરતાયજો ॥ તુ૦ ॥ ૧૧ ॥ ઓગણીસે ત્રીસ અસાડનીરે લોલ, સુદ એકમને બુધવારજો ॥ પ્રભુ કરો કૃપા કવીદાસ પેરે લોલ, ઘન ઘાતીયાં ચાર નિવારજો ॥ તુ૦ ॥ ૧૨ ॥

## ॥ अथ श्रीमार्गानुसारी गुणनी सज्झाय ॥

વીર કહે ભવિજન પ્રત્યે, માર્ગતણો ઉપદેશ હો ॥ સુંદર માર્ગના અનુસરવા વિના, કિમ લહે માર્ગ પ્રવેશ હો ॥ સુંદર ॥ ૧ ॥ માર્ગાનુસારી ગુણ ભજો, તે સંખ્યા પાંત્રીસ હો ॥ સુંદર ॥ તેહથી ગૃહી ધર્મ યોગ્યતા, હોય તેહ કહીશ હો ॥ સું૦ ॥ માર્ગાનુ૦ ॥ ૨ ॥ ન્યાયોપાર્જિત સંપદા ( ૧ ) ॥ શિષ્ટાચારનો ચાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હો ( ૨ ) ॥ સું૦ ॥ અન્ય ગોત્રીયના કુલશીલે, સરખા સાથે વિવાહ હો ( ૩ ) સુંદર ॥ માર્ગા૦ ॥ ૩ ॥ પાપ કાર્યથી બીહવું ( ૪ ) દેશાચાર સાપેક્ષહો ( ૫ ) ॥ સુંદર ॥ અપયશ કોઈનો ન બોલવો, રાજાદિકનો વિશેષે હો ( ૬ ) ॥ સુંદર૦ ॥ માર્ગા ॥ ૪ ॥ નહિ અતિ વાવર સાંકડે, ઠાણાયે કરવો વાંસહો ॥ સું૦ ॥ પાડોશી હોયે ભલા, નહીં બહુદ્વાર પ્રકાશહો ( ૭ ) ॥ સું૦ ॥ માર્ગા૦ ॥ ૫ ॥ સંગ સદાચારી તણો ( ૮ ) માતપિતાની સેવ હો ( ૯ ) ॥ સુંદર૦ ॥ બહુ ઉપદ્રવને ઉપને, સ્થાનક તજવા હેવ હો (૧૦) ॥ સું૦ મા૦ ॥ ૬ ॥ નીચકર્મ અપવર્ત્તના ( ૧૧ ) કરવો વ્યય જોઇ આય હો ( ૧૨ ) ॥ સુંદર ॥ વિત્ત પ્રમાણે વેસહો ( ૧૩ ) અડગુણ બુદ્ધિ પ્રથાય હો ( ૧૪ ) ॥ સું૦ મા૦ ॥ ૭ ॥ સાંભલવું નિત્ય ધર્મનું ( ૧૫ ), અજીરણે ભોજન ત્યાગ હો ( ૧૬ ) ॥ સુંદર૦ ॥ ભોજન કરવું સાતિમિ, ભુખ તણે બહુ લાગ હો ( ૧૭ ) ॥ સું૦ મા૦ ॥ ૮ ॥ ધર્માર્થ કામનું સાધવું, માંહો માંહે અવિરોધ હો ( ૧૮ ) સુંદર૦ ॥ સાધુ અતિથિની દીનની, પડિઅરણા જહાં સંધિ હો ( ૧૯ ] ॥ સુંદર૦ માર્ગા૦ ॥ ૯ ॥ પરંપરાભવ બુદ્ધિયે કરી, કાર્ય તણો અનારંભ હો [૨૦) સું૦ ॥ વિનય નયદિક ગુણ તણો, પક્ષપાતે નહિં દંભ હો [૨૧] ॥ સું૦ મા૦ ॥ ૧૦ ॥ દેશનિકાલ વિરૂદ્ધની, આચરણા પરિહાર હો ( ૨૨ ) સુંદર૦ ॥ કાર્ય આરંભ અવસરે, શક્તિ અશક્તિ વિચાર હો [ ૨૩ ] સું૦ મા૦ ॥ ૧૧ ॥ જ્ઞાની ગુણવંત સેવના ( ૨૪ ) આશ્રિત પોસવો ધ્યાન હો ( ૨૫ ) સુંદર૦ ॥ દીર્ઘ દૃષ્ટિ વિચારવું ( ૨૬ ) ન્યૂન વિશેષનું જ્ઞાન હો [ ૨૭ ] સું૦મા૦॥૧૨॥ કીધા ગુણનું જાણવું (૨૮) જન અનુકુલ પ્રવૃત્તિ હો ( ૨૯ ] સુંદર ॥ લજ્જા ( ૩૦ ) દયાને ( ૩૧ ) સૌમ્યતા ( ૩૨ ) પરઉપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારીની વૃતિ હો ( ૩૩ ) સું૦ મા૦ ॥ ૧૩ ॥ અંતર રિપુ ષડ વર્ગ, કામ ક્રોધ લોભ માન હો ॥ સુંદર ॥ મદને હર્ષ જીતવા ( ૩૪ ), વશ પંચિદ્રિય તાન હો ( ૩૫ ) સું૦ મા૦ ॥ ૧૪ ॥ એહ ગુણે જે ગૃહીપણું, પાલે તે ધન્ય જીવ હો ॥ સું૦ ॥ તે તે ભવ જુગલ આરાધતાં, હુએ આનંદી સદીવ હો ॥ સું૦ મા૦ ॥ ૧૫ ॥ પ્રાયે હુએ તેહને વિષે, ધર્મ બીજનો પ્રસાર હો ॥ સું૦ શુદ્ધ ભુમીયે બીજ વાવીયા, ધાન્ય જાતિ વિસ્તાર હો ॥ સું૦ મા૦ ॥ ૧૬ ॥ ઇમ જાણી ગુણ આદરો, આદિક ધાર્મિક એહ જાણી હો ॥ સું૦ ॥ પંડિત શાંતિવિજય તણો, માન કહે શુભવાણી હો ॥ સું૦ મા૦॥૧૭॥ ઈતિશ્રી માર્ગાનુસારીના પાંત્રીસ ગુણની સજ્ઝાય સંપૂર્ણ,

## ॥ कठियारानी सज्झाय ॥

॥ વીર જિનવરરે ગૌતમ ગણધરને કહે, ગુરૂ વાણીરે પુન્યવંત પ્રાણી સદ્દહે ॥ કઠિયારોરે પરદેસી દુરબોધએ, નવિ નિશ્ચયરે નવિ પામે પ્રતિબોધએ ॥ ત્રુટક ॥ પ્રતિબોધ નિશ્ચય તે નવિ પામે જીવતે દુર બોધએ ॥ ધનકરમ મરમ જોગ જડને, ધર્મ સાથે વિરોધએ ॥ તબ કહે ગૌતમસ્વામી, કર સંપુટ કરી મનોહાર એ, દ્દષ્ટાંત કઠિયારાતણો, મુજ કહોને જગદાધાર એ ॥ ૧ ॥ ઢાલ ॥ તબ જલ્પે ચરમ જીનેસર તેહ ભણી, સુણ ઉત્તમરે ગૌતમ ગોત્ર તણા ધણી ॥ કઠિયારોરે કોઇક એક પુરે રહે, તેતો અનુદીનરે, મૂલી લેવા વન વહે ॥ ત્રુટક ॥ વન વહે તે ઇંધણ કાજ ગિરિવર ગયો, અતિસરલ સુંદર તરૂ નિહાલી, હૈયા માંહે હરખીત થયો ॥ તેહતરૂ છેદ્યો મૂલખણતાં, નીકળી એક માટલી, વર પંચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રત્ને જડિત અદ્ભુત, જાતિ રૂપતણી ભલી ॥ ૨ ॥ સીર ભુલીરે વાંસે તે ધરી માટલી, ઘરે આવતાંરે વૃષ્ઠિ હુઇ અતિ આકુલ મૂલા વેચીરે ન શક્યો તે ઘરમાં ઠવિ, ખલ ખાવારે આવ્યો દી-નપણું ચવાં ॥ ત્રુટક ॥ દીનપણું ચવિ સુખ વિપુણ હુતો, ઉઈાનો ખલ આણીઓ ॥ કનક માટલી માંહે ઘાલી, રાંધે મૂરખ પ્રાણીઓ ॥ મૂલીકા કેરા ખંડ કાપી, અગની માંહે તે ધરે ॥ તેહ તણો પરિમલ અતિ અનર્ગલ, સબલ ઘસે વિસ્તરે ॥ ૩ ॥ એહવે એકરે ધન ધને અવતારીઓ, તીણ પંથેરે વડવખતી વ્ય વહારીઓ ॥ જાતાં થકાંરે ગંધ ઘણો તસ આંવીયો, મન ભીતરરે વિસ્મય ભારી પામિયો ॥ ત્રુ૦ ॥ પામીયો તેં ગંધ કિહાંથી આવ્યો, બાવના ચંદન તણો, એવો ઉદારને કવણ ભોગી, દ્રવ્ય એમ કેહને ઘણો ॥ તે ગંધને અનુસાર આવે, ગેહ કઠિયારા તણે, અતિ અસમંજસ નિહાળી, શેઠ શીખામણ ભણે ॥ ૪ ॥ અરે મુરખરે ભ્રમકર તું અકાજરે, કાંઇ બાલેરે બાવના ચંદન આજરે ॥ તુજ આપુંરે મૂલિ કનક બરોબરે ॥ સુખ ભોગવરે ભામિનિ સુંદર મંદિરે ॥ ત્રુ૦ ॥ મંદિર સુંદર જિમ પુરંદર, કર વિનોદ વિલા-સએ, એહ રયણ રૂડાં ઠાંઇલે, પુરવું તુજ આશએ ॥ મૂરખ સ-મજે નહીં, કંચનરયણ વિણસાડે જડે, મનખેદ ધરતા ઘરે સિ-ધાવ્યા, શેઠ ઉપનય જગવડે ॥ ૫॥ ભવપાટણરે વિસ્તર ભૂરી વખાણીયે, મન જાલીરે જીવ કબાડી જાણીયે ॥ રૂડી કાયારે કનક તણી એ માટલી, પંચઇંદ્રિરે જોતી રતન ઉપર છલી ॥ ત્રુ૦ ॥ ઉપર છલી રૂચિ રત્ન કેરી, વિષય ખોલ અસાર એ, તેહતણે કાજે આયુચંદન, દહે મુઢ ગમારએ ॥ નિજકાયા ઇંદ્રિ વિપુણ હુતો, કાંત સકલ કરે વૃથા, એ વાત સઘલે વિસ્તાર પામી, જેમ તેલ જલ માંહે યથા ॥ ૬ ॥ શેઠ સદગુરૂરે પ્રીતિ ધરેપ્રતિ બો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધવા, ઉપગારીરે દીએ ઉપદેશ નવા નવા ॥ નવિબૂઝેરે ભારે કરમી જીવડો, જન્મ અંધારે કરે શું તસ દીવડો ॥ ત્રુ૦ ॥ દીવડો તે શું કરે સદ્ગુરૂ, વિષય અંધા જે જના, કલહ કારી ઘરહ કેરી, વૃથા નિર્મલતા વિના ॥ એ સુણી ઉપનય વિષમ વિષય ખલ સમો વીખ વામીએ, ગુણ વિજય અધિપતિ વીરજપતિ, પરમ પદવી પામીએ ॥ ૭ ॥ ઇતિ કઠિયારાની સજ્ઝાય ॥

---

# ॥ श्री कर्म छत्रोसी ॥

॥ રાગ આસાઉરી ॥ કર્મ થકી છુટે નહીં પ્રાણી, કર્મ સબલ દુખ ખાણજી ॥ કર્મ તણે વશ જીવ પડ્યા સહુ, કર્મ કરે તે પ્રમાણજી ॥ ૧ ॥ કરમ૦ ॥ ટેક ॥ તીર્થંકર ચક્રવત્તી અતુલ બળ, વાસુદેવ બલદેવજી ॥ તે પણ કર્મ વિટંબ્યા કહીયે, કર્મ સબલ નીત સેવજી ॥ ૨ ॥ ક૦ ॥ મુક્તિ ભણી ઉઠયા જે મુનિવર, તે પણ ચુક્યા કેઈજી, સતીયો માંહે પડ્યાં દુખ સબલા, મત કો પાપ કરેઇજી ॥ ક૦ ॥ ૩ ॥ કુણ કુણ જીવ વિટંબ્યા કરમે, તેહતણાં કહુ નામજી ॥ કર્મ વિપાક ઘણા અતિ કડુવા, ધરમ કરો અભિરામજી ॥ ક૦ ॥ ૪ ॥ આદિસર આહાર ન પામ્યા, વરસ સીમ કહેવાયજી ॥ ખાતાં પીતાં દાન દીયંતાં, મતકો કરો અંતરાયજી ॥ ક૦ ॥ ૫ ॥ મલ્લિનાથ તીર્થંકર લીધો, સ્ત્રીનો અવતારજી ॥ તપ કરંતાં માયા તણી કીધી, કર્મે નગરનું કારજી ॥ ક૦ ॥ ૬ ॥ ગોશાલે સંગમ ગોવાલે, કીધો ઉપસર્ગ ઘોરજી ॥ મહાવીરને ચીસ પડાવી, કરમસું કેહો જોરજી ॥ ક૦ ॥ ૭ ॥ સાઠ સહસ સુતનો સમકાલે, લાગ્યો સબલો દુ:ખજી ॥ સગરરાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો મૂર્છાગત, કરમ ન સાંસે સુખજી ॥ ક૦ ॥ ૮ ॥ વળી સુભુમ અંતસુખ ભોગવતો, ષટખંડ લીલવિલાસજી ॥ સાતમી નરક માંહે લઈ નાંખ્યો, કર્મનો કિશ્યો વિસવાસજી ॥ ક૦ ॥ ૯ ॥ બ્રહ્મદત્તને આંધો કીધો, દીઠાં દુઃખ અપારજી ॥ કુર્મતિ કુર્મતિ પડયો પોકારે, સાતમી નરક મોઝારજી ॥ ક૦ ॥ ૧૦ ॥ ઇંદ્ર વખાણ્યો રૂપ અનોપમ, તે વિણઠો તતકાલજી ॥ સાતસેં વરસ સહી બહુ વેદના, સનતકુમાર કરાલજી ॥ ક૦ ॥ ૧૧ ॥ કૃષ્ણ કુણ અવસ્થા પામી, દીઠો દ્વારિકા દાહજી ॥ માતપિતા પણ કાઢી ન શકયા, આપ રહ્યો વનમાંહિજી ॥ ક૦ ॥ ૧૨ ॥ રાણો રાવણ સબલ કહાતો, નવગ્રહ કીધાં દાસજી ॥ લક્ષ્મણ લંકાગઢ લૂટાયો, દશશિર છેદ્યાં તાસજી ॥ ક૦ ॥ ૧૩ ॥ દસરથ રાય દીયો દેશવટો, રામ રહીયો વનવાસજી ॥ વલી વિયોગ પડયો સીતાનો, આઠ પહોર ઉદાસજી ॥ ક૦ ॥ ૧૪ ॥ ચિર પ્રતિપાલ્યો ચારિત્ર છોડી, લીધો બાંધવરાજજી ॥ કુંડરીકને કર્મે વિટંબ્યો, કોઇ ન સર્યો કાજજી ॥ ક૦ ॥ ૧૫ ॥ કોણિકે કઠ પંજર માંહિ દીધો, શ્રેણીક આપણો બાપજી ॥ નરક ગયો નારી મારી તો, પ્રગટયો હિંસા પાપજી ॥ ક૦ ॥ ૧૬ ॥ જસુ અઢાર મુગટબંધ રાજા, સેવક રહે કરજોડીજી ॥ કોણિકથી બીહનો રાય ચેડો, કૂપ પડયો બલછોડીજી ॥ ક૦ ॥ ૧૭ ॥ લુબ્ધો મુંજ મૃણાલવતીસું, ઉજ્જેણીનો રાયજી ॥ ભીખ મંગાવી સુલી દીધો, કર્ણાટ રાય કહાયજી ॥ ક૦ ॥ ૧૮ ॥ વાચના પાંચસેં સાધુને દેતો, જોગી વો થયો શ્રદ્ધજી ॥ અનાર્ય દેશે સુમંગલ ઉપન્યો, જોગી વટે સંબંધજી ॥ ક૦ ॥ ૧૯ ॥ કૃષ્ણ પિતાને ગુરૂ નેમીશ્વર, દ્વારિકા ઋદ્ધિ સમૃદ્ધજી ॥ ઢંઢણ ઋષિ તિહાં આહાર ન પામ્યા, પૂર્વ કર્મ પ્રસિદ્ધજી ॥ ક૦ ॥ ૨૦ ॥ આર્દ્ર કુમાર મહંત મુનિશ્વર, વ્રત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધો વૈરાગજી ॥ શ્રીમતિ નારી સંઘાત લુબ્ધ્યો, હે હે કર્મ વિપાકજી ॥ ક૦ ॥ ૨૧ ॥ સેલક નામે આચારજ મોટો; રાજ પિંડ થયો ગૃધજી ॥ મદ્યપાન કરી રહે સુતો, નહિ પડિક્કમણા શુદ્ધજી ॥ ક૦ ॥ ૨૨ ॥ કમલપ્રભ ઉત્સુત્ર થકી થયો, સાવિદ્યા ચારિત્રજી તીર્થંકર દલેમેં લીંગમાંઠ્યો, એ દેખો અચરિજજી ॥ ક૦ ॥ ૨૩ ॥ નંદિષેણ શ્રેણિકનો બેટો, મહાવીરનો શિષ્યજી ॥ બાર વરસ વેશ્યાશું લુબ્ધો, કર્મની વાત અલખજી ॥ ક૦ ॥ ૨૪ ॥ ભગવંતનો ભાણેજ જમાઈ, વીરસું કીધી વેઠજી ॥ તીર્થંકરનાં વચન ઉથાપ્યાં, હુવો જમાલી સુરઢંઢજી ॥ ક૦ ॥ ૨૫ ॥ રજ્જાસાધવીને રોગ ઉપન્યો, વિણઠચો કોઢ સરીરજી ॥ ભમી અનંત ભવ દુઃખ સહેતી, દોષ દેખાડયો નારિજી ॥ ક૦ ॥ ૨૬ ॥ શીલ સન્નાહ ઘણો સમજાવી, તોહિ ન મુકયાં સાલજી ॥ રૂપિરાય રૂલી ભવમાંહે, ભુંડા ઘણો હવાલજી ॥ ક૦ ॥ ૨૭ ॥ લખ ભવે સીમ રૂલી વલી લખમણા. કુવચન બોલ્યાં એમજી ॥ તીર્થંકર પડપીડ ન જાણી, મૈથુન નિવાર્યો કેમજી ॥ ક૦ ॥ ૨૮ ॥ મુઈ જાણી મુકી વનમાંહે, સુકુમાલિકા સરૂપજી ॥ સાર્થવાહે ઘર ઘરણી કીધી, કર્મનો અકલ સરૂપજી ॥ક૦॥૨૯॥ રોહિણી સાધુ ભણી વહોરાવ્યો, કડવો તુંબો તેડજી ॥ ભવ અનંત ભમી ચિહું ગતિમાં, કર્મ ન મુકે કેડજી ॥ ક૦ ॥ ૩૦ ॥ એમ મૃગાંક લેખા મૃગાવતી, સતાનીકની નારીજી ॥ કષ્ટપડી કમલા રતિ સુંદરી, કહેતાં નાવે પારજી ॥ ક૦ ॥ ૩૧ ॥ કર્મ વિપાક સુણી એમ કડવા, જીવ કરે જિન ધર્મજી ॥ જીવ અછે કર્મ તું જીત્યો, પણ હવે જીતું કર્મજી ॥ ક૦ ॥ ૩૨ ॥ શ્રીમૂલતાન નગર મૂલનાયક, પાર્શ્વનાથ જિણુ જોયજી ॥ વાસુપૂજ્ય શ્રી સુમતિ પ્રસાદે, લોક સુખી સહુ કોયજી ॥ ક૦ ॥ ૩૩ ॥ શ્રી જિનચંદસુરિ, જિ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નસિંધસૂરિ, ગચ્છપતિ ગુણ ભરપૂરજી ॥ સિંધુ જેસલમેરી શ્રાવક, ખરતર ગચ્છ પડુરજી ॥ ક૦ ॥ ૩૪ ॥ સકલચંદ સદ્ગુરૂ સુપસાયે, સોલસે અઠસઠ્ઠીજી, કર્મ છત્રીસી એમ એ કીધી, માહ તણી સુદ છઠ્ઠીજી ॥ ક૦ ॥ ૩૫ ॥ કર્મ છત્રીસી કાને સુણીને, કરજો વ્રત પચ્ચખાણજી ॥ સમય સુંદર કહે શિવસુખ લેશો, ધર્મ તણો પરમાણુજી ॥ ક૦ ॥ ૩૬ ॥

---

## ॥ श्री परदेशी राजानी सज्झाय ॥

॥ પ્રભુજી વીર જિણંદને વંદીએ ॥ એ દેશી ॥

સૂરિવર શ્વેતાંબી નયરી સમોસર્યા, શ્રીકેશી ગણધારહો ॥ પરદેશિ રાજા ॥ આવો સાંભલિયે દીયે ગુરૂ દેશના ॥ પ્રાણી ભવસાગર ભમતાં થકાં, લાધ્યો નર અવતારહો ॥ ૫૦ ॥૧॥ પાપી આતમશું નિંદ્રા કરે, એતો જાગણુ ઠામ હો ॥ ૫૦ ॥ નિશ્ચય નરક તણાં દુઃખ લાવવા, દુતી એ હિંસા નામ હો ॥૫૦॥ ૨ ॥ પ્રાણી આતમ સરખો પ્રાહુણો, આવ્યો છેજ ઘર દેહ હો ॥ ૫૦ ॥ તો તું તેહને કેમ નથી દેખતો, અસંખ્ય પ્રદેશી એહ હો ॥ ૫૦॥ ॥૩॥ એહનું મૂલ ઘર મોક્ષમાં મોટકું, એહને ઋદ્ધિ અપાર હો ॥ ૫૦ ॥ એતો અનંત ચતુમયી આતમા, એકત્રીસ ગુણનો ભંડાર હો ॥ ૫૦ ॥ ૪ ॥ નાવે નજરે તે ચર્મ નેત્રથી, જ્ઞાનથી દેખો સરૂપ હો ॥ ૫૦ ॥ એવાં વચન સુણી ગણધર તણાં, બોલ્યો નાસ્તિક ભૂપ હો ॥ ૫૦ ॥ ૫ ॥ સ્વામી જીવ કિહાં દિસે નહીં, જોયું મેં ચોરશરીર હો ॥ ૫૦ ॥ ઘાલી ભુંઇરા માંહે દઢ કીયો, જિહાં ન સંચરે સમીર હો ॥૫૦॥૬॥ તો તે મરણ લહી જીવ ક્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયો, કયાંથી આવ્યા કમીયા જીવ હો ॥ ૫૦ ॥ એક જીવને સાટે એટલા, આવ્યો તોયે અજીવ હો ॥ ૫૦ ॥ ૭ ॥ જોયો ચુર્ણ કરી જીવ નવિ જડયો, જોયો તોળીને ભાર હો ॥ ૫૦ ॥ માટે જગમાંહે જીવ નથી કિહાં, પંચભૂત પિંડ વિશેષ હો ॥૫૦॥ ૮ ॥ ગુરૂ કહે શંખ શબ્દ ભુંઇરે કરો, સાંભલે બાહિર કેમ હો ॥ ૫૦ ॥ કોહિાને શબ્દ કિહાંથી આવીયો, જીવગતિ પણ તેમ હો ॥ ૫૦ ॥ ૯ ॥ અરણી કાષ્ટ ચુરણ કરી જોઇએ, તો પણુ અગ્નિ તે મ. હે હો ॥ ૫૦ ॥ દઇડો પત્ર તણો કરી જોઈએ, તેનો તોલીએ ભાર હો ॥ ૫૦ ॥ ૧૦ ॥ ફરીને તે પાછો વલી તોલિએ, કરીને પવન સંચાર હો ॥ ૫૦ ॥ માટે સૂક્ષ્મ સ્વરૂપ એ જીવનો, પામે કોઇ ન પાર હો ॥ ૫૦ ॥ ૧૧ ॥ પહોંચે આયુ અનંત પ્રભુ તણાં, કેવલજ્ઞાને સંયુક્ત હો ॥ પણ તે ભાગ અનંતમો ન કહી શકે, આતમ સુક્ષ્મ અનંત હો ॥ ॥ ૫૦ ॥ ૧૨ ॥ પુણ્ય પાપનું ફલ પ્રત્યક્ષ છે, નિર્ભાગી ધનવંત હો ॥ ૫૦ ॥ માટે પુણ્ય સંયોગે પામીએ, રાજ્યની ઋદ્ધિ મહંત હો ॥ ૫૦ ॥ ૧૩॥ એવો ગુરૂ ઉપદેશ તે સાંભલી, પ્રતિબોધ પામ્યો ભૂપાલ હો ॥ ૫૦ ॥ મૂલ સમકિત બારે વ્રત ગ્રહ્યાં વૈરાગ્ય ચિત્ત વિશાલ હો ॥ ૫૦ ॥૧૪॥ રાણી સૂરિકાન્તા વ્યભિચારિયે, દિધું રાજાને વિષ હો ॥ ૫૦ ॥ શુભ ધ્યાને મરી સુર ઉપનો, એ સૂરિયાભ વિમાન હો ॥ ૫૦ ॥ ૧૫ ॥ પામી નરભવ મોક્ષમાં તે જશે, માહાવિદેહ ક્ષેત્ર મોઝાર હો ॥ ૫૦ ॥ એમ વીરજી ગૌતમને કહે, રાયપસેણી વિચાર હો॥ ૫૦ ॥૧૬॥ કેશી પાસ પ્રભુ સંતાનીયા, કીધો ત્યાંથી વિહાર હો ॥ ૫૦ ॥ સ્વામી ગૌતમ પાસે પડિવજ્યું, શાસન વીરનું સાર હો ॥ ૫૦ ॥ ॥ ૧૭ ॥ એતો ઉતરાધ્યનથી જાણજો, ગણધર પ્રશ્ન વિચાર હો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૫૦ ॥ થાજો વિજય ખુશાલ પસાયથી, ઉત્તમ નિત્ય જયકાર હો ॥ ૫૦ ॥ ૧૮ ॥

## ॥ सुबाहु कुमारनी सज्झाय ॥

॥ હવે સુબાહુ કુમાર એમ વિનવે, અમે લઈશું સંજમ ભાર ॥ માડી મોરીરે ॥ મા મેં વીર પ્રભુની વાણી સાંભળી, તેણે મેં જાણ્યો અસ્થિર સંસાર ॥ માડી મોરીરે ॥ હવે હું નહીં રહુંરે સંસારમાં ॥ ૧ ॥ હાંરે જાયા તુજવિના સુના મંદિર માળીઆં, જાયા તુજ વિણ સુનો સંસાર ॥ જાયા મોરારે ॥ માણેક મોતીને મુદ્રિકા ॥ કાંઈ ઋદ્ધિ તણો નહીં પાર ॥ જાયા મોરારે ॥ તુજ વિના ઘડીય ન નીસરે ॥૨॥ હાંરે માજી તન ધન જોબન કારમું, કારમો કુટુંબ પરિવાર ॥ માડી મોરીરે ॥ કારમા સગપણમાં કુણ રહે, મેં તો જાણ્યો અસ્થિર સંસાર ॥ માડી૦ ॥ હવેહું ॥ ૩ ॥ હાંરે જાયા સંજમપંથ ઘણો આકરો, જાયા વ્રત છે ખાંડાની ધાર ॥ જાયા૦ ॥ બાવીસ પરિસહ જીતવા, જાયા રહેવુંજી વનવાસ ॥ જાયા૦ ॥ તુજ૦ ॥ ૪ ॥ હાંરે માજી વનમાં તે રહે છે મરગલા, તેનો કુણ કરે છે સંભાળ ॥ માડી૦ ॥ વન મૃગની પરે ચાલશું, એમ એકલડી નિરધાર ॥ માડી૦ ॥ હવે૦ ॥ ૫ ॥ હાંરે જાયા સીયાલે શીત બહુ પડે, જાયા ઉનાલે લુવાય ॥ જાયા મોરારે ॥ જાયા વરસા લોચની દોહીલો, કાંઈ ઘડીએ વરસ શોજાય ॥ જાયા મોરારે ॥ તુજ૦ ॥ ૬ ॥ હાંરે માજી નરક નિગોદમાં હું ભમ્યો, ભમ્યો અનંત અનંતી વાર ॥ માડી૦ ॥ છેદન ભેદન મેં સહ્યાં, તે કહેતાં ન આવે પાર ॥ માડી૦ ॥ હવે૦ ॥ ૭ ॥ હાંરે જાયા પાંચસેં પાંચસેં નારીયો, રૂપે અપ્છરા સમાન ॥ જાયા ॥ ઉંચા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કુલની ઉપની, રહેવા પાંચસેં પાંચસેં મેહેલ ॥ જાયા મોરારે તુજ૦ ॥ ૮ ॥ હાંરે માજી ઘરમાં જો નીકલે એક નાગણી, સુખે નિદ્રા ન આવે લગાર ॥ માડી મોરીરે ॥ તો પાંચસેં નાગણીઓમાં કેમ રહું, મારૂં મનડું આકુલ વ્યાકુલ થાય ॥ માડી મોરીરે હવે૦ ॥ ૯ ॥ હાંરે જાયા એટલા દિવસ હું તો જાણુતી, રમાડીશ વહુરોના બાલ ॥ જાયા મોરારે ॥ દિવસ અટારો આવીયો, તું લેછે સંજમ ભાર ॥ જાયા૦ ॥ તુજ૦ ॥ ૧૦ ॥ હાંરે માજી મુસાફર આવ્યો કોઈ પરૂણલો, ફરી ભેગો થાય ન થાય ॥ માડી મોરીરે ॥ એમ માણુવ ભવ પામવો દોહીલો ॥ ધર્મ વિના દુર્ગતિમાં જાય ॥ માડી૦ હવે ॥ ૧૧ ॥ હવે પાંચસો વહુરો એમ વિનવે, તેમાં વડેરી કરે જવાબ ॥ વાલમ મોરારે ॥ સ્વામી તમે તો સંજમ લેવા સંચર્યા, સ્વામી અમને કવણ આધાર ॥ વા૦ ॥ વાલમ વિના કેમ રહી શકું ॥ ૧૨ ॥ હાંરે માજી માતપિતાને ભાઈ બેનડી, નારી કુટુંબને પરિવાર ॥ માડી૦ ॥ અંત સમય અલગા રહે, એક જૈન ધર્મ તરણ શરણહાર ॥માડી૦॥ હવે૦ ॥ ૧૩ ॥ હાંરે માજી કાચી તે કાયા કારમી, સડી પડી વિણસી જાય ॥ માડી૦ ॥ જીવડો જાયે ને કાયા પડી રહે, મુઆ પછી બાળી કરે રાખ ॥ માડી૦ ॥ હવે૦ ॥ ૧૪ ॥ હવે ધારણી માતા રહી વિનવે, આ પુત્ર નહીં રહે સંસાર ॥ ભવિક જનરે ॥ એક દિવસનું રાજ ભોગવી, સંજમ લીધું મહાવીર સ્વામી પાસ ॥ ભવિક જનરે ॥ સોભાગી કુંવરે સંજમ આદર્યું ॥ ૧૫ ॥ તપ જપ કરી કાયા શોષવી, આરાધી ગયા દેવલોક, ॥ ભવિક જનરે ॥ પંનર ભવ પુરા કરી, મહાવિદેહ ક્ષેત્રમાં જાશે મોક્ષ ॥ ભવિક જનરે ॥ સોભાગી કુંવરે સંયમ આદર્યો ॥ ૧૬ ॥ હાંરે માજી વિપાક સૂત્રમાં ભાંખીઉં, બીજા સૂત્ર અખંડ મોઝાર ભવિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનરે ॥ પ્રથમ અધ્યયને એ કહ્યું, સૂત્ર વિપાકમાં અધીકાર, ભવિક જનરે ॥ સોભાગી કુંવરે સંયમ આદર્યો ॥ ૧૭ ॥

---

# मोह मिथ्यात्वनी सज्झाय.

॥ મોહ મિથ્યાતની નિંદમાં; સુતો કાલ અનંત ॥ માજી મોરી ॥ પરમાધામીને વશ પડયો, પામ્યો દુઃખ અનંત ॥ માજી મોરી ॥ ૧ ॥ કરણી તો કરસું ચિત્ત નીરમલી ॥ એ ટેક ॥ રાગતણા રસીઆ હુંતા, સુણુ સુણુ કરતા તાન, ॥ માજી૦ ॥ ધર્મકથા નવિ સાંભલી, કાપે તેહના કાન ॥ માજી૦ ક૦ ॥ ૨ ॥ પરનારીના રૂપનો, વિષય વખાણ્યો જોય ॥ માજી૦ ॥ દેવ ગુરૂ નીરખ્યા નહીં, તેની આંખો કાઢે દોય ॥ મા૦ ક૦ ॥ ૩ ॥ અગની ધખંતી પુતળી, ચાંપે હૃદય મોજાર ॥ મા૦ ॥ પરનારીના સંગથી, પામ્યો દુઃખ અપાર ॥ મા૦ ॥ ૪ ॥ સુરભી ગંધ સુંઘ્યા ઘણા, ગુંથ્યા ફુલ ફરાક ॥ મા૦ ॥ અંતર ફૂલેલ પડાવીયા, કાપે તેહના નાક ॥ મા૦ ક૦ ॥ ૫ ॥ જૂઠ વચન બોલ્યા ઘણું, કુડ કપટની ખાણ ॥ મા૦ ॥ પરમાધામી તેહની, જીભ કાઢે જડતાણ ॥ મા૦ ક૦ ॥ ૬ ॥ ગાડે વહેલે બેસીને, બળદ દોડાવે વાટ ॥ મા૦ ॥ લોહમાં ઘુંસરો ધખાવીયો, લેઇ દોડાવે ઘાટ ॥ મા૦ ક૦ ॥ ૭ ॥ રસ્તે લુંટયા રાંકને, કરી કરી કીધ અન્યાય ॥ માજી૦ ॥ માંકણ મારે તેહને, પીલે ઘાણી માંહ ॥ મા૦ ક૦ ॥ ૮ ॥ કાચાં કુલાં ફૂલ ભખ્યાં, ગાજર મૂલાકંદ ॥ મા૦ ॥ ઉંધે મસ્તક ઉપનો, પિડાયા કરે આક્રંદ ॥ મા૦ ક૦ ॥ ૯ ॥ વનસ્પતિ છેદન કરી, કાપ્યા તરૂ વનરાય ॥ મા૦ ॥ સુડણ નિદણ કીધા ઘણા, કાપે તેહની કાય ॥ મા૦ ક૦ ॥ ૧૦ ॥ ટાંકા જ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વારા વાવીને, ફુલાં સેજ બિછાય ॥ મા૦ ॥ સુખ ભોગવિયા તેહ-ને, કાંટા ચાંપે કાય ॥ મા૦ ક૦ ॥ ૧૧ ॥ ફુલી ફલીયાં ફુલની, તોડી ગુંથ્યા હાર ॥ મા૦ ॥ સામલી વૃક્ષે બાંધીને, દીએ કોર-ડાનો માર મા૦ ક૦ ॥ ૧૨ ॥ વચન ચુક્યા નર જે હતા, કુડા કપટી જેહ ॥ મા૦ ॥ પકડી પછાડે પર્વતથી, ખંડોખંડ કરતા દેહ ॥ મા૦ ક૦ ॥ ૧૩ ॥ ઘરમાં કલેશ કરાવતી, કાથા કબલી નાર ॥ માં૦ ॥ પરમાધામી તેહને, મુખમાં ભરેરે અંગાર ॥મા૦ ક૦ ॥ ૧૪ ॥ કુહાડે કરીને છેદીયાં, લીલાં મોટાં ઝાડ ॥ મા૦ ॥ પરમાધામી તેહને, છેદે મસ્તક ફાડ ॥ મા૦ ક૦ ॥ ૧૫ ॥ કોશ કોદાલા પાવડા, પૃથ્વી વિદારણ જેહ ॥ મા૦ ॥ માગ્યાં જે કોઇ આપશે, પામશે દુઃખ અછેહ ॥ મા૦ ક૦ ॥ ૧૬ ॥ પૂજ્ય ક-હીને પૂજાવતા, કરતા અનરથ મૂલ ॥ મા૦ ॥ કામિની ગર્ભ ગ-લાવતા, તેને પરોવી દીધા ત્રિશૂલ ॥ મા૦ ક૦ ॥ ૧૭ ॥ કરી અંગીઠી અગ્નિની, ચલમ ભરે ચકડોલ ॥ મા૦ ॥ ગાંજા તમાકુ જે પીએ, તે તો ગયા નરકની પોળ ॥ મા૦ ક૦ ॥ ૧૮ ॥ જે ઘર રમતા હોલાયે, હસતા પાણી ઢોલ ॥ મા૦ ॥ પરમાધામિ તે હની, ઘણી ઉડાડે રોલ ॥ મા૦ ક૦ ॥ ૧૯ ॥ તાતું તરવું ઉકાળીને, કરી કરી ક્રોધ અપાર ॥ મા૦ ॥ પીચકારી ભરીને છાંટતા, ઉપર નાંખે ખાર ॥ મા૦ ક૦ ॥ ૨૦ ॥ ઘણા હોકા પીવતા, અગનિ જલાદિક જીવ ॥ મા૦ ॥ તાતા લોહ તપાવીને, મુખ ચાંપે કરે રીવ ॥ મા૦ ક૦ ॥ ૨૧ ॥ પાપ કરમથી ઉપનો, કુડા વિપાક માંહે ॥મા૦ ॥ ઉપર ચુંટે કાગડા, માંહે કીડા ખાય ॥ મા૦ ક૦ ॥ ૨૨ ॥ માનવનો ભવ પામીને, હવે જાવું નહી હાર ॥ મા૦ ॥ નિરંતર દર્શન જિન ધર્મનો, લેશે તો પામે ભવપાર ॥ મા૦ ક૦ ॥ ૨૩ ॥ ઇતિ મોહ મિથ્યાત્વની સજ્ઝાય ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ श्री सिद्धनी सज्झाय ॥

આઠ કર્મ ચુરણુ કરીરે લાલ, આઠ ગુણ પરસિદ્ધ ॥ મેરે પ્યારે ॥ ક્ષાયિક સમકિતના ધણીરે લાલ ॥ વંદુ વંદુ એહવા સિદ્ધ ॥ મેરે પ્યારે ॥આ૦ ॥ ૧ ॥ અનંત નાણુ દરસણુ ધરારે લાલ, ચોથું વીર્ય અનંત ॥ મે૦ ॥ અગુરૂ લઘુ સૂક્ષ્મ કહ્યારે લાલ, અવ્યબાધ મહંત ॥ મે૦ ॥ આ૦ ॥ ૨ ॥ જેહની કાયા જેહવીરે લાલ, ઉણી ત્રીજે ભાગે ॥ મે૦ ॥ સિદ્ધ સિલ્લાથી જોયણેરે લાલ, અવગાહના વીતરાગે ॥ મે૦ ॥ આ૦ ॥ ૩ ॥ સાદિ અનંતા તિહાં ઘણારે લાલ, સમય સમય તેહ જાય ॥ મે૦ ॥ મંદિર માંહે દિપાલીકારે લાલ, સઘલો તેજ સમાય ॥ મેરે૦ ॥ ૪ ॥ માનવ ભવથી પામીયેરે લાલ, સિદ્ધ તણા સુખ સંગ ॥મેરે॥ એહનું ધ્યાન સદા ધરીરે લાલ, એમ બોલે ભગવઇ અંગ ॥ મેરે૦ આ૦ ॥ ૫૦ ॥ શ્રી વિજયદેવ પટોધરૂરે લાલ, શ્રી વિજયસેન સુરીસ ॥ મે૦ ॥ સિદ્ધ તણા ગુણ એ કહ્યારે લાલ, દેવ દીએ આસીસ ॥ મે૦ ॥ આ૦ ॥ ૬ ॥ ઇતિ શ્રી સિદ્ધ સજ્ઝાય સંપૂર્ણ.

---

# मेघकुमारनी सज्झाय ॥

॥ ધારણી મનાવેરે મેઘ કુમારનેરે, તું મુજ એકજ પુત ॥ તુજવિણ પુત્રરે દીનડા કીમ ગમેરે, રાખો રાખો ઘરતણા સુત ॥ ધા૦ ॥ ૧ ॥ તુજને પરણાવુંરે આઠ કુમારિકારે, તે બહુ અતિ સુકુમાલ ॥ મલપતી ચાલેરે જીમ વન હાથણીરે. નયણુ વયણુ સુવિશાલ ॥ ધા૦ ॥ ૨ ॥ જાયા એ ઋદ્ધિ સઘલી ભોગવોરે, એ કરૂણા નહીં તુજવીર ॥ હું તુજ માતારે એટલું વિનવુંરે, પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેજ્યો દીક્ષા હો વીર ॥ ધા૦ ॥ ૩ ॥ મુજ મન જાયારે હુંસ હતી ઘણીરે, જે રમાડીસ વહુ તણાં બાલ ॥ દૈવ અટારોરે દેખી નવી શકયોરે, ઉપાયો એહજંઝાલ ॥ ધા૦ ॥ ૪ ॥ સુણુ સુણુ માડીરે મેઘ ઇમ વિનવેરે, નથી નથી કેહનો કોય ॥ ઇણ સંસારેરે થીર કો નવી રહ્યારે, હરીહર ચક્રવર્ત્તી જોય ॥ ધા૦ ॥ ૫ ॥ મેઘ કુમારેરે માતા પ્રતે બુઝવીરે, દીક્ષા લીયે વીરજીની પાસ ॥ અમર કહે એ મુનિને વાંદતાં રે, છુટસે ભવ તણો પાસ ॥ ધા૦ ॥ ૬ ॥

## ॥ नवपद महिमानी सज्झाय ॥

॥ સરસતી માતા મયા કરો, આપો વચન વિલાસોરે ॥ મયણાસુંદરી સતી ગાયશું, આણી હીયડે ભાવોરે ॥ ૧ ॥ નવપદ મહીમા સાંભળો, મનમાં ધરી ઉલ્લાસોરે ॥ મયણાસુંદરી શ્રીપાલને, કલીયો ધર્મ ઉદારોરે ॥ ન૦ ॥ ૨ ॥ માલવ દેશ માંહી વલી, ઉજ્જેણી નયરી જામોરે ॥ રાજ્ય કરે તીહાં રાજીઓ, પુહવી પાલ નરિંદોરે ॥ ન૦ ॥ ૩ ॥ રાય તણી મન મોહની, ધરણી અનોપમ દોયરે ॥ તાસુ કુંખે સુતા અવતરી, સુરસુંદરી મયણા જોડરે ॥ ન૦ ॥ ૪ ॥ સુરસુંદરી પંડિત કને, શાસ્ત્ર ભણી મિથ્યાતોરે ॥ મયણાસુંદરી સિદ્ધાંતનો, અર્થ લીયો સુવિચારોરે ॥ ન૦ ॥ ૫ ॥ રાય કહે પુત્રી પ્રત્યે, હું તુઠો તુમ જેહારે ॥ વંછીત વર માગો તદા, આપુ અનોપમ જેહારે ॥ ન૦ ॥ ૬ ॥ સુરસુંદરીએ વર માગીઓ, પરણાવી શુભ ઠામોરે ॥ મયણાસુંદરી વયણાં કહે, કર્મ કરે તે હોયરે ॥ ન૦ ॥ ૭ ॥ કરમે તુમારે આવીયો, વરવરો એટી જેહારે ॥ તાત આદેશે કરગ્રહ્યો, વરીયો કુષ્ટી તેહારે ॥ન૦॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ ॥ આંબિલનો તપ આદરી, કોઢ અઢારનો કાલોરે ॥ સદ્‌ગુરૂ આજ્ઞા શિરધરી, હુઓ રાય શ્રીપાલોરે ॥ ન૦ ॥ ૯ ॥ તપ પ્રસાદે સુખ સંપદા, પ્રત્યક્ષ સ્વર્ગે પહુતોરે ॥ ઉપસર્ગ સવી દૂરે ટળ્યા, પામ્યો સુખ અનંતોરે ॥ ન૦ ॥ ૧૦ ॥ દેશ દેશાંતર ભમી કરી, આવ્યો તે વરસંતોરે ॥ નવ રાણી પામ્યા ભલી, રાજ્ય પામ્યો મનરંગોરે ॥ ન૦ ॥ ૧૧ ॥ તપગચ્છ દિનકર ઉગીયો, શ્રી વિજયસેન સુરિંદોરે, તાસ શિષ્ય વિમલ એમ વિનવે, સતીય નામે આણંદોરે ॥ ૧૨ ॥

## ॥ साधुजीनो सज्झाय ॥

॥ પંચમહાવ્રત દશવિધ યતિધર્મ, સત્તર સંજમ ભેદ પાલેજી ॥ વૈયાવચ્ચ દસ નવવિધબ્રહ્મચર્ય વાડ ભલી અજુઆલોજી ॥ ૧ ॥ જ્ઞાનાદિ ત્રય બારે ભેદે, તપ કરે જે અનીદાનજી ॥ ક્રોધાદીક ચારેનો નિગ્રહ, એ ચરણસીતેરી માનજી ॥ ૨ ॥ ચઉવિધ પિંડ વસતી વસ્ત્ર પાત્ર, નિર્દૂષણ એ લેવેજી, સુમતિ પાંચવલી પડીમાં બારહ, ભાવના બારહ સેવેજી ॥ ૩ ॥ પચવિશ પડીલેહણ પંચઇંદ્રિયા ॥ વિષય વિકારથી વારેજી, ત્રિણ ગુપ્તીને ચ્યાર અભિગ્રહ, દ્રવ્યાદિક સંભારેજી ॥ ૪ ॥ કરણસીતેરિ એહવી સેવે, ગુણ અનેકવલી વાધેજી ॥ સંજમી સાધુ તેહને કહીયે, બીજા સવી નામ ધરાવેજી ॥ ૫ ॥ એ ગુણ વિણ પ્રવજ્યા બોલી, આજીવિકાને તોલેજી; તે ખટકાય અસંજમી જાણો, ધર્મદાસ ગણી બોલેજી ॥૬॥ જ્ઞાનવિમલ ગુરૂ આણા ધરીને, સંજમ શુદ્ધ આરાધોજી ॥ ઇમ અનુપમ શિવસુખ સાધો, જગમાં કીર્તિ વાંધેજી ॥ ૭ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अथ श्रीसीताजीनी सज्झाय ॥

॥ જનકસુતા સીતા સતી૦ રામચંદ્રની ઘરનારી રે૦ ॥ કૈકેચી વરઅનુભાવથી ॥ પોત્યાં વન મજારીરે ॥ ૧ ॥ અતી રૂપે રાવણે હરી, તીહાં રાખ્યું શીલ અખંડરે, રાવણ હણી લંકા ગ્રહી, લક્ષમણ રામ પરચંડરે ॥ શીઅલવંતી સીતા વંદીએ ॥ ૨ ॥ અનુક્રમે અયોધ્યાએ આવીઆ, કરમવશે થયું દુખરે ॥ ગરભવંતી વને એકલી, મુકી પણ થયું સુખરે ॥ સી૦ ॥ ૩ ॥ લવ અને કુશ સુત પરગડા ॥ વિદ્યાવંત વિલાસરે ॥ અનુક્રમે દીજે ઉતરયા, જલ થયુ અગ્ની જાલારે શીલ૦ ॥ ૪ ॥ દીક્ષા ગ્રહી સુરપતી થઆ, અચ્યુતકલ્પેતેહરે૦ ॥ તીહાંથી ચવી ભવ અંતરે ॥ શિવ લેશે ગુણગેહરે૦ ॥ શીલ૦ ॥ ૫ ॥ લવકુશ હનુમાનજી રામ લહ્યા શિવ વાસરે૦ ॥ રાવણ લક્ષમણ પામસે, જિન ગણધર પદ ખાસરે ॥ શીલ૦ ॥ ૬ ॥ પદ્મચરિત્રે એહના, વિસ્તારે અધિકારરે૦ જ્ઞાનવિમલ ગુરૂથી લહો, સુખ સંપત્તિ જય કારરે ॥ શીલ૦ ॥૭॥ શીયલવંતી સીતા વંદીએ ॥ સંપૂર્ણ ॥

## ॥ अथ श्री यशोविजयजी उपाध्यायकृत आठदृष्टिनो स्वाध्याय प्रारंभः ॥

॥ શિવસુખકારણ ઉપદિશી, યોગતણી અડદિઠ્ઠી રે ॥ તે ગુણથુણી જિનવીરનો, કરસું ધર્મની પુઠી રે ॥ વીરજિનેસર દેશના ॥ ૧ ॥ સઘન અઘન દિનરયણિમાં, બાલ વિકલને અનેરા રે ॥ અરથ જોયે જેમ જુજૂઆ, તેમ ઓઘનજરના ફેરા રે ॥ વી૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૨ ॥ દર્શન જે થયાં જૂજૂઆં, તે ઓઘનજરને ફેરેં રે ॥ ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકેતદૃષ્ટિને હેરેં રે ॥ વી૦ ॥ ૩ ॥ દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજભાવેં રે ॥ હિત કરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે ॥ વી૦ ॥ ૪ ॥ દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાજે રે ॥ રયણિ સયન જેમ શ્રમહરે, સુરનર સુખ તેમ છાજે રે ॥ વી૦ ॥ ૫ ॥ એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમદૃષ્ટિ હવે કહિયેં રે ॥ જિહાં મિત્રા તિહાં ઓઘજે, તે તૃણ અગનિ સો લહિયેં રે ॥ વી૦ ॥ ૬ ॥ વ્રતપણ યમ ઈહાં સંપજે, ખેદ નહી શુભકાજેં રે ॥ દ્વેષ નહીં વલી અવરસું, એહ ગુણ અંગ વિરાજે રે ॥ વી૦ ॥ ૭ ॥ યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે ॥ ભાવાચારજ સેવના, ભવઉદ્વેગ સુઠામો રે ॥ વી૦ ॥ ૮ ॥ દ્રવ્ય અભિગ્રહ પાલવા, ઓષધપ્રમુખને દાનેં રે ॥ આદર આગમ આસરી, લિખનાદિક બહુ માનેં રે ॥ વી૦ ॥ ૯ ॥ લેખન પૂજન આપવું, શ્રુતવાચના ઉદગ્રાહો રે ॥ ભાવવિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન ચાહો રે ॥ વી૦ ॥ ૧૦ ॥ બીજકથા ભલી સાંભલી, રોમાંચિત હુઈ દેહ રે ॥ એહ અવંચક યોગથી, લહિયેં ધરમસનેહ રે ॥ વી૦ ॥ ૧૧ ॥ સદગુરૂ યોગેં વંદનક્રિયા, તેહથી ફલ હોયે જેહો રે ॥ યોગક્રિયા ફલભેદથી, ત્રિવિધ અવંચક એહો રે ॥ વી૦ ॥ ૧૨ ॥ ચાહે ચકોર તે ચંદને, મધુકર માલતી ભોગી રે ॥ તેમ ભવિ સહજ ગુણેં હોયે, ઉત્તમનિમિત્ત સંયોગી રે ॥ વી૦ ॥ ૧૩ ॥ એહ અવંચકયોગ તે, પ્રગટે ચરમાવર્ત્તે રે ॥ સાધુનેં સિદ્ધદશાસમો, બીજનું ચિત્ત પ્રવર્ત્તે રે ॥ વી૦ ॥ ૧૪ ॥ કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે ॥ મુખ્યપણે તે ઇહાં હોયે, સુયશવિલાસનું ટાણું રે ॥ વી૦ ॥ ૧૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ બીજી ॥ મન મોહન મેરે ॥ એ દેશી ॥

॥ દર્શન તારાદષ્ટિમાં, મનમોહન મેરે ॥ ગોમય અગનિ સમાન ॥ મ૦ ॥ શૌચસંતોષને તપ ભલો ॥ મ૦ ॥ સજ્ઝાય ઈશ્વરધ્યાન ॥ મ૦ ॥ ૧ ॥ નિયમપંચ ઈહાં સંપજે ॥ મ૦ ॥ નહી કિરિયા ઉદ્વેગ ॥ મ૦ ॥ જિજ્ઞાસા ગુણતત્ત્વની ॥ મ૦ ॥ પણ નહીં નિજહઠટેગ ॥ મ૦ ॥ ૨ ॥ એ દષ્ટેં હોય વરતતાં ॥ મ૦ ॥ યોગકથા બહુપ્રેમ ॥ મ૦ ॥ અનુચિત તેહ ન આચરે ॥ ॥ મ૦ ॥ વાલ્યો વલે જેમ હેમ ॥ મ૦ ॥ ૩ ॥ વિનય અધિક ગુણીનો કરે ॥ મ૦ ॥ દેખે નિજગુણહાણ ॥ મ૦ ॥ ત્રાસ ધરે ભવભયથકી ॥ મ૦ ॥ ભવ માને દુખખાણ ॥ મ૦ ॥ ૪ ॥ શાસ્ત્ર ઘણાં મતિ થોડલી ॥ મ૦ ॥ શિષ્ટ કહે તે પ્રમાણ ॥ મ૦ ॥ સુયશ લહે એ ભાવથી ॥ મ૦ ॥ ન કરે જૂઠ ડફાણ ॥ મ૦ ॥ ૫ ॥

॥ ઢાલ ત્રીજી પ્રથમ ગોવાલા તણે ભવેંજી રે ॥ એ દેશી ॥

॥ ત્રીજી દષ્ટિ બલા કહીજી, કાષ્ઠ અગનીસમ બોધ ॥ ક્ષેપ નહી આસન સધેજી, શ્રવણસમીહા સોધ રે ॥ જિનજી ॥ ધન ધન તુજ ઉપદેશ ॥૧॥ તરૂણસુખી સ્ત્રીપરિવરયોંજી, જેમ ચાહે સુરગીત ॥ સાંભલવા તેમ તત્ત્વનેજી, એ દષ્ટિ સુવિનીત રે ॥ જિનજી ॥ ધન૦ ॥ ૨ ॥ સરિ એ બોધપ્રવાહનીજી, એ વિણ શ્રુતથલકૂપ ॥ શ્રવણસમીહા તે કિસીજી, શયિત સુણે જેમ ભૂપ રે ॥ જિ૦ ॥ ધ૦ ॥ ૩ ॥ મન રીજે તનુ ઉલ્લસેજી, રીજે બુજે એકતાન ॥ તે ઈચ્છાવિણું ગુણકથાજી, બહિરા આગલ ગાન રે ॥ જિ૦ ॥ ધ૦ ॥ ૪ ॥ વિઘન ઇહાં પ્રાયેં નહીજી, ધર્મહેતુમાં કોય અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોય રે ॥ જિ૦ ॥ ધ૦ ॥ ૫॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ ચોથી ॥ ઝાંજરીયા મુનિવર ધન ધન તુમ અવતાર ॥ એ દેશી ॥

॥ યોગદૃષ્ટિ ચોથી કહીજી, દીપ્રા તિહાં ન ઉથાન ॥ પ્રાણાયામ તે ભાવથીજી, દીપપ્રભાસમ જ્ઞાન ॥ મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ ॥ ૧ ॥ બાહ્યભાવ રેચક ઇહાંજી, પૂરક અંતરભાવ ॥ કુંભક થિરતાગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ ॥ મ૦ ॥ ૨ ॥ ધર્મઅરથે ઇહાં પ્રાણનેજી, છંડે પણ નહી ધર્મ ॥ પ્રાણ અરથે સંકટ પડેજી, જૂઓ એ દ્દષ્ટિનો મર્મ ॥ મ૦ ॥ ૩ ॥ તત્વશ્રવણ મધુરોદકેજી, ઈહાં હોએ બીજપ્રરોહ ॥ ખાર ઉદકસમ ભવ ત્યજેજી, ગુરૂભગતિ અદ્રોહ ॥ મ૦ ॥ ૪ ॥ સૂક્ષ્મબોધ તોપણ ઇહાંજી, સમકેત વિણ નવિ હોય ॥ વેદ્ય સંવેદ્યપદે કહિઉંજી, તેન અવેદ્યે જોય ॥ મ૦ ॥ ૫ ॥ વેદ્યબંધ શિવહેતુ છેજી, સંવેદન તસ નાણ ॥ નયનિક્ષેપે અતિ ભલુંજી, વેદ્યસંવેદ્ય પ્રમાણ ॥ મ૦ ॥ ૬ ॥ તેપદ ગ્રંથિવિભેદથી જી, છેહલી પાપપ્રવૃત્તિ ॥ તપ્તલોહ પદધૃતિ સમીજી, તિહાં હોય અંતનિવૃત્તિ ॥ મ૦ ॥ ૭ ॥ એહથકી વિપરીત છેજી, પદ તે અવેદ્ય સંવેદ્ય ॥ ભવઅભિનંદી જીવનેજી, તે હોય વજ્ર અભેદ્ય ॥ મ૦ ॥ ૮ ॥ લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છરઠાણ ॥ ભવ અભિનંદી ભય ભર્યોજી, અફલ આરંભ અયાણ ॥ મ૦ ॥ ૯ ॥ એહવા અવગુણવંતનુંજી, પદ છે અવેદ્યકઠોર ॥ સાધુસંગ આગમ તણુંજી, તે જીતે ધરિ જોર ॥ મ૦ ॥ ૧૦ ॥ તે જીતે સહજે ટલેજી, વિષમ કુતર્કપ્રકાર ॥ દૂર નિકટહાથી હણેજી, જેમ એ અઠરવિચાર ॥ મ૦ ॥ ૧૧ ॥ હું પામ્યો સંશય નહીજી, મૂરખ કરે એ વિચાર ॥ આલસુઆ ગુરૂ શિષ્યનોજી, તે તો વચનપ્રકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ મ૦ ॥ ૧૨ ॥ દીજે તે પતિ આવવું જી, આગમતેં અનુમાન ॥ આગમને અનુમાનથીજી, સાચું લહે સુજ્ઞાન ॥ મ૦ ॥ ૧૩ ॥ નહી સર્વજ્ઞ તે જૂજૂઆજી, તેહના જે વલી દાસ ॥ ભગતિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ ॥ મ૦ ॥ ૧૪ ॥ દેવ સંસારી અનેક છેજી, તેહની ભકિત વિચિત્ર ॥ એક રાગ પર દ્વેષજી, એક મુગતિની અચિત્ર ॥ મ૦ ॥ ૧૫ ॥ ઈંદ્રયાર્થગત બુદ્ધિ છે જી, જ્ઞાન છે આગમહેત ॥ અસંમોહ શુભકૃતિ ગુણેજી, તેણેં ફલભેદ સંકેત ॥ મ૦ ॥ ૧૬ ॥ આદર કિરિયા રતિ ઘણીજી. વિઘન ટલે મિલે લચ્છિ ॥ જિજ્ઞાસા બુધસેવનાજી, શુભકૃતિ ચિન્હ પ્રત્યચ્છિ ॥ મ૦ ॥ ૧૭ ॥ બુદ્ધિ ક્રિયા ભવફલ દીયેજી. જ્ઞાન ક્રિયા શિવઅંગ ॥ અસંમોહ કિરિયા દિયેજી, શીઘ્ર મુગતિફલ ચંગ ॥ મ૦ ॥ ૧૮ ॥ પુદ્ગલ રચના કારમીજી, તિહાં જસ ચિત્ત ન લીન ॥ એક માર્ગ તે શિવતણોજી, ભેદ લહે જગ દીન ॥ મ૦ ॥ ૧૯ ॥ શિષ્ય ભણી જિનદેશનાજી, કઈ જન પરિણતિ ભિન્ન ॥ કઈ મુનિની નયદેશનાજી, પરમાર્થથી અભિન્ન ॥ મ૦ ॥ ૨૦ ॥ શબ્દભેદ ઝગડો કિસ્યોજી, પરમારથ જો એક ॥ કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફિરે નહી છેક ॥ મ૦ ॥ ૨૧ ॥ ધર્મ ક્ષમાદિક પણ મિટેજી, પ્રગટે ધર્મસંન્યાસ ॥ તો ઝગડા ઝાંટા તણોજી, મુનીને કવણ અભ્યાસ ॥ મ૦ ॥ ૨૨ ॥ અભિનિવેશ સઘલો ત્યજીજી, ચાર લહી જેણે દષ્ટિ ॥ તે લેશે હવે પાંચમીજી, સુયશ અમૃત ઘનવૃષ્ટિ ॥ મ૦ ॥ ૨૩ ॥

॥ ઢાલ પાંચમી ॥ ધન ધન સંપ્રતિ સાચો રાજા ॥ એ દેશી ॥

દૃષ્ટિ થિરામાંહે દર્શન નિત્યેં, રતનપ્રભાસમ જાણો રે ॥ ભ્રાંતિ નહી વલી બોધ તે સૂક્ષમ, પ્રત્યાહાર વખાણો રે ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ગુણ વીરતણો ન વીસારૂં, સંભારૂં દિનરાત રે ॥ પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકેતને અવદાત રે ॥ એ ગુણ૦ ॥ ૨ ॥ બાલધુલિ ઘરલીલા સરિખી, ભવચેષ્ટા ઈહાં ભાસે રે ॥ રિદ્ધિવૃદ્ધિ ઘટમાં સવિ પ્રગટે, અષ્ટ મહાસિદ્ધિ પાસે રે ॥ એ ગુણ૦ ॥ ૩ ॥ વિષયવિકારેં ન ઇંદ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે ॥ કેવલજ્યોતિ તે તત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે ॥ એ ગુણ૦ ॥ ૪ ॥ શીતલ ચંદનથી પણ ઉપનો, અગની દહે જેમ વનનેં રે ॥ ધરમ જનિતપણ ભોગ ઇહાં તિમ, લાગે અનિષ્ટ તે મનને રે ॥ એ ગુણ૦ ॥ ૫ ॥ અંશે હોય ઈહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે ॥ ચિદાનંદઘન સુયશવિલાસી, કેમ હોય જગનો આસી રે ॥ એ ગુણ૦ ॥ ૬ ॥

॥ ઢાલ છઠ્ઠી ॥ ભોલીડા હંસા રે વિષય ન રાચીયેં ॥ એ દેશી॥

॥ અચપલ રોગરહિત નિષ્ઠુર નહી, અલ્પ હોય દોય નીતિ ॥ ગંધ તે સારો રે કાંતિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ ॥ ૧ ॥ ધનધન શાસન શ્રી જિનવરતણું ॥ એ આંકણી ॥ ધીર પ્રભાવી રે આગલેં યોગથી, મિત્રાદિક યુતચિત્ત ॥ લાભ ઈષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા, જનપ્રિયતા હોય નિત્ય ॥ ધ૦ ॥ ૨ ॥ નાશ દોષનો રે તૃપતિ પરમ લહેં, સમતા ઉચિત સંયોગ ॥ નાશ વયરનો રે બુદ્ધિ સંતંભરા, એ નિષ્પન્નહ યોગ ॥ ધ૦ ॥ ૩ ॥ ચિન્હયોગના રે જે પરગ્રંથમાં, યોગાચારય દિઠ્ઠ ॥ પંચમદષ્ટિથકી તે જોડીયેં, એહવા તેહ ગરિઠ ॥ ધ૦ ॥ ૪ ॥ છઠિ દિઠિ રે હવે કાંતા કહું, તિહાં તારાભપ્રકાશ ॥ તત્વમીમાંસા રે દૃઢ હોયેં ધારણા, નહી અન્ય શ્રુતવશ ॥ ધ૦ ॥ ૫ ॥ મન મહિલાનું રે વાહલા ઊપરેં, બીજાં કામ કરંત ॥ તેમ શ્રુતધર્મેં રે એહમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન ધરે, જ્ઞાનાક્ષેપકવંત ॥ ધ૦ ॥ ૬ ॥ એહવે જ્ઞાનેં રે વિઘન નિવારણે, ભોગ નહી ભવહેત ॥ નવિ ગુણ દોષ ન વિષયસ્વરૂપથી; મનગુણ અવગુણ ખેત ॥ ધ૦ ॥ ૭ ॥ માયાપાણી રે જાણી તેહને, લંઘી જાય અડોલ ॥ સાચું જાણી રે તે બીહતો રહે, ન ચલે ડામાડોલ ॥ ધ૦ ॥ ૮ ॥ ભોગત ત્વને રે એમ ભય નવિ ટલે, જૂઠા જાણે રે ભોગ ॥ તે એ દૃષ્ટિ રે ભવસાગર તરે, લહે વલી સુયશ સંયોગ ॥ ધ૦ ॥ ૯ ॥

॥ ઢાલ સાતમી ॥ એ છિંડી કિહાં રાખી ॥ એ દેશી ॥

॥ અર્કપ્રભાસમ બોધ પ્રભામાં, ધ્યાનપ્રિયા એ દિઠ્ઠી ॥ તત્વતણી પ્રતિપત્તે ઇહાં વલી, રોગ નહી સુખ પુઠ્ઠી રે ॥ ભવિકા વીરવચન ચિત્ત ધરિયેં ॥ ॥ ૧ ॥ એ આંકણી ॥ સઘલું પરવશ તે દુખલક્ષણ, નિજવશ તે સુખ લહિયેં એ દૃષ્ટે આતમગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહિયેં રે ॥ ભવિ૦ ॥ ૨ ॥ નાગરસુખ પામર નવિ જાણે, વલ્લભસુખ ન કુમારી ॥ અનુભવ વિણ તેમ ધ્યાનતણું સુખ, કુણ જાણે નર નારી રે ॥ ભ૦ ॥ ૩ ॥ એહ દૃષ્ટિમાં નિર્મલબોધેં, ધ્યાન સદા હોયે સાચું ॥ દૂષણરહિત નિરંતર જ્યોતિ, રતન તે દીપેં જાચું રે ॥ ભ૦ ॥ ૪ ॥ વિષભાગ ક્ષય શાંત વાહિતા, શિવમારગ ધ્રુવનામ ॥ કહે અસંગક્રિયા ઇહાં યોગી, વિમલસુયશ પરિણામ રે ॥ ભ૦ ॥ ૫ ॥

॥ ઢાલ આઠમી ॥ તુજ સાથેં નહીં બોલું મહારા વાલા તેં મુજને વીસારી જી ॥ એ દેશી ॥

॥ દૃષ્ટિ આઠમી સારસમાધેં, નામ પરા તસ જાણુંજી ॥ આપસ્વભાવેં પ્રવૃત્તિ પૂરણ, શશિસમ બોધ વખાણુંજી ॥ નિરતિચારપદ એહમાં યોગી, કહિયેં નહિ અતિચારીજી ॥ આરોહે

૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરુઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારીજી ॥ ૧ ॥ ચંદનગંધ સમાન ખિમા ઈહાં, વાસકને ન ગવેષેજી ॥ આસંગે વર્જિત વલી એહમા, કિરિયા નિજગુણ લેખેજી ॥ શિક્ષાથી જેમ રતનનિયોજન, દૃષ્ટિભિન્ન તેમ એહોજી ॥ તાસ નિયોગેં કરણ અપૂરવ, લહે મુનિ કેવલ ગેહોજી ॥ ૨ ॥ ક્ષીણદોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વલબ્ધિફલભોગીજી ॥ પરઉપગાર કરી શિવસુખ તે, પામે, યોગ અયોગીજી ॥ સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી ॥ સર્વ અરથયોગેં સુખ તેહથી, અનંત ગુણ નિરીહાજી ॥ ૩ ॥ એ અડદિઠી કહી સંક્ષેપેં, યોગશાસ્ત્ર સંકેતેં જી ॥ કુલયોગીને પ્રવૃત્તચક્ર જે, તેહતણે હિતહેતેંજી ॥ યોગી કુલેં જાયા તસ ધર્મેં, અનુગત તે કુલયોગેંજી ॥ અદ્વેષી ગુરૂદેવદ્વિજ પ્રિય, દયાવંત ઉપયોગેંજી ॥ ૪ ॥ શુશ્રૂષાદિક અડગુણ સંપૂરણ, પ્રવૃત્તચક્ર તે કહિયેંજી ॥ યમદ્વય લાભી પરદુગ અર્થી, આદ્ય અવંચક લહિયેંજી ॥ ચાર અહિંસાદિક યમ ઈચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિનામેંજી ॥ શુદ્ધ રૂચેં પાલે અતિચારહ, ટાલે ફલ પરિણામેંજી ॥ ૫ ॥ કુલયોગીને પ્રવૃત્તચક્રને, શ્રવણશુદ્ધિ પક્ષપાતેં જી ॥ યોગદૃષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કહ્યું એ વાતેજી ॥ શુદ્ધ ભાવને સૂના કિરિયા, બેહુમાં અંતર કેતોજી ॥ જલહલતો સુરજને ખજુઓ, તાસ તેજમાં તેતો જી ॥ ૬ ॥ ગુહ્યભાવ એ તેહને કહિયેં, જેહસું અંતર ભાંજેજી ॥ જેહસું ચિત્ત પટંતર હોવે, તેહસું ગુહ્ય ન છાજેજી ॥ યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરસે મોઠી વાતો જી ॥ ખમસે તે પંડિત પરષદમાં, મુષ્ટિપ્રહારને લાતોજી ॥ ૭ ॥ સભા ત્રણ શ્રોતાગુણ અવગુણ, નંદિસૂત્રેં દીસેજી ॥ તે જાણિએ ગ્રંથયોગ્યને, દેજો સુગુણ જગીશેજી ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકપૂરયો નિજ નિજ ઇચ્છા, યોગ ભાવ ગુણરયણેજી ॥ શ્રીનયવિજય વિબુધપયસેવક, વાચકયશને વયણેજી ॥ ૮ ॥

## ॥ अथ श्री बारभावनाना बार सज्झाय प्रारंभ ॥

॥ દોહા ॥

॥ પાસ જિનેસર પય નમી, સદ્‌ગુરૂને આધાર ॥ ભવિયણ જનને હિત ભણી, ભણશું ભાવના બાર ॥ ૧ ॥ પ્રથમ અનુનિત્ય અશરણ પણું, એહ સંસાર વિચાર ॥ એકલપણું અન્યત્વ તિમ, અશુચિ આશ્રવ સંભાર ॥ ૨ ॥ સંવર નિર્જર ભાવના, લોક સરુપ સુબોધિ ॥ દુલ્લહ ભાવન જિન ધરમ, એણી પરે કર જીઉ સોધિ ॥ ૩ ॥ રસકુપી રસ વેધિઓ, લોહથકી હોયે હેમ ॥ જીઉ ઇણ ભાવન શુદ્ધ હુયે, પરમ રૂપ લહે તેમ ॥ ૪ ॥ ભાવવિના દાના દિકાં, જાણે અલૂણું ધાન ॥ ભાવ રસાંગ મલ્યા થકી, ત્રુટે કરમ નિદાન ॥ ૫ ॥

॥ ઢાલ પહેલી ॥

॥ ભાવનાની દેશી ॥ પહેલી ભાવના એણી પરેં ભાવીયેંજી ॥ અનિત્ય પણું સંસાર ॥ ડાભ અણી ઊપર જલ બિંદુઓ જી, ઇંદ્ર ધનુષ અનુહાર ॥ ૧ ॥ સહેજ સંવેગી સુંદર આત્મા જી, ધર જિન ધર્મસું રંગ ॥ ચંચલ ચપલાની પરેં ચિંતવે જી, કૃત્રિમ સવિહુ સંગ ॥ સ૦ ॥ ૨ ॥ ઈંદ્રજાલ સુહણે શુભ અશુભશું જી, કુડો તોષ ને રોષ ॥ તિમ ભ્રમ ભૂલ્યો અથિર પદારથેં જી, શ્યો કીજેં મન શોષ ॥ સ૦ ॥ ૩ ॥ ઠાર ત્રેહ પામરના નેહજ્યું જી, એ યૌવન રંગ રોલ ॥ ધન સંપદ પણ દીસે કારમી જી, જેહવા જલકલ્લોલ ॥ સ૦ ॥ ૪ ॥ સુંજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરિખે માગી ભીખડી જી, રામ રહ્યા વનવાસ ॥ ઇણ સંસારે એ સુખ સંપદા જી, સંધ્યા રાગ વિલાસ ॥ સ૦ ॥ ૫ ॥ સુંદર એ તનુ શોભા કારમી જી, વિણસંતાં નહીં વાર ॥ દેવતણે વચને પ્રતિબુજીયો જી, ચક્રી સનત કુમાર ॥ સ૦ ॥ ૬ ॥ સૂરજ રાહુ ગ્રહણે સમજીઓ જી, શ્રી કીર્ત્તિધર રાય ॥ કરકંડુ પ્રતિબુજ્યો દેખીને જી, વૃષભ જરાકુલ કાય ॥ સ૦ ॥ ૭ ॥ કિહાં લગે ધુઆ ધવલ હરા રહે જી, જલ પરપોટા જોય ॥ આઉખું અથિર તિમ મનુષ્યનું જી, ગર્વ મ કરસો કોય ॥ જે ક્ષણમાં એરૂ હોય ॥ સ૦ ॥ ૮ ॥ અતુલિ બલ સુરવર જિનવર જિસ્યા જી, ચક્રિ હરિબલ જોડી ॥ ન રહ્યો એણે જગે કોઇ થિર થઇ જી, સુરનર ભૂપતિ કોડી ॥ સ૦ ॥ ૯ ॥

॥ દોહા ॥

॥ પલ પલ છીજે આઉખું, અંજલિ જલ જ્યું એહ ॥ ચલતે સાથે સંબલો, લેઈ સકે તો લેહ ॥ ૧ ॥ લે અચિંત્ય ગલશું ગ્રહી, સમય સીંચાણો આવિ ॥ શરણ નહીં જિનવયણ વિણ, તેણે હવે અશરણ ભાવિ ॥ ૨ ॥

॥ રાગ રામગિરી, રામ ભણે હરિ ઊઠિયે ॥ એ દેશી ॥ બીજી અશરણ ભાવના, ભાવો હૃદય મઝાર રે ॥ ધરમ વિના પરભવ જતાં, પાપે ન લહીશ પાર રે ॥ જાઇશ નરક દુવાર રે, તિહાં તુજ કવણ આધાર રે ॥ ૧ ॥ લાલ સુરંગા રે પ્રાણીઆ ॥ મૂકને મોહ જંજાલ રે, મિથ્યા મતિ સવિ ટાલ રે, માયા આલ પંપાલ રે ॥ લા૦ ॥ ૨ ॥ માત પિતા સુત કામિની, ભાઇ ભયણિ સહાય રે ॥ મેં મેં કરતાં રે અજ પરે, કર્મે ગ્રહો જીઉ જાય રે ॥ આડો કોઇ નવી થાય થાય રે, દુઃખ ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાયે વહેંચાય રે ॥ લા૦ ॥ ૩ ॥ નંદની સોવન ડુંગરી, આખર નાવી કોકાજ રે ॥ ચક્રી સુભૂમ તે જલધિમાં, હાર્યું ખટ ખંડ રાજ રે ॥ બુડયો ચરમ જહાજ રે, દેવ ગયા સવિ ભાજ રે, લોભે ગઈ તસ લાજ રે ॥ લા૦ ॥ ૪ ॥ દ્વીપાયન દહી દ્વારિકા, બલવંત ગોવિંદ રામ રે ॥ રાખી ન શકયા રે રાજવી, માત પિતા સુત ધામ રે ॥ તિહીં રાખ્યાં જિનનામ રે, શરણ કીઓ નેમિસ્વામ રે ॥ વ્રત લેઇ અભિરામ રે, પોહોતા શિવપુર ઠામ રે ॥ લા૦ ॥ ૫ ॥ નિત્ય મિત્ર સમ દેહડી, સ્વયણાં પર્વ સહાય રે ॥ જિનવર ધર્મ ઉગારસે, જિમ તે વંદનિક ભાય રે ॥ રાખે મંત્રિ ઉપાય રે, સંતોષ્યો વલી રાય રે, ટાલ્યા તેહના અપાય રે ॥ લા૦ ॥ ૬ ॥ જનમ જરા મરણાદિકા, વયરી લાગા છે કેડ રે ॥ અરિહંત શરણું તે આદરી, ભવ ભ્રમણ દુઃખ ફેડ રે ॥ શિવસુંદરી ઘર તેડ રે, નેહ નવલ રસ રેડ રે, સીંચી સુકૃત સુરપેડ રે ॥ લા૦ ॥ ૭ ॥

॥ દોહા ॥

॥ થાવચ્ચા સુત થરહરયો, જોર દેખી જમ ધાડ॥ સંયમ શરણું સંગ્રહ્યું, ધણ કણ કંચણ છાંડ ॥ ૧ ॥ ઇણ શરણે સુખિયા થયા, શ્રી અનાથી અણગાર શરણ લહ્યા વિણ જીવડા, ઇણી પરેં રૂલે સંસાર ॥ ૨ ॥ ઇતિ દ્વિતીય ભાવના

॥ ઢાલ ત્રીજી ॥

॥ રાગ મારૂણી ॥ ત્રીજી ભાવન ઇણીપરેં ભાવીયેં રે, એહ સ્વરૂપ સંસાર ॥ કર્મવશેં જીવ નાચે નવનવ રંગશું રે, એ એ વિવિધ પ્રકાર રે ॥ ૧ ॥ ચેતન ચેતીયેં રે, લહી માનવ અવતાર ॥ ચે૦ ॥ ભવ નાટકથી જો હુઓ ઉભગા રે, તો છાંડો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષય વિકાર રે ॥ ચે૦ ॥ ૨ ॥ કબહી ભૂજલ જલણાનલ તરૂમાં ભમ્યો રે, કબહી નરક નિગોદ ॥ બિતિ ચઉરિંદ્રિયમાંહે કેઈ દિન વસ્યો રે, કબહીંક દેવ વિનોદ ॥ ચે૦ ॥ ૩ ॥ કીડી પતંગ હરિ માતંગપણું ભજે, રે, કબહી સર્પ સીયાલ ॥ બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય કહાવતો રે, હોવે શૂદ્ર ચંડાલ ॥ ચે૦ ॥ ૪ ॥ લખ ચોરાશી ચઉટે રમતો રંગશું રે, કરી કરી નવ નવ વેશ ॥ રૂપ કુરૂપ ધની નિર્દ્રવ્ય સોભાગિઓ રે, દુર્ભાગી દરવેશ ॥ ચે૦ ॥ ॥ ૫ ॥ દ્રવ્ય ક્ષેત્ર સૂક્ષમને બાદર ભેદશું રે, કાલ ભાવ પણ તેમ ॥ અનંત અનંતા પુદ્‌ગલ પરાવર્ત્તન કરયાં રે, કહ્યો પન્નવણા એમ ॥ ચે૦ ॥ ૬ ॥ ભાઈ બહિન નારી તાતપણું ભજે રે, માતપિતા હોયે પુત્ર ॥ તેહજ નારી વેરીને વલિ વાલહો રે, એહ સંસારહ સૂત્ર ॥ ચે૦ ॥ ૭ ॥ ભવનભાનુ જિન ભાંખ્યાં ચરિત્ર સુણી ઘણાં રે, સમજ્યા ચતુર સુજાણ ॥ કર્મ વિવરવશ મૂકી મોહ વિટંબના રે, મલ્યા મુગતિ જિન ભાણ ॥ ચે૦ ॥૮॥

॥ દોહા ॥

॥ ઇમ ભવ ભવ જે દુખ સહ્યાં, તે જાણે જગનાથ ॥ ભય ભંજણ ભાવઠ હરણ, ન મલ્યો અવિહડ સાથ ॥ ૧ ॥ તિણ કારણ જીવ એકલો, છોડી રાગ ગલપાસ ॥ સવિ સંસારી જીવશું, ધરિ ચિત ભાવ ઉદાસ ॥ ૨ ॥

॥ ઢાલ ચોથી ॥

॥ રાગ ગોડી ॥ પૂત ન કીજેહો સાધુ વિસાસડો ॥ ચોથી ભાવના ભવિયણ મન ધરો, ચેતન તું એકાકી રે ॥ આવ્યો તિમ જાઇશ પરભવ વલી, ઈહાં મૂકી સવિ બાકી રે ॥ મમ કરો મમતારે સમતા આદરો ॥ ૧ ॥ આણો ચિત્ત વિવેકો રે ॥ સ્વારથિયાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સજ્જન સહુએ મલ્યાં, સુખ દુખ સહેશે એકો રે ॥ મમ૦ ॥૨॥ વિત્ત વહેંચણુ આવી સહુયે મલે, વિપતિ સમય જાય નાસી રે ॥ દવ બલતો દેખી દશ દિશેં પુલે, જીમ પંખી તરૂવાસી રે ॥ મમ૦ ॥ ૩ ॥ ખટ ખંડ નવનિધિ ચૌદ રયણુ ધણી ચોસઠ સહસ્સ સુનારી રે ॥ છેહડે છોડી તે ચાલ્યા એકલા, હાર્યા જેમ જૂઆરો રે ॥ મમ૦ ॥ ૪ ॥ ત્રિભુવન કંટક વિરુદ ધરાવતો, કરતો ગર્વ ગુમાનો રે ॥ ત્રાગા વિણુ નાગા તેહુ ચલ્યા, રાવણુ સરિખા રાજાનો રે ॥ મમ૦ ॥ ૫ ॥ માલ રહે ઘર સ્ત્રી વિશ્રામિતા, પ્રેતવના લગેં લોકો રે ॥ ચય લગેં કાયા રે આખર એકલો પ્રાણી ચલે પરલોકો રે ॥ મમ૦ ॥ ૬ ॥ નિત્ય કેલહો બહુ મેલે દેખીઓ, બિહું પણુ ખટ પટ થાય રે ॥ વલયાનો પરેં વિહરિસ એકલો, ઇમ બૂજ્યો ન મીરાયો રે ॥ મમ૦ ॥ ૭ ॥ ઇતિ ચતુર્થ ભાવના ॥

॥ દોહા.

ભવ સાયર બહુ દુખ જલેં, જામણુ મરણુ તરંગ ॥ મમતા તંતુ તિણેં ગ્રહ્યો, ચેતન ચતુર મતંગ ॥ ૧ ॥ ચાહે જો છોડણુ ભણી, તો ભજ ભગવંત મહંત ॥ દૂર કરે પર બંધને, જિમ જલથી ઝલકંત ॥ ૨ ॥

॥ ઢાલ પાંચમી ॥

॥ રાગ કેદારો ગોડી ॥ કપૂર હુવે અતિ ઉજલો રે એ દેશી ॥ પાંચમી ભાવન ભાવીયેં રે જિઉ અન્યત્વ વિચાર ॥ આપ સવારથી એ સહુ રે, મલિઓ તુજ પરિવાર ॥૧॥ સંવેગી સુંદર, બૂજ મા મૂંઝ ગમાર ॥ તહારું કો નહીં ઇણુ સંસાર, તું કેહનો નહિ નિરધાર ॥ સં૦ ॥ ૨ ॥ પંથસિરેં પંથી મલ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રે, કીજેં કિણશું પ્રેમ ॥ રાતિ વસે પ્રહ ઉઠ ચલે રે, નેહ નિ-વાહે કેમ ॥ સં૦ ॥ ૩ ॥ જીમ મેલો તીરથમલે રે, જન વણ-જની ચાહ ॥ કે ત્રોટો કે ફાયદો રે, લેઇ લેઇ નિજઘર જાય ॥ સં૦ ॥ ૪ ॥ જીહાં કારજ જેહનાં સરે રે, તિહાં લગે દાખે નેહ ॥ સૂરીકંતાની પરેં રે, છટકી દેખાડે છેહ ॥ સં૦ ॥ ૫ ॥ ચુ-લણી અંગજ મારવા રે, કૂડું કરી જતુગેહ ॥ ભરત બાહુબલિ ઝૂઝીયા રે, જો જો નિજના નેહ ॥ સં૦ ॥ ૬ ॥ શ્રેણિક પુત્રેં બાંધીઓ રે, લાધું વેહેંચી રાજ્ય ॥ દુઃખ દીધું બહુ તાતનેં રે, દેખો સુતનાં કાજ ॥ સં૦ ॥ ૭ ॥ ઇણભાવન શિવપદ લહે રે, શ્રી મરુદેવી માય ॥ વીરશિષ્યકેવલ લહ્યું રે, શ્રી ગૌતમ ગણરાય ॥ સં૦ ॥ ૮ ॥ ઇતિ પંચમ ભાવના ॥

॥ દોહા ॥

॥ મોહ વસુ મન મંત્રવી, ઇંદ્રિય મદ્યા કલાલ ॥ પ્રમાદ મદિરા પાઇ કે બાંધ્યો જીવ ભૂપાલ ॥ ૧ ॥ કર્મ જંજીર જડી કરી, સુકૃત માલ સવિ લીધ ॥ અશુભ વિરસ દુરગંધમય, તનગો તહરેં દીધ ॥ ૨ ॥

॥ ઢાલ છઠ્ઠી ॥

॥ રાગ સિંધુ સામેરી ॥ છઠ્ઠી ભાવના મન ધરો, જીઉ અશુચિ ભરી એ કાયા રે, શી માયા રે, માંડે કાચા પિંડશું એ ॥ ૧ ॥ નગર ખાલ પરેં નિતુ વહે, કફ મલ મૂત્ર ભંડારો રે, તિમ દ્વારો રે, નર નવ દ્વાદશ નારિનાં એ ॥ ૨ ॥ દેખી દુર-ગંધ દૂરથી, તું મુહ મચકોડે માણે રે, નવી જાણે રે, તિણ પુદ્-ગલ નિજ તનુ ભર્યું એ ॥ ૩ ॥ માંસ રુધિર મેદારસેં, અસ્થિ મજ્જાનર બીજેં રે, શું રીજે રે, રુપ દેખી દેખી આપણું એ ॥૪॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃમિવાલાદિક કોથલી, મોહરાયની ચેટી રે, એ પેટી રે, ચર્મ જડી ઘણા રોગની એ ॥ ૫ ॥ ગર્ભવાસ નવ માસતાં, કૃમિપરેં મલમાં વસિયો રે, તું રસિયો રે, ઉંચે માથેં ઈમ રહ્યો એ ॥ ૬ ॥કનક કુમરી ભોજન ભરી, તિહાં દેખી દુરગંધ બૂઝ્યા રે, એતિ જૂઝ્યા રે, મલ્લિ મિત્ર નિજ કર્મશું એ ॥ ૭ ॥ ઇતિ છઠી ભાવના ॥

॥ દોહા ॥

॥ તન છિલ્લર ઈંદ્રી મચ્છા, વિષય કલણ જંબાલ ॥ પાપ કલુષ પાણી ભર્યું, આશ્રવ વહે ગડનાલ ॥ ૧ ॥ નિર્મલ પખ સહજેં સુગતિ, નાણ વિનાણ રસાલ ॥ શું બગની પરેં પંકજલ, ચુંથે ચતુર મરાલ ॥ ૨ ॥

॥ ઢાલ સાતમી ॥

॥ રાગ પોરણી ॥ આશ્રવભાવના સાતમી રે, સમજો સુગુરુ સમીપ ॥ ક્રોધાદિક કાંઈ કરો રે, પામી શ્રીજિન દીપો રે ॥૧॥ સુણ સુણ પ્રાણીયા, પરિહર આશ્રવ પંચો રે ॥ દશમે અંગેં કહ્યા, જેહના દુષ્ટ પ્રપંચો રેં ॥ સુ૦ ॥ ૨ ॥ હોશેં જે હિંસા કરે રે, તે લહે કટુક વિપાક ॥ પરિહાંસે ગોત્રાસની રે, જો જો અંગવિપાકો ને ॥ સુ૦ ॥ ૩ ॥ મિથ્યા વયણેં વસુ નડયો રે, મંડિક પરધન લેઈ ॥ ઇણ અબ્રહ્મે રોલવ્યા રે, ઇંદ્રાદિક સુર કેઈ રે ॥ સુ૦ ॥ ૪ ॥ મહા આરંભ પરિગ્રહેં રે, બ્રહ્મદત્ત નરય પહુત્ત ॥ સેવ્યાં શત્રુપણું ભજે રે, પાંચોદુરગતિ દૂતો રે ॥ સુ૦ ॥૫॥ છિદ્ર સહિત નાવા જલેં રે, બૂડે નીર ભરાય ॥ તિમ હિંસાદિક આશ્રવેં રે, પાપેં પિંડ ભરાયો રે ॥ સુ૦ ॥ ૬ ॥ અવિરતિ લાગે એકેંદ્રિયા રે, પાપ સ્થાન અઢાર ॥ લાગે પાંચેહી ક્રિયા રે, પંચમ અંગ વિચારો રે ॥ સુ૦ ॥ ૭ ॥ કટુક ક્રિયા થાનક ફલાં રે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલ્યા બીજે રે અંગ ॥ કહેતાં હીયડું કમકમે રે, વિરુએ તાસ પ્રસંગો રે ॥ સુ૦ ॥ ૮ ॥ મૃગ પતંગ અલિ માછલો રે, કરી એક વિષય પ્રપંચ ॥ દુખિયા તે કિમ સુખ લહે રે, જસ પરવસ એહ પંચો રે ॥ સુ૦ ॥ ૯ ॥ હાસ્ય નિંદ વિકથા વસેં રે, નરક નિગોદેં રે જાત ॥ પૂરવધર શ્રુત હારીનેં રે, અવરાંનીશી વાતો રે ॥ સુ૦ ॥ ૧૦ ॥ ઇતિ સપ્તમ ભાવના ॥

॥ દોહા ॥

॥ શુભ માનસ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલિ ॥ નવદલ શ્રીનવકાર પદ્મ, કરી કમલાસન કેલિ ॥ ૧ ॥ પાતક પંક પખાલીનેં, કરી સંવરની પાલ ॥ પરમ હંસ પદવી ભજો, છોડી સકલ જંજાલ ॥ ૨ ॥

॥ ઢાલ આઠમી ॥

જલૂની દેશી ॥ આઠમી સંવર ભાવનાજી, ધરી ચિતસું એકતાર ॥ સમિતિ ગુપ્તિ સૂધી ધરોજી, આપો આપ વિચાર ॥ સલૂણા, શાંતિ સુધારસ ચાખ ॥ એ આંકણી ॥ વિરસ વિષય ફલ ફૂલડેજી, અટતો મન અલિ રાખ ॥ સ૦ ॥ ૧ ॥ લાભ અલાભેં સુખ દુખેંજી, જીવિત મરણ સમાન ॥ શત્રુ મિત્ર સમ ભાવતો જી, માન અને અપમાન ॥ સ૦ ॥ ૨ ॥ કહીયેં પરિગ્રહ છાંડશું જી, લેશું સંયમ ભાર ॥ શ્રાવક ચિંતે હું કદા જી, કરીશ સંથારો સાર ॥ સ૦ ॥ ૩ ॥ સાધુ આશંસા ઇમ કરે જી, સૂત્ર ભણીશ ગુરૂ પાસ ॥ એકલ મલ્લ પ્રતિમા રહી જી, કરીશ સંલેષણ ખાસ ॥ સ૦ ॥ ૪ ॥ સર્વ જીવહિત ચિંતવે જી, વયર મકર જગમિત્ત ॥ સત્ય વયણ મુખ ભાંખિયેં જી, પરિહર પરનું વિત્ત ॥ સ૦ ॥ ૫ ॥ કામ કટક ભેદણ ભણી જી, ધર તુ શીલસંનાહ ॥ નવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિધ પરિગ્રહ મૂકતાં જી, લહિયેં સૂખ અથાહ ॥ સ૦ ॥ ૬ ॥ દેવ માણુઅ ઉપસર્ગશું જી, નિશ્ચલ હોઇ સધીર ॥ બાવીશ પરિસહ જીપીયેં જી, જિમ જીત્યા શ્રીવીર ॥ સ૦ ॥ ૭ ॥ ઇતિ અષ્ટમ ભાવના ॥

॥ દોહા ॥

॥ દઢ પ્રહારિ દઢ ધ્યાન ધરી, ગુણનિધિ ગજ સુકુમાલ ॥ મેતારજ મદન બ્રમો. સુકોશલ સુકુમાલ ॥ ૧ ॥ ઇમ અનેક મુનિવર તર્યા, ઉપશમ સંવર ભાવ ॥ કઠિન સવિ નિર્જર્યાં, તિણુ નિર્જર પ્રસ્તાવ ॥ ૨ ॥

॥ ઢાલ નવમી ॥

॥ રાગ ગોડી, મન ભમરા રે ॥ એ દેશી ॥ નવમી નિર્જર ભાવના ॥ ચિત ચેતો રે ॥ આદરો વ્રત પચ્ચખ્ખાણુ ॥ ચતુર ચિત ચેતો રે ॥ પાપ આલોચો ગુરુ કને ॥ ચિ૦ ધરિયેં વિનય સુજાણુ ॥ ચ૦ ॥ ૧ ॥ વેયાવચ્ચ બહુવિધ કરો ॥ ચિ૦ ॥ દુર્બલ બાલ ગિલાન ॥ ચ૦ ॥ આચારજ વાચક તણો ॥ ચિ૦ ॥ શિષ્ય સાધર્મિક જાણુ ॥ ચ૦ ॥ ૨ ॥ તપસી કુલ ગણુ સંઘને ॥ ચિ૦ ॥ થિવિર પ્રવર્ત્તક વૃદ્ધ ॥ ચ૦ ॥ ચૈત્ય ભક્તિ બહુ નિર્જરા ચિ૦ ॥ દશમે અંગ પ્રસિદ્ધ ॥ ચ૦ ॥ ૩ ॥ ઉભય ટંક આવશ્યક કરો ॥ ચિ૦ ॥ સુંદર કરિ સઝાય ॥ ચ૦ ॥ પોસહ સામાયિક કરો ॥ ચિ૦ ॥ નિત્ય પ્રત્યેં નિયમન ભાય ॥ ચ૦ । ૪ ॥ કર્મસૂડન કનકાવલી ॥ ચિ૦ ॥ સિંહનિક્રીડિત દોય ॥ ચ૦ ॥ શ્રીગુણુ રયણુ સંવત્સરુ ॥ ચિ૦ ॥ સાધુ પડિમ દશ દોય ॥ ચ૦ ॥ ૫ ॥ શ્રુત આરાધન સાચવો ॥ ચિ૦ ॥ યોગ વહન ઉપધાન ॥ ચ૦ ॥ શુકલ ધ્યાન સૂધું ધરો ॥ ચિ૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી આંબિલ વર્દ્ધમાન ॥ ચ૦ ॥ ૬ ॥ ચૌદ સહસ્સ અણગારમાં ॥ ચિ૦ ॥ ધન ધન્નો અણગાર ॥ ચ૦ ॥ સ્વયમુખ વીર પ્રશં-સીઓ ॥ ચિ૦ ॥ ખંધક મેઘ કુમાર ॥ ચ૦ ॥ ૭ ॥ ઈતિ નવમ ભાવના ॥

॥ દોહા ॥

॥ મન દારુ તનનાલિ કરિ, ધ્યાનાનલ સલગાવિ ॥ કર્મ-કટક ભેદણ ભણી, ગોલા જ્ઞાન ચલાવિ ॥ ૧ ॥ મોહુરાય મારી કરી, ઉંચો ચઢી અવલોય ॥ ત્રિભુવન મંડપ માંડણી, જિમ પરમાનંદ હોય ॥ ૨ ॥

॥ ઢાલ દશમીં ॥

॥ રાગ ગોડી, જંબૂદ્રીપ મઝાર એ દેશી ॥ દશમી લોક સ્વરુપ રે, ભાવન ભાવીયેં, નિસુણિ ગુરુ ઉપદેશથી એ ॥ ૧ ॥ ઉર્ધ્વપુરુષ આકાર રે, પગ પહૂલા ધરી, કર દોઉ કટિ રાખિયેં એ ॥ ૨ ॥ ઇણ આકારેં લોકરે, પુદ્દગલ પૂરીઓ, જિમ કાજ-લની કૂપલી એ ॥ ૩ ॥ ધર્માધર્માકાશ રે, દેશ પ્રદેશ એ, જીવ અનંતેં પૂરીઓ એ ॥ ૪ ॥ સાત રાજ દેશોન રે, ઉર્ધ્વ તિરિય મલી, અધો લોક સાત સાધિકૂં એ ॥ ૫ ॥ ચૌદરાજ ત્રસનાડી રે, ત્રસજીવા લય, એક રજ્જૂ દીર્ઘ વિસ્તરુ એ ॥ ૬ ॥ ઉર્ધ્વ-સુરાલય સાર રે, નિશ્ચય ભુવન નીચેં, નાભેં નર તિરિ દો સુરાએ ॥ ૭ ॥ દ્રીપ સમુદ્ર અસંખ્ય રે, પ્રભુ મુખ સાંભલી, રાય ઋષિ શિવ સમજીઓ એ ॥ ૮ ॥ લાંબી પોહોલી પણયાલ રે, લખ-જોયણ લહી, સિદ્ધ શિલા શિર ઉજલી એ ॥ ૯ ॥ ઉંચા ધનુ-સય તીન રે, તેત્રીશ સાધિકેં, સિદ્ધ યોજનનેં છેહડે એ ॥૧૦॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજર અમર નિકલંક રે, નાણુ દંસણુ મય, તે જોવા મન ગહ્‌ ગહે એ ॥ ૧૧ ॥ ઈતિ દશમ ભાવના ॥

॥ દોહા ॥

॥ વાર અનંતી ફરસીઓ, છાલી વાટક ન્યાય ॥ નાણુ વિના નવિ સંભરે, લોક ભ્રમણ ભાડવાય ॥ ૧ ॥ રત્નત્રય ત્રિહું ભુવનમેં, દુલ્લહ જાણી દયાલ ॥ બોધિ રયણ કાજેં ચતુર, આગરા ખાણિ સંભાલ ॥ ૨ ॥

॥ ઢાલ અગીઆરમી ॥

॥ રાગ ખંભાતી ॥ દશ દૃષ્ટાંતેં દોહિલો રે, લાધો મણુઅ જમારો રે ॥ દુલ્લહો ઉંબર ફૂલજ્યું રે, આરજ ઘર અવતારો રે ॥ મોરા જીવન રે, બોધિ ભાવના ઈગ્યારમી રે, ભાવો હૃદય મઝારો રે ॥ મો૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ઉત્તમ કુલ તિહાં દોહિલો રે, સહગુરુ ધર્મ સંયોગો રેં ॥ પાંચેં ઇંદ્રિય પરવડાં રે, દુલ્લહો દેહ નિરોગો રે ॥ મો૦ ॥ ૨ ॥ સાંભલવું સિદ્ધાંતનું રે, દોહિલું તસ ચિત્ત ધરવું રે ॥ સૂધી સદ્દહણા ધરી રે, દુક્કર અંગેં કરવું રે ॥ મો૦ ॥ ૩ ॥ સામગ્રી સઘલી લહી રે, મૂઢ સુધા મમહારો રે ॥ ચિંતામણિ દેવેં દીઓ રે, હાર્યો જેમ ગમારો રે ॥ મો૦ ॥ ૪ ॥ લોહ કીલકને કારણે રે, કુણ યાન જલધિમાં ફોડે રે ॥ ગુણ કારણ કોણ નવલખો રે, હાર હીયાનો ત્રોડે રે ॥ મો૦ ॥ ૫ ॥ બોધિ રયણ ઉવેખીનેં રે, કોણ વિષયાર્થે દોડે રે ॥ કાંકર મણિ સમોવડિ કરે રે, ગજ વેચે ખર હોડે રે ॥ મો૦ ॥ ૬ ॥ ગીત સુણી નટણી કને રે, ક્ષુલ્લકેં ચિત્ત વિચાર્યું રે ॥ કુમારાદિક પણ સમજીયા રે, બોધિ રયણ સંભાર્યું રે ॥ મો૦ ॥ ૭ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ દોહા ॥

॥ પરિહર હરિહર દેવ સવિ, સેવ સદા અરિહંત ॥ દોષ રહિત ગુરુ ગણધરા, સુવિહિત સાધુ મહંત ॥ ૧ ॥ કુમતિ કદાગ્રહ મૂકતું, શ્રુત ચારિત્ર વિચાર ॥ ભવજલ તારણ પોતસમ ધર્મ હિયામાં ધાર ॥ ૨ ॥

॥ ઢાલ બારમી ॥

ડુંગરીયાની દેશી ॥ ધન ધન ધર્મ જગહિત કરુ, ભાંખ્યો ભલો જિનદેવ રે ॥ ઈહ પરભવ સુખ દાયકો, જીવડા જનમ લગિ સેવ રે ॥ ૧ ॥ ભાવના સરસ સુર વેલડી રોપિ તું હૃદય આરામ રે ॥ સુકૃત તરુ લહિય બહુ પચરતી, સફલ ફલશે અભિરામ રે ॥ ભા૦ ॥ ૨ ॥ ક્ષેત્રશુદ્ધિ કરિય કરુણા રસેં, કાઢિ મિથ્યાદિક શાલ રે ॥ ગુપતિ ત્રિહું ગુપતિ રૂડી કરેં, નીક તું સુમતિની વાલ રે ॥ ભા૦ ॥ ૩ ॥ સીંચ જે સુગુરુ વચનામૃતેં, કુમતિ કંથેર તજી સંગ રે ॥ ક્રોધ માનાદિક સૂકરા, વાનરો વારિ અનંગ રે ॥ ભા૦ ॥ ૪ ॥ સેવતા એહને કેવલી, પન્નર સય તીન અણગાર રે ॥ ગૌતમ શિષ્ય શિવપુર ગયા, ભાવતાં દેવ ગુરુ સાર રે ॥ ભા૦ ॥ ૫ ॥ શુક પરિવ્રાજક સીધલે, અર્જુન માલી શિવ વાસ રે ॥ રાય પરદેશી જે પાપિઓ, કાપિઓ તાસ દુખપાસ રે ॥ ભા૦ ॥ ૬ ॥ દુસમ સમય દુપ્પસહ લગેં, અવિહલ શાસન એહ રે ॥ ભાવશું ભવિયણ જે ભજે તેહ શુભમતિ ગુણ ગેહરે ॥ ભા૦ ॥ ૭ ॥

॥ દોહા ॥ તપગછ પતિ વિજય દેવગુરુ, વિજયસિંય મુનિરાય ॥ શુદ્ધ ધર્મ દાયયક સદા પ્રણમો એહના પાય ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ તેરમી ॥

॥ રાગ ધન્યાશ્રી ॥ તુમેં ભાવો રે, ભવિ ઇણી પરેં ભાવના ભાવો ॥ તન મન વચણ ધર્મ લય લાવો, જિમ સુખ સંપદ પાવો રે ॥ ભ૦ ॥ ૧ ॥ લલના લોચન ચિત ન ડોલાવો, ધન કારણ કાંઇ ધાવો ॥ પ્રભુશું તારો તાર મિલાવો, જો હોય શિવપુર જાવો રે ॥ કાંઈ ગર્ભાવાસ ન આવો રે ॥ ભ૦ ॥ ૨ ॥ જંબૂની પેરેં જીવ જગાવો, વિષય થકી વિરમાવો ॥ એ હિત શીખ અમારી માની, જગ જસ પડહ વજાવો રે ॥ ભ૦ ॥૩॥ શ્રી જશસોમ વિબુધ વૈરાગી, જગ જસ ચિહુ ખંડ ચાવો ॥ તાસ શિષ્ય કહે ભાવન ભણતાં, ઘર ઘર હોયે વધારો રે ॥ ભ૦ ॥૪॥ દોહા ॥ લોજન નમ ગુગુ વરસ શુચિ, સિત તેરસ ગુરુવાર ॥ ભગતિ હેતુ ભાવન ભણી, જેસલમેર મઝાર ॥ ભ૦ ॥ ૫ ॥ ઇતિ શ્રી જશસોમ શિષ્યજયસોમ કૃત દ્વાદશ ભાવના સંપૂર્ણ ॥

॥ અથ સીતાજીનો સઝાય પ્રારંભ ॥

॥ જનક સુતા હું નામ ધરાવું, રામ છે અંતરજામી ॥ પાલવ અમારો મેલને પાપી, કુલને લાગે છે ખામી ॥ અડશો માંજો, માંજો માંજો માંજો ॥ અ૦ ॥ માહારો નાહલીઓ દુહવાય ॥ અ૦ ॥ મને સંગ કેનો ન સુહાય ॥ અ૦ ॥ મહારું મન માંહેથી અકુલાય ॥ અ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ મેરુ મહીધર ઠામ તજે જો, પત્થર પંકજ ઊગે ॥ જો જલધિ મર્યાદા મૂકે, પાંગલો અંબર પૂગે ॥ અ૦ ॥ ૨ ॥ તો પણ તું સાંભલને રાવણ, નિશ્ચય શીલ ન ખંડું ॥ પ્રાણ અમારો પરલોક જાયે, તો પણ સત્ય ન છંડું ॥ અ૦ ॥ ૩ ॥ કુણ મણિધરના મણિ લેવાને, હેયડે ઘાલે હામ ॥ સતી સંઘાતે સ્નેહ કરીને, કહો કુણ સાધે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામ ॥ અ૦ ॥ ૪ ॥ પરદારાનો સંગ કરીને, આખો કોણ ઉગરિયો ॥ ઉંડું તો તું જોએ આલોચી, સહી તુજ દાહાડો ફરિયો ॥ અ૦ ॥ ૫ ॥ જનકસુતા હું જગ સહુ જાણે, ભામંડલ છે ભાઈ ॥ દશરથ નંદન શિર છે સ્વામી, લખમણ કરશે લડાઈ ॥ અ૦ ॥ ૬ ॥ હું ધણિયાતી પીઉ ગુણરાતી, હાથ છે મહારે છાતી ॥ રહે અલગો તુજ વયણે ન ચલું, કાં કુલે વાયે છે કાતી ॥ અ૦ ॥ ૭ ॥ ઉદયરતન કહે ધન્ય એ અબલા, સીતા જેહનું નામ ॥ સતિયાંમાંહે શિરોમણિ કહીયે, નિત્ય નિત્ય હોજો પ્રણામ ॥ ॥ અ૦ ॥ ૮ ॥

॥ અથ નોકરવાલીનો સઝાય ॥

॥ બાર જપું અરિહંતના, ભગવંતના રે ગુણ હું નિશદીસ॥ સિદ્ધ આઠ ગુણ જાણિયે વખાણીયે રે ગુણ સૂરિ છત્રીશ ॥ નોકરવાલી વંદીયે ॥ ૧ ॥ ચિર નંદિયે રે ઉઠી ગણીયે સવેર ॥ સૂત્રતણા ગુણ ગૂંથિયા, મણિઆ મોહન રે મહ મોટો મેર ॥ નોક૦ ॥ ૨ ॥ પંચવીશ ઉવઝાયના, સત્તાવીશ રે ગુણ શ્રી અણગાર ॥ એક શો આઠે ગુણે કરી, ઈમ જપીયે રે ભવિયણ નવકાર ॥ નોક૦ ॥૩॥ મોક્ષ જાપ અંગુઠડે, વૈરી જૂઠડે રે તર્જની અંગુલી જોય ॥ બહુ સુખ દાયક મધ્યમા, અનામિકા રે વશ્યારથ હોય ॥ નોક૦ ॥ ૪ ॥ આકર્ષણ ટચી અંગુલી, વલી સુણજો રે એ ગણવાની રીતિ ॥ મેરુ ઉલ્લંઘન મ મ કરો, મ મ કરજો રે નખ અગ્રેં પ્રીતિ ॥ નોક૦ ॥ ૫ ॥ નિશ્ચલ ચિત્તે જે ગણે, જે ગણે સંખ્યાદિકથી એકાંત ॥ તેહને ફલ હોએ અતિઘણું, ઈમ બોલે રે જિનવર સિદ્ધાંત ॥ નોક૦ ॥ ૬ ॥ શંખ પ્રવાલ ફટિક મણિ, પત્તા જીવ રતાંજલી મોતી સાર ॥ રુપ સોવન રયણ તણી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદન અવર અગરને ઘનસાર ॥ નોક૦ ॥ ૭ ॥ સુંદર ફુલ રુદ્રા-ક્ષની જપમાલિકા રે રેશમની અપાર ॥ પંચ વરણ સમ સૂત્રની, વલી વસ્તુવિશેષ તણી ઉદાર ॥ નોક૦ ॥ ૮ ॥ ગૌતમ પુંછંતે કહ્યો, મહાવીરેં રે એ સયલ વિચાર ॥ લબ્ધિ કહે ભવિયણ સુણો, ગણજો ભણજો રે નિત્ય નિત્ય નવકાર ॥ નોક૦ ॥ ૯ ॥ ઇતિ ॥

---

## ॥ अथ श्रीउदयरत्नजी कृत शीयलनी नववाड प्रारंभः ॥

॥ દોહા ॥ શ્રીગુરૂનેં ચરણે નમી, સમરી શારદ માય ॥ નવનિધ શીલની વાડનો, ઉત્તમ કહુ ઉપાય ॥ ૧ ॥

॥ ઢાલ પહેલી ॥ વધાવાની ॥ પહેલોને પાસો હોજી ॥
॥ એ દેશી ॥

॥ પહેલીને વાડેં હોજી વીર જિનવરેં કહ્યો, સેવો સેવો હો વસ્તિ વિચારીનેં જી ॥ સ્ત્રી પશુ પડંગ હોજી વાસો નસે જિહાં, તિહાં નવિ રહેવું હો શીલવ્રતધારીનેં જી ॥ ૨ ॥ જિમ તરૂડાલેં હોજી વસતો વાનરો, મનમાં બીએ રખે ભૂંઈં પડું જી ॥ મંજારી દેખી હોજી પિંજરમાંહેથી પોપટ ચિંતે હો રખે દોડે ચડું જી ॥ ૩ ॥ જિમ સિંહલંકી હોજી સુંદરી શિર ધરી, જલનું બેડું હો જુગતિશું જાલવે જી ॥ તિમ મુનિ મનમેં હોજી રાખે ગોપવી, નારીને નિરખી હોજી ચિત્ત નવિ ચાલવે જી ॥ ૪ ॥ જિહાં હોવે વાસો હોજી સેહેજેં મંજારનો, જોખમ લાગે હો મુષકની જાતને જી ॥ તેમ બ્રહ્મચારી હોજી નારીની સંગતેં, હારે હો હારે રે શીયલ સૂધાતનેં જી ॥ ૫ ॥ ત્રુટક ॥ એમ વાડ વિઘટે વિષય પ્રગટે, શંકા કંખા નીપજે ॥ તીવ્ર કામેં ધાતુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બિગડે, રોગ બહુવિધ ઊપજે ॥ મનમાંહે વિષય વ્યાપે, વિષયશું મન વાડે મર્યો ॥ ઉદય રત્ન કહે તિણે કારણ, નવ વાડ રાખો નિસંકા ॥ ૬ ॥

॥ ઢાલ બીજી ॥ વિદર્ભદેશ કુંડન પુર નયરી ॥ એ દેશી ॥

॥ સુરપતિ સેવિત ત્રિભુવન ધણી, અજ્ઞાન તિમિરહર દિનમણિ ॥ શીયલ રત્નનાં જતન તંતે, ભાંખી વાડ બીજી ભગવંતે ॥ ૧ ॥ ત્રુટક ॥ ભગવંત ભાખે સંઘ સાખે, શીયલ સુરતરુ રાખવા ॥ મુક્તિ મહાફલ હેતુ અદ્ભુત, ચારિત્રનો રસ ચાખવા ॥ ॥ ૨ ॥ મીઠે વચને માનનીશું, કથા ન કરે કામની ॥ વાડ વિધશું જેહ પાલે, બલિહારી તસ નામની ॥ ૩ ॥ વાત વ્રતને ઘાત કારી, પવન જિમ તરુપાતને ॥ વાત કરતાં વિષય જાગે, તે માટે તજો એ વાતને ॥ ૪ ॥ લીંબુ દેખી દૂરથી જિમ, ખટાશે ડાઢા ગલે ॥ ગગને ગર્જારવ સુણીને, હડકવા જિમ ઉચ્છલે ॥ ૫ ॥ તિમ બ્રહ્મચારીના ચિત્ત વિણસે, વયણ સુંદરીનાં સુણી ॥ કથા તજો તિણે કારણે, ઈમ પ્રકાશે ત્રિભુવન ધણી ॥ ૬ ॥

॥ ઢાલ ત્રીજી ॥ તટ જમુનાનો રે અતિ રળીયામણો રે ॥
॥ એ દેશી ॥

॥ ત્રીજીને વાડે રે ત્રિભુવન રાજીયોરે ॥ એણી પરે દીયે ઉપદેશ ॥ આસન છંડોરે સાધુજી નારીનો રે, મુહુર્ત્ત લગે સુવિશેષ ॥ હું બલિહારી રે જાઉં તેહની રે ॥ ૧ ॥ ધન્ય ધન્ય તેહની હો માત ॥ શીલ સુરંગી રે રંગાણી રાગશું રે, જેહની સાતે હો ધાત ॥ હું૦ ॥ ૨ ॥ શયનાસને રે પાટીને પાટલે રે, જિહા જિહાં બેસે હો નાર ॥ બેઘડી લગે રે તિહાં બેસે નહીં રે, શીલ વ્રત રાખણહાર ॥ હું૦ ॥ ૩ ॥ કોહેલા કેરી રે ગંધ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંયોગથી રે, જેમ જાયે કણકનો વાક ॥ તિમ અબલાનું રે આસણ સેવતાં રે, વિણસે શિયલ સુપાક ॥ હું૦ ॥ ૪ ॥

॥ ઢાલ ચોથી ॥ હું વારી રંગઢોલણા ॥ એ દેશી ॥

ચોથીને વાડે ચેતજો હો રાજ, ઈમ ભાંખે શ્રીજિન ભૂપ રે ॥ સંવેગી સૂધા સાધુ જી ॥ નયણ કમલ વિકાસીનેં હો રાજ, રખે નિરખો રમણીનું રુપ રે ॥ સં ॥૧॥ રુપ જોતાં રઢ લાગશેં હો રાજ, હેલા ઉલ્લસશે અનંગ રે ॥ સં૦ ॥ મનમાંહે જાગશે મોહની હો રાજ, ત્યારે હોશે વ્રતનો ભંગ રે ॥ સં૦ ॥ ૨ ॥ દિનકર સાહામું દેખતાં હો રાજ, નયણ ઘટે જિમ તેજ રે ॥ સં૦ ॥ તિમ તરૂણી તન પેખતાં હો રાજ, હીણું થાયે શીયલશું હેજ રે ॥ સં૦ ॥ ૩ ॥

॥ ઢાલ પાંચમી ॥ થાંપર વારી મારા સાહિબા કંબલ મત ચાલો ॥ એ દેશી ॥

॥ પંચમી વાડી પરમેસરે, વખાણી હો વારુ ॥ સાંભલજો શ્રોતા તુમે, ધર્મી વ્રતધારુ ॥ ૧ ॥ કુડયાંતર વરકામિની, રમે જિહાં રાગે ॥ સ્વર કંકણાદિકનો સુણી, જિહાં મન્મથ જાગે ॥૨॥ તિહાં વસવું બ્રહ્મચારિને, ન કહ્યું વિતરાગેં વાડ ભાંગે શીલ રત્નની, જિહાં લાંછન લાગે ॥ ૩ ॥ અગ્નિ પાસે જિમ ઓગલે, ભાજન માંહે ધરિયા ॥ લાખને મીણ જાએ ગલી, ન રહે રસ ભરિયા ॥ ॥ ૪ ॥ તિમ હાવભાવ નારી તણા, વલી હાંસુંને રૂદના ॥ સાંભલતાં શીયલ વીઘરે, મન વેધ હો મદના ॥ ૫ ॥

॥ ઢાલ છઠ્ઠી ॥ સહીયાં મારાં નયણ સમારો ॥ એ દેશી ॥

॥ છઠ્ઠીને વાડે છયલ છબીલો, ગુણ રત્નેં ગાઢો ભર્યોજી ॥ સિદ્ધારથને કુલેં નગીનો, વિર જિણંદ ઈમ ઉચ્ચરયો જી ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવ્રતીપણે જે જે આગેં, કામ ક્રીડા બહુવિધ કરી જી ॥ વ્રત લેઈનેં વિલસિત પેહેલાં, રખે સંભારો દીલ ધરી જી ॥ ૨ ॥ અગનિ ભાર્યાં ઉપર પૂલો, મેલે જિમ જ્વાલા વમે જી ॥ વરસ દિવસેં જિમ વિષધરનું, શંકાયેં વિષ સંક્રમે જી ॥ ૩ ॥ વિષય સુખ જે વિલસિત પેહલાં, તિમ શીયલ વ્રતી સંભારતો જી ॥ વ્યાકુલ થઈનેં શિયલ વિરાધે, પછેં થાય વલિ ઓરતો જી ॥૪॥

॥ ઢાલ સાતમી ॥ ગઢ બુંદીરા વાલા ॥ એ દેશી ॥

॥ સાતમી વાડેં વીર પયંપે, સુણો સંજમના રાગી હો ॥ શીલરથના હો ધોરી ॥ સૂધા સાધુ વૈરાગી, મુઝ આણાકારી, બ્રહ્મચારી વિષય રસ ત્યાગી હો ॥ શી૦ ॥ ૧ ॥ સરસ આહાર તે તજજો સહેજેં, વિગય થોડી વાવરજો હો ॥ શી૦ ॥ માદક આહારેં મન્મથ જાગે, તે જાણી પરિહરજો હો ॥ સી૦ ॥ ૨ ॥ સન્નિપાતેં જિમ ઘૃત જોગેં, અધિક કરે ઉલાલા હો ॥ શી૦ ॥ પાંચે ઇંદ્રિય તિમ રસેં પોખ્યા, ચારિત્રમાં કરે ચાલા હો ॥ ॥ શી૦ ॥ ૩ ॥

॥ ઢાલ આઠમી ॥ રાગ મારૂ ગોઠણુ ખોલો કમાડ ॥ એ દેશી ॥

॥ ત્રિશલા સુત હો ત્રિગડે બેસી એમ, આઠમી વાડ વખાણી શીલની જી ॥ અતિમાત્રા હો આહાર તજો અણગાર, લાલચ રાખો જો સંયમ શીલની જી ॥ ૧ ॥ અતિઆહારેં હો આવે ઉંઘ અપાર, સ્વપ્નમાંહિ હો થાયે શીલ વિરાધના જી ॥ વલી થાયે હો તેણે મદવંત દેહ, સંયમની હો નવી થાયે આરાધના જી ॥ ૨ ॥ જિમ શેરનાહો માપમાંહિ દોઢ સેર, ઓરીને ઉપર દીજેં ઢાંકણું જી ॥ આંજે તોલડી હો ખીચડી ખેરૂ થાય, તેમ અતિમાત્રાએં વ્રત બીગડે ઘણું જી ॥ ૩ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ઢાલ નવમી ॥ કાય થકે સવારે ॥ અથવા ગરબાની દેશી ॥

॥ નવમી વાડેં નિવારજો રે, સાધુજી શણગાર ॥ શરીર શોભાએં શોભે નહી રે, અવની તલેં અણગાર ॥ ૧ ॥ એમ ઉપદેશે વીરજી રે, મુનિવર ધરજો રે મન્ન ॥ શીખામણ એ માહરી રે, કરજો શીલ જતન્ન ॥ ૨ ॥ સ્નાન વિલેપન વાસના રે, ઉત્તમ વસ્ત્ર અપાર ॥ તેલ તંબોલ આદેં તજો રે, ઉદ્ઘટ વેશ મ ધાર ॥ ૩ ॥ ધોઇ નેં ધરણી ધર્યો રે, જિમ રત્ન હાર્યો કુંભાર ॥ તિમ શીલરત્નને હારશો રે, જો કરશો શણગાર ॥ ૪ ॥

॥ ઢાલ દશમી ॥ ભટીયાણીની દેશી ॥

॥ એકલી નારી સાથેં, મારગેં નવિ જાવું હો, વલી વાત વિશેષ ન કીજિયેં ॥ એક સેજેં નર દોય, શીલવંત નવિ સૂવે હો, વલી સહેજેં ગાલ ન દીજિયેં ॥ ૧ ॥ ન સૂવારે નિજ પાસ આઠા છ વરસની હો કાંઈ, પુત્રીને પણ સેજમાં ॥ સાત વરસ ઉપરાંત, સુતને પણ ન સૂવારે હો, કાંઇ શીલવંતિ તેમ સેજમાં ॥ ॥ ૨ ॥ સ્રીસંગે નવ લાખ, જીવ પંચેંદ્રિ હણાયે હો, કાંઈ ભગવંતે ભાંખ્યું ઇસ્યું ॥ અસંખ્યાતા પણ જીવ, સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય હણાયે હો, વલી ઘણું કહીએં કિસ્યું ॥ ૩ ॥ ઈમ જાણી નર નાર, શીયલની સદ્દહણા હો, સૂધી દિલમાં ધારજો ॥ એહ દુર્ગતિનું મૂલ, અબ્રહ્મસેવામાંહિ હો, જાતાં દિલને વારજો ॥૪॥ તપગચ્છ ગયણ દિણંદ, મન વંછિત ફલ દાતા હો, શ્રી હીરરત્નસૂરીશ્વરુ ॥ પામી તાસ પસાય, વાડો એમ વખાણી હો, શીયલની મનોહરૂ ॥૫॥ ખંભાત રહી ચોમાસ, સત્તરશેં ત્રેશઠેં હો, શ્રાવણ વદિ બીજ બુધેં ભણે ॥ ઉદયરત્ન કહે કર જોડ, શિયલવંત નર નારિ હો, તેહને જાઉં ભામણે ॥ ૬ ॥ ઇતિ શ્રીશીલની નવવાડનો સઝાય સંપૂર્ણ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ अथ श्री सकलचंदउपाध्यायजी कृत बार भावनानो सज्झाय प्रारंभः ॥

॥ ઢાલ પહેલી ॥ રાગ રામગ્રી ॥

॥ વિમલકુલ કમલના હંસ તું જીવડા, ભુવનના ભાવ ચિત્ત જો વિચારી ॥ જેણે નર મનુજ ગાત રત્ન નવિ કેલવ્યું, તેણે નરનારી મણિ કોડિ હારી ॥૧॥ વિમલ૦ ॥ એ આંકણી ॥ જેણે સમકિત ધરી સુકૃત મતિ અણુસરી, તેણે નરનારી નિજ ગતિ સમારી ॥ વિરતિનારી વરી કુમતિ મતિ પરહરી, તેણે નરનારી સબ કુગતિ વારી ॥ વિ૦ ॥ ૨ ॥ જૈન શાસન વિના, જીવ યતના વિના, જે જના જગ ભમે ધર્મહીના ॥ જૈનસુાન દાન બહુમાન હીના નરા, પશુપરેં તે મરે ત્રિજગદીના ॥વિ૦॥ ॥ ૩ ॥ જૈનના દેવગુરૂ ધર્મ ગુણ ભાવના, ભાવી નિતુ જ્ઞાન લોચન વિચારી ॥ કર્મભર નાશની બાર વરભાવના, ભાવિ નિત જીવ તું આપ તારી ॥ વિ૦ ॥ ૪ ॥ સર્વગતિમાંહિ વર નરભવો દુલહો, સર્વગુણ રત્નનો શોધિકાર ॥ સર્વજગજંતુને જેણે હિત કીજિયેં, સોઇ મુનિ વંદીયેં શ્રુત વિચારી ॥ સકલમુનિ વંદીયે શ્રુત વિચારી ॥ ૫ ॥

॥ ઢાલ બીજી ॥ રાગ કેદારો ॥

॥ ભાવના માલતી ચુશીયેં, ભ્રમરપરેં જેણુ મુનિરાજ રે ॥ તેણે નિજ આતમા વાસિયેં, ભરતપરેં મુક્તિનું રાજ રે ॥ ભા૦॥ ॥ ૧ ॥ ભાવના કુસુમશું વાસિયા, જે કરે પુણ્યનાં કાજ રે ॥ તે સવે અમર તરૂપરેં ફૂલે, ભાવના હિયે શિવરાજ રે ॥ ભા૦ ॥ ॥ ૨ ॥ ભુમિ જનની થકી ઊપના, સુતપરેં જે જગેં ભાવ રે ॥ તે સવે ભુ ભુજંગી ગલે, જિમ ગલે વનતરુ દાવ રે ॥ ભા૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૩ ॥ ભૂમિના વર અનંતા ગયા, ભૂમિ નવિ ગઈ કિણુ સાથ રે ॥ ઋદ્ધિબહુ પાપી જે તસ મલી, તેન લીધી કુણે સાથે રે ॥ ॥ ભા૦ ॥ ૪ ॥ ઋધ્ધિ દ્વારાવતી હરિ ગયો, અથિર સબ લોક-ની રુદ્ધિ રે ॥ સુણી અંતે પંડવા મુનિ હવ, તેણે વરી અચલ-પદ સિદ્ધિ રે ॥ ભા૦ ॥ ૫ ॥ રાજના પાપભર શિર થકેં, જસ હવા શુદ્ધ પરિણામ રે ॥ ભરતભૂપતિ પરેં તેહનેં, ભાવના પુણ્યનાં ગામ રે ॥ ભા૦ ॥ ૬ ॥ રાજનાં પાપ ભર શિર થકેં, જસ હવા શુદ્ધ મન ભાવ રે ॥ ભાવના સિંધુમાં તે ગલે, ઉતરે ઉતરે મોહપદ તાવ રે ॥ ભા૦ ॥ ૭ ॥ જે પદારથ તુઝ આપણો, નવિ ગણે પ્રેમરતિબંધરે ॥ જો ગણે તે હતું આપણું, જીવ તૂંહીં મતિ અંધ રે ॥ ભા૦ ॥ ૮ ॥ કૃષ્ણલેશ્યાવશેં કીજીયેં, કર્મ જે રૌદ્ર પરિણામ રે ॥ તે સવે ધર્મ નવિ જાણિયેં, શુભ હવે શુદ્ધ પરિણામ રે ॥ ભા૦ ॥૯॥ જે જગ આશ્રવ જિનેં ભણ્યા, તે સવે સંવર હોઇ રે ॥ ધર્મ જે અશુભ ભાવેં કરે, તે તસ આશ્રવ જોઇરે ॥ ભા૦ ॥ ૧૦ ॥ ઇતિ પીઠિકા ॥

॥ અથ પ્રથમા અનિત્યભાવના ॥ ઢાલ ત્રીજી ॥ રાગ રામગ્રી ॥

॥ મૂંઝમાં મૂંઝમાં મોહમાં જીવ તું, શબ્દ વર રુપ રસ ગંધ દેખી ॥ અથિર તે અથિર તૂં અથિર તનુ જીવિતં, ભાવ્ય મન ગગન હરિ ચાપ પેખી ॥ મૂં ॥ ૧ ॥ લચ્છિ સરિયતત્તિ પરેં એક ઘર નવિ રહે, દેખતાં જાય પ્રભુ જીવ લેતી ॥ અથિર સબ વસ્તુને કાજ મૂઢો કરે, જીવડો પાપની કોડી કેતી ॥ મું૦ ॥ ॥ ૨ ॥ ઉપની વસ્તુ સવિ કારિમી નવિ રહે, જ્ઞાનશું ધ્યાનમાં જો વિચારી ॥ ભાવ ઉત્તમ હુર્યાં અધમ સબ ઉદ્ધર્યા, સંહરે કાલ દિન રાતિ ચારી ॥ મું૦ ॥ ૩ ॥ દેખ કલિ કૂતરો સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગનેં ભખે, સંહરી ભૂપ નર કોટિ કોટી ॥ અથિર સંસારને થિરપણે જે ગણે, જાણી તસ મૂઢની બુદ્ધિ ખોટી ॥ મૂં૦ ॥ ॥ ૪ ॥ રાય મ મ રાજના રુદ્ધિશું પરિવર્યો, અંત સબ રુદ્ધિ વિસરાલ હોશે ॥ રુદ્ધિસાથે સબ વસ્તુ મૂકી જતે, દિવસ દો તીન પરિવાર રોશે ॥ મૂ૦ ॥ ૫ ॥ કુસુમપર યોવનં જલબિંદુ જીવિતં, ચંચલં નરસુખં દેવ ભોગો ॥ અવધિ મન કેવલી સુકવિ વિદ્યાધરા, કલિયુગેં તેહનો પણ વિયોગો ॥ મૂ૦ ॥ ૬ ॥ ધન્ય અનિકા સુતો ભાવના ભાવતાં, કેવલ સુરનદી માંહે લીધો ॥ ભાવના સુરલતા જેણ મન રોપવી, તેણેં શિવનારિ પરિવાર રુંધ્યો ॥ મૂ૦ ॥ ૭ ॥ ઇતિ પ્રથમ અનિત્યભાવના ॥ ૧ ॥

॥ અથ દ્વિતીયા અશરણ ભાવના ॥ ઢાલ ચોથી ॥ રાગ કાલહરો ॥ સાંભલજો મુનિસંયમરાગી ॥ એ દેશી ॥

॥ કો નવિ શરણં કો નવિ શરણં, મરતાં કુણને પ્રાણી રે ॥ બ્રહ્મદત્ત મરતો નવિ રાખ્યો, રાજ હય ગય બહુ રાણી રે, જસ નવનિધિ ધન ખાણી રે ॥ કો૦ ॥ ૧ ॥ માતપિતાદિક ટગ મગ જોતાં, યમ લે જનને તાણી રે ॥ મરણથકી સુરપતિ નવિ છુટે, નવિ છુટે ઇંદ્રાણી રે ॥ કો૦ ॥ ૨ ॥ હય ગય રથ નર કોડિ વિદ્યાધર, રહે નિત રાયાં રાય રે ॥ બહુ ઉપાય તે જીવનકાજેં, કરતા અશરણ જાય રે ॥ કો૦ ॥ ૩ ॥ મરણથી ભીતિ કદાચિત્ જીવો, જો પેસે પાયાલેં રે ॥ ગિરિદરિ વન અંબુધિમાં જાવે, તોભી હારયેં કાલેં રે ॥૦ કો ॥ ૪ ॥ અષ્ટાપદ જેણું બલેં ઊપાડયો, સો દશ મુખ સંહરિયો રે ॥ કો જગ ધર્મ વિના નવિ તરિયો, પાપી કો નવિ તરિયો રે ॥ કો૦ ॥ ૫ ॥ અશરણ અનાથ જીવહ જીવન, શાંતિનાથ જગ જાણો રે ॥ પારેવો જેણેં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરણે રાખ્યો, મુનિ તસ ચરણુ વખાણ્યો રે ॥ કે૦ ॥ ૬ ॥ મેઘકુમાર જીવ ગજગતિમાં, શશલો શરણેં રાખ્યો રે ॥ વીર પાસ જેણુ ભવ ભય કચર્યો, તપ સંયમ કરી નાંખ્યો રે ॥ કે૦ ॥૭॥ મત્સ્યપરેં રોગી તરફડતા, કોણે નવિ સુખ કરિયો રે ॥ અશરણ અનાથ ભાવના ભરિયો, અનાથી મુનિ નિસરીયોં રે ॥ કે૦ ॥૮॥

॥ અથ તૃતીયા સંસારભાવના ॥ ઢાલ પાંચમી ॥ રાગ કેદારો ॥

॥ સર્વ સંસારના ભાવ તું, સમ ધરી જીવ સંભારી રે ॥ તે સવે તેં પણ ચનુભવ્યા, હૃદયથી તેહ ઉતારી રે ॥ સ૦॥૧॥ સર્વ તનુમાં વસી નીસર્યો, તેં લીયા સર્વ અધિકાર રે ॥ જાતિ નેં યોની સખ અનુભવી, અનુભવ્યા સર્વ આહાર રે ॥સ૦॥૨॥ સર્વ સંયોગ તેં અનુભવ્યા, અનુભવ્યા રોગ નેં શોગ રે ॥ અનુભવ્યા સુખ દુઃખકાલ તેં, પણ લિયો નવિ જિનયોગ રે ॥ ॥ સ૦ ॥ ૩ ॥ સર્વજન નાતરાં અનુભવ્યાં, પહેરિયા સર્વ શણુગાર રે ॥ પુદ્‌ગલ તેં પરાવર્ત્તયા, નવિ નમ્યા જિન અણગાર રે ॥ સ૦ ॥ ૪ ॥ પાપનાં શ્રુત પણ તેં ભણ્યાં, તેં કર્યાં મોહનાં ધ્યાન રે ॥ પાપનાં દાન પણ તેં દીયાં, નવિ દીયાં પાત્રનાં દાન રે ॥ સ૦ ॥ ૫ ॥ વેદ પણ તીન તેં અનુભવ્યા, તેં ભણ્યા પરતણા વેદ રે ॥ સર્વ પાષંડ તેં અનુભવ્યા, તિહાં ન સંવેગ નિર્વેદ રે ॥ સ૦ ॥ ૬ ॥ રડવડ્યો જીવ મચ્છામતિ, પશુ હણ્યા ધર્મને કાજ રે ॥ કાજ કીધાં નવિ ધર્મનાં, હરખિયો પાપને કાજ રે ॥ સ૦ ॥ ૭ ॥ કુગુરૂની વાસના ડાકિણી, તિણ દમ્યા જીવ અનંત રે ॥ તિહાં નવિ મુક્તિપંથ ઓળખ્યો, તેણે હવો નવિ ભવ અંત રે ॥ સ૦ ॥ ૮ ॥ ઇતિ તૃતિયા સંસારભાવના ॥ ૩ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ અથ ચતુર્થી એકત્વ ભાવના ॥ ઢાલ છઠ્ઠી ॥ રાગ માલવી ગોડી ॥

॥ એ તુંહિ આપકૂં તૂંહિ ધ્યાઓ જી, ધ્યાનજ્ઞાન એકેલા ॥ જિહાં તિહાં તૂં જાયા એકેલા ॥ એ૦ ॥ ૧ ॥ હરિ હર પ્રમુખા સુર નર જાયા, તેભી જગ એકેલા ॥ તે સંસાર વિવિધ પર ખેલી, ગયા તેભી એકેલા ॥ એ૦ ॥ ૨ ॥ કોભી લીના સાથ ન તેણે, ઋદ્ધિ ગઈ નવિ સાથેં ॥ નિજ નિજ કરણી લેઈ ગયા તે, ધન વિણ ઠાલે હાથે ॥ એ૦ ॥ ૩ ॥ બહુ પરિવારેં મ રાચો લોકા, મુધા મલ્યો સબ સાથો ॥ ઋદ્ધિ મુધા હોશે સબ ચિંતો, ગગન તણી જિમ બાથો ॥ એ૦ ॥ ૪ ॥ શાંતિ સુધારસ સરમાં ઝીલો, વિષય વિષં ચ નિવારો ॥ એકપણું શુભ ધ્યાનેં ચિંતી આપ આપકું તારો ॥ એ૦ ॥ ૫ ॥ હિંસાદિક પાપેં એ જીવો, પામે બહુવિધ રોગો ॥ જલવિણ જિમ માછો એકલો, પામે દુઃખ પરલોગો ॥ એ૦ ॥ ૬ ॥ એકપણું ભાવી નમિ રાજા, મૂકી મિથિલારા જો ॥ મૂકી નરનારી સવિ સંગતિ, પ્રણમે તસ સુર રાજો, પ્રણમે સકલ મુનિ રાજો ॥ એ૦ ॥ ૭ ॥ ઇતિ ચતુર્થી એકત્વ ભાવના સંપૂર્ણા ॥ ૪ ॥

॥ અથ પંચમી અન્યત્વભાવના ॥ ઢાલ સાતમી ॥ રાગ કેદારો ગોડી ॥

॥ ચેતના જાગિ સહચારિણી, આલસ ગોદડું નાખી રે ॥ હૃદયઘર જ્ઞાન દીવો કરે, સુમતિ ઉઘાડી નિજ આંખ રે ॥ ચે૦ ॥ ॥ ૧ ॥ એકશત અધિક અઠાવના, મોહિ રણીયા ઘરબારી રે ॥ હું સદા તેહ વિંટયો રહું, તુઝ ન ચિંતા કિસિ મારી રે ॥ચે૦॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૨ ॥ જઈ મુઝ તે અલગો કરે, તો રમું હું તુઝ સાથે રે ॥ તેહથી હું અલગો રહું, જો રહે તું મુઝ હાથે રે ॥ ચે૦ ॥ ૩ ॥ મન વચન તનુ સવે ઇંદ્રિયા, જીવથી જૂજુઆ હોય રે ॥ અપરપરિવાર સબ જીવથી, તૂં સદા ચેતના જોય રે ॥ ચે૦ ॥ (પાઠાંતરે) તનુ વચન સવે ઇંદ્રિયા, જીવથી જૂજુઆ જોય રે ॥ જો રમે તું ઇણે ભાવના, તો તુઝ કેવલ હોય રે ॥ ચે૦ ॥ ૪ ॥ સર્વ જગ જીવ ગણિ જૂજુઆ, કોઇ કુણનો નવિ હોય રે ॥ કર્મવશેં સર્વ નિજનિજ તણે, કર્મથી નવિ તર્યો કોય રે ॥ ॥ ચે૦ ॥ ૫ ॥ દેવ ગુરૂ જીવપણે જૂજુઆ, જૂજુઆ ભગતના જીવ રે ॥ કર્મવશ સર્વ નિજ નિજ તણે, ઉદ્યમ કરે નવિ કલીબ રે ॥ ચે૦ ॥ ૬ ॥ સર્વ શુભ વસ્તુ મહિમા હરે, કલિયુગો દુષ્ટ ભુપાલ રે ॥ તિમ દુકાલોપી જનને હરે, અપરાની આશ મન વાલ રે ॥ ચે૦ ॥ ૭ ॥ ચિંતા કરે આપ તું આપણી, મ મ કરે પરતણી આશ રે ॥ આપણું આચર્યું અનુભવ્યું, વિચરિ પરવસ્તુ ઉદાસ રે ॥ ચે૦ ॥ ૮ ॥ કોકિણે જગ નવિ ઉદ્ધર્યો, ઉદ્ધરે આપણો જીવ રે ॥ ધન્ય જે ધર્મી આદર દિયે, તે વસે ઇંદ્ર સમીવ રે ॥ ચે૦ ॥ ૯ ॥ જો જુવે જૂજુવા આતમા. દેહ ધન જનકથી ધ્યાન રે ॥ તે ગઈ દુ:ખ નવિ ઉપજે, જેહને મન જિનજ્ઞાન રે ॥ ચે૦ ॥૧૦॥ ઇતિ પંચમી અન્યત્વ ભાવના ॥૫॥

॥અથ ષષ્ઠી અશુચિભાવના ॥ ઢાલ આઠમી ॥ રાગ કેદારો ગોડી ॥

॥ મંસ મલ મૂત્ર રૂધિરેં ભર્યા, અશુચિ નરનારીના દેહ રે ॥ વારૂણી કુંભ પરેં ભાવિયેં, અંતે દિયે જીવને છેહ રે ॥ ॥ મં૦ ॥ ૧ ॥ અશુભ બહુ રોગ કફ નિતુ વહે, એ ભખે ભક્ષ્ય અભક્ષ્ય રે ॥ દેહને જાણી જોખમ ઘણાં દેહ બહુ જીવનો ભક્ષ્ય રે ॥ મં૦ ॥ ૨ ॥ ઇતિ ષષ્ઠી અશુચિભાવના ॥ ૬ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ અથ સપ્તમી આશ્રવભાવના ॥ ઢાલ નવમી ॥ રાગ મધુમાદ ॥

॥ જગ શુભાશુભ જેણે કર્મ તતિ વેલિજે, શુભ અશુભાશ્રવ તે વખાણો ॥ જલધરો જેમ નદિ વર સરોવર ભરે, તિમ ભરે જીવ બહુ કર્મ જાણો ॥ જ૦ ॥ ૧ ॥ મ મ કરે જીવ તું અશુભ કર્માદરા, વાસવા પણ સકર્મો ન છુટે ॥ જેણે જગ દાનવર પુણ્ય નવિ આદર્યાં, તે કૃપણ નિર્ધના પેટ કૂટે ॥ જ૦ ॥ ૨ ॥ મન વચન કાય વિષયા કષાયા તથા, અવિરતિ અશુભ ધ્યાન પ્રમાદો ॥ મૂકિ મિથ્યામતિ વર ઉપાસક યતી, જગ શુભાશ્રવથકી નોવિષાદો ॥ જ૦ ॥ ૩ ॥ રાચ મ મ જીવ તું કુટુંબ આડંબરે, જલ વિના મેઘ જિમ ફોક ગાજે ॥ ધર્મનાં કાજવિણ મ કર આરંભ તૂં, તેણે તુઝ કર્મની ભીડ ભાંજે ॥ જ૦ ॥ ૪ ॥ તે અશુભ આશ્રવ રૂંધતાં જીવને, સંવરો સંવરે કર્મ જાલં ॥ નાવનાં છિદ્ર સંધ્યા યથા નીરને, તેણેં કરી જીત સંવર વિશાલં ॥ જ૦ ॥ ૫ ॥ ઈતિ સપ્તમી આશ્રવભાવના ॥ ૭ ॥

॥ અથાષ્ટમી તપોભાવના ॥ ઢાલ દશમી ॥ રાગ ગોડી ॥

॥ તાપેં મીણ ગલે જિમ માખણ, તથા કર્મ તપતાપેં રે ॥ કંચનકાટ ગલે જેમ આગેં, પાપ ગલે જિન જાપેં રે ॥ તા૦ ॥ ૧ ॥ તે તપ બાર ભેદશું કીજેં, કર્મનિર્જરા હોવે રે ॥ સો મુનિવરનેં હોય સકામા, અપર અકામા જોવે રે ॥ તા૦ ॥ ૨ ॥ અનશન ઉનોદરી રસત્યાગો, કીજિયેં વૃત્તિસંક્ષેપો રે ॥ સંલીનતા કરી કાય કિલેશો, ટલે કર્મના લેશો રે ॥ તા૦ ॥ ૩ ॥ પાયચ્છિત્ત વિનય વેયાવચ્ચ, સઝાયો વર ઝાણ રે ॥ કાઉસગ્ગ કીજે જેણે ભવિજન, તસ તપ મુક્તિ નિદાનરે ॥ તા૦ ॥ ૪ ॥ ઇત્યષ્ટમી તપોભાવના ॥ ૮ ॥ અથ નવમી ધર્મભાવના ॥ ઢાલ અગ્યારમી ॥ શાંતિ સુધારસ કુંડમાં ॥ એ દેશી ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ રાગ કેદારો ગોડી ॥ ધર્મથી જીવને જય હોયે, ધર્મથી સવિ દુ:ખનાશ રે ॥ રોગ ને શોક ભય ઉપશમે, ધર્મથી અમરઘરવાસ રે ॥ ધર્મ૦ ॥ ૧ ॥ દુર્ગતિપાપથી જીવને, ધર્મવિણ નવિ ધરે કોઇ રે ॥ વાંછિત દિયે સુરતરૂ પરેં, દાન તપ શીલથી જોઈ રે ॥ ધ૦ ॥ ૨ ॥ ધર્મવર સાધુ શ્રાવક તણો, આચર્યો ભાવશું જેહ રે ॥ સર્વસુખ સર્વ મંગલ તણું, આદરશું કારણ તેહ રે ॥ ધ૦ ॥ ૩ ॥

॥ અથ દશમી દાનભાવના ॥ ઢાલ બારમી ॥ રાગ ધન્યાશ્રી ॥

॥ જે નરા સાધુ આધાર વરદાયકા, તે નરા ધન્ય જગવિબુધ ગાયા ॥ જે છતે યોગવર સાધુને નવિ દિયે, તે કાશકુસુમપરેં ફોક જાયા ॥ જે૦ ॥ ૧ ॥ નિર્મલો મુક્તિનો માર્ગ જિનશાસનં, સાધુ વિણુ દાન વિણુ ક્ષણ ન ચાલે ॥ પામતો મનુજ જો સાધુને નવિ દિયે, સો કરાં કપિલ દાસીય વાલે ॥ જે૦ ॥૨॥ અકલનું હાટ નર મુક્તિની વાટ નર, નાટ તું મકર તપ પુણ્ય કેરા ॥ કર્મને કાટ ઉતાર નરભવ લહી, ધીઠ મ મ બોલ ભવ વારિ ફેરા ॥ જે૦ ॥ ૩ ॥ જ્ઞાન વિજ્ઞાન આચારપદ નરભવો, પામિયો પૂર્વ ભવ પુણ્યયોગેં ॥ પુણ્યવિણુ પશુભવેં જીવ પરવશ પડયો, શસ્ત્રશું મારિયેં અધમ લોગેં ॥ જે૦ ॥ ૪ ॥ જીવ તેં નરભવેં અશુભભવે પશુપણે, જીવતાં જીવની કોડીમારી, પુણ્ય વિણુ પશુભવે રાસભ ઉકરડે, મલ ભખે પૂંઠ તૃણ ગુણિ ધારી ॥ જે૦ ॥ ૫ ॥ જીવહિંસા સવિ પાપ એ જીવને, પાપીયેં આદર્યા જીવ સાટેં ॥ ખાટકી હાટ તે વિવિધ પરે કાટિયે, અગ્નિમાં દાટિયે પાપ માટે. જે૦ ॥ ૬ ॥ પુણ્યથી દેવ તુઝ દેહ રુડો ઘડયો આણીયો જૈનકુલ પુણ્ય કાજેં ॥ ધર્મ નરજન્મ જો જીવ હારીશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું, ઘશિશ નિજ હાથડા અશુભ રાજે ॥ જે૦ ॥ ૭ ॥ દાન તપ શીલ સંયમ દયાધર્મથી, સર્વસુખ રુદ્ધિ જો તું વિચારી ॥ સર્વ શુભયોગ હારીશ જો તું પછે, ઘશિશ જિમ હાથ હાર્યો જુઆરી ॥જે૦॥૮॥ જિસીઅ ગણિકા તણી ખાટ સાધારણી,તિસિઅ મિથ્યામતિ જગ ન રુડી ॥ ત્યજિઅ હિંસા કુધર્માદિ સવિ પાપ તું, વિશ્વમાં સોકલે કીર્ત્તિ રૂડી ॥જે૦॥૯॥ પાટ મ મ રાખજે પાપ આચારનો, ફાંટ મ મ પાડજે ધર્મ વાટેં ॥ જાટ પરેં અણવિમાસ્યું કિ શું મ મ કરે, ખોટ મ મ પાડજે ધર્મ હાટેં ॥ જે૦ ॥ જો તુઝ સુખ ગમે સર્વદુઃખ નવિ ગમે, વિષય સો વીર રસ ત્યજિય ખાટો ॥ [ પાઠાંતર ] વિષય સોવીર તો ત્યજીય ગાઢો ॥ આત્મ અધ્યાત્મ-વર ધ્યાન કુંજે રમી, ધર્મ વર ભાવના અમૃત ચાટો ॥ જે૦ ॥ ॥ ૧૧ ॥ ઈતિ દશમી દાનભાવના ॥ ૧૦ ॥ અથૈકાદશી શમ-રસભાવના ॥ ઢાલ તેરમી ॥ રાગ વૈરાડી ॥ જે ત્રિજે.

ભવ વરથાનક તપ કરી ॥ એ દેશી ॥

॥ ભવિક જીવ પૂછે નિજ ગુરૂનેં, અશુભ કર્મ કિમ કાટે ॥ શ્રમણધર્મે નિઃસંજ્ઞી જીવો, જો શમતારસ ચાટે રે ॥ ભવિકા શમરસ અમૃત ચાટો ॥૧॥ કુવ્યસન મુકો મનનો આંટો, સદોષ પિંડેં મ ભરો ઠાઠો ॥ સબ પરસુખેં મ મ વિષવાટો ॥ ભ૦ ॥ શ૦ ॥ એ આંકણી ॥ વીંધ્યો જીવ કર્મવિષ કાટેં પીડયો ચાર-ગતિ ફાટે ॥ શુભભાંવેં દેતાં દઢ પાટેં કર્મ ગુંબડું ફાટે રે ॥ ॥ ભ૦ ॥ શ૦ ॥ ૨ ॥ પાપપિંડ અસત્યજ હુજો, જો કષાય મદ ડાટે ॥ નિખિલ પાપ નિઃસંગી જીવો, રહેતો સમ દુઃખ કાટે રે ॥ ભ૦ ॥ શ૦ ॥ ૩ ॥ જનનાં સુખશુભ ધ્યાન સુલેશ્યા, દુકાલ મુસો કાટે ॥ દાન પુણ્ય જનનાં સબ તેણે, વાદલ પરેં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સબ ફાટે રે ॥ ભ૦ ॥ શ૦ ॥ ૪ ॥ રોગ શમે જેમ અમૃત છાંટે, હૃદય પડી નવિ આંટે ॥ ધર્મ કરતાં ભવિકજીવને, શિવ સુખ આવે આંટે રે ॥ ભ૦ ॥ શ૦ ॥ ૫ ॥ ગુણવિણુ કિમ શિવ ગિરિવર આહિયે, હીણ પુણ્ય જન રાંટે ॥ એસે જો જિન ગુણ-મણિ સાટે, તો સબ ભવ દુઃખ કાટે રે ॥ ભ૦ ॥ શ૦ ॥ ૬ ॥ ઇતિ એકાદશી શમરસભાવના ॥ ૧૧ ॥

॥ અથ દ્વાદશી લોક ભાવના ॥ ઢાલ ચોદમી ॥ રાગ પરજીયો ॥

॥ જ્ઞાન નયનમાંહે ત્રિભુવન રૂપી, જેણે જિન દીઠો લોગો ॥ ધણી આ૦યો ષટદ્રવ્ય રૂપો, પ્રણમો તસ જિનયોગો ॥ ૧ ॥ મુનિવર ધ્યાવો અભિય દીવ લોગો ॥ એ આંકણી ॥ જિહાં જિન મુનિવર સિદ્ધ અનંતા, તિહાં નહિં જ્ઞાન વિયોગો ॥ મુ૦ ॥ ધ્યા૦ ॥ ૨ ॥ આપે સીધો કેણે ન કીધો, લીધો કેણે નવિ જાવે ॥ આદિ નહિં જસ હોયે એતો, કેવલ નાણી ભાવે ॥મુ૦॥ ॥ ધ્યા૦ ॥ ૩ ॥ અધોલોક છત્રાસન સમ વડે, તીર્છો જલ્લરી જાણો ॥ ઉર્ધ્વ લોક મૃદંગ સમાણો સકલ મુનિ ચિત્ત આણો ॥ મુ૦ ॥ ધ્યા૦ ॥ ૪ ॥ ઇતિ દ્વાદશી લોકભાવના ॥ ઇતિ મહામહોપાધ્યાય શ્રીસકલ ચંદ્રમુનિવિર ચિત દ્વાદશભાવના: સ્વાધ્યાય સમાપ્ત:

# अथ श्रीवृद्धिविजयजीकृत दशवैकालिकनो

# सज्झाय प्रारंभः ॥ तत्र प्रथमाध्ययनसज्झाय प्रारंभः ॥

॥ સુગ્રીવ નયર સોહામણું જી ॥ એ દેશી ॥ શ્રીગુરૂપદ-પંકજ નમી જી, વલિ ધરી ધર્મની બુદ્ધિ ॥ સાધુક્રિયા ગુણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાંખશું જી, કરવા સમકિત શુદ્ધિ ॥ મુનીશ્વર, ધર્મ સયલ સુખકાર ॥ તુમ્હેં પાલો નિરતિચાર ॥ મુનીશ્વર, ધર્મ સયલ સુખકાર ॥ ૧ ॥ એ આંકણી ॥ જીવદયા સયમ તવો જી, ધર્મ એ મંગલરૂપ ॥ જેહનાં મનમાં નિત્ય વસે જી, તસ નમે સુર નર ભૂપ ॥ મુ૦ ॥ ધ૦ ॥ ૨ ॥ ન કરે કુસુમકિલામણા જી, વિચરતો જિમ તરૂવૃંદ ॥ સંતોસે વલિ આતમા જી, મધુકર ગ્રહિ મકરંદ ॥ મુ૦ ॥ ધ૦ ॥ ૩ ॥ તેણિ પરેં મુનિ ઘર ઘર ભમી જી, લેતો શુદ્ધ આહાર ॥ ન કરે બાધા કોઇને જી, દિયે પિંડને આધાર ॥ મુ૦ ॥ ધ૦ ॥ ૪ ॥ પહિલે દશવૈકાલિકેં જી, અધ્યયને અધિકાર ॥ ભાંખ્યો તે આરાધતાં જી, વૃદ્ધિવિજય જયકાર ॥ મુ૦ ॥ ધ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## ॥ અથ દ્વિતીયાધ્યયનસઝાય પ્રારંભઃ ॥

॥ શીલ સુહામણું પાલીયેં ॥ એ દેશી ॥ નમવા નેમિ જિણંદને, રાજુલ રૂડી નાર રે ॥ શીલસુરંગી સંચરે, ગોરી ગઢગિરનાર રે ॥ ૧ ॥ શીખ સુહામણી મન ધરો ॥ એ આંકણી ॥ તુમેં નિરૂપમ નિર્ગ્રંથ રે ॥ સવિ અભિલાષ તજી કરી, ચાલો સંયમપંથ રે ॥ શી૦ ॥ ૨ ॥ પાઉસ ભીની પદ્મિની, ગઇ તે ગુફામાંહિ તેમ રે ॥ ચતુરા ચીર નિચોવતી, દીઠી રુપિ રહનેમ રે ॥ શી૦ ॥ ૩ ॥ ચિત્ત ચલે ચારિત્રિયો, વયણ વદે તવ એમ રે ॥ સુખ ભોગવીયેં સુંદરી, આપણે પૂરણ પ્રેમ રે ॥ શી૦ ॥ ૪ ॥ તવ રાયજાદી એમ ભણે, ભૂંડા એમ શું ભાંખે રે ॥ વયણવિરૂદ્ધ એ બોલતાં, કાંઇ કુલલાજ ન રાખે રે ॥ શી૦ ॥ ૫ ॥ હું પુત્રી ઉગ્રસેનની, અને તું યાદવકુલ જાયો રે ॥ એ નિર્મલ કુલ આપણાં, તો કેમ અકારજ થાયો રે ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શી૦ ॥ ૬ ॥ ચિત્ત ચલાવી એણિ પરેં, નિરખીશ જો તું નારી રે ॥ તો પવનાહત તરૂપરેં, થાઇશ અથિર નિરધારીરેં ॥ ॥ શી૦ ॥ ૭ ॥ ભોગ ભલા જે પરહરયા, તે વલી વાંછે જેહ રે॥ વમનભક્ષી કૂતર સમો, કહીયેં કુકર્મી તેહ રે ॥ શી૦ ॥ ૮ ॥ સરપ અંધક કુલતણા, કરે અગ્નિ પ્રવેશ રે ॥ પણ વમિયું વિષ નવિ લિયે, જુઓ જાતિ વિશેષ રે ॥ શી૦ ॥ ૯ ॥ તિમ ઉત્તમ કુલ ઉપના, છોડી ભોગસંજોગ રે ॥ ફરિ તેહને વાંછે નહિં, હુવે જો પ્રાણવિયોગ રે ॥ શી૦ ॥ ૧૦ ॥ ચારિત્ર કિમ પાલી શકે, જો નવિ જાયે અભિલાષ રે ॥ સીદાતો સંકલપથી, પગ પગ ઇમ જિન ભાંખે રે ॥ શી૦ ॥ ૧૧ ॥ જો કણ કંચન કામિની, ઇચ્છતા અને ભોગવતા રે ॥ ત્યાગી ન કહીયેં તેહનેં જો, મનમેં શ્રી ભોગવતારે ॥ શી૦ ॥ ૧૨ ॥ ભોગ સંયોગ ભલા લહિ, પરહરે જેહ નિરીહ રે ॥ ત્યાગી તેહજ ભાંખિયો, તસ પદ નમું નિશ દીહ રે ॥ શી૦ ॥ ૧૩ ॥ એમ ઉપદેશને અંકુશે, મયગલ પરેં મુનિરાજો રે ॥ સંયમ મારગ સ્થિર કરયો, સાર્યું વંછિત કાજો રે ॥ શી૦ ॥ ૧૪ ॥ એ બીજા અધ્યયનમાં, ગુરૂહિત શીખ પયાસેં રે ॥ લાભ વિજય કવિરાયનો, વૃદ્ધિવિજય એમ ભાસે રે ॥ શી૦ ॥ ૧૫ ॥ ઇતિ ॥

## ॥ અથ તૃતીયાધ્યયનસઝાય પ્રારંભઃ ॥

॥ પંચ મહાવ્રત પાલીયેં ॥ એ દેશી ॥ આધાકર્મી આહાર ન લીજિયેં, નિશિભોજન નવિ કરીયેં ॥ રાજપિંડ ને શય્યાંતરનો, પિંડ વલી પરહરિયેં રે ॥ ૧ ॥ મુનિવર એ મારગ અનુસરિયેં ॥ જિમ ભવજલનિધિ તરીયેં ॥ મુનિ૦ ॥ એ– ॥ આંકણી ॥ સાહામો આણ્યો આહારે ન લીજે, નિત્ય પિંડ નવિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદરીયેં ॥ શી ઈચ્છા એમ પૂછી આપે, તેહ નવિ અંગીકરિયેં કે ॥ સુ૦ ॥ ૨ ॥ કંદ મૂલ ફૂલ બીજ પ્રમુખ વલી, લવણાદિક સચિત્ત ॥ વર્જે તિમ વલી નવિ રાખીજેં, તેહ સન્નિધિ નિમિત્ત કે ॥ સુ૦ ॥ ૩ ॥ ઉવટણું પીઠી પર હરિયેં, સ્નાન કદા નવિ કરીયેં ॥ ગંધ વિલેપન નવિ આચરિયેં, અંગ કુસુમ નવિ ધરિયેં કે ॥ સુ૦ ॥ ૪ ॥ ગૃહસ્થનું ભાજન નવિ વાવરિયેં, પરહરિયેં વલી આભરણ ॥ છાયા કારણ છત્ર ન ધરિયેં, ધરેં નઉપાનહ ચરણ કે ॥ સુ૦ ॥ ૫ ॥ દાતણ ન કરે દર્પણ ન ધરે, દેખેં નવિ નિજ રૂપ ॥ તેલ ચોપડી યેં ને ફાંકસી નકીજેં, દીજેં ન વસ્ત્રેં ધૂપ કે ॥ સુ૦ ॥૬॥ માંચી પલંગ નવિ બેસીજેં, દિજે ન વિંજણે વાય ॥ ગૃહસ્થગેહ નવિ બેસીજેં, વિણુ કારણ સમુદાય કે ॥ સુ૦ ॥ ૭॥ વમન વિરેચન રોગ ચિકિત્સા, અગ્નિ આરંભ નવિ કીજેં ॥ સોગઠાં શેત્રંજ પ્રમુખ જે કીડા, તે પણ સવિ વરજીજેં ॥ સુ૦ ॥ ૮ ॥ પાંચ ઈંદ્રિય નિજવશ આણી, પંચાશ્રવ પચ્ચખીજેં ॥ પંચ સમિતિ ત્રણ ગુપ્તિ ધરીનેં, છક્કાય રક્ષા તે કીજેં કે ॥ સુ૦ ॥ ૯ ॥ ઉનાલે આતાપના લીજેં, શીયાલે શીત સહીયેં ॥ શાંત દાંત થઈ પરિસહ સહેવા, થીર સ્થિર વરસાલે રહિયેં કે ॥ સુ૦ ॥ ૧૦ ॥ ઈમ દુક્કર કરણી બહુ કરતાં, ધરતાં ભાવ ઉદાસી ॥ કર્મ ખપાવી કેઈ હુઆ, શિવ રમણીશું વિલાસી કે ॥ સુ૦ ॥ ૧૧ ॥ દશવૈકાલિક ત્રીજે અધ્યયનેં, ભાંખ્યો એહ આચાર ॥ લાભ વિજયગુરૂ ચરણ પસાયેં, વૃદ્ધવિજય જયકાર કે ॥ સુ૦ ॥ ૧૨ ॥ ઈતિ ॥

॥ અથ ચતુર્થાધ્યયનસઝાય પ્રારંભ: ॥

॥ સુણ સુણ પ્રાણી, વાણી જિન તણી ॥ એ દેશી ॥

સ્વામી સુધર્મા રે કહે જંબુ પ્રત્યેં, સુણ સુણ તું ગુણખાણિ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરસ સુધારસહૂંતી મીઠડી, વીર જિણેસર વાણિ ॥ સ્વા૦ ॥ ॥ એ આંકણી ॥ ૧ ॥ સૂક્ષ્મ બાદર ત્રસ થાવર વલી, જીવ વિરાહણ ટાલ ॥ મન વચ કાયા રે ત્રિવિધેં સ્થિર કરી, પહિલું વ્રત સુવિચાર ॥ સ્વા૦ ॥ ૨ ॥ ક્રોધ લોભ ભય હાસ્યે કરી, મિથ્યા મ ભાંખો રે વયણ ॥ ત્રિકરણ શુદ્ધેં વ્રત આરાધજે, બીજું દિવસ ને રયણ ॥ સ્વા૦ ॥ ૩ ॥ ગામ નગર વનમાંહિ વિચરતાં, સચિત્ત અચિત્ત તૃણ માત્ર ॥ કાંઈ અદીધાં મત અંગીકરો, ત્રીજું વ્રત ગુણપાત્ર ॥ સ્વા૦ ॥ ૪ ॥ સુર નર તિર્યંચ યોની સંબંધીયાં, મૈથુન કરય પરિહાર ॥ ત્રિવિધેં ત્રિવિધેં તું નિત્ય પાલજે, ચોથું વ્રત સુખકાર ॥ સ્વા૦ ॥ ૫ ॥ ધન કણ કંચન વસ્તુ પ્રમુખ વલી, સર્વ અચિત્ત સચિત્ત ॥ પરિગ્રહ મૂર્છા રે તેહની પરહરી, ધરી વ્રત પંચમ ચિત્ત ॥ સ્વા૦ ॥ ૬ ॥ પંચ મહાવ્રત એણિપરેં પાલજો, ટાલજો ભોજન રાતિ ॥ પાપસ્થાનક સઘલાં પરહરિ, ધરજો સમતાં સવિ ભાંતિ ॥ સ્વા૦ ॥ ॥ ૭ ॥ પુઢવી પાણી વાયુ વનસ્પતિ, અગ્નિ એ થાવર પંચ ॥ બિ તિ ચઉ પંચિંદિ જલચર થલચરા, ખચરા ત્રસ એ પંચ ॥ ॥ સ્વા૦ ॥ ૮ ॥ એ છકાયની વારો વિરાધના, જયણા કરિ સવિ વાણિ ॥ વિણ જયણા રે જીવવિરાધના, ભાંખે તિહુઅણ ભાણ ॥ સ્વા૦ ॥૯॥ જયણાપૂર્વક બોલતાં બેસતાં, કરતાં આહાર વિહાર ॥ પાપકર્મ બંધ કદિયે નવિ હુવે, કહે જિન જગદાધાર ॥ ॥ સ્વા૦ ॥ ૧૦ ॥ જીવ અજીવ પહિલાં ઓલખી, જિમ જયણા તસ હોય ॥ જ્ઞાનવિના નવિ જીવદયા પલે, ટલે નવિ આરંભ કોય ॥ સ્વા૦ ॥ ૧૧ ॥ જાણપણાથી સંવર સંપજે, સંવરે કર્મ ખપાય ॥ કર્મક્ષયથી રે કેવલ ઉપજે, કેવલી મુક્તિ લહેય ॥ ॥ સ્વા૦ ॥ ૧૨ ॥ દશવૈકાલિક ચઉથાધ્યયનમાં, અર્થ પ્રકાશ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રે એહ ॥ શ્રી ગુરૂલાભવિજયપદ સેવતાં, વૃદ્ધિવિજય લહે તેહ ॥ ॥ સ્વા૦ ॥ ૧૩ ॥

## ॥ અથ પંચમાધ્યયનસઝાય પ્રારંભ: ॥

॥ વીર વખાણી રાણી ચેલણા ॥ એ દેશી ॥ સુઝતા આહારની ખપ કરો જી, સાધુજી સમય સંભાલ ॥ સંયમ શુદ્ધ કરવા ભણી જી, એષણા દૂષણ ટાલ ॥ સુઝ૦ ॥ ૧ ॥ પ્રથમ સઝાયેં પોરિસી કરી જી, અણુસરી વલી ઉપયોગ ॥ પાત્ર પડિલેહણ આચરો જી, આદરી ગુરૂ અણુયોગ ॥ સુ૦ ॥ ૨ ॥ ઠાર ધૂઅર વરસાતના જી, જીવ વિરાહણ ટાલ ॥ પગે પગે ઇર્યા શોધતાં જી, હરિકાયાદિક નાલ ॥ સુ૦ ॥૩॥ ગેહ ગણિકા તણાં પરિહરો જી, જિહાં ગયાં ચલ ચિત્ત હોય ॥ હિંસક કુલ પણ તેમ તજો જી, પાપ તિહાં પ્રત્યક્ષ જોય ॥ સુ૦ ॥ ૪ ॥ નિજ હાથે બાર ઉઘાડીને જી, બેસીયેં નવિ ઘરમાંહિ ॥ બાલ પશુ ભિક્ષુક પ્રમુખને સંઘટ્ટે, જઇયેં નહિં ઘરમાંહિ ॥ સુ૦ ॥ ૫ ॥ જલ ફૂલ જલણ કણ લૂણશું જી, ભેટતાં જે દિયે દાન ॥ તે કલ્પે નહિં સાધુનેં જી, વરજવું અન્ન ને પાન ॥ સુ૦ ॥ ૬ ॥ સ્તન અંતરાય બાલક પ્રત્યેં જી, કરીનેં રડતો ઠવેય ॥ દાનદિયે તો ઉલટ ભરી જી, તોહિ પણ સાધુ વરજેય ॥ સુ૦ ॥ ૭ ॥ ગર્ભવતી વલી જો દિયે જી, તેહ પણ અકલ્પ હોય ॥ માલ નિશરણી પ્રમુખેં ચઢી જી, આણી દીયે કલ્પે ન સોય ॥ સુ૦ ॥ ॥ ૮ ॥ મૂલ્ય આણ્યું પણ મત લીયો જી, મત લિયો કરી અંતરાય ॥ વિહરતાં થંભ ખંભાદિકેં જી, ન અડો થિર ઠવો ગાય ॥ સુ૦ ॥ ૯ ॥ એણીપરેં દોષ સવે છાંડતાં જી, પામીયેં આહાર જો શુદ્ધ ॥ તો લહિયેં દેહ ધારણ ભણીજી, અણલહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તપવૃદ્ધિ ॥ સુ૦ ॥ ૧૦ ॥ વયણુ લજ્જા તૃષા ભક્ષના જી, પરિસહથી સ્થિરચિત્ત ॥ ગુરૂપાસે ઇરિયાવહી પડિક્કમી જી, નિમંત્રી સાધુને નિત્ય ॥ સુ૦ ॥ ૧૧ ॥ શુદ્ધ એકાંત ઠામે જઈ જી, પડિક્કમી ઇરિયાવહી સાર ॥ ભોયણુ દોષ સવિ છાંડીને જી, સ્થિર થઈ કરવો આહાર ॥ સુ૦ ॥ ૧૨ ॥ દશવૈકાલિકે પાંચમે જી, અધ્યયને કહ્યો એ આચાર ॥ તે ગુરૂ લાભવિજય સેવતાં જી, વૃદ્ધિવિજય જયકાર ॥ સુ૦ ॥ ૧૩ ॥ ઇતિ ॥

॥ અથ ષષ્ઠાધ્યયનસજ્ઝાય પ્રારંભઃ ॥

॥ મ મ કરો માયા કાયા કારિમી ॥ એ દેશી ॥ ગણુધર સુધર્મ એમ ઉપદિસે, સાંભલો મુનિવરવૃંદ રે ॥ સ્થાનક અઢાર એ ઓલખો, જેહ છે પાપના કંદ રે ॥ ગ૦ ॥ ૧ ॥ પ્રથમ હિંસા તિહાં છાંડિયે, જૂઠ નવિ ભાંખિયે વયણુ રે ॥ તૃણુ પણુ અદત્ત નવિ લીજીયે, તજીયે મેહુણુ સયણુ રે ॥ ગ૦ ॥ ૨ ॥ પરિગ્રહ મૂર્છા પરિહરો, નવિ કરો ભોયણુ રાતિ રે ॥ છંડો છક્કાય વિરાધના, ભેદ સમજી સહુ ભાંતિ રે ॥ ગ૦ ॥૩॥ અકલ્પ આહાર નવિ લીજીયે, ઉપજે દોષ જે માંહિ રે ॥ ધાતુનાં પાત્ર મત વાવરો, ગૃહીતણાં મુનિવર પ્રાહી રે ॥ ગ૦॥૪॥ ગાદીયે માંચીયે ન બેસીયે, વારિયે શય્યા પલંગ રે ॥ રાત રહિયે નવિ તે સ્થલે, જીહાં હોવે નારિ પ્રસંગ રે ॥ ગ૦ ॥૫॥ સ્નાન મજ્જન નવિ કીજીયે, જિણે હુવે મનતણો ક્ષોભ રે ॥ તેહ શણુગાર વલિ પરિહરો, દંત નખ કેશ તણી શોભ રે ॥ ગ૦ ॥ ૬ ॥ છઠે અધ્યયને એમ પ્રકાશીયો, દશવૈકાલિક એહ રે ॥ લાભવિજય ગુરૂ સેવતાં, વૃદ્ધિવિજય લહ્યો તેહ રે ॥ ગ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ અથ સપ્તમાધ્યયન સજ્ઝાય પ્રારંભ: ॥

॥ કપૂર હુવે અતિ ઉજલો રે ॥ એ દેશી ॥ સાચું વયણ જે ભાંખિયે રે, સાચી ભાષા તેહ ॥ સચ્ચા મોસા તે કહિયે રે, સાચું મૃષા હોય જેહરે ॥ ૧ ॥ સાધુજી કરજો ભાષા શુદ્ધ ॥ કરી નિર્મલ નિજબુદ્ધ રે ॥ સા૦ ॥ કર૦ ॥ એ આંકણી ॥ કેવલ જૂઠ જિહાં હોવે રે, તેહ અસચ્ચા જાણ ॥ સાચું નહિં જૂઠું નહીં રે, અસત્યા અમૃષા ઠાણ રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૨ ॥ એ ચારેમાંહિ કહી રે, પહેલી ભાષા હોય ॥ સંયમધારી બોલવી રે, વચનવિચારી જોય રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૩ ॥ કઠિન વયણ નવિ ભાંખિયે રે, તુંકારો રેકાર ॥ કોઈના મર્મ ન બોલીયે રે, સાચા પણ નિર્ધાર રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૪ ॥ ચોરને ચોર ન ભાંખિયે રે, કાણાને ન કહે કાણ ॥ કહીયે ન અંધો અંધને રે, સાચું કઠિન એ જાણ રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૫ ॥ જેહથી અનરથ ઉપજે રે, પરને પીડા થાય ॥ સાચું વયણ તે ભાંખતાં રે, લાભથી ત્રોટો જાય રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૬ ॥ ધર્મ સહિત હિતકારીયા રે, ગર્વરહિત સમતોલ ॥ થોડલા તે પણ મીઠડા રે, બોલ વિચારી બોલ રે ॥ સા૦ ॥ ક૦॥૭॥ એમ સવિ ગુણ અંગિકરી રે, પરહરિ દોષ અશેષ ॥ બોલતાં સાધુને હુવે નહિં રે, કર્મનો બંધ લવલેશ રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૮ ॥ દશવૈકાલિક સાતમે રે, અધ્યયને એ વિચાર ॥ લાભ વિજય ગુરૂથી લહે રે, વૃદ્ધિવિજય જયકાર રે ॥ સા૦ ॥ ક૦ ॥ ૯ ॥ ઇતિ ॥

॥ અથાષ્ટમાધ્યયનસજ્ઝાય પ્રારંભ: ॥

॥ રામ સીતાને ધીજ કરાવે ॥ એ દેશી ॥ કહે શ્રીગુરૂ સાંભલો ચેલા રે, આચારજ એ પુણ્યના વેલા રે ॥ છક્કાય વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાહણું ટાલો રે, ચિત્ત ચોખે ચારિત્ર પાલો રે ॥ ૧ ॥ પુઢવી પાષાણ ન ભેદો રે, ફૂલ ફૂલ પત્રાદિ ન છેદો રે ॥ બીજ કૂંપલ વન મત ફરજો રે, જીવ વિરાધનથી ડરજો રે ॥ ૨ ॥ વલી અગ્નિ મ ભેટશો ભાઇ રે, પીજો પાણી ઉનું સદાઇ રે ॥ મત વાવરો કાચું પાણી રે, એહવી છે શ્રી વીરની વાણી રે ॥ ૩ ॥ હિમ ધૂમ્મર વડ ઉંબરાં રે, ફલ કુંથુઆ કીડી નગરાં રે ॥ નીલ ફૂલ હરી અંકૂરા રે, ઇંડાલ એ આઠે પૂરા રે ॥ ૪ ॥ સ્નેહાદિક ભેદે જાણી રે, મત હણજો સૂક્ષ્મ પ્રાણી રે ॥ પડિલેહી સવિ વારજો રે, ઉપકરણે પ્રમાદ મ કરજો રે ॥ ૫ ॥ જયણાયેં ડગલાં ભરજો રે, વાટેં ચાલતાં વાત મ કરજો રે ॥ મત જ્યોતિષ નિમિત્ત પ્રકાસો રે, નિરખો મત નાચ તમાસો રે ॥૬॥ દીઠું અણદીઠું કરજો રે, પાપ વ્યસન ન શ્રવણેં ધરજો રે ॥ અણસૂજતો આહાર તજજો રે, રાતેં સન્નિધ સવિ વરજો રે ॥ ॥ ૭ ॥ બાવીસ પરિસહ સહેજો રે, દેહ દુઃખેં ફલ સદૃહજો રે ॥ અણ પામે કાર્પણ્ય મ કરજો રે, તપ શ્રુતનો મદ નવિ ધરજો રે ॥ ૮ ॥ સ્તુતિ ગતિ સમતા ગ્રહેજો રે, દેશ કાલ જોઇનેં રહેજો રે ॥ ગૃહસ્થશું જાતિ સગાઇ રે, મત કાઢજો મુનિવર કાંઇ રે ॥ ૯ ॥ ન રમાડો ગૃહસ્થનાં બાલ રે, કરો ક્રિયાની સંભાલ રે ॥ યંત્ર મંત્ર ઔષધનો ભામો રે, મત કરજો કુગતિકામો રે ॥ ॥ ૧૦ ॥ ક્રોધેં પ્રીતિ પૂરવલી જાય રે, વલી માનેં વિનય પલાય રે ॥ માયા મિત્રાઇ નસાડે રે, સવિ ગુણ તે લોભ નસાડે રે ॥ ૧૧ ॥ તે માટેં કષાય એ ચાર રે, અનુક્રમે દમજો અણગાર રે ॥ ઉપશમશું કેવલ ભાવે રે, સરલાઇ સંતોષ સભાવેં રે ॥ ॥ ૧૨ ॥ બ્રહ્મચારીને જાણજો નારી રે, જૈસી પોપટને માંજારી રે ॥ તેણેં પરિહરો તસ પરસંગ રે, નવ વાડ ધરો વલિ ચંગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रे ॥ १३ ॥ रसलोलुप थई मत पोषो रे, निजकाय तप करीने शोषो रे ॥ जाणो अथिर पुंद्गलपिंड रे, व्रत पालजो पंच अखंड रे ॥ १४ ॥ कहियुं दशवैकालिके एम रे, अध्ययने आठमे तेम रे ॥ गुरु लाभ विजयथी जाणी रे, बुध वृद्धिविजय मन आणी रे ॥ १५ ॥ इति ॥

॥ अथ नवमाध्ययनसज्झाय प्रारंभः ॥

॥ शेत्रुंजे जइये लालन, शेत्रुंजे जइये ॥ ए देशी ॥ विनय करेजो चेला, विनय करेजो ॥ श्रीगुरु आणा शीश धरेजो ॥ चेला० ॥ शी० ॥ ए आंकणी ॥ क्रोधी मानी ने परमादी, विनय न शीखे वली विषवादी ॥ चे० ॥ व० ॥ १ ॥ विनयरहित आशातना करतां, बहु भव भटके दुर्गति फरतां ॥ चे० ॥ दु० ॥ अग्नि सर्प विष जिम नवि मारे, गुरु आसातना तेथी अधिक प्रकारें ॥ चे० ॥ अ० ॥ २ ॥ अविनयें दुखियो बहुल संसारी, अविनयी मुक्तिनो नहिं अधिकारी ॥ चे० ॥ न० ॥ कोह्या काननी कूतरी जेम, हांकी काढे अविनयी तेम ॥ चे० ॥ अ० ॥ ३ ॥ विनय श्रुत तप वली आचार, कहीयें समाधिनां ठाम ए चार ॥ चे० ॥ ठा० ॥ वली चार चार भेद अकेक, समजो गुरुमुखथी सविवेक ॥ चे० थी० ॥४॥ ते चारेमां विनय छे पहेलो, धर्म विनय विणु भांखे ते घेलो ॥ चे० ॥ भां० ॥ मूल थकी जिम शाखा कहियें, धर्मक्रिया तिम विनयथी लहियें ॥ चे० ॥ वि० ॥ ५ ॥ गुरु मान विनयथी लहेसो सार, ज्ञान क्रिया तप जे आचार ॥ चे० ॥ जे० ॥ गरथ पखें जिम न होये हाट, विणु गुरुविनय तेम धर्मनी वाट ॥ चे० ॥ ध० ॥ ६ ॥ गुरु नान्हो गुरु महोटो कहियें, राजा परे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તસ આણા વહિયેં ॥ ચે૦ ॥ આ૦ ॥ અલ્પશ્રુત પણ બહુશ્રુત જાણો, શાસ્ત્રસિદ્ધાંતેં તેહ મનાણો ॥ ચે૦ ॥ તે૦ ॥ ૭ ॥ જેમ શશી ગ્રહગણેં વિરાજે, મુનિ પરિવારમાં તેમ ગુરુ ગાજે ॥ ચે૦ ॥ તે૦ ॥ ગુરુથી અલગા મત રહો ભાઈ, ગુરુ સેવ્યે લહેશો ગૌરવાઈ ॥ ચે૦ ॥ શો૦ ॥ ૮ ॥ ગુરુવિનયેં ગીતારથ થાશો, વંછિત સવિ સુખલખમી કમાશો ॥ ચે૦ ॥ લ૦ ॥ શંત દાંત વિનયી લજ્જાલુ, તપ જપ ક્રિયાવંત દયાલુ ॥ ચે૦ ॥ વં૦ ॥૯॥ ગુરૂકુલવાસી વસતો શિષ્ય, પૂજનીય હોયે વિસવા વીશ ॥ ચે૦ ॥ વિ૦ ॥ દશવૈકાલિક નવમે અધ્યયનેં, અર્થ એ ભાંખ્યો કેવલી વયણેં ॥ ચે૦ ॥ કે૦ ॥ ઇણિપરેં લાભવિજય ગુરુ સેવી, વૃદ્ધિ-વિજય સ્થિર લખમી લહેવી ॥ ચે૦ ॥ લ૦ ॥ ૧૦ ॥ ઇતિ ॥

॥ અથ દશમાધ્યયનસઝાય પ્રારંભ:

॥ તે તરીયા ભાઈ તે તરીયા ॥ એ દેશી ॥ તે મુનિ વંદો તે મુનિ વંદો, ઉપશમ રસનો કંદોરે ॥ નિર્મલ જ્ઞાન ક્રિયાનો ચંદો, તપ તેજેં જેહવો દિણંદો રે ॥ તે૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પંચાશ્રવનો કરિ પરિહાર, પંચ મહાવ્રત ધારો રે ॥ ષટ્જીવ તણો આધાર, કરતો ઉગ્રવિહારો રે ॥ તે૦ ॥ ૨ ॥ પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મધ્યાન નિરાબાધ રે ॥ પંચમ-ગતિનો મારગ સાધે, શુભ ગુણ તો ઇમ વાધે રે ॥ તે૦ ॥૩॥ ક્રયવિક્રય ન કરે વ્યાપાર, નિર્મમ નિર હંકાર રે ॥ ચારિત્ર પાલે નિરતિચારે, ચાલંતો ખડ્ગની ધાર રે ॥ તે૦ ॥ ૪ ॥ ભોગ ને રોગ કરી જે જાણે, આપે પુણ્ય વખાણો રે ॥ તપ શ્રુતનો મદ નવિ આણેં, ગોપવી અંગ ઠેકાણેં રે ॥ તે૦ ॥ ૫ ॥ છાંડી ધન કણ કંચન ગેહ, થઈ નિ:સ્નેહી નિરીહ રે ॥ ખેહસમાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણી દેહ, નાવ પોસે પાપેં જેહ રે ॥ તે૦ ॥ ૬ ॥ દોષ રહિત આહાર જે પામે, જે લૂખે પરિણામેં રે ॥ લેતો દેહનું સુખ નવિ કામે, જાગતો આઠેઈ જામે રે ॥ તે૦ ॥ ૭ ॥ રસના રસ રસીયો નાવ થાવે, નિર્લોભી નિર્માય રે ॥ સહે પરિસહ સ્થિર કરી કાયા, અવિચલ જિમ ગિરિરાય રે ॥ તે૦ ॥ ૮ ॥ રાતેં કાઉસ્સગ્ગ કરી સમશાનેં, જો તિહાં પરિસહ જાણે રે ॥ તો નવિ ચુકે તેહવે ટાણે, ભય મનમાં નાવ આણે રે ॥ તે૦ ॥ ૯ ॥ કોઈ ઉપર ન ધરે ક્રોધ, દિયે સહુને પ્રતિબોધ રે ॥ કર્મ આઠ ઝીંપવા જોધ, કરતો સંયમ શોધ રે ॥ તે૦ ॥ ૧૦ ॥ દશવૈકાલિક દશમાધ્યયને, એમ ભાંખ્યો આચાર રે ॥ તે ગુરુલાભ વિજયથી પામે, વૃદ્ધિવિજય જયકાર રે ॥ તે૦ ॥ ૧૧ ॥ ઈતિ ॥

॥ અથૈકાદશાધ્યયનસજ્ઝાય પ્રારંભઃ ॥

॥ નમો રે નમો શ્રીશત્રુંજય ગિરિવર ॥ એ દેશી ॥ સાધુજી સંયમ સૂધો પાલો, વ્રત દૂષણ સવિ ટાલો રે ॥ દસવૈકાલિક સૂત્ર સંભાલો, મુનિ મારગ અજુઆલો રે ॥ સા૦ ॥ સં૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ રોગાતિક પરિસહ સંકટ, પરસંગે પણ ધાર રે ॥ ચારિત્રથી મત ચુકો પ્રાણી, ઈમ ભાંખે જિનસાર રે ॥ સા૦ ॥ સં૦ ॥ ૨ ॥ ભ્રષ્ટાચારી મુંડો કહાવે, ઈહ ભવ પરભવ હાર રે ॥ નરક નિગોદ તણાં દુઃખ પામે, ભમતો બહુ સંસાર રે ॥ સા૦ ॥ સં૦ ॥ ૩ ॥ ચિત્ત ચોખે ચારિત્ર આરાધે, ઉપશમ નીર અગાધ રે ॥ ઝીલે સુંદર સમતાદરિયે, તે સુખ સંપત્તિ સાધે રે ॥ સા૦ ॥ સં૦ ॥ ૪ ॥ કામધેનું ચિંતામણિ સરિખું, ચારિત્ર ચિતમેં આણો રે ॥ ઇહ ભવ પરભવ સુખદાયક એ સમ, અવર ન કાંઈ જાણો રે ॥ સા૦ ॥ ૫ ॥ સિજ્જંભવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂરિયેં રચીયાં, દશ અધ્યયન રસાલાં રે ॥ મનકપુત્ર હેતેં તે ભણતાં, લહિયેં મંગલમાલા રે ॥ સા૦ ॥ ૬ ॥ શ્રીવિજયપ્રભ સૂરિને રાજ્યે, બુધ લાભવિજયને શિષ્યે રે ॥ વૃદ્ધિવિજય વિબુધ આચાર એ, ગાયો સકલ જગીશેં રે ॥ સા૦ ॥૭॥ ઈતિ દશવૈકાલિકસજ્ઝાય સંપૂર્ણ.

## ॥ अथ श्रीपर्यूषण पर्वनो स्वाध्याय प्रारंभः ॥

॥ પર્વ પજૂસણ આવીયાંરે લાલ, કીજે ઘણાં ધર્મ ધ્યાન રે ॥ ભવિક જન ॥ આરંભ સકલ નિવારીયેં રે લાલ, જીવોને દીજેં અભયદાન રે ॥ ભ૦ ॥ પર્વ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ સઘલા માસમાંહિ શિરેં રે લાલ, ભાદ્રવ માસ સુમાસ રે ॥ભ૦॥ તિણમાંહે આઠ દિન રુઅડા રે લાલ, કીજેં સુકૃત ઉલ્લાસ રે ॥ ॥ ભ૦ ॥ ૫૦ ॥ ૨ ॥ ખાંડણ પીસણ ગારનાં રે લાલ, ન્હાવણ ધોવણ જેહ રે ॥ ભ૦ ॥ એહવા આરંભ ટાલવા રે લાલ, ઉત્સવ કરીયેં અનેક રે ॥ ભ૦ ॥ ૫૦ ॥ ૩ ॥ પુસ્તક વાસી ન રાખીયેં રે લાલ, ઉત્સવ કરીયેં અનેક રે ॥ ભ૦ ॥ ધર્મ સારૂ વિત્ત વાવરો રે લાલ, હઇયે આણો વિવેક રે ॥ ભ૦ ॥ ૫૦ ॥ ॥ ૪ ॥ પૂજી અર્ચી આણીયેં રે લાલ, શ્રીસદ્ગુરૂની પાસ રે ॥ ॥ ભ૦ ॥ ઢોલ દદામાં ફેરીયાં રે લાલ, માંગલિક ગાવો ગીત રે ॥ ભ૦ ॥ ૫૦ ॥ ૫ ॥ શ્રીફલ સિખર સોપારિયાં રે લાલ, દીજેં સહામીને હાથ રે ॥ ભ૦ ॥ લાભ અનંતા વધાવતાં રે લાલ, શ્રીમુખ ત્રિભુવન નાથ રે ॥ ભ૦ ॥ ૫૦ ॥ ૬ ॥ નવ વાંચન કલ્પસૂત્રનું રે લાલ, સાંભલો સૂધો ભાવ રે ॥ ભ૦ ॥ સાહામીવત્સલ કીજીયેં રે લાલ, ભવજલ તરવા નાવ રે ॥ભ૦॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૫૦ ॥ ૭ ॥ ચિત્ત કરિ ચૈત્ય જુહારીયેં રે લાલ, પૂજા સત્તર પ્રકાર રે ॥ ભ૦ ॥ અંગપૂજા સદ્ગુરૂતણી રે લાલ, કીજેં હર્ષ અપાર રે ॥ ભ૦ ॥ ૫૦ ॥ ૮ ॥ જીવ અમારી પલાવીયેં રે લાલ, તિણથી શિવસુખ હોય રે ॥ ભ૦ ॥ દાન સંવત્સરી દીજીયેં રે લાલ, ઈણુ સમ પર્વ ન કોય રે ॥ ભ૦ ॥ ૫૦ ॥ ૯ ॥ કાઉસ્સગ્ગ કરીને સાંભલો રે લાલ, આગમ આપણે કાન રે ॥ ભ૦ ॥ છઠ અઠમ તપ આકરાં રે લાલ, કીજિયેં ઉજ્જવલધ્યાન રે ॥ ભ૦ ॥ પર્વ૦ ॥ ૧૦ ॥ ઈણુવિધેં જે આરાધશે રે લાલ, તે લહેશે સુખ કોડિ રે ॥ભ૦॥ મુક્તિમંદિરમેં માલશે રે લાલ, મતિહંસ નમે કર જોડિ રે ॥ ૧૧ ॥

---

# ॥ अथ पर्युषणपर्वना नव व्याख्याननो अथवा कल्पसूत्रनो स्वाध्याय ॥

॥ તત્ર પ્રથમ વ્યાખ્યાનની પ્રથમ સઝાય પ્રારભ્યતે ॥

॥ ઢાલ પહેલી ॥ પર્વ પજૂસણ આવિયાં, આનંદ અંગેં ન માય રે ॥ ઘર ઘર ઉત્સવ અતિ ઘણા, શ્રી સંઘ આવીને જાય રે ॥ ૧ ॥ પર્વ પજૂષણ આવીયાં ॥ એ આંકણી ॥ જીવ અમારી પલાવિયેં, કીજીયેં વ્રત પચ્ચખ્ખાણ રે ॥ ભાવ ધરિ ગુરૂ વંદિયેં, સુણિયેં સૂત્ર વખાણ રે ॥ ૫૦ ॥ ૨ ॥ આઠ દિવસ એમ પાલિયે; આરંભનો પરિહારો રે ॥ નાવણ ધોવણ ખંડણ, લેપણ પીસણ વારો રે ॥ પર્વ૦ ॥ ૩ ॥ શક્તિ હોય તો પચ્ચખીયેં, અઠાયેં અતિ સારો રે ॥ પરમ ભક્તિ પ્રીતિ લાવિયેં. સાધુને ચાર આહારો રે ॥ પર્વ૦ ॥ ૪ ॥ ગાય સોહા ગણ સવિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મલી, ધવલ મંગલ ગીત રે ॥ પક્કાન્નેં કરિ ગોષિયે, પારણે સાહમિ મન પ્રીત રે ॥ પર્વ૦ ॥ ૫ ॥ સત્તરભેદિ પૂજા રચી, પૂજિયેં શ્રી જિનરાય રે ॥ આગલ ભાવના ભાવિયેં, પાતક મલ ધોવાય રે ॥ પર્વ૦ ॥ ૬ ॥ લોચ કરાવે રે સાધુ જી, બેસે બેસણું માંડી રે ॥ શીર વિલેપન કીજીયેં, આલસ અંગથી છંડી રે ॥ પર્વ૦ ॥ ૭ ॥ ગજગતિ ચાલેં ચાલતી, સોહાગણ નારી તે આવે રે ॥ કુંકુમ ચંદન ગહૂંઅલી, મોતિયેં ચોક પુરાવે રે ॥ પર્વ૦ ॥ ૮ ॥ રૂપા મોહરેં પ્રભાવના, કરિયેં તવ સુખ-કારી રે ॥ શ્રી ક્ષમાવિજય કવિરાયનો, બુધ માણકવિજય જય-કારી રે ॥ પર્વ૦ ॥ ૯ ॥

॥ અથ પ્રથમ વ્યાખ્યાન દ્વિતીય સજ્ઝાય પ્રારંભ: ॥

॥ ઢાલ બીજી ॥ એ છીંડી કિહાં રાખી ॥ એ દેશી ॥

પહેલે દિન બહુ આદર આણી, કલ્પસૂત્ર ઘર શાહો ॥ કુસુમ વસ્ત્ર કેસરશું પૂજી, રાતિ જગે લિયે લાહો રે પ્રાણી ॥ ૧ ॥ કલ્પસૂત્ર આરાધો, આરાધી શિવસુખ સાધો રે ભવિજન ॥ કલ્પસૂત્ર આરાધો ॥એ આંકણી॥ પ્રહ ઉઠીને ઉપાશ્રયે આવી, પૂજી ગુરૂ નવ અંગેં ॥ વાજિંત્ર વાજતાં મંગલ ગાવતાં, ગહૂંલી દિયે મન રંગં રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૨ ॥ મન વચ કાય એ ત્રિકરણ શુદ્ધેં, શ્રીજિનશાસન માંહે ॥ સુવિહિત સાધુતણે મુખ સુણિયેં; ઉત્તમ સૂત્ર ઉમાહી રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૩ ॥ ગિરિમાંહે જિમ મેરૂ વડો ગિરિ, મંત્રમાંહે નવકાર ॥ વૃક્ષમાંહે કલ્પવૃક્ષ અનુપમ, શાસ્ત્રમાંહે કલ્પ સાર રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૪ ॥ નવમા પૂર્વનું દશા શ્રુત, અધ્યયન આઠમું જેહ ॥ ચાદ પુર્વધર શ્રીભદ્ર બાહૂ, ઉદ્ધર્યું શ્રી કલ્પ એહ રે ॥ પ્રા૦ ક૦ ॥ ૫ ॥ પહેલા મુનિ દશ કલ્પ વખાણ્યો, ક્ષેત્રગુણ કહ્યા તેર ॥ તૃતીય રસાયન સરિખું એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂત્ર, પૂરવમાં નહિં ફેર રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૬ ॥ નવશેં ત્રાણું વરસેં વીરથી, સદા કલ્પ વખાણ ॥ ધ્રુવસેન રાજા પુત્રની આરતી, આનંદ પૂર મંડાણ રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૭ ॥ અઠમ તપ મહિમા ઉપર, નાગકેતુ દૃષ્ટંત ॥ એતો પીઠિકા હવે સૂત્રવાંચના, વીરચરિત્ર સુણો સંત રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૮ ॥ જંબુદ્વીપમાં દક્ષિણ ભરતેં, માહણ કુંડ સુઠામ ॥ આષાઢ શુદિ છઠેં ચવિયા, સુરલોકથી અભિરામ રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૯ ॥ ઋષભદત્ત ઘરે દેવાનંદા, કુખેં અવતરિયા સ્વામિ ॥ ચૌદ સુપન દેખી મન હરખી, પિયુ આગલ કહિ તામ રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ૧૦ ॥ સુપન અર્થ કહ્યા સુત હોશે, એહવે ઇંદ્ર આલોચે ॥ બ્રાહ્મણ ઘર અવતરિયા દેખી. બેઠો સુર લોક શોચે રે ॥ પ્રા૦ ॥ ક૦ ॥ ॥ ૧૧ ॥ ઇંદ્રે સ્તવિ ઉલટ આણી, પૂરણ પ્રથમ વખાણ ॥ મેઘકુમાર કથાથી સાંઝે, કહે બુધ માણક જાણિ રે ॥ પ્રા॥ ક૦॥૧૨॥

॥ અથ દ્વિતીય વ્યાખ્યાનસજ્ઝાય પ્રારંભ ॥

॥ ઢાલ ત્રીજી ॥ પ્રથમ ગોવાલાતણે ભવેં જી ॥એ દેશી॥ ઇંદ્ર વિચારે ચિત્તમાં જી, એ તો અચરીજ વાત ॥ નીચકુલેં નાવ્યા કદા જી, ઉત્તમ પુરૂષ અવદાત ॥૧॥ સુગુણ નર, જુઓ જુઓ કર્મ પ્રધાન ॥ કર્મ સબલ બલવાન ॥ સુ૦ ॥ જુ૦ ॥ એ આંકણી ॥ આવે તો જન્મે નહીં જી, જિન ચક્રી હરિ રામ ॥ ઉગ્ર ભોગ રાજનકુલેં જી, આવે ઉત્તમ ઠામ ॥ સુ૦ ॥ ૨ ॥ કાલ અનંતે ઊપના જી, દશ અચ્છેરાં રે હોય ॥ તિણે અચ્છેરૂં એ થયું જી, ગર્ભહરણ દશમાંહે ॥ સુ૦ ॥ ૩ ॥ અથવા પ્રભુ સત્યાવીશમાં જી, ભવમાં ત્રીજે જન્મ ॥ મરીચિભવકુલમદ કિયો જી, તેથી બાંધ્યું નીચ કર્મ ॥ સુ૦ ॥ ૪ ॥ ગોત્ર કર્મ ઉદયેં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી જી, માહણકુલેં ઉવવાય ॥ ઉત્તમકુલેં જે અવતરે જી, ઇં-દ્રિજીત તે થાય ॥ સુ૦ ॥ ૫ ॥ હરિણગમેષી તેડીને જી, હાર કહે એહ વિચાર ॥ વિપ્રકુલથી લેઇ પ્રભુજી, ક્ષત્રિય કુલેં અવ-તાર ॥ સુ૦ ॥ ૬ ॥ રાય સિદ્ધારથ ઘર ભલી જી, રાણી ત્રિ-શલા દેવિ ॥ તાસ કુખે અવતારિયા જી, હરિસેવક તતખેવ ॥ સુ૦ ॥ ૭ ॥ ગજ વૃષભાદિક સુંદરૂ જી, ચૌદ સુપન તિણિ વાર ॥ દેખી રાણી જેહવાં જી, વર્ણવ્યા સૂત્રે સાર ॥ સુ૦ ॥ ૮ ॥ વર્ણન કરી સુપન તણું જી, મૂકી બીજું વખાણ ॥ શ્રી ક્ષમા વિજય ગુરૂ તણો જી, કહે માણક ગુણખાણ ॥ સુ૦ ॥૯॥ઇતિ॥

॥ અથ તૃતીય વ્યાખ્યાનસજ્ઝાય પ્રારંભઃ ॥

॥ ઢાલ ચોથી ॥ મહારી સહી રે સમાણી ॥ એ દેશી ॥ દેખી સુપન તવ જાગી, એ તો હિયડે હેતજ આણી રે ॥ પ્રભુ અર્થ પ્રકાશે ॥ એ આંકણી ॥ ઉઠીને પિયુ પાસેં તે આવે, કોમલવચનેં જગાવેં રે ॥ પ્ર૦ ॥૧॥ કર જોડીનેં સુપન સુણાવે, ભૂપતિનેં મન ભાવે રે ॥ પ્ર૦ ॥ કહે રાજા સુણ પ્રાણ પિયારી. તુમ પુત્ર હોશે સુખકારી રે ॥ ॥ પ્ર૦ ॥ ૨ ॥ જાઓ સુભગે સુખસજ્ઝાયેં, શયન કરોને સજ્ઝાયે રે ॥ પ્ર૦ ॥ નિજ ઘર આવી રાત્રિ વિહાઇ, ધર્મકથા કહે બાઇ રે ॥ પ્ર૦ ॥ ૩ ॥ પ્રાત સમય થયો સૂરજ ઉદયો, ઉઠયો રાય ઉમાયો રે ॥ પ્ર૦ ॥ કૌટુંબિક નર વેગેં બોલાવે, સુપનપાઠક તેડાવે રે ॥ પ્ર૦ ॥ ૪ ॥ આવ્યા પાઠક આદર પાવે, સુપન અર્થ સમઝાવે રે ॥ દ્વિજ અર્થ પ્રકાશે ॥ એ આંકણી ॥ જિન-વર ચક્રી જનની પેખે, ચૌદ સુપન સુવિશેષેં ॥ દ્વિ૦ ॥ ૫ ॥ વાસુદેવની માતા સાત, ચાર બલદેવની માતરે॥દ્વિ૦॥ તે માટે એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન ચક્રી સારો, હોશે પુત્ર તુમારો રે ॥ દ્વિ૦ ॥ ૬ ॥ સુપન વિચાર સુણી પાઠકને, સંતોષે નૃપ બહુ દાનેં રે ॥ દ્વિ૦ ॥ સુ- પનપાઠક ઘરે બોલાવી, નૃપરાણી પાસેં આવી રે ॥ દ્વિ૦ ॥૭॥ સુપન કહ્યાં તે સંખેવે, સુખ પામી પ્રિયા તતખેવે રે ॥ દ્વિ૦ ॥ ગર્ભપોષણ કરે હવે હર્ષે, રાણી અંગ આનંદ વરષે રે ॥ દ્વિ૦ ॥ ૮ ॥ પંચ વિષય સુખ રંગેં વિલસે, અબ પુણ્યમનોરથ ફલશે રે ॥ દ્વિ૦ ॥ એટલે પૂરું ત્રીજું વખાણ, કરે માણક જિનગુણ જ્ઞાન રે ॥ દ્વિ૦ ॥ ૯ ॥

॥ અથ ચતુર્થ વ્યાખ્યાન સઝાય પ્રારંભઃ ॥

॥ ઢાલ પાંચમી ॥

॥ મન મોહનાં રે લાલ ॥ એ દેશી ॥ ધનદ તણે આ- દેશથી રે ॥ મન મોહનાં રે લાલ ॥ તિર્યગ્જૃંભક દેવ રે ॥ જગ સોહનાં રે લાલ ॥ રાય સિદ્ધારથને ઘરે રે ॥ મ૦ ॥ વૃષ્ટિ કરે નિત્યમેવ રે ॥ જ૦ ॥ ૧ ॥ કનક રયણ મણિ રૌપ્યની રે ॥ મ૦ ॥ ધણ કણ ભૂષણ પાન રે ॥ જ૦ ॥ વરસાવે ફૂલ ફૂલ- ની રે ॥ મ૦ ॥ નૂતન વસ્ત્ર નિધાન રે ॥ જ૦ ॥ ૨ ॥ વાધે દોલત દિન પ્રત્યેં રે ॥ મ૦ ॥ તેણેં વર્દ્ધમાન હેત રે ॥ જ૦ ॥ દેશું નામજ તેહનું રે ॥ મ૦ ॥ માત પિતા સંકેત રે ॥ જ૦ ॥ ૩ ॥ માતાની ભક્તિ કરી રે ॥ મ૦ ॥ નિશ્ચલ પ્રભુ રહ્યા તામ રે ॥ જ૦ ॥ માતા આરતિ ઉપની રે ॥ મ૦ ॥ શું થયું ગર્ભનેં આમ રે ॥ જ૦ ॥ ૪ ॥ ચિંતાતુર સહુ દેખીનેં રે ॥ મ૦ ॥ પ્રભુ હાલ્યા તેણિ વાર રે ॥ જ૦ ॥ હર્ષ થયો સહુ લોકનેં રે ॥ મ૦ ॥ આનંદમય અપાર રે ॥ જ૦ ॥ ૫ ॥ ઉત્તમ ડોહલા ઉપજે રે ॥ મ૦ ॥ દેવપૂજાદિક ભાવ રે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ જ૦ ॥ પૂરણ થાયે તે સહુરે ॥ મ૦ ॥ પૂરવ પુણ્ય પ્રભાવે રે ॥ જ૦ ॥ ૬ ॥ નવ માસ પુરા ઉપરે ॥ મ૦ ॥ દિવસ સાહાડા સાત રે ॥ જ૦ ॥ ઉચ્ચ સ્થાને ગ્રહ આવતાં રે ॥ મ૦ ॥ વાયે અનુકુલ વાત રે ॥ જ૦ ॥ ૭ ॥ વસંત ઋતુ વન મોરિયાં રે ॥ મ૦ ॥ જન મન હર્ષ ન માય રે ॥ જ૦ ॥ ચૈત્ર માસ શુદિ તેરશે રે ॥ મ૦ ॥ જિન જન્મ્યા આધી રાત રે ॥ જ૦ ॥ ૮ ॥ અજુવાલું ત્રિહું જગ થયું રે ॥ ॥ મ૦ ॥ વરત્યો જય જયકાર રે ॥ જ૦ ॥ ચોથું વખાણ પૂરણ ઇહાં રે ॥ મ૦ ॥ બુધ માણક વિજય હિતકાર રે ॥ જ૦ ॥ ૯ ॥

॥ અથ પંચમ વ્યાખ્યાનસજ્ઝાય પ્રારંભઃ ॥

॥ ઢાલ છઠ્ઠી ॥

॥ સુણો મોરી સજની રજની ન જાવે રે ॥ એ દેશી ॥ જિનનો જન્મ મહોત્સવ પહેલો રે, છપ્પન દિશિ કુમરી વહેલો રે ॥ ચોસઠ ઇંદ્ર મલી પછે ભાવે રે, જિનને મેરૂ શિખર લઈ જાવે રે ॥ ૧ ॥ ક્ષીર સમુદ્રનાં નીર મગાવી રે, કનક રજત મણિ કુંભ રચાવી રે ॥ એક કોટિ સાઠ લાખ ભરાવે રે, એહવે ઇંદ્રને સંદેહ આવે રે ॥ ૨ ॥ જલધારા કેમ ખમશે બાલ રે, લવ પ્રભુ હરિનો સંશય ટાલ રે ॥ અંગુઠે કરી મેરૂ હલાવે રે, હરિ ખામીને જિન ન્હવરાવે રે ॥ ૩ ॥ બાવનાચંદન અંગે લગાવે રે, પૂજી પ્રણમી ઘરે પધરાવે રે ॥ સબલવિધાની સિદ્ધારથ રાજા રે, દશ દિન ઉત્સવ કરિ તાજા રે ॥ ૪ ॥ કુંકુમ હાથા દિયે ઘરબારે રે, વાજાં વાગે વિવિધ પ્રકારે રે ॥ ધવલ મંગલ ગોરી ગાવે રે, સ્વજન કુટુંબ તે આનંદ પાવે રે ॥ ૫ ॥ પક્કાન્નશું પોષી નાત રે, નામ ધર્યું વર્દ્ધમાન વિખ્યાત રે ॥ ચંદ્રકલા જિમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાધે વીર રે, આઠ વરસના થયા વડવીર રે ॥ ૬ ॥ દેવ સભામાં ઇંદ્ર વખાણે રે, મિથ્યાદષ્ટિ સુર નવિ માને રે ॥ સાપનું રૂપ કરિ વિકરાલ રે, આવ્યો દેવ બિવરાવવા બાલ રે ॥૭॥ નાખ્યો વીરેં હાથે સાહી રે, બાલક રૂપ કરી સુર ત્યાંહી રે ॥ વીરની સાથેં આવ્યો રમવા રે, જાણી હાર્યો સુર તે બલમાં રે ॥ ૮ ॥ નિજ ખંધોલે વીરનેં ચઢાવે રે, સાત તાડ પ્રમાણ તે થાવે રે ॥ વીરેં માર્યો મુષ્ટિપ્રહાર રે, બીનો સુર તે કર્યો પોકાર રે ॥ ૯ ॥ દેવ ખમાવી કહે સુણ ધીર રે, જગમાં મ્હોટો તું મહાવીર રે ॥ માત પિતા હવે મુહૂરત વારૂ રે, સુતને મેહલે ભણવા સારૂ રે ॥ ॥ ૧૦ ॥ આવી ઇંદ્ર તે પૂછવા લાગ્યો રે, વીરેં સંશય સઘલો ભાંગ્યો રે ॥ જૈન વ્યાકરણ તિહાં હોવે રે, પંડ્યો ઉભો આગલ જોવે રે ॥ ૧૧ ॥ મતિ શ્રુત અવધિજ્ઞાનેં પૂરા રે, સંખેમાતપેં શૂરા રે ॥ અતિ આગ્રહથી પરણ્યા નારી રે, સુખ ભોગવે તેહશું સંસારી રે ॥ ૧૨ ॥ નંદિવર્દ્ધન વડેરો ભાઇ રે, બહેની સુદંસણા બહુસુખદાયી રે ॥ સુરલોકેં પહોતાં માય ને તાય રે, પૂર્ણ અભિગ્રહ વીરનો થાય રે ॥ ૧૩ ॥ દેવ લોકાંતિક સમય જણાવે રે, દાન સંવત્સરી દેવા મંડાવે રે ॥ માર્ગશિર વદિ દશમી વ્રત લીનો રે, તીવ્ર ભાવથી લોચ તવ કીનો રે ॥ ૧૪ ॥ દેશ વિદેશેં કરે વિહાર રે, સહે ઉપસર્ગ જે સબલ ઉદાર રે ॥ પુરૂં પાંચમું વખાણ તે આહીં રે, પભણે માણુક વિબુધ ઉમાહી રે ॥ ૧૫ ॥ ઇતિ ॥

॥ અથ ષષ્ઠ વ્યાખ્યાનસ્તવ[illegible]ય પ્રારભ્યતે ॥

॥ ઢાલ સાતમી ॥ ધ્યાનની [illegible] ॥ ચારિત્ર લેતાં ખંધેં મૂક્યું, દેવદૂષ્ય સુરનાથેં જી ॥ અ[illegible] હનું આપ્યું પ્રભુ જી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રાહ્મણને નિજહાથે જી ॥ ૧ ॥ વિહાર કરતાં કાંટે વલગ્યું, બીજું અર્દ્ધ તે ચેલ જી ॥ તેર માસ સચેલક રહિયા, પછે કહિયે અચેલ જી ॥ ૨ ॥ પન્નર દિવસ રહી તાપસ આશ્રમેં, સ્વામી પ્રથમ ચોમાસે જી ॥ અસ્થિગ્રામે પહોતા જગગુરુ, શૂલપાણિની પાસે જી ॥ ૩ ॥ કષ્ટ સ્વભાવ વ્યંતર તેણે કીધા, ઉપસર્ગ અતિ ઘોર જી ॥ સહી પરિસહ તે પ્રતિબોધી, મારી નિવારી જોર જી ॥ ૪ ॥ મોરાક ગામે કાઉસ્સગ્ગ પ્રભુજી, તાપસ તિહાં કરભેદી જી ॥ અહચ્છંદકનું માન ઉતાર્યું, ઇંદ્રે આંગુલી છેદી જી ॥ ૫ ॥ કનકખલે કોશિક વિષધર, પરમેશ્વર પડિબોહ્યો જી ॥ ધવલ રૂધિર દેખી જિન દેહેં, જાતિ સ્મરણ સોહ્યો જી ॥ ॥ ૬ ॥ સિંહ દેવ જીવે કિયો પરિસહ, ગંગા નદી ઉતારે જી ॥ નાવ નેમ ઝ્ઞાન કરતો દેખી, કંબલ સંબલ નિવારે જી ॥ ૭ ॥ ધર્માચાર્ય નામે મખલી, પુત્રે પરિઘલ જ્વાલા જી ॥ તેજોલેશ્યા મૂકી પ્રભુને, તેહને જીવિત દાન આલ્યાં જી ॥ ૮ ॥ વાસુદેવ ભવે પુતના રાણી, વ્યંતરી તાપસ રૂપે જી ॥ જટા ભરી જલ છાંટે પ્રભુને, તો પણ ધ્યાન સ્વરૂપે જી ॥ ૯ ॥ ઇન્દ્ર પ્રશંસા અણમાનતે સંગમે, સુરે બહુ દુઃખ દીધાં જી ॥ એક રાત્રિમાં વીશ ઉપસર્ગ, કઠોર નિઠોર તેણે કીધા જી ॥ ૧૦ ॥ છમાસવાડા પુઠે પડિયો, આહાર અસૂજતો કરતો જી ॥ નિશ્ચલ ધ્યાન નિહાલી પ્રભુનું, નાઠો કર્મથી ડરતો જી ॥ ૧૧ ॥ હજી કર્મ તે અઘોર જાણી, મને અભિગ્રહ ધારે જી ॥ ચંદનબાલા અડદને બાકુલે, ષટમાસી તપ પારે જી ॥ ૧૨ ॥ પુરવ ભવ વૈરી ગોવાલે, કાને ખીલા ઠોક્યા જી ॥ ખરક વૈદ્યે ખેંચી કાઢ્યા, ઇણપેરે સહુ કર્મ રોક્યાં જી ॥ ૧૩ ॥ બાર વર્ષ સહેતાં ઇમ પરિસહ, વૈશાખ શુદિ દિન દશમી જી ॥ કેવલ ઝ્ઞાન ઉપન્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુને, વારી ચિંહુગતિ વિષમી જી ॥ ૧૪ ॥ સમોસરણ તિહાં દેવેં રચિયું, બેઠા ત્રિભુવન ઇશ જી ॥ શોભિતા અતિશય ચોત્રીશેં, વાણી ગુણ પાંત્રીશ જી ॥ ૧૫ ॥ ગઉતમ પ્રમુખ એકાદશ ગણધર, ચઉદ સહસ મુનિરાય જી ॥ સાધવી છત્રીસ સહસ અનોપમ, દીઠે દુર્ગતિ જાય જી ॥ ૧૬ ॥ એક લાખ ને સહસ ઓગણસાઠ, શ્રાવક સમકિતધારી જી ॥ ત્રણ લાખ નેં સહસ અઢારશેં, શ્રાવિકા સોહે સારી જી ॥ ॥ ૧૭ ॥ સ્વામિ ચઉવિહ સંઘ અનુક્રમેં, પાવાપુરી પાય ધારે જી ॥ કાર્તિક વદિ અમાવાસ્યા દિવસેં, પહોતા મુક્તિ મ-ઝારેં જી ॥ ૧૮ ॥ પર્વ દીવાલી તિહાંથી પ્રગટયું, કીધો દીપ ઉદ્યોત જી ॥ રાય મલીને તિણે પ્રભાતે, ગૌતમ કેવલ હોત જી ॥ ૧૯ ॥ તે શ્રીગૌતમ નામ જપંતાં, હોવે મંગલમાલ જી ॥ વીરમુક્તેં ગયાથી નવશેં, એંશી વરસેં સિદ્ધાંત જી ॥ ૨૦ ॥ શ્રીક્ષમાવિજય શિષ્ય બુધ માણક કહે,સાંભલો શ્રોતા સુજાણજી ॥ ( કલ્પસૂત્રની પુસ્તક રચના દેવાદિગણેં કીધી જી ) ચરમ જિ-ણેસર તવ એ ચરિત્રેં, મૂકયું છઠું વખાણ જી ॥ ૨૧ ॥

॥ અથ ષષ્ઠ વ્યાખ્યાન દ્વિતીયસજ્ઝાય પ્રારંભ: ॥

॥ ઢાલ આઠમી ॥ દેશી ભમરાની ॥ કાશી દેશ બનારસી ॥ સુખ કારી રે ॥ અશ્વસેન રાજન ॥ પ્રભુ ઉપકારી રે ॥ પ-ટ્ટરાણી વામા સતી ॥ સુ૦ ॥ રુપેં રંભ સમાન ॥ પ્ર૦ ॥૧॥ ચૌદ સ્વપન સૂચિત ભલાં ॥ સુ૦ ॥ જન્મ્યા પાસ કુમાર ॥પ્ર૦॥ પોષ વદિ દશમી દિનેં ॥ સુ૦ ॥ સુર કરે ઉત્સવ સાર ॥ પ્ર૦ ॥ ૨ ॥ દેહમાન નવ હાથનું ॥ સુ૦ ॥ નીલ વરણ મનોહાર ॥ પ્ર૦ ॥ અનુક્રમેં જોબન પામિયા ॥ સુ૦ ॥ પરણી પ્રભાવતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાર પ્ર૦ ॥ ૩ ॥ કમઠ તણો મદ ગાલીયો ॥ સુ૦ ॥ કાઢયો જલતો નાગ ॥ પ્ર૦ ॥ નવકાર સુણાવી તે કિયો ॥ સુ૦ ॥ ધરણરાય મહાભાગ ॥ પ્ર૦ ॥ ૪ ॥ પોષ વદિ એકાદશી ॥ સુ૦ ॥ વ્રત લઇ વિચરે સ્વામ ॥ પ્ર૦ ॥ વડતલેં કાઉસ્સગ્ગેં રહ્યા ॥ સુ૦ ॥ મેઘમાલી સુર તામ ॥ પ્ર૦ ॥ ૫ ॥ કરે ઉપસર્ગ જલવૃષ્ટિનો ॥ સુ૦ ॥ આવ્યું નાસિકા નીર ॥ પ્ર૦ ॥ ચુકયા નહિં પ્રભુ ધ્યાનથી ॥ સુ૦ ॥ સમરથ સાહસ ધીર ॥ પ્ર૦ ॥ ૬ ॥ ચૈત્ર વદિ ચોથનં દિને ॥ સુ૦ ॥ પામ્યા કેવલ નાણ ॥ પ્ર૦ ॥ ચઉવિહ સંઘ થાપી કરી ॥ સુ૦ ॥ આવ્યા સમેતગિરિ ઠાણ ॥ પ્ર૦ ॥ ૭ પાલી આયુ શો વષનું સુ૦ પહોતા મુક્તિ મહંત ॥ પ્ર૦ ॥ શ્રાવણ શુદિ દિન અષ્ટમી ॥ સુ૦ ॥ કીધો કર્મનો અંત ॥ પ્ર૦ ॥ ૮ ॥ પાસ વીરનેં આંતરું ॥ સુ૦ ॥ વર્ષ અઢીશેં જાણ ॥ પ્ર૦ ॥ કહે માણક જિન દાસને ॥ સુ૦ ॥ કીજે કોટિ કલ્યાણ ॥ પ્ર૦ ॥ ૯ ॥

॥ અથ સપ્તમ વ્યાખ્યાન સજ્ઝાય પ્રારંભઃ ॥

॥ ઢાલ નવમી ॥ હો મતવાલે સાજનાં ॥ એ દેશી ॥ સોરિ પુર સમુદ્ર વિજય ઘરે, શિવા દેવી કુખેં સારો રે ॥ કાર્ત્તિક વદિ બારશ દિને, અવતર્યા નેમ કુમારો રે ॥ ૧ ॥ જયો જયો જિન બાવીશમો ॥ એ આંકણી ॥ ચૌદ સ્વપન રાણિયે પેખયાં, કરવો સ્વપ્ન તણો વિચાર રે ॥ શ્રાવણ શુદિ દિન પંચમી, પ્રભુ જન્મ હુઓ જયકાર રે ॥ જય૦ ॥ ૨ ॥ સુરગિરિ ઉત્સવ સુર કરે, જિનચંદ્ર કલા જિમ વાધે રે ॥ એક દિન રમતાં રંગમાં, હરિ આયુધ સઘલાં સાધે રે ॥ જ૦ ॥ ૩ ॥ ખબર સુણી હરિ શંકિયા, પ્રભુ લઘુવયથકી બ્રહ્મચારી રે ॥ બલવંત જાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનને, વિવાહ મનાવે મુરારી રે ॥ જ૦ ॥ ૪ ॥ જન જાદવ આગ્રહે, જિન આવ્યા તોરણ બાર રે ॥ ઉગ્રસેન ઘર આંગણે, તવ સુણીયો પશુપોકાર રે ॥ જ૦ ॥ ૫ ॥ કરૂણાનિધિ રથ ફેરવ્યો, નહિ માન્યો કહેણ કેહનો રે ॥ રાજુલને ખટકે ઘણું. નવ ભવનો સ્નેહ છે જેહનો રે ॥ જ૦ ॥૬॥ દાન દેઇ સંયમ લિયો, શ્રાવણ છઠ અજુઆલી રે ॥ ચોપન દિન છદ્મસ્થ રહી, લહ્યું કેવલ કર્મને ગાલી રે ॥ જ૦ ॥ ૭ ॥ આશોવદિ અમાવાસે, દે દેશના પ્રભુજી સારી રે ॥ પ્રતિબોધ પામી વ્રત લિયો, રહે નેમ રાજુલ નારી રે ॥ જ૦ ॥ ૮ ॥ આષાઢ શુદિ દિન અષ્ટમી, પ્રભુ પામ્યા પદ નિર્વાણો રે ॥ રૈવતગિરિવર ઉપરે, મધ્યરાત્રિયે તે મન આણોરે ॥ જ૦ ॥ ૯ ॥ શ્રી પાર્શ્વનાથ થયા પહેલાં, ક્યારે નેમ થયા નિરધારો રે ॥ સાડા સાતસેં ત્યાશી હજાર વર્ષે, ચિત્તમાંહે ચતુર વિચારો રે ॥ જ૦ ॥ ૧૦ ॥ સહુકો જિનનાં આતરાં, મન દેઈ મુનિવર વાંચે રે ॥ ઈહાં પુરણ વ્યાખ્યાન સાતમું, સુણી પુણ્ય ભંડારને સાંચે રે ॥ જ૦ ॥ ૧૧ ॥

॥ અથાષ્ટમવ્યાખ્યાન સજ્ઝાય પ્રારંભ: ॥

॥ ઢાલ દશમી ॥ બે બે મુનિવર વિહરણ પાંગર્યા જી ॥ એ દેશી ॥ ઈક્ષાકુભૂમેં નાભિ કુલઘર ઘરે જી, સોહે મરૂદેવી તસ નાર રે ॥ અષાઢ વદિ સુર લોકથી ચવી રે, અવતરિયા જગ સુખકાર રે ॥ ૧ ॥ પ્રણમો ભવિજન આદિ જિણેસરૂ રે ॥ એ આંકણી ॥ ગજ વૃષભાદિક ચૌદ સુહણે જી, દીઠાં માઢિયેં માઝમ રાત રે ॥ સુપન અર્થ કહે નાભિ કુલઘરૂ જી, હોશે નંદન વીર વિખ્યાત રે ॥ પ્ર૦ ॥ ૨ ॥ ચૈત્ર અંધારી આઠમે જનમિયા જી, સુર મલી ઉત્સવ સુરગિરિ કીધ રે ॥ દીઠો વૃષભ તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેલે સુપને જી, તેણું કરી નામ ઋષભ તે દીધ રે ॥ પ્ર૦ ॥૩॥ વાધે ઋષભજી કલ્પ વેલિ જ્યું રે, દર્શન દીઠે સકલ સમૃદ્ધિ રે ॥ બાલક રૂપ કરીને દેવતા જી, ખેલે જિન સાથે હિત વૃદ્ધિ રે ॥ પ્ર૦ ॥ ૪ ॥ કુમરી સુનંદા બીજી સુમંગલા જી, જિનને પરણાવી હરિ આય રે ॥ થાપી અયોધ્યા નગરી વસાવીને રે, થાપી રાજનીતિ તિણુ ઠાય રે ॥ પ્ર૦ ॥ ૫ ॥ રીતિ પ્રકાશી સઘલી વિશ્વની રે, કિયો અસી મષી કશી વ્યવહાર રે ॥ એકસો વીશ અને નર નારી કલા રે, પ્રભુજી યુગલાધર્મ નિવાર રે ॥ પ્ર૦ ॥ ૬ ॥ ભરતાદિક શત પુત્ર સોહામણા રે, બેટી બ્રાહ્મી સુંદરી સાર રે ॥ લાખ ત્રાશી પૂરવ ગૃહિપણે જી, ભોગવી ભોગ ભલા મનોહાર રે ॥ પ્ર૦ ॥ ૭ ॥ દેવ લોકાંતિક સમય જણાવિયો રે, જિનને દીક્ષાનો વ્યવહાર રે ॥ એક કોટિ આઠ લાખ સોવન દિન પ્રત્યે રે, દેઈ વરષીદાન ઉદાર રે ॥ પ્ર૦ ॥ ૮ ॥ ચૈત્ર અંધારી આઠમ આદરયો રે, સંયમ મુષ્ટિયે કરિ લોચ રે ॥ શ્રેયાંસ કુમર ઘરે વરષીપારણું જી, કીધું ઇક્ષુરસે ચિત્ત સાચ રે ॥ પ્ર૦ ॥ ૯ ॥ સહસ વર્ષ લગે છદ્મસ્થપણે રહ્યા જી, પછી પામ્યા કેવલ જ્ઞાન રે ॥ ફાગુણ અંધારી અગ્યારસ દિને જી, સુર કરે સમવસરણ મંડાણ રે ॥ પ્ર૦ ॥ ૧૦ ॥ ત્યાં બેશી પ્રભુ ધર્મદેશના રે, સાંહમી ને સુણે પર્ષદા બાર રે ॥ પ્રતિબોધાણાં કેઈ વ્રત ગ્રહે જી, કેઇ શ્રાવકનાં વ્રત બાર રે ॥ પ્ર૦ ॥ ૧૧ ॥ થાપ્યા ચોરાશી ગણધર ગુણનિલા જી, મુનિવર માન ચોરાશી હજાર રે ॥ સાધવી ત્રણ લાખ શ્રાવક એટલા જી, ઉપર પાંચ સહસ અવધાર રે ॥ પ્ર૦ ॥ ૧૨ ॥ પાંચ લાખ ચોપન સહસ શ્રાવિકા જી, થાપી ચઉવિહ સંઘ સુજાણ રે ॥ મહાવદિ તેરશે મુકતે પધારિયા જી, બુધ માણક નમે સુવિહાણ રે ॥ પ્ર૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૧૩ ॥ વાંચે વિસ્તારેં મુનિવરા વલી જી, મૂકશું આઠમું વખાણ ઇણ ઠામ રે ॥ બુધશ્રી ક્ષમાવિજયજી ગુરુ તણો જી, કરે માણક મુનિ ગુણગ્રામ રે ॥ પ્ર૦ ॥ ૧૪ ॥

॥ અથ નવમવ્યાખ્યાન સજ્ઝાય પ્રારભ્યતે ॥

॥ ઢાલ અગ્યારમી ॥ ભરત નૃપ ભાવશું એ ॥એ દેશી॥ સંવત્સરી દિન સાંભલો એ, બારસી સૂત્ર સુજાણ ॥ સફલદિન આજુનો એ ॥ એ આંકણી ॥ શ્રીફલની પ્રભાવના એ, રુપા નાણું જાણ ॥ સ૦ ॥ ૧ ॥ સામાચારી ચિત્ત ધરો એ, સાધુ તણો આચાર ॥ સ૦ ॥ વડલહુડાઈ ખામણાં એ, ખામો સહુ નર નાર ॥ સ૦ ॥ ૨ ॥ રીષ વશેં મન રુષણાં એ, રાખીને ખમાવે જેહ ॥ સ૦ ॥ કોર્યું પાન જિમ કાઢવું એ, સંઘ બાહિર સહિ તેહ ॥ સ૦ ॥ ૩ ॥ ગલિત વૃષભ વધકારકુ એ, નિર્દય જાણી વિપ્ર ॥ સ૦ ॥ પંક્તિ બાહિર તે કહ્યો એ, જિમ મહાસ્થાનેં ક્ષિપ્ર ॥ સં૦ ॥ ૪ ॥ ચંદનબાલા મૃગાવતી એ, જેમ ખમાવ્યું તેમ ॥ સ૦ ॥ ચંડ પ્રદ્યોતનરાયને એ, ઉદાયન ખમાવ્યું જેમ ॥ સ૦ ॥ ૫ ॥ કુંભકાર શિષ્યની પરેં એ, તિમ ન ખમાવો જેમ ॥ સ૦ ॥ બાર બોલે પટ્ટાવલી એ, સુણતાં વાધે પ્રેમ ॥ સ૦ ॥ ૬ ॥ પડિક્કમણું સંવત્સરી એ, કરિયેં સ્થિર કરી ચિત્ત ॥ સ૦ ॥ દાન સંવત્સરી દેઇને એ, લીજેં લાહો નિત્ત ॥ સ૦ ॥ ૭ ॥ ચઉવિહ સંઘ સંતોષિયેં એ, ભક્તિ કરી ભલિ ભાતિ ॥ સ૦ ॥ ઇણિપરેં પર્વ પજૂષણ એ, ખરચો લક્ષ્મી અનંત ॥ સ૦ ॥ ૮ ॥ જિનવર પૂજા રચાવિયેં એ, ભક્તિ મુક્તિ સુખદાય ॥ સ૦ ॥ ક્ષમાવિજય પંડિત તણો એ, બુધ માણક મન ભાય ॥ સ૦ ॥ ૯ ॥ ઇતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ अथश्री शियलनी सज्झाय.

સમકિત બીજ કપાસનો, પીંજ્યા તે પાપ અઢારે રે ॥ સૂત્રકાંતો સિદ્ધાન્તના, કાંઈ ઉવ્યાં તે કર્મ આઠોરે ॥ ૧ ॥ શિયલ સુરંગી ચૂનડી ॥ એ આંકણી ॥ ત્રણ ગુપ્તિ તાંણો તણ્યો, કાંઈ નલીઅ ભરી નવવાડોજી ॥ વાંણો વણ્યો વિવેકનો, કાંઈ ક્ષમા ખુંટી ગારોજી ॥ શિયલ સુરંગી ચૂનડી ॥ ૨ ॥ ખંતિ મદ્દવાદિક દશ, તેને ઓઢે જે નરનારીજી ॥ ઇહભવ પરભવ સુખ લહે, ધન્ય તેહનો અવતારો જી ॥ શિયલ ॥ ૩ ॥ પાશ દીયો પાંચ સુમતિનો, રંગ લાગ્યો વૈરાગોરે ॥ પંચ વર્ણ મહાવ્રત તાણું, કારીગરી કરણી અતાગોરે ॥ શિયલ ॥ ૪ ॥ ચારિત્ર ચાંદો માંહે લિખ્યો, વિનય વેલી છેહડે જાણોજી ॥ મૂલ ઉત્તર ગુણ ઘુઘરા, શિરમોડ હંસાજિન આંણુરે ॥ શિયલ ॥૫॥ કારીગરી સહિ ગુરૂ લિખી. કહે સખી કેટલો મૂલરે ॥ લાખે પણ લાભે નહિ, અવર નહિ તસ તોલરે ॥ શિયલ ॥ ૬ ॥ કિણ હુમૂલાવી ચૂનડી, કોણ કુંવરીને જોગ જી ॥ નેમજી મૂલાવિ ચૂનડી, રાણી રાજુલને પરીભોગ જી ॥ શિયલ ॥ ૭ ॥ પહેલી તે ઓઢી નેમજી, પછી ઓઢી ગજસુકુમાલોજી ॥ ઓઢી શેઠ સુદરશણે, ઓઢી જંબુકુમારો જી ॥ શિયલ ॥ ૮॥ સીતા કુંતા દ્રોપદી, રાજિમતી ચન્દન બાલાજી ॥ અંજનાને પદ્માવતી દવદંતી ગોશાલોજી ॥ શિયલસું ॥ ૯ ॥ અજબ બનાવી ચૂનડી કાંઇ સાહસી આ શણગારોજી ॥ હીર મુનિ જસ નામથી, પામી જે ભવપારોજી ॥ શિયલ સુરંગી ચૂનડી, ॥ ૧૦ ॥

ઇતિ શ્રી શિયલની સજ્ઝાય સંપૂર્ણ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ मधु बिंदुयानी सज्झाय ॥

સરસ્વતી મુજરે માતા દ્યો વરદાનરે, પુછે ગૌતમરે ભાખે શ્રી વર્ધમાન રે ॥ છાંડે। ગિરૂઆરે વીરૂયા વિષયનું ધ્યાનરે, વિષયા રસરે છે મધુબિન્દુ સમાનરે ॥ ૧ ॥ ત્રોટક ॥ મધુબિન્દુ સરખો વિષય નિરખો જાવો પરખો આપશું, જન નર મહાર્યો મોહ ગાર્યો પિંડ ભરીયો પાપસું, કંતાર પડિયો નાગ નડીયો કોઈ દેવાણુપ્પયો, વડ વૃક્ષ ચડીયો વેગ નડીયો રંક રડીયો છપીઓ ॥૨॥ ॥ઢાળ॥ વડ હેઠલરે કુપ અછે અશરાલરે, દોય અજગર રે મગર જિસ્યા વિકરાલ રે ॥ ।ચહું પાસે રે ચાર ભુજંગમ કાલ રે, તેહ ઉપર રે મોટો છે મહુ યાલરે ॥ ૩ ॥ ત્રોટક ॥ મહુ-યાલમાંખીરગત ચાખી ચંચુ રાખીને રહી, ઢંઢોલતો ગજરાજ ધાઈ પડત વડવાઇ ગ્રહી ॥ વડવૃક્ષ કાપે ઉંદર આપે તાપ સંતાપે ગ્રહયો, મધુ થકો પડીઓ બિંદુ ઢલીયો તેણે સુખ લીણો રહયો ॥ ઢાલ ॥ ૪ ॥ એહ સંકટ રે છોડે તે દેવ દયાલરે, દુઃખ હરવારે વિદ્યાધર તત્કાલરે ॥ ઉધરવારે ધરીઓ તાસ વિમાન રે, ઓ આવેરે મધુબિન્દુ કરે સાનરે ॥ ૫ ॥ ત્રુટક ॥ મધુબિન્દુ ચાખે વચન ભાખે કરે લાલચ લખલુલી, વાર વાર રાખે શાંત પાંખે રહો ક્ષણ એક પર રલી । તસ ખેચરમલીયોવેગેવલિયો રંકરૂલીઓ તે નર, મધુબિન્દુ ચાટે વિષય માટે કહયો ઉપનય જગગુરૂ ॥૬॥ ॥ઢાળ॥ ચોરાસીલખરે ગતવાસી કાંતારરે, મિથ્યામતિરે ભૂલો ભમે સંસારરે ॥ જર મરણાંરે અવતરણાંઈ કુપરે,આઠ ખાણીરે પ્રાણી એક સ્વરૂપરે ॥ ૭ ॥ ત્રુ॰ ॥ આઠ કર્મ ખાણી દોય જાણી તિરિય નેરય અજગરા, ચારે કષાયા મોહ પાયા લંબ કાયા વીસ હરા ॥ દોય પક્ષ ઉંદર મરણગજવર આયુ વડવાઈ છટા, ચટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાવી જોગા રોગ સોગા જોગ ભોગા સામટા ।।૮।। ઢાળ ।। વિદ્યાધર રે સહુ ગુરૂ કરે સંભાલરે, તીણે ધરીયો રે ધર્મ વિમાન વિશાલરે વિષયારસરે મોટો છે મહુયાલરે ।। ૫ડ ખાવેરે બાલજોવન વય કાલ રે ।। ૯ ।। ત્રુટક ।। બાલ જોબન કાલ તરૂણી ચિત્તહરણી નિરખતો, ઘરભાર જુત્તો પંકખુત્તો મદ વિગુત્તો પોષતો ।। ।। એ જૈન વાણી ચિત્ત આણી હૃદય જાણી જાગીયે, ચરણ પ્રમોદ મુનીશ્વર જલ્પે અચલ સુખ ઈમ માગીયે ।। ૧૦ ।।

।। ઇતિ શ્રી મધુબિન્દુયાની સજ્ઝાય. ।।

## ॥ जंबुकुमारनी सज्झाय ॥

રાજગ્રહી નગરી વિષે, ઋષભદત્ત તિહાં શેઠ; ધારણી કુખે અવતર્યા, નામે જંબુ શેઠ ॥ ૧ ॥ જોબનવય પામ્યા જીસે, પરણી આઠે નાર ।। પણ વૈરાગ્યે તે ચઢયા, બોલે વચન વિચાર ॥ ૨ ॥ પ્રભા તિલેવો અછે, નિર્મલ સંજમ ભાર ॥ પિયુના વયણ સુણી કરી, બોલે સુકુલિની નાર ॥ ૩ ॥ ભોગી ભ્રમર તુમે પિયુ, કિમ બોલો ઈમ વાત ॥ એવો વિરહ કેમ કીજીયે, ગલતિમાં જેમ રાત ॥ ૪ ॥

॥ હો પિયુ પંખીડા ॥ એ દેશી ॥

હો પિયુ ભોગીડા, અમે ઉત્તમ કુલ અવતારજો, સરખોરે જોડો રે અમને મલ્યો ઇહાં રે લો૦ ॥ હો૦ ।। વિણ અવગુણી નિજ નારજો, પાલવડો મુકાવીને જાશો કિહાં રે લો૦ ॥ ૧ ॥ ॥ હો૦ ॥ અમે અબલાના અવતારજો, કીડીની ઉપરે કટક ન કીજીયે રે, લો૦ ॥ હો૦ ।। તમેં જોબનના શણગારજો, નરભવમાંહે જોબન લાહો લીજીયે રે લો૦ ।। ૨ ॥ હો૦ ॥ હુશ ઘણી મનમાંહિ જો, કેહવીને રીતે રે પિયુડા બુઝવું રે લો૦ ।। હો૦ ।।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોબન લહેરે જાય જો, કંથને બહુ ભાંતે મનડું રીઝવું રે લો૦ ॥ ॥ ૩ ॥ હો૦ ॥ વિરહ અગન ન ખમાયજો, તે માટે રહો ઘરમાં આણીને દયારે, લો૦ ॥ હો૦ ॥ ઘરમાં કરો દાન પુન્ય જો, ધર્મ તણી રાખી કરજો મયારે, લો૦ ॥ ૪ ॥ હો સુણ સુંદરી એ સંસાર અસાર જો, મોહ વિલુધો પ્રાણી ભવમાંહિ ફિરે રે લો૦ ॥ ॥ હો સુ૦ ॥ વિરૂઆ વિષય કષાયજો, તે દેખી મન માહરો ગોરી થર હરેરે લો૦ ॥ ૫ ॥ હો સું૦ ॥

મલીયો સંબંધ અનંત જો, કોઈરે ભાતેરે આપણનેન રહીમણાં રે લો૦ ॥ સું૦ ॥ જીવન તૃપ્ત વિશેષ જો, વિષયતણો રસ વાધ્યો કર્મ વિટંબણા રે લો૦ ॥ ૬ ॥ સું૦ ॥ વાંધ્યા સુધર્મા સ્વામી જો, બ્રહ્મવ્રતની કીધી છે નિશ્ચલ ધારણા રે લો૦ ॥સું૦॥ હવે સ્થિર રાખો મનકામ જો, પાંચે ઇન્દ્રિયના સુખ નિયમની કરો વિચારણા રે ॥ લો૦ ॥ ૭ ॥ સું૦ ॥ જો હોવે તુમ મનની પ્રીત જો, સાથે રે ગૃહીયે ચારિત્ર રલિયામણો રે લો૦ ॥ સું૦ ॥ રાખો અવિહડ રીત જો, દોહિલો રે ભવ પામ્યો એ માણુસ તણો રે લો૦ ॥ ૮ ॥ હો૦ પિ૦॥ ચારિત્ર ખડગની ધાર જો, તનુ સુકુમાલ તુમારો કેમ નિરવાહીયેરે લો૦ ॥ હો૦ પિ૦ ॥ સહેવા પરિસહ બાવીશજો, કિમ કરી વનમાંહે કાલ ગમાવીયેરે લો૦ ॥ ૯ ॥ હો૦ પિ૦॥ એહવે પ્રભવો ચોરજો, કોડિ નવાણું સોનૈયા હરવા આવીયોરે લો૦ ॥ હો૦॥ શાસનદેવી સાંનિધ્ય જો, પંચસયાં તસ્કરને થંભી રાખીયા રે લો૦ ॥ ૧૦ ॥ હો૦ ॥ જાણી એહવો વિચાર જો, વૈરાગ્ય પામ્યો તસ્કર પ્રભવો તિહાં રે લો૦ ॥ છોડી ઋદ્ધિ પરિવાર જો, પ્રભવો પંચસયાંથી આયો જીહાં રે લો૦ ॥ ૧૧ ॥ હે૦ ॥ નારી આઠ સંગાત જો, માતા પિતા સહુએ સંગે થયા તિહાં રે લો૦ ॥ હો૦ ॥ કરી બહુલો ગહ ગહાટ જો, જંબુ કુમર ચઢી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યા સુધર્મ્મા જિહાં રે લો૦ ॥ ૧૨ ॥ હો૦ ॥ લીધો સંજમ ભારજો, સિંહ તણી સાહસિક થઇ નીસર્યો રે લો૦ ॥ હો૦ ॥ તપ જપ કર્મ કુઠારજો, જન્મ મરણના દુઃખ તિહાં સહુને વિસર્યા રે લો૦ ॥ ૧૩ ॥ હો૦ ॥ ધાયા શુભ શુકલ ધ્યાન જો, જંબુ કુમર મુનિવર હુઆ કેવલી રે લો૦ ॥ હો૦ ॥ એંશી વર્ષનું આયુ જો પહોત્યાંરે મુક્તિ પુરી મનની રૂલીરે, લો૦ ॥ ૧૪ ॥ હો૦ ॥ ધન્ય ધન્ય એ અણગાર જો, ધન્ય ધન્ય જે માણસ ઇમ ઉચ્ચરેરે લો૦ ॥ હો૦ ॥ કરૂણા ચન્દ મુનિ નામજો, ગાતાંરે શુભ મંગલ માલા સંપજે રે લો૦ ॥ ૧૫ ॥

॥ ઇતિ શ્રી જંબુકુમરની સજ્ઝાય ॥

## ॥ द्रौपदीजीनी सज्झाय॥

સાધુજીને તુંબડું વહોરાવીયુંજીરે, કરમ હલાહલ થાયરે ॥ વિપરીત આહાર વહોરાવીયો જી, વધાર્યો અનંત સંસારરે ॥ મુનિ૦ ॥ ૧ ॥ આહાર લઇને મુનિ પાછા વળ્યાજી, આવ્યા ગુરુજીને પાસેરે ॥ ભાત પાણી આલોવિયાજી, એ આહાર નહિ તુજયોગરે ॥ મુનિ૦ ॥ ૨ ॥ નિરવદ્ય ઠામે જઇને પરઠવો જી, તુમે છો દયાના જાણ રે ॥ બીજો આહાર આણી કરીજી, તુમે કરો નિરધારરે ॥ મુનિ૦ ॥ ૩ ॥ ગુરૂવચન શ્રવણે સુણીજી, પોત્યા વનમોઝારરે ॥ એકજ બિન્દુ તિહાં પરઠવ્યુંજી, દીઠા દીઠા જીવોના સંહારરે ॥મુનિ૦॥૪॥ જીવ દયા મનમાં વસીજી, આવી આવી કરૂણાવિચારરે ॥ માસ ખમણને પારણેજી, પડી વળ્યા શરણા ચારરે ॥ મુનિ૦ ॥ ૫ ॥ સંથારે બેશી મુનિ આહાર કર્યોજી, ઉપની ઉપની દાહ જ્વાલરે ॥ કાલ કરી સર્વાર્થ સિદ્ધેજી, પોત્યાં પોત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વર્ગ મોઝાર રે ॥મુનિ૦॥૬॥ દુઃખણી દુર્ભાગિની બ્રાહ્મણીજી, તુંબડા અનુસારરે ॥ કાલ અનન્તા તે ભમીજી, રૂલી રૂલિ તિર્યંચ મોજારરે ॥ મુનિ૦ ॥ ૭ ॥ સાતે નરકે તે ભમીજી, પામી પામી મનુષ્યની દેહરે ॥ ચારિત્ર લેઈ તપસ્યા કરીજી, બાંધ્યું બાંધ્યું નિયાણું કર્મરે ॥ મુનિ૦॥૮॥ દ્રુપદ રાજા ઘરે ઉપનીજી, પામી પામી યૌવન વેશરે ॥ પાંચ પાંડવે તે વરીજી, હૂઇ હુઇ દ્રૌપદી દેવરે ॥ મુનિ૦ ૯॥ તે મનુષ્ય જન્મપામી કરીજી, લેશે લેશે ચારિત્ર નિરધારરે ॥ કેવલજ્ઞાન પામી કરીજી, યશ કહે જાશે જાશે મુક્તિમોઝારરે ॥ ॥ મુનિ૦ ॥ ૧૦ ॥

## ॥ नवपदनी सज्झाय ॥

॥ નણદલની એ દેશી ॥

વારી જાઉં શ્રી અરિહંતની, જેહના ગુણ છે બાર ॥મોહન૦॥ પ્રાતિહારજ આઠ છે, મૂલ અતિશય છે ચાર ॥ મોહન૦ ॥ ૧ ॥ ॥ વારિ૦ ॥ વૃક્ષ અશોક કુસુમની, વૃષ્ટિ દીવ્ય ધ્વનિ વાણ ॥ મોહન૦ ॥ ચામર સિંહાસન દુંદુભિ, ભામંડલ છત્ર વખાણ ॥ મો૦ ॥ વારિ૦ ॥ ૨ ॥ પૂજા અતિશય છે ભલો, ત્રિભુવન જનને માન ॥મો૦॥ વચનાતિશય જોજનગામી, સમજે ભાવઅસમાન ॥ મો૦ વા૦ ॥ ૩ ॥ જ્ઞાનાતિશય અનુતર તણા, સંશય છેદણહાર ॥ મો૦ ॥ લોકાલોક પ્રકાશતા, કેવલ જ્ઞાન ભંડાર ॥મો૦॥ વા૦ ॥ ૪ ॥ રાગાદિક અન્તરારપુ, તેહનો કીધો અન્ત ॥મો૦॥ જિહાં વિચરે જગદીશ્વરૂ, તિહાં સાતે ઇત સમંત ॥ મો૦ ॥ વા૦ ॥ ૫ ॥ એહવા અપાયા પગમનો, અતિશય અતિ અદ્દભુત ॥ મો૦ ॥ અહનિશ સે[illegible]ન્તા, કોડિગમે સુર હુત ॥ મો૦ ॥ વા૦ ॥ ૬ ॥ અ[illegible]રેહન્તનો, આદરીયે ગુણમેહ॥મો૦॥ ચારનિક્ષેપે વાંદીયે, [illegible] ગુણ ગેહ ॥ મો૦ ॥ વા૦ ॥ ૭ ॥

॥ ઈતિ અ[illegible]પદ સજ્ઝાય સંપૂર્ણ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ सिद्ध पदनी सज्झाय ॥

॥ ઋષભ જો હોલી હુલખેડરે ॥ એ દેશી ॥

નમો સિદ્ધાણં બીજે પદેરે લાલ, જેહના ગુણ છે આઠ રે, હું વારી લાલ, શુકલ ધ્યાન અનલે કરીરે લાલ, બાલ્યા કર્મ કુઠારરે ॥ ૧ ॥ હું વારી લાલ ॥ જ્ઞાના વરણીક્ષયે લહ્યુંરે લાલ, કેવલજ્ઞાન અનંતરે ॥ હું૦ ॥ દર્શનાવરણી ક્ષયથી થયારે લાલ, કેવલ દર્શન કંતરે ॥ હું૦ ॥ ન૦ ॥ ૨ ॥ અક્ષય અનન્ત સુખ સહજથીરે લાલ, વેદની કર્મનો નાશરે ॥ હું૦ ॥ મોહનીય ક્ષયે નિર્મલુંરે લાલ, ક્ષાયક સમકિત વાસરે, હું૦ ॥ ન૦ ॥ ૩ ॥ અક્ષય સ્થિતિ ગુણ ઉપન્યોરે લાલ, આયું કર્મ અભાવરે ॥ હું૦ ॥ નામ કર્મ ક્ષયે નીપન્યોરે લાલ, રૂપાદિક ગતિભાવરે ॥ હું૦ ન૦ ॥ ૪ ॥ અગુરૂ લઘુ ગુણ ઉપન્યોરે લાલ, નરહ્યો કોઈ વિભાવરે ॥ હું૦ ॥ ગોત્ર કર્મના નાશથીરે લાલ, નીજ પ્રકટયા જસ ભાવરે ॥ હું૦ ન૦ ॥ ૫ ॥ અનન્ત વીર્ય આતમતણુરે લાલ, પ્રગટયો અંતરાય નાશરે ॥ હું૦ ॥ આઠે કર્મ નાશીગયારે લાલ, અનન્ત અક્ષયગુણ વાસરે ॥ હું૦ ન૦ ॥ ૬ ॥ ભેદ પન્નર ઉપચારથીરે લાલ, અનન્ત પરપર ભેદરે ॥ હું૦ ॥ નિશ્ચયથી વીતરાગનારે લાલ, કિરણ કર્મ ઉચ્છેદરે ॥ હું૦ ન૦ ॥ ૭ ॥ જ્ઞાન વિમલની જ્યોતિમાંરે લાલ, ભાસિત લોકાલોકરે ॥ હું૦ ॥ તેહના ધ્યાનથકી થસ્યેરે લાલ, સુખીયા સઘલા લોકરે ॥ હું૦ ન૦ ॥ ૮ ॥

॥ ઇતિ સિદ્ધ પદ સજ્ઝાય ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ त्रीजा आचार्य पदनी सज्झाय ॥

## ॥ શાલિભદ્ર ભોગી થયો ॥ એ દેશી ॥

આચારી આચાર્યનો જી, ત્રીજે પદ ધરો ધ્યાન; શુભ ઉપદેશ પ્રરૂપતાજી, કહ્યા અરિહંત સમાન ॥ સૂરીશ્વર ॥ નમતાં શિવ સુખ થાય, ભવ ભવના પાતિક જાય ॥ સુ૦ ॥ ૧ ॥ પંચાચાર પલાવતાજી, આપણુ પેપાલંત ॥ છત્રીશી છત્રીશ ગુણેજી, અલંકૃત તનુ વિલસન્ત ॥ સુરીશ્વર ॥ નમ૦ ॥ ૨ ॥ દર્શન જ્ઞાન ચારિત્રના જી, એકેક આઠ આચાર ॥ બારહતપ આચારના જી, ઇમ છત્રીશ ઉદાર ॥ સૂરી૦ ॥ નમ૦ ॥ ૩ ॥ પડિરૂપાદિક ચઉદે અછેજી, વલી દશવિધ યાત ધર્મ ॥ બારહ ભાવના ભાવતાંજી, એ છત્રીશી મર્મ ॥ સૂરી૦ ॥ નમ૦ ॥ ૪ ॥ પંચેન્દ્રિય દમે વિષયથીજી, ધારે નવવિધિ બ્રહ્મ ॥ પંચ મહાવ્રત પોષતાજી, પંચાચાર સમર્થ ॥ સૂરી૦ ॥ નમ૦ ॥ ૫ ॥ સુમતિ ગુપ્તિ શુદ્ધિ ધરેજી, ટાલે ચાર કષાય ॥ એ છત્રીશી આદરેજી, ધન્ય ધન્ય તેહની માય ॥ સૂરી૦ ॥ નમ૦ ॥ ૬ ॥ અપ્રમત્તે અર્થ ભાંખતાજી, ગણિ સંપદ જે આઠ ॥ છત્રીશ ચઉ વિનયાદિકે જી, ઇમ છત્રીશી પાઠ ॥ સૂરી૦ ॥ નમ૦ ॥ ૭ ॥ ગણધર ઉપમા દીજીએજી, યુગ પ્રધાન કહાય ॥ ભાવ ચારિત્રી તેહવાજી, તિહાં જિન માર્ગ ઠરાય ॥ સૂરી૦ ॥નમ૦॥૮॥ જ્ઞાનવિમલ ગુણ ગાજતાજી ॥ ગાજે શાસન માંહે, તે વાંદિ નિર્મલ કરોજી ॥ બોધિ બીજ ઉચ્છાહ ॥ ૯ ॥નમ૦॥ ઇતિ નવપદ અધિકારે તૃતીય પદ સઝાય ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ चतुर्थ पद सज्झाय ॥

॥ પાંડવ પાંચેવા ॥

ચોથે પદ ઉવઝાયનું, ગુણવંતનું ધરો ધ્યાનરે, યુવરાજા સમતે કહ્યા, પદ સૂરિને સમાનરે ॥ ૧ ॥ ચોથે૦ ॥ જે સૂરિ સમાન વ્યાખ્યાનકરે, પણ ન ધરે અભિમાન રે, વળી સૂત્ર અર્થનો પાઠ દીયે, ભવિજીવને સાવધાન રે ॥ ચો૦ ॥ ૨ ॥ અંગ ઈગ્યાર ચઉદ પૂર્વજે, વળી ભણે ભણાવે જેહરે ॥ ગુણ પચવીશ અલંકર્યા, દૃષ્ટિવાદે અર્થના ગેહ રે ॥ ચો૦ ॥ ॥ બહુ નેહે અર્થ અભ્યાસે સદા, મન ધરતા ધર્મ ધ્યાન રે ॥ કરે ગચ્છ નિશ્ચિંત પ્રવર્ત્તક, દિયે સ્થવિરને બહુ માન રે ॥ ચો૦ ॥ ૪ ॥ અથવા અંગ ઈગ્યાર જે વળી, તેહના બાર ઉપાંગ રે ॥ ચરણ કરણનિ સિત્તરી, જે ધારે આપણે અંગ રે ॥ ચો૦ ॥ ૫ ॥ વળી ધારે આપણે અંગ, પંચાગીસમ–તે શુદ્ધવાણી રે ॥ નય ગમ ભંગ પ્રમાણ વિચારને, દાખતા જિન આણરે ॥ચો૦॥૬॥ સંઘ સકલ હિત કારીયા, રત્નાધિક મુનિહિતકાર રે ॥ પણ વ્યવહાર પ્રરૂપતા, દહે દસ સમાચારી આચાર રે ॥ ૭ ॥ ઈન્દ્રિય પંચથી વિષય વિકારને, વારતા ગુણગેહરે ॥ શ્રીજિન શાસન ધર્મ ધૂરા, નિરવાહતા શુચિદેહરે ॥ ૮ ॥ પચવિશિ પચવિસ ગુણતણી, જે ભાખી પ્રવચન માંહે રે ॥ મુકતાફલ મુકતાપરે, દીપે જસ અંગ ઉછાહરે ॥ ૯ ॥ જસ દીપે અતિ ઉચ્છાહે, અધીક ગુણે જીવથી એકતાનરે ॥ એહવા વાચકનું ઉપમાન કહું કિમ, તેહથી શુભ ધ્યાન રે ॥ ૧૦ ॥ ઈતિ ચતુર્થ પદ સઝાય સંપૂર્ણ ॥

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ पञ्चमपद् सज्झाय ॥

( રાગ ધનાશ્રી. )

॥ મગધદેશ રાજ ગૃહી નગરી ॥ એ દેશી

તે મુનિને કરૂં વન્દન ભાવે, જે ષટ્કાય વ્રત રાખેરે ॥ ઇન્દ્રિય પણ દમે વિષય ઘણાથી. વલિ શાન્તિ સુધારસ ચાખેરે ॥ ૧ ॥ તે મુનિને કરૂં વન્દનભાવે ॥ એ ટેક ॥ લોભ તણા નિગ્રહને કરતા, વલી પડિલેહણાદિક કિરિયારે ॥ નિરાશંસ યતનાએ બહુ પદી, વળી કરણ શુદ્ધિ ગુણ દરિયારે ॥ તે મુનિ० ॥ ૨ ॥ અહનિશ સંજમ યોગશું યુકતા, દુર્ધર પરિસહ સહતારે ॥ મન વચન કાય કુશળતા જોગે, વરતાવે ગુણ અનુસરતારે ॥ તે મુન० ॥ ૩ ॥ છંડે નિજ તનુ ધરમને કામે, ઉપસર્ગાદિક આવે રે ॥ સત્તાવીશ ગુણે કરી સોહે, સુત્રાચારને ભાવેરે ॥ તે મુની० ॥ ૪ ॥ જ્ઞાન દર્શન ચારિત્ર તણા જે, ત્રિકરણ જોગ આચારરે ॥ અંગે ધરે નિઃસ્પૃહતા શુદ્ધિ, એ સત્તાવીશ ગુણ સારરે ॥ તે મુની० ॥ ૫ ॥ અરિહંત ભકિત સદા ઉપદિશે, વાચગ સૂરીના સહાઇરે ॥ મુનિ વીણ સર્વે ક્રિયા નવી સૂજે, તીર્થ સકલ સુખદાઇરે ॥ તે મુ० ॥ ૬ ॥ પદ પાંચમે ઇણિ પરે ધ્યાવો, પંચમી ગતિ ને સાધોરે ॥ સુખી કરજો શાસન નાયક, જ્ઞાન વિમલ ગુણ વાધોરે ॥ તે મુનિ० ॥ ૭ ॥ ઇતિ નવ પદ વિષે પંચમ મુનિપદની સજઝાય સંપૂર્ણ.

---

# ॥ श्रीस्थुलीभद्रजीनी सझाय ॥

વેશ જોઇ ને સ્વામી આપણો, લાગી મારા તનડામાં લાયજી ॥ અણુધાર્યુંરે સ્વામી આ શું કર્યું, લાજે સુંદર કાયજી; કોણેરે ધુતારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમને ભોલવ્યા ॥ ૧ ॥ આવીરે ખબર જો હોત તો, જાવા દેત નહિ નાથજી ॥ છેતરી છેહ દીધો મને, પણ છોડું નહિ સાથજી ॥ ॥ કોણેરે૦ ॥ ૨ ॥ બોધ સુણી સુગુરૂતણો, લીધો સંજમ ભારજી ॥ માત પિતા પરિવાર સહુ, જુઠો આળ પંપાળજી ॥ નથીરે ધુતારે મને ભોળવ્યો ॥ ૩ ॥ એવું જાણીરે કોશ્યા સુંદરી, ધર્યો સાધુનો વેષજી ॥ આવ્યો ગુરૂની આજ્ઞા લઇ, દેવા તને ઉપદેશજી ॥ નથીરે૦ ॥ કાલે સવારે ભેગાં રહી, લીધાં સુખ અપારજી ॥ તમને બોધ દેવા આવીયા, જોગ ધરીને આવારજી ॥ ॥ જોગરે સ્વામીજી આંહી નહી રહે ॥ ૫ ॥ કપટ કરીને મને છોડવા, આવ્યા તમે નિરધારજી ॥ પણ છોડું નહિ કદી નાથજી, નથી નારી ગમારજી ॥ જોગરે૦ ॥ ૬ ॥ છોડયાં માત પિતા વળી, છોડયો સહુ પરિવારજી ॥ ઋદ્ધિ સિદ્ધિરે મેતો તજી દીધી, માની સઘળું અસારજી ॥ છેટી રહી રે કર વાત તું ॥ ૭ ॥ જોગ ધર્યોરે અમે સાધુનો, છોડયો સઘળાનો પ્યારજી ॥ માત સમાન ગણું તને. સત્ય કહું નિરધારજી ॥ છેટી રહી રે ॥ ૮ ॥ બાર વરસની પ્રીતડી ક્ષણમાં તુટી ન જાયજી ॥ પસ્તાવો પાછળથી થશે, કહું લાગીને પાયજી ॥ જોગરે સ્વામી ॥ ૯ ॥ નારી ચરિત્ર જોઈ નાથજી, તુરત છોડશો જોગજી ॥ માટે ચેતો પ્રથમ તમે, પછી હસશે સઉ લોકજી ॥ જોગરે સ્વામી ॥ ૧૦ ॥ ચાળા જોઈ-ને તારા સુંદરી, ડગું નહિ હું લગારજી ॥ કામ શત્રુ મેં કબજે કર્યો, જાણી પાપ અપારજી ॥ છેટી રહીરે ગમે તે કરો ॥ ૧૧ ॥ છેટી રહીરે ગમે તે કરો, મારા માટે ઉપાયજી ॥ પણ તારા સામું હું જોઉ નહી, શાને કરે તું હાયજી ॥ છેટી રહીરે ॥ ૧૨ ॥ માછી પકડે છે જાળમાં, જાળમાંથી જેમ મીનજી ॥ તેમ મારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નેત્રના બાણથી, કરીશ હું તમને આધીનજી ॥ જોગ૦ ॥ ૧૩ ॥ ઢોંગ કરવા તજી દેઇ, પ્રીતે ગ્રહો મુજ હાથજી ॥ કાળજુ કપાય છે માહરૂં, વચનો સુણીને નાથજી ॥ જોગરે ॥ ૧૪ ॥ બાર વરસ તુજ આગલે, રહ્યો તુજ આવાસજી ॥ વિવિધ સુખ મેં ભોગવ્યાં, કીધાં ભોગ વિલાસજી ॥ આશા તજરે હવે માહરી ॥૧૫॥ ત્યારે હતો અજ્ઞાન હું, હતો કામનો અંધજી ॥ પણ હવે તે રસ મેં તજ્યો, સુણી શાસ્ત્રના પ્રબંધજી ॥ આશારે૦ ॥ ૧૬ ॥ જ્ઞાની મુનિને ઋષિયો, મોટા વિદ્વાન ભૂપજી ॥ તે પણ દાસ બની ગયા, જોઇ નારીનું રૂપજી ॥ જોગરે૦ ॥ ૧૭ ॥ સાધુપણું સ્વામી નહી રહે, મિથ્યા વદું નહિ લેશજી ॥ દેખાડે નાટારંભ માહ્યરો, ત્યજશો સાધુનો વેશજી ॥ જોગરે૦ ॥ ૧૮ ॥ વિવધ ભૂષણો ધારીને, સજી રૂડા શણગારજી ॥ પ્રાણ કાઢી નાંખે તાહ્યરો, કુદી કુદી આ ઠારજી ॥ આશારે૦ ॥ ૧૯ ॥ તો પણ સામું જોઉં નહી, ગણું વિષ સમાનજી ॥ સૂર્ય ઉગે પશ્ચિમ કદી, તો પણ છોડું ન માનજી ॥ આશા૦ ॥ ૨૦ ॥ ભિન્ન ભિન્ન નાટક મેં કર્યો, સ્વામી આપની પાસજી ॥ તો પણ સામું જોઇ તમે, પુરી નહી મન આશજી ॥ હાથરે ગ્રહોરે હવે માહરો ॥ ૨૧ ॥ હસ્ત જોડીરે હવે વિનવું, પ્યારા પ્રાણ જીવનજી ॥ બાર વરસની પ્રીતડી, યાદ કરો તુમે મનજી ॥ હાથરે ॥ ૨૨ ॥ ચેત ચેતરે કોશ્યા સુંદરી, શું કહું વારં વારજી ॥ આ સંસાર અસાર છે, નથી સાર લગારજી ॥ સાર્થક કરો હવે દેહનું ॥ ૨૩ ॥ જન્મ ધરી આ સંસારમાં, નહી ઓળખ્યો ધર્મજી ॥ વિધ વિધ વૈભવ ભોગવ્યાં, કીધાં ઘણાં કુકર્મજી ॥ સાર્થક૦ ॥ ૨૪ ॥ તે સહુ ભોગવવું પડે, મુઆ પછી તમામજી ॥ અધર્મી પ્રાણીને મળે નહી, શરણું કોઈ ન ઠામજી ॥ સાર્થક૦ ॥ ૨૫ ॥ સિન્ધુ રૂપી આ સંસારમાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવ મીન રૂપ ધારજી ॥ જંજાળ જાળ રૂપી ડગડગે, કાળ રૂપી મચ્છી મારજી ॥ સાર્થક૦ ॥ ૨૬ ॥ વિષય રસ વહાલો ગણી, કીધાં ભોગ વિલાસજી ॥ ધર્મનાં કાર્ય કર્યાં નહી, રાખી ભોગની આશજી ॥ ઉદ્ધાર કરો મુનિ માહારો ॥ ૧૭ ॥ વ્રત ચુકાવવા આપનું, કીધાં નાચને ગાનજી ॥ છેડ કરીરે મુનિ આપની, બની છેક અજ્ઞાનજી ॥ ઉદ્ધાર કરો૦ ॥ ૨૮ ॥ એથ કરોરે મુનિવર મુજને, બતાવીને શુભ જ્ઞાનજી ॥ ધન્ય ધન્ય છે આપને, દીસો મેરૂ સમાનજી ॥ ઉદ્ધાર કરો૦ ॥ ૨૯ ॥ બાર વરસ સુખ ભોગવ્યું, ખરચ્યાં ખુબ દિનારજી, તો હું તૃપ્ત થઇ નહી, ધિક મુજ ધિક્કારજી ॥ ઉદ્ધાર કરો૦ ॥ ૩૦ ॥ છોડી મોહ સંસારનો, ધારો શિયલવ્રત ધારજી ॥ તો સુખ શાન્તિ સદા મળે, આ ભવ જળ પારજી ॥ સાર્થક કરો હવે દેહનું ॥ ૩૧ ॥ ધન્ય છે મુનિવર આપને, ધન્ય શકડાલ તાતજી ॥ ધન્ય સંભૂતિવિજય મુનિ, ધન્ય લાંછન દે માતજી ॥ મુક્ત કરીરે મોહ જાળથી ॥ ૩૨ ॥ આજ્ઞા દીયોરે હવે મુજને, જાવું મુજ ગુરૂ પાંસજી ॥ ચોમાસું પુરૂ થયા પછી, સાધુ છંડે આવાસજી ॥ રૂડી રીતે શિયલવ્રત પાળજો ॥ ૩૩ ॥ દર્શન આપજો મુજને, કરવા અમૃત પાનજી ॥ સૂરીઇન્દુ કહે સ્થુલિભદ્રજી, બન્યા સિંહ સમાનજી ॥ ધન્ય છે મુનિવર આપને ॥ ૩૪ ॥

---

## ॥ अथ पडिकमणानि सज्झाय ॥

ગોયમ પૂછે શ્રી માહાવિરનેરે, ભાખો ભાખો પ્રભુજી સંબંધરે, પડિકમણાથી સ્યુફલ પાંમિએરે, સ્યું સ્યું થાએ પ્રાણિને બંધરે, ॥ ગો. ૧ ॥ સાંભલો ગોયમ જેકહું પુન્યથીરે, કરણિ કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂન્યનો બંધરે, પુણ્યથી બીજો અધિકો કો નહિરે, જેથી થાએ સુખ સંબંધરે, ગો ॥ ૨ ॥ ઈચ્છા પડિકમણું કરી પાંમિએરે, પ્રાણિને પૂન્યનો બંધરે, પૂન્ય નિ કરણી જે ઉવેખસેરે, પરભવે થાસે અંધો અંધરે, ગો૦ ૩ ॥ પાંચહજારને ઉપર પાંચસેરે, દ્રવ્ય ખરચી લખાવે જેહરે, જીવા ભગવઇ પન્નવણારે. મુકે ભંડારે પૂન્યનિરેહરે, ॥ ગો૦ ૪ ॥ પાંચ હજાર ને ઉપર પાંચસેરે, ગાયો ગર્ભવંતિ જેહરે; તેહને અભય દાંન દેતાં થકારે, મુહપાત આપ્યાનું પુન્ય એહરે, ગો૦ ॥ ૫ ॥ દસ હજાર ગોકુલ ગાયો તણારે, એકેકોદસહજાર પ્રમાણરે, તેહને અભયદાન દેતા થકારે, ઉપજે પ્રાણીને નિરવાણરે ॥ ગો૦ ૬ ॥ તેથી અધિકું ઉત્તમ ફળ પામિએરે, પરને ઉપદેશ દિધાનો જાણરે, ઉપદેશથી સંસારીતરેરે, ઉપદેસે પામે પરિમલ નાણરે, ॥ ગો૦ ૭ ॥ શ્રી જીન મંદિર અભિનવ શોભતારે, શિખરને ખરચિકરાવે જેહરે, એકેકો મંડપ બાવન ચૈત્યનોરે, ચરવલો આપ્યાનું પુન્ય એહરે ॥ગો૦૮॥ માસખમણની તપસ્યા કરેરે, અથવા પન્નર કરાવે જેહરે, એહવા કોડ પંનર કરતાં થકારે, કાંબલિયુ આપ્યાનું ફલ એહરે ॥ ગો૦॥૯॥ સહસ અઠયાસી દાનશાળા તણુંરે, ઉપજે પ્રાણીને પુન્યનો બંધરે, સ્વામિસંગાતે ગુરૂને થાનકેરે, પ્રવેસ થાએ પુન્યનું બંધરે,॥ગો૦૧૦॥ શ્રી જીન પ્રતિમા સોવન મય કરેરે, સહસ અઠાસિનો પ્રમાંણરે, એકેકી પ્રતિમાં પાંચસે ધનુષ્યાંનરે, ઇરિયા વહિ પાડકમવા નો એ પ્રમાણ રે ॥ ગો૦ ॥ ૧૧ ॥

આવસ્યક પંનર જુગતે ગ્રંથમારે, ભાખ્યોએ પડિકમણાનો સંબંધરે, જીવા ભગવઈ આવસ્યક જોઇનેરે, સ્વમુખ ભાખે વિરજીણંદરે, ॥ ગો૦ ૧૨ ॥ વાચક જસ કહે શ્રધાધરેરે, પાલસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાડકમણાનો વ્યવહારરે, અનુત્તર સમસુખ પામે મોટકુંરે, પામ સે ભવિજન ભવજલ પારરે, ॥ ગો૦ ૧૩ ॥ ઇતિ સંપૂર્ણ. ॥

## ॥ अथ सीताजीनो सज्झाय.

જલજલતી મિલતી ઘણીરે લાલ, ઝાલો ઝાલ અપારરે ॥ ॥ સુજાણ સીતા ॥ જાણે કેસૂ કુલિયારે લાલ, રાતા ખેર અંગારરે; ॥ સુજા૦ ॥ ૧ ॥ ધીજ કરે સીતા સતીરે લાલ, શીલ તણે પરિમાણરે ॥ સુ૦ ॥ લક્ષ્મણ રામ ખુશી થયારે લાલ, નિરખે રાણો રાણરે ॥ સુ૦ ॥ ૨ ॥ સ્નાન કરી નિર્મલ જલેરે લાલ, પાવક પાંસે આયરે ॥ સુ૦ ॥ ઉભી જાણે સુરાંગનારે લાલ, અનુપમ રૂપ દેખાયરે ॥ સુ૦ ॥ ૩ ॥ નર નારી મલીયા ઘણારે લાલ ! ઉભા કરે હાય હાયરે ॥ સુ૦ ॥ ભસ્મ હુતી ઈણ આગમેંરે લાલ ॥ રામ કરે અન્યાયરે ॥ સુ૦ ॥ ૪ ॥ રાઘવ વિણ વાંછયો હુવેરે લાલ, સુપનેહી મન કોયરે ॥ સુ૦ ॥ તો મુજ અગ્નિ પ્રજાલજોરે લાલ, નહીતો પાણી હોયરે ॥ સુ૦ ॥ ૫॥ ઈમ કહી પેઠી આગમેરે લાલ, તુરત અગ્નિ થયો નીરરે ॥ સુ૦ ॥ જાણે દ્રહ જલશું ભર્યોરે લાલ, ઝીલે ધર્મ સુધીરરે ॥ સુ૦ ॥ ૬ ॥ દેવ કુશુમ વર્ષા કરેરે લાલ, એહ સતી શિરહારરે ॥ સુ૦ ॥ સીતા ધીજે ઉતરીરે લાલ, સાખ ભરે સંસારરે ॥ સુ૦ ॥ ૭ ॥ રલિયાયત સહુકો થયારે લાલ, સઘળે થયા ઉછરંગરે સુ૦ લક્ષ્મણ રામ ખુશી થયારે લાલ, સીતા શીલ સુરંગરે ॥ સુ૦ ॥ ૮ ॥ જગ માંહે જસ જેહનોરે લાલ, અવિચલ શિલ કહાયરે ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુ૦ ॥ કહે જિન હર્ષ સતી તણારે લાલ, નિત પ્રણમીજે પાયરે ॥ સુ૦ ॥ ૯ ॥ ઇતિ સીતા સતીની સજ્ઝાય.

## ॥ गौतम पृच्छानी सज्झाय ॥

ગૌતમ સ્વામી પૃચ્છા કરે, કહોને સ્વામી વર્ધમાનજીરે ॥ કેણે કર્મે નિર્ધન નિર્વંશી, કેણે કર્મે નિષ્ફલ હોય ॥ સ્વામી૦ ॥ ॥ ૧ ॥ ગૌતમ પર ધર ભાંગેને પરદમે, તેણે કર્મે નિર્ધન હોય ॥ ગૌતમ૦ ॥ થાપણ મોસો જે કરે, તેણે કર્મે નિર્વંશી હોય ॥ ગૌ૦ ॥ ૨ ॥ કેણે કર્મે વેશ્યાને વિધવા, કેણે કર્મે નપુંસક હોય ॥ સ્વામી૦ ॥ દુગંછા કરે જિન ધર્મની, તેણે કર્મે વેશ્યા હોય ॥ ગૌ૦ ॥ ૩ ॥ શિયલ ખંડીને ભોગ ભોગવે, તેણે કર્મે વિધવા હોય ॥ ગૌ૦ ॥ વેશ્યાનો સંગ જે કરે, તેણે કર્મે નપુંસક હોય ॥ ગૌ૦ ॥ ૪ ॥ કેણે કર્મે ગર્ભથી ગલી જાય, તેણે કર્મે પીઠી ભર્યા જાય સ્વામી ॥ વાડી વેડા કુણા મોગરા, તેણે કર્મે ગર્ભથી જાય ॥ ગૌ૦ ॥ ૫ ॥ ફુલ વિંધીને કર્મ બાંધીયા, તેણે કર્મે પીઠી ભર્યા જાય ॥ગૌ૦॥ કેણે કર્મે ઠુંઠાને પાંગલા, કેણે કર્મે જાતિ અંધ હોય ॥ ગૌ૦ ॥ પાંખો કાટે પરજીવની, તેણે કર્મે પાંગલા હોય ॥ ગૌ૦ ॥ વધ કરે પરજીવનો, તેણે કર્મે જાતિ અંધ હોય ॥ ગૌ૦ ॥ ૭ ॥ કેણે કર્મે શોકયજ ઉપજે, કેણે કર્મે કલંક ચડંત ॥ સ્વામી૦ ॥ વેરો વંચો જે કરે, તેણે કર્મે શોકય ઉપજંત ॥ ગૌ૦ ॥ ૮ ॥ જુઠી સાખ ભરી કર્મ બાંધીયા, તેણે કર્મે કલંક ચડંત ॥ ગૌ૦ ॥ કેણે કર્મે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષધર ઉપજે, કેણે કર્મે જસ હીણુ હોય ॥ સ્વામી૦ ॥ ૯ ॥ ઋષભર્યામિરે અણુ બોલીયા, તેણે કર્મે વિષધર હોય ॥ ગૌ૦ ॥ જે જીવ રાગે વ્યાપીયા, તેણે કર્મે જસ હિણુ હોય ॥ ગૌ૦ ॥ ॥ ૧૦ ॥ કેણે કર્મે જીવનીગોદમાં, કેણે કર્મે તિર્યંચમાં જાય ॥ ॥ સ્વામી૦ ॥ જે જીવ મોહે વ્યાપીયા, તેણે કર્મે નિગોદમાં જાય ॥ ગૌતમ૦ ॥ ૧૧ ॥ જે જીવ માયામાં વ્યાપીયા, તેણે કર્મે તિર્યંચમાં જાય ॥ ગૌ૦ ॥ કેણે કર્મે જીવ એકેન્દ્રિયમાં, કેણે કર્મે પંચેન્દ્રિમાં જાય હો૦ ॥ સ્વામી૦ ॥ ૧૨ ॥ પાંચ ઇંદ્રિય વસ નવિકરી, તેણે કર્મે એકેન્દ્રિયમાં હોય ॥ ગૌ૦ ॥ પાંચ ઇન્દ્રિય જેણે વશ કરી, તેણે કર્મે પંચેન્દ્રિયમાં જાય ॥ હો૦ ॥ ॥ ગૌ૦ ॥ ૧૩ ॥ કેણે કર્મે જીવડા બહુ ભમે, કેણે કર્મે થોડો સંસાર ॥ હો૦ સ્વામી૦ ॥ જે જીવ મોહ મચ્છર કરે, તે કર્મે સંસાર ફરંત ॥ ગૌ૦ ॥ ૧૪ ॥ જે જીવ સંતોષ પામીયા, તેણે કર્મે થોડેરો સંસાર ॥ ગૌ૦ ॥ કેણે કર્મે જીવડા નિચ કુલે, કેણે કર્મે ઉંચકુલે હોય ॥ સ્વા૦ ॥ ૧૫ ॥ દાન દીધા અણુ સુજતા, તેણે કર્મે નિચકુલ હોય ॥ ગૌ૦ ॥ દાન દીધા સુપાત્રને, તેણે કર્મે ઉંચ કુલ હોય ॥ ગૌ૦ ॥ ૧૬ ॥ કેણે કર્મે જીવડા નરકમાં, કેણે કર્મે સ્વર્ગ વિમાન સ્વામી ॥ જે જીવલોભે વ્યાપીયા, તેણે કર્મે નરકમાં જાય ॥ ગૌ૦ ॥ ૧૭ ॥ દાન શીયલ તપ ભાવના, તેણે કર્મે સ્વર્ગ વિમાન ગૌતમ ॥ રાજગ્રહી પ્રભુ આવીયા, શ્રેણિક વાંદવા જાય ॥ ગૌ૦ ॥ ૧૮ ॥ ચેલણા કરે અતિ ગુંહલી, હયડે હરખ ન માય ॥ ગૌ૦ ॥ હો વચ્છ ગૌતમ સાંભલો, ગૌતમ કેવલ માગીયો, તે દીયો તે વીર વર્ધમાન ॥ સ્વામી૦ ॥ ૧૯ ॥ એણે મોહે કેવલ ન પામીયે, મોહે ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોયે નિર્વાણ ।। ગૌ૦ ।। રૂપવિજય ગુરૂ ઈણી પરે, ભાખે શ્રી ભગવંત, ।। ગૌ૦ ।। ૨૦ ।। જે નર ભણે જે સાંભલે, તસ ઘર મંગલ માલ હોય ।। ગૌ૦ ।। ૨૧ ।।

।। ઇતિ શ્રી ગૌતમ પૃચ્છાની સજ્ઝાય ।।

## ॥ अथ चेतननी सज्झाय. ॥

ચેતન સમજો રાજ, મન અભિમાન ન ધરીયે, એમ બોલે સુહાગણ કાયા, જીવ મધરો ખોટી માયા, કાયા માયા વાદલ છાયા, ફોગટ જગત લોભાયા, ચેતન સમજો રાજ ।। મન અભિમાન ન ધરીયે ।। ૧ ।। એ આંકણી ।। લાખ કરોડ ધન ભેલા કીજે, જીવ કાંઇ ના આવે સાથે, ચેતનજી તુમે દૂર વિદેશી, પુન્ય કરો નિજ હાથે, ચેતન સમજો રાજ મન અભિમાન ન ધરીયે ।। ૨ ।। પ્રાણીએ સંસાર અસ્થર છે. દીસે આલ પંપાલ, કરોલીયાની જાલ તણી પરે, ક્ષણ માંહે વિસરાલ, ચેતન સમજો રાજ ।। ૩ ।। મન૦ ।। અમલ તણે વસ હુકમ ચલાવે, પંચમાંહે પંકાએ, તે પણ પ્રાણી મરતી વેલા, અઢી વાંસે બંધાએ, ચેતન સ૦ ।। ૪ ।। મન૦ ।। મેવા રૂડા ખાતા માતા, પેંડા લાગે મીઠા, તે પણ પ્રાણી મરતી વેલા, ભૂંએ ખણંતા મેં દીઠા ।। ચેતન સમજો રાજ૦ ।। ૫ ।। મન૦ ।। કચેરીમાં કામ પસારી, બેસે સરખી ટોલી, તે પણ પ્રાણી જમના આગલ, વચન ન શકે બોલી ।। ચેત૦ ।। ૬ ।। મન૦ ।। ખોટા સાચા ન્યાય કરીને, એક બાંધે એક છોડે, હું હું કરતા ઠાલા જાશે, પડશે જમને ખોળે ।। ચેતન૦ ।। ૭ ।। મન૦ ।। કોતલ ઘોડા આગલ હીંડે, બેસંતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખપાલે, મસ્તક ઉપર છત્ર ધરાવે, તે પણુ લાધ્યા કાલે ॥ ચેતન૦ ॥ ૮ ॥ મન૦ ॥ માત પિતા સુત બંધવ બહિન, નારી કુટુંબ પરિવાર ॥ માલ મુલક સહુ મેલી જાશે, એકલડો કરી જુહાર ચેતન૦ ॥ ૯ ॥ મન૦ ॥ તે માટે તમને વારૂં છું, વાત ન કરીયે કહેની, કુડા આલ ચઢાવે તે નર, જાત નવલ હોયે તેહની ॥ ચેત૦ ॥ ૧૦ ॥ મન૦ ॥ પરનારીસું નેહ ન કીજે, સાત વ્યસન સંગ છોડો ॥ ચાર કષાયને દૂર નીવારી, કર્મ બન્ધનને તોડો ॥ ચેત૦ ॥ ૧૧ ॥ મન૦ ॥ દાન શિયલ તપ ભાવના ભાવો, જીવ દયા ધર્મ પાલો, પરભવ જાતાં સંબલ સાથે, માનવ ભવ અજુ આલે ચેતન૦ ॥ ૧૨ ॥ મન૦ ॥ ગોડીજીનું ભજન કરીને, સુખ સંપત્તિ દાતાર ॥ નિત્ય લાભ કહે પ્રભુ ચરણે રાખો, સેવક નિજસંભાર ॥ ચેત૦ ॥ ૧૩ ॥

ઇતિ શ્રી ચેતનની સઝાય સંપૂર્ણ

## ॥ श्री बाहुबलजीनी सझाय ॥

તવ ભરતેસર વિનવેરે ભાઈ, ખમ ખમ મુજ અપરાધ ॥ હું ઓછો ને ઉછાંછલોરે ભાઇ; તુંતો છે અતીહિં અગાઢ રે, બાહુબલ ભાઈ શું કયું કીજે એ ॥ ૧ ॥ તું મુજ શિરનો સેહરો રે ભાઈ, હું તુજ પગની ખેહ ॥ એ સવી રાજ છે તાહરોરે ભાઇ, મન માને તશ દેહરે ॥ બાહુ૦ ॥ ૨ ॥ હું અપરાધી પાપીઓરે ભાઈ, કિધા અનેક અકાજ ॥ લોભવસે મુંકાવિયોરે ભાઈ, ભાઈ અઠાણુના રાજરે ॥ બા૦ ॥ ૩ ॥ એક બંધવ તું માહરેરે ભાઈ, તે પણુ આદરે એમ ॥ તો હું અપજસ આગલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રે ભાઈ, રેસ્યુ જગમાં કેમરે ॥ બા૦ ॥ ૪ ॥ કોડ કહુંછું તુજનેરે ભાઇ, તાતજી ઋષભની આણુ ॥ એકવાર હસી બોલનેરે ભાઈ, કરૂં મુજ જન્મ પ્રમાણરે ॥ બા૦ ॥ ૫ ॥ ગુના ઘણા છે માહારારે ભાઈ, બગસો કરી સુપસાય ॥ રાખો રખે દુહ વિણુ કિસોરે ભાઇ, લલી લલી લાગુ પાયરે ॥ બાહુ૦ ॥ ૬ ॥ ચક્રીને નયણે ઝરેરે ભાઈ, આંસુડાની ધાર ॥ તે દુખ જાણે તેઓરે ભાઇ, ને જાણે કીરતારરે ॥ બા૦ ॥ ૭ ॥ નીજ નયરી વાનતા ભણી રે ભાઈ, જાતાં ન વહેપાય ॥ હા મુરખ મે સ્યું કર્યું રે ભાઈ, ઈમ ઉભો પસ્તાય રે ॥ બા૦ ॥ ૮ ॥ વિવિધ વચન ભરતેસનારે ભાઇ, સુણી ન વિરાધ્યો તેહ ॥ મોટા આદરી કિમ ફરેરે ભાઇ, જિમ હથેલીમાં રેખરે ॥ બા૦ ॥ ૯ ॥ કેવલ લહી મુગતે ગયારે ભાઇ, બાહુબલ અણગાર ॥ પ્રાતઃ સમે નિત પ્રણમીયેરે ભાઇ, જિમ હોએ જય જયકારરે ॥ બા૦ ॥ ૧૦ ॥

॥ કલશ ॥ શ્રી રૂષભજીન પસાય ઇણિપરે, સંવત સત્તર ઇકોતરે; ભાદરવા સુદ પડવા દિને, રવિવાર ઉલટ ભરે. વિમલ વિજય ઉવઝાય સદગુરૂ, સિષ્યરતન કહે શુભવરે; બાહુબલ મુનિરાજ ગાતા, રામ વિજય જય સિરિવરે ॥ ૧ ॥

॥ ઇતિ ॥ બાહુબલજીની સઝાય સંપૂર્ણ ॥

## अथ देवचंद्रजी कृत प्रभंजनानी सझायः

( નાટકીયાની દેશી )

ગીરી વૈતાઢયને ઉપરે, ચંક્રાંકા નયરીરે લોલ, અહો ચક્રાંકા નયરીરે લોલ, ચક્રાયુધ રાજા તીહાં, જીત્યા સવિવયરીરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લો, ( અહોજીત્યા સવિવચરીરે લો, ॥ ૧ ॥ મદન લતા તસ સુંદરી, ગુણશીલ અચંભારે, અહો. ॥ગુ૦॥ પુત્રી તાસ પ્રભંજના, રૂપે રતિ રંભારે લો, [ અહો, રૂ. ॥ ૨ ॥ વિદ્યાધર ભૂચર સુતા, બહુ મેલી એક પંતેરે લો, ॥ અહો. બ૦ રાધા વેધ મંડાવીઓ, વર વરવા ખંતેરે લો ॥ અ ॥ વ ॥ ૩ ॥ કન્યા એક હજારથી, પરભંજના ચાલીરે લોલ ॥ અ૦ ॥ પ્ર૦ ॥ આરજ ખંડ મેં આવતાં, વનખંડ વિચાલીરે લો ॥ અ૦ ॥ વ૦ ॥૪॥ નિગ્રંથી સુપ્રતી સુતા, બહુ ગુણની સંગેરે લો ॥ અ૦ ॥ બ૦ ॥ સાધુ વિહારે વિચરતાં, વંદેમન રંગેરે લો ॥ અ૦ ॥ વ૦ ॥ ૫ ॥ આરજ્યા પૂછે એવડો, ઉમાહ્યો સ્યોછેરે લો ॥ એવડો ॥ વિનયી કન્યા વિનવે, વરવરવા ઇચ્છેરે લો ॥ અ૦ ॥ વ૦ ॥ ૬ ॥ ઇસ્યો હિત જાણ્યો તુમે, એહથી નવી સિદ્ધીરે લો॥ અ૦ ॥એ૦॥ વિષય હલા હલ વિષજી હાં, સીઅમૃત બુદ્ધીરે લો, અ૦ ॥ સી૦ ॥ ૭ ॥ ભોગ સંગ કારક કહ્યા, જીનરાજ સદાઇરે લો ॥ અ૦ ॥ જી૦ ॥ રાગ દ્વેષ સંગે વધ્ધે, ભવ ભ્રમણ સદાઇરે લો, ॥ અ૦ ॥ ભ૦ ॥ ૮ ॥ રાજ સુતા કહે સાચ એ, જે ભાખ્યો વાણીરે લો ॥ અ૦ ॥ જે૦ ॥ પણ એ ભૂલ અનાદીની, કિમજાયે છંડાણીરે લો ॥ અ૦ ॥ કિ૦ ॥ ૯ ॥ જેહ તજે તે ધન્ય છે, સેવક જિનજીનારે લો ॥ અ૦ ॥ શે૦ ॥ અમ શત પુદગલ રસરમ્યાં, મોહિલયલીનારે લો ॥ અ૦ મો૦ ॥ ૧૦ ॥ અધ્યાતમ રસ પાનથી, ભાના મુનીરાયારે લો ॥ અ૦ ॥ ભી૦ ॥ તે પર પરણીતિ રતીતજી, નિજતત્વ સમાયારે લો ॥ અ૦ ॥ ની૦ ॥ ૧૧ ॥ અમને પણ કરવો ઘટે; કારણ સંજોગે રે લો, ॥ અ૦ ॥ કા૦ ॥ પણ ચેતનતા પરણ મેં, જડ પુદગલ ભોગેરે લો ॥ અ૦ ॥ જ૦ ॥ ૧૨ ॥ અવર કન્યા પણ ઉચરે, ચીંતીત હવે કીજે રે લો ॥ અ૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચ્ચી ॥ પછી પરમ પદ સાધવા, ઉદ્યમ સાંધીજેરે લો ॥ અ૦ ॥ ઉ૦ ॥ ૧૩ ॥ પરભંજના કહે હે સખી, એ કાયર પ્રાણીરે લો ॥ અ૦ ॥ એ૦ ॥ ધરમ પ્રથમ કરવો સદા, દેવ ચંદ્રની વાણીરે લો ॥ અ૦ ॥ દે ॥ ૧૪ ॥

॥ ઢાળ ॥ ૨ ॥ હું વારી ધના હું તુજ જાણુન દે૦
॥ એ દેશી ॥

કહે સાહુણી સુણી કન્યકા રે ॥ ધન્યા, એ સંસાર કળેશ, એહને જેહિતકારીગણેરે, ધન્યા, તે મિથ્યા આવેસરે ॥ સુગ્યાની કન્યા સાંભળ હીત ઉપદેશ. ॥ ૧ ॥ જગહિતકારી જિનેશરે. ॥ સુ૦ ॥ કીજે તસુ આદેસ રે ॥ સુ૦ ॥ સાંભળ ॥ ૨ ॥ ખરડીને જે ધોયવું રે, કન્યા તેહ ન શિષ્ટાચાર, રત્ન ત્રઇ સાધન કરોરે કન્યા. મોહાધીનતા વાર રે ॥ સુ૦ ॥ ૩ ॥ જે પુરૂષ વરવાતણી રે, કન્યા ઇચ્છે છે તે જીવ, સ્યો સંબંધ પણે ભણોરે, કન્યા. ધારિકાલ સદૈવ રે ॥ સુ૦ ॥ ૪ ॥ તવ પરભંજના ચિંતવેરે. અપા. તું છે અનાદિ અનંત, તે પણ સુઝસત્તા સમોરે, અપા. સહજ અકૃત મહંત રે, ॥ સુ૦ ॥ ૫ ॥ ભવ ભમતાં સવિજીવથી રે. અપા. પામ્યા સવિ સંબંધ, માતપીતા ભ્રાતા સુતા રે. અપા. પૂત્ર વધુ પ્રતિ બંધ રે. ॥ સુ૦ ॥ ૬ ॥ સ્યો સંબધ કહું ઇહાં રે. અપા. સત્રુમીત્ર પણ થાય, મીંત્રશત્રુતા વળી લહેર, અપા. એમ સંસાર સ્વભાવ રે, ॥સુ૦ ॥૭॥ સત્તાસમસવિ જીવ છે રે, અપા, જોતા વસ્તુ સ્વભાવ, એહ માહરો એહ પારકોરે, અપા. સવીઆરો પીત ભાવરે, ॥ સુ૦ ॥ ૮ ॥ ગુરૂણી આગળ એહવું રે, અપા. જુઠુ કિમ કહેવાય, સ્વપર વિવેચન કીજતાં રે, અપા. મહારો કોનવી થાયરે, સુગ્યાની ॥ સંભાળ હીત ઉપદેસ ॥ ૯ ॥ ભોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણો પણ ભૂલથીરે, અપા, માને પુદગલ ખંધ, હું ભોગી નિજ ભાવને। રે, અપા. પરથી નહીં પ્રતીબંધરે ॥ સુ૦ ॥ ૧૦ ॥ સમ્યક જ્ઞાને વહેંચતાંરે. અપા, હું અમૂરતી ચિદરૂપ, કરતા ભોગતા તત્વનોરે, અપા, અક્ષય અક્ષય અનુપરે, ॥ સુ૦ ॥ ૧૧ ॥ સરવ વિભાવ થકી જૂદોરે, અપા, નિશ્ચય નિજ અનુભૂતિ, પૂર્ણાનંદી પરણમેરે, અપા, નહી પર પરણુતિ રિત રે, ॥ સુ૦ ॥ ૧૨ ॥ સિદ્ધ સમોએ સંગ્રહે રે, અપા, પર રંગે પલટાય, સંગાંગી ભાવેકરીરે, અપા, સુદ્ધ વિભાવ અપાય રે, ॥ સુ૦ ॥ ૧૩ ॥ શુદ્ધ નિશ્ચય નયે કરી રે, અપા, આતમ ભાવ અનંત, તેહુ અશુધનયે કરી રે, અપા, હૃષ્ટ વિભાંવ મહંત રે, ॥ સુ૦ ॥ ૧૪ ॥ દ્રવ્યે કરમ કરતાં ક્યો રે, અપા, નય અશુદ્ધ વ્યવહાર, તેહ નિવારો સ્વપદે રે, અપા. કરતાં શુધ વ્યવહાર રે, ॥ સુ૦ ॥ ૧૫ ॥ વ્યવહારે સમરે થકી રે, અપા, સમરે નિશ્ચ યતિવાર, પ્રવૃતી સમારે વિકલ્પને રે, અપા, તેહથી પરણીતીસાર રે,॥ સુ૦ ॥૧૬॥ પુદગલને પરજવથીરે, અપા. કીધો ભેદવિજ્ઞાંન, બાધકતા દુરે ટળીરે, અપા, હવે શુક્લરોદ્રધ્યાન રે, ॥ સુ૦ ॥ ૧૭ ॥ આલંબન ભાવન વીસરે રે, અપા, ધર્મ ધ્યાન પ્રગટાય, દેવ ચંદ્ર પદ સાધવા રે, અપા, એહજ શુધ ઉપાય રે, ॥ સુ૦ ॥ જ્ઞાની ॥ ૧૮ ॥

॥ ઢાલ, ૩ ॥ રાગ ધન્યાસરી, ત્રુઠયો ત્રુઠયોરે વામાકો નંદન ત્રુઠયો, ॥ એ દેશી ॥

આયોઆયો રે અનુભવ આતમચો આયો, શુદ્ધ નિમિત આલંબન ભજતાં, આતમાલંબન પાયોરે ॥ અ૦ ॥ ૧ ॥ આતમ ખેત્રે ગુણ પર જાય વિધી, તિહાં ઉપયોગ રમાયો ॥ પર પર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીત પર રીતે જાણી, તાસ વિકલ્પ ગમાયોરે ॥ અ૦ ॥ ૨ ॥ પ્રથકત્વ વીતરક શુકલ આરોહી, ગુણ ગુણી એક સમાયો ॥ પર જય દ્રવ્ય વીતરક એકતા, દુરધર મોહ ખપાયોરે ॥ અ૦ ॥ ૩ ॥ અનંતાનું બંધી શુભટને કાઢી, દરસન મોહ ગમાયો ॥ તરી ગાંત હેતું પ્રકૃતી ક્ષય કીધી, થયો આતમ રસરાયો રે, ॥ અ૦ ॥ ૪ ॥ દ્વિતિ, ત્રીતીય, ચોકડી ખપાવી, વેદ યુગલખય થાયો, હાસાદિક સતાથી ધસીયા, ઉદયે વેદ મિટાયો રે, ॥ અ૦ ॥૫ ॥ થયો અવેદીને આવકારી, હણ્યો સંજલનેદ કષાયો, મારયો મોહ ચરણ ક્ષાયક સું ॥ પુરણ સમતા સમાયો રે, ॥ અ ॥ ૬ ॥ ધન ધાતીક ત્રીકજોધા લડીયા, ધ્યાન એકત્વને ધ્યાયો, જ્ઞાના વરણાદિક ભટ પડીયા, જીતનિશાન ધુરાયો રે, ॥ અ૦ ॥ ૭ ॥ કેવળજ્ઞાન દર્શન ગુણ પ્રગટયા, માહારાજ પદપાયો, શેષ અઘાતી કર્મ ક્ષિણદલ, ઉદય અબંધ દેખાયો રે, ॥ અ૦ ॥ ૮ ॥ સંજોગ કેવળી થયા પરભંજના, લોકા લોક જણાયો, તીણ કાલની ત્રિવિધ વરતના, એક સમે ઓલખાયો રે. ॥ આ૦ ॥ ૯ ॥ સરવ સાધ્વી એ વંદના કીધી, ગુણી વિનય ઉપજાયો, દેવ દેવી તવ સ્તવે ગુણ સ્તુતી, જગ જય પડહ વજાયો રે. ॥ અ૦ ॥ ૧૦ ॥ સહસ કન્યકાને દિક્ષા દીધા, આશ્રવસર્વ તજાયો. જગ ઉપકારી દેશ વિહારી, શુધ ધર્મ દિપાયો રે, ॥ અ૦ ॥ ૧૧ ॥ કારણ જોગે કારજ સાધે, તેહ ચતુર ગાઈજે ॥ આતમ સાધન નિરમળ સાધે, પરમાનંદ પાઇજેરે ॥ અ૦ ॥ ૧૨ ॥ એ અધીકાર કહયો ગુણ રંગે, વેરાગે મન ભાવી ॥ વસુદેવ હિંડતણે અનુસારે, મુની ગુણ ભાવના ભાવીરે ॥ અ૦ ॥ ૧૩ ॥ મુની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણ ગુણતાં ભાવ વિશુધે, ભાવ વિછેદ ન થાવે ॥ પુર્ણાનંદ ઈહાંથી ઉલસે, સાધન શક્તિ જમાવેરે ॥ અ૦ ॥ ૧૪ ॥ મુની ગુણ ગાવો ભાવો ભાવના, ધ્યાવો સહજ સમાધી ॥ રત્ન ત્રઈ એકત્વે ખેલો, મેંટી ઉપાધી અનાદીક ॥ ૧૫ ॥ રાજસાગર પાઠી ક ઉપગારી, જ્ઞાન ધરમ દાતારી ॥ દીપચંદ પાઠીક ખરતર વર, દેવચંદ સુખકારીરે ॥ અ૦ ॥ ૧૬ ॥ નયર લીંબડી માંહે રહીને, વાચંયમ સ્તુતી ગાઈ ॥ આતમ રસીક શ્રોતા જન મનનો, સાધન રૂચી ઉપજાઈરે ॥ અ૦ ॥ ૧૭ ॥ એમ ઉતમ ગુણ માળા ગાવો, પાવો હરખ વધાઈ ॥ જૈનધર્મ રૂચી કરતાં, મંગળ લીલ સદાઈરે ॥ અ૦ ॥ ૧૮ ॥

## ॥ अथ आंबील तपनी सझाय ॥

શ્રી મુનિચંદ્ર મુનિસર વંદિએ, ગુણવંતા ગણધાર; સુજ્ઞાની દેશના સરસ સુધારસ વરસતા, જયું પુષ્કલ જલધાર ॥ સુ૦ ॥ શ્રી૦ ॥ ૧ ॥ અતીશય જ્ઞાની પર ઉપગારીઆ, સંજમ શુદ્ધ આચાર ॥ સુ૦ શ્રી૦ ॥ શ્રીપાલ ભણી જિણે આપીયો, કરી સિદ્ધચક્ર ઉધાર ॥ સુ૦ શ્રી૦ ॥ ૨ ॥ આંબીલ તપ વિધી સીખી આરાધીએ, પડીકમણાં દોયવાર ॥ સુ૦ ॥ પડિલેહણ દોય ટંકની કીજિએ, જિન પુજા ત્રણ કાલ ॥ સુ૦ ॥ બ્રમ્હચારી વલી ભૂંએ સંથારવું, વચન ન આલ પંપાલ ॥ સુ૦ શ્રી૦ ॥ ૪ ॥ મન એકાગ્રહ કરી આંબિલ કરો, આસો ચઈતર માસ ॥ સુ૦ ॥ સુદ સાતમથી નવ દિન કીજીએ, પુનમે ઓછવખાસ ॥સુ૦ શ્રી૦ ॥૫॥ ઈંમ નવ ઓલી એકાસી આંબિલે, ઓલી પૂરણ હર્ષ ॥ સુ૦ ॥ ઉજમણું પણ ઉમંગથી કરો, સાઢા ચ્યારેરે વર્ષ ॥સુ૦॥શ્રી॥ ૬ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એહ આરાધનથી સુખ સંપદા, કીરતિ જગમાંરે થાય, ॥ સુ૦ ॥ સરોગ ઉપદ્રવ નાસે એહથી, આપદા દૂર પલાય ॥સુ૦॥શ્રી૦॥૭॥ સંપદા વાધે અતિય સોહામણી, આણા હોય અખંડ ॥ સુ૦ ॥ મંત્ર યંત્ર તંત્રે કરી શોભતા, મહીમા જાસ પ્રચંડ ॥ સુ૰ શ્રી૦॥ ॥ ૮ ॥ ચક્રેશ્વરી જેહની સેવા કરે, વિમલેસર વલી દેવ ॥સુ૦॥ મન અભિલાષ પુરે સવિ તેહના, જે કરે નવ પદ સેવ ॥ સુ૦ શ્રી૦ ॥ ૯ ॥ ઇણીપેરે શ્રી શ્રીપાલે આરાધીઓ, દુરે ગયો તસ રોગ ॥ સુ૦ ॥ રાજ રિધેં દિન દિન પ્રતે વાધતો, મનવંછીત લહ્યા ભોગ ॥ સુ૦ શ્રી૦ ॥ નવમે ભવે અનુક્રમે સિધસે, શ્રી સિદ્ધચક્ર સુપસાય ॥ સુ૦ ॥ ઇણીપરે જે ભવીયણ આરાધસે, તસ જસ વાદ ગવાય ॥ સુ૦ શ્રી૦ ॥ ૧૧ ॥ સંસારીક સુખ વિલસી અનુક્રમે, કરી કર્મનાં અંત ॥ સુ૦ ॥ ઘાતી અઘાતી ક્ષય કરી ભોગવે, શાશ્વત સુખ અનંત ॥ સુ૦ શ્રી૦ ॥ ૧૨ ॥ ઇમ ઉતમ ગુરૂ વયણ સુણી કરી, પાવન હુઆ બહુ જીવ ॥સુ૦॥ પદ્મવિજય કહે એ સુરતરૂ સમો, આપે સુખ સદૈવ ॥ સુ૦ શ્રી૦॥ ॥ ૧૩ ॥ ॥ ઇતિ સંપૂર્ણ ॥

## ॥ नंदीषेण मुनिनी सझाय ॥

રાજગ્રહી નગરીનો વાસી, શ્રેણિકનો સુત સુવિલાસી હો ॥ મુનિવર વૈરાગી, નંદીષેણુ દેશના સુણી ભીનો, ના ના કહેતાં વ્રત લીનો હો, ॥ મુ૦ ॥ ૧ ॥ ચારિત્ર નિત્ય ચોખું પાલે, સંજમ રમણીશું મ્હાલે હો ॥ મુ૦ ॥ એક દિન જિન પાએ લાગી, ગોચરીની અનુમતિ માંગી હો, ॥ મુ૦ ॥ ૨ ॥ પાંગરીયો મુનિ વહોરવા, ક્ષુધા વેદની કર્મ હરવા હો ॥ મુ૦ ॥ ઉંચ નીચ મધ્યમ કુલ મોટા, અડતો સંજમ રસ લોટા હો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ મુ૦ ॥ ૩ ॥ એક ઉંચો ધવલ ઘર દેખી, મુનિ (વર) પેઠો શુદ્ધ ગવેષી હો, ॥ મુ૦ ॥ તિહાં જઇ દીધો ધર્મ લાભ, વેશ્યા કહે ઈહાં અર્થ લાભ હો ॥ મુ૦ ॥ ૪ ॥ મુનિ મન અભિમાનજ આણી, ખંડ કરી તરણું નાંખ્યું તાણી હો, ॥ મુ૦ ॥ સોવન વૃષ્ટિ હુઈ બાર કોડી, વેશ્યા વનિતા કહે કરજોડી હો, ॥ મુ૦ ॥ ૫ ॥

॥ઢાલ બીજી॥ થારે માથે પચરંગી પાગ સોનાનો છોગલો મારૂ જી ॥

॥ એ દેશી ॥

થેતો ઉભા રહીને અરજ અમારી સાંભલો ॥ સાધુજી૦ ॥ થેતો મોટા કુલના જાણી મુકી દો આંમલો, ॥ સા૦ ॥ થેંતો લેઇ જાઓ સોવન કોડી ગાડાં ઉંટે ભરી ॥ સા૦ ॥ નહીં આવે અમારે કામ, ગ્રહો પાછા ફરી ॥ સા૦ ॥ ૧ ॥ થારાં ઉજ્વલ વસ્ત્ર દેખી મોહે મન માહરૂં, ॥ સા૦ ॥ થારૂં સુરપતિથી પણ રૂપ અધિક છે વાહલું ॥ સાધુ૦ ॥ થારાં મૃગ સમ સુંદર નેત્ર દેખી હર્ષ લાગણો, ॥ સા૦ ॥ થારો નવલી જોવન વેશ વિરહ દુઃખ ભાજણો ॥ સા૦ ॥ ૨ ॥ થારે કેસરીયે કસબીને કપડે મોહી રહી ॥ સા૦ ॥ થારી સુરત મોહનગારી જગતમાં સોહી રહી, ॥ સા૦ ॥ થારી આંખડીયારો નીકો પાણી લાગણો ॥ સા૦ ॥ એતો જંત્ર જડીત કપાટ કુંચીએ કર ગ્રહી ॥ સા૦ ॥ ૩ ॥ મુનિ વલવા લાગ્યો જામકે આડી ઉભી રહી ॥ સા૦ ॥ થેંતો ઓછી ઈસ્ત્રીની જાત મતિ કહી પાછલી, ॥ સા૦ ॥ થેતો સુગુણ ચતુર સુજાણ વિચારો આગલે ॥ સા૦ ॥ થેંતો ભોગ પુરંદર હું પણ સુંદરી સારી ॥ સા૦ ॥ ૪ ॥ થેંતા પેહરો નવલા વેશ ઘરેણાં જરતરી ॥ સા૦ ॥ મણિ મુકતાફલ મુગટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીરાજે હેંમના ॥ સા૦ ॥ ૫ ॥ અમે સજીયે શોલ શણગાર કે પિઉ રસ અંગના ॥ સા૦ ॥ જે હોય ચતુર સુજાણ તે કહીય ન ચુકશે ॥ સા૦ ॥ ૬ ॥ એહવો અવસર સાહિબ કહીય ન આવશે ॥ સા૦ ॥ ઈમ ચિંતે ચિત મઝાર નંદીષેણ વાહલો ॥ સા૦ ॥ રહેવા ગણિકાને ધામકે થઇને નાહલો ॥ સા૦ ॥૭॥

॥ ઢાલ ॥ ૩ દેશી પ્રથમની ॥

ભોગ કર્મ ઉદય તસ આવ્યો, શાસન દેવીએ સંભલાવ્યો હો. ॥ સુ૦ ॥ રહ્યો બાર વરસ તસ આવાસે, વેષ મેહ્લ્યો એકણુ પાસે, હો ॥ મુ૦ ॥ ૧ ॥ દસ નર દિન પ્રતે પ્રાત બુઝે, એક દિન મૂરખ નવિ બુઝે, હો ॥ મુ૦ ॥ બૂઝવતાં હુઈ બહુ વેલા, ભોજનની થઈઅવેલા હો ॥ મુ૦ ॥ ૨ ॥ કહે વેશ્યા ઉઠો સ્વામી; એહ દશમો ન બુઝે કામી હો ॥ મુ૦ ॥ વેશ્યા વનિતા કહે ધસમસતી, આજ દશમા તુમે એમ હસતી હો, ॥ સુ૦ ॥ ૩ ॥ એહવયણ સુણીને ચાલ્યો, ફરી સંજમ શું મન વાલ્યો હો ॥સુ૦॥ વેષ લેઈ ગયો જિન પાસે, ફરી સંજમ-લીયો ઉલ્લાસે હો ॥ સુ૦ ॥ ૪ ॥ ચારિત્ર નિત્ય ચોખું પાલી; દેવલોકે ગયો દેઇ તાલી હો ॥ સુ૦ ॥ તપ જપ સંજમ કિરિયા સાધી, ઘણા જીવને પ્રતિબોધી હો ॥ મુ૦ ॥ ૫ ॥ જય વિ-જય ગુરૂનો શિષ્ય, તસ હર્ષ નમે નિશદીશ હો ॥ સુ૦ ॥ મેરૂ વિજય ઇમ બોલે, એહવા ગુરૂને કુંણ તોલે હો ॥ મુ૦ ॥ ૬ ॥ ઇતિ શ્રી નંદિષેણ ઋષની સઝાય સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अथ श्रीपंचमहाव्रतनी सज्झाय लिख्यते

## १ प्रथम प्राणातीपात वीरमणनी सज्झाय.

॥ કપૂર હોઈ અતી નીરમલું રે ॥ એ દેશી ॥ સકલ મનોરથ પુરવે રે, સંખેશ્વર જિનરાય ॥ તેહ તણા સુ પસાયથી રે, કરૂં પંચ મહાવ્રત સઝાયરે ॥૧॥ મુનિજન એ પહેલું વ્રત સાર, એહથી લહિએ ભવનો પાર રે ॥ મુ૦ આંકણી૦ ॥ પ્રાણાતીપાત વીરમણ કહ્યું રે, પહિલું વ્રત સુ વીચાર ॥ ત્રસ થાવર બે જીવની રે, રક્ષા કરે અણગારરે ॥ મુ૦ ॥ ૨ ॥ પ્રાણાતીપાત કરે નહી રે, ન કરાવે કોઇ પાસ ॥ કરતાં અનુમોદે નહી રે, તેહનો મુક્તિમાં વાસ રે ॥ મુ૦ ॥૩॥ જયણાએ મુની ચાલંતા રે, જયણાએ બેસંત ॥ જયણાએ ઉભા રહે રે, જયણાએ સુવંત રે ॥ મુ૦ ॥ ૪ ॥ જયણાએ ભોજન કરે રે, જયણાએ બોલંત ॥ પાપ કરમ બાંધે નહી રે, તે મુની મોટા મહંત રે ॥ મુ૦॥૫॥ પાંચે વ્રતની ભાવનારે, જે ભાવે ઋષિરાય ॥ કાંતિવિજયમુની તેહનારે, પ્રેમે પ્રણમેં પાયરે ॥ મુ૦ ॥ ૬ ॥ ઇતિ ॥

## अथ बीजी मृषाव्वाद् वीरमणनो सज्झाय.

ભોલીડાં હંસારે વિષય ન રાચીએરે ॥ એ દેશી ॥ અસત્ય વચન મુખથી નવિ બોલીએ, જિમનાવેરે સંતાપ ॥ મહાવ્રત બીજેં રે જિનવર ઇંમ ભણે, મૃષા સમુ નહિ પાપ ॥ અ૦ ॥ ૧ ॥ ખારા જલથી રે તૃપતી ન પાંમીએ, તીમ ખોટાની રે વાત ॥ સુણતાં શાતા રે કિમહી ન ઉપજે વલી હોય ધર્મનો ઘાત ॥ અ૦ ॥ ૨ ॥ અસત્ય વચનથી રે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વયર પરંપરા, કોન કરે વિસવાસ ॥ સાચા માણુસ સાથે ગોઠડી, મુજ મન કરવાની આસ ॥ અ૦ ॥ ૩ ॥ સાચા નરને રે સહુ આદર કરેં, લોક ભણે જસવાદ ॥ ખોટા માણુસ સાથેં ગોઠડી, પગિપંગી હોય વિખવાદ ॥ અ૦ ॥ ૪ ॥ પાલી ન શકેં રે ધર્મ વીતરાગનો, કર્મ તણેં અનુસાર ॥ કાંતિવિજય કહે તેપરસંસીએ, જેહ કહે શુદ્ધ આચાર ॥ અ૦ ॥૫॥ ઇતિ શ્રી બીજુંવ્રત સમાપ્તમ્॥

## ॥ अथ श्रीत्रीजुं माहाव्रत लिख्यते ॥

॥ ચંદન મલયાગર તણું ॥ એ દેશી ॥ ત્રીજું મહાવ્રત સાંભલો, જે અદત્તા દાંન ॥ દ્રવ્ય ક્ષેત્રકાલ ભાવથી, ત્રીવિદ્ધ પચખ્ખાણ ॥ ૧ ॥ તે મુનીવર તારે તરે, નહી લોભનો લેશ ॥ કર્મને ક્ષય કરવા ભણી, પેહેરયો સાધુનો વેસ ॥ તે૦ ॥ ૨ ॥ ગામ નગરપુર વિચરંતા, તરણા માત્ર જે સાર ॥ સાધુ હોય તે નવી લીએ, અણુ આપ્યું લગાર ॥તે૦॥૩॥ ચોરી કરતાં ઇહ ભવેં, વધ બંધન પામંત ॥ રૈરવ તે નરકેં પડે, ઇમ શાસ્ત્ર બોલંત ॥ તે૦ ॥ ૪ ॥ પરધન લેતાં પરતણા, લીધા બાહ્ય પરાંણ ॥ પરધન પરનારી તજે, તેહના કરૂરે વખાંણ ॥ તે૦ ॥ ૫ ॥ ત્રીજું મહાવ્રત પાલતાં, મોક્ષ ગયા કેઈ કોડ ॥ કાંતિ વિજય મુનિ તેહના, પાય નમેં કરજોડ ॥ તે૦ ॥ ૬ ॥ ઇતિ શ્રી ત્રીજું મહાવ્રત સમાપ્તં ॥

## ॥ अथ श्रीचोथुं महाव्रत लिख्यते ॥

॥ સુમતિ જિણેસર સાહેબ પાંચમો ॥ એ દેશી ॥ સરસતી કેરારે ચરણ નમી કરી, મહાવ્રત ચોથું રે સાર ॥ કહેસ્યું ભાવે રે ભવિયણ સાંભલો, સુણતાં જયજયકાર ॥ ૧ ॥ એહવા મુની-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વરને પાયે નમું, પાલે શીયલ ઉદાર ॥ અઢાર સહસ સીલાંગ રથના ધણી, ઉતારે ભવપાર ॥ એ૦ ॥ ૨ ॥ ચોથા વ્રતને સમુદ્રની ઉપમા. બીજાં નદીએ સમાંન ॥ ઉતરાધ્યયને રે તે બત્રીસમે, ભાખે જિન વૃદ્ધમાન ॥ એ૦ ॥ ૩ ॥ કોસ્યા મંદીર ચોમાસું રહ્યો, ન ચલ્યો સોયલે લગાર ॥ તે શુલીભદ્રને જાઉં ભામણે, નમો નમો રે સો વાર ॥ એ૦ ॥ ૪ ॥ શીતા દેખી રે રાવણ મોહીયો, કીધાં કોડી ઉપાય ॥ સીતામાતારે સીયલથી નવી ચલ્યાં, જગમાં સહુ ગુણ ગાય ॥ એ૦ ॥ ૫ ॥ સીયલ વિહુણાં રે માણસ કુટડાં; જેહવાં આવલ ફુલ ॥ સીયલ ગુણે કરી જે સોહામણાં, તે માણુસ બહુ મુલ ॥ એ૦ ॥ ૬ ॥ નીત ઉઠીને રે તસ સમરણ કરૂ, જેણે જગ જીત્યો રે કામ ॥ વ્રત લેઇને રે જે પાલે નહી, તેહનું ન લીંજે રે નામ ॥ એ૦ ॥૭॥ દશમા અંગમાં રે સીયલ વખાંણીઓ, સકલ ધરમ માંહી સાર ॥ કાંતીવિજય મુનીવર ઈણી પરે ભણે, સીયલ પાલો નરનાર ॥ ॥ એ૦ ॥૮॥ ઈતિ શ્રી ચોથું મહાવ્રત સંપુર્ણમ્ ॥

## ॥ अथ श्री पांचमा महाव्रतनी सझाय.

॥ હવે રાયશેઠ તે બેહુ જણા ॥ એ દેશી ॥ આજ સફલ મનોરથ અતી ઘણો, મહાવ્રત ગાવા પાંચમા તણો ॥ જીહાં સર્વ થકી પરીગ્રહ તજે, તેહને સંજમ રમણી અતિ ભજે ॥ ૧ ॥ આ૦ ॥ જેથી સંજમ જાત્રા નિરવહિએ, તેતો પરિગ્રહ માંહિ નવિ કહિએ ॥ જેઉપરે મુરછા હોએ ઘણી, તેહને પરિગ્રહ ભાખે જગ ધણી ॥ આ૦ ॥૨॥ તૃષ્ણા તરૂણી સુમોહીયા, તેણે વિસે વીસવા ખોઈયા ॥ તૃષ્ણા તરુણી જસ ઘરબાલા, તે જગ સઘલાના ઓસીઆલા ॥ આ૦ ॥૩॥ તૃષ્ણા તરૂણી જેણે પરીહરી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેણે સંજમ શ્રી પોતે વરી ॥ સંયમ રમણી જસ પટરાણી, તેહને પાય નમેં ઇંદ્રઈંદ્રાણી ॥ આ૦ ॥ ૪ ॥ સંજમ રમણીસું જેરાતા, તેહનેં ઇહ ભવે પરભવે સુખ શાતા ॥ પાંચે વરતની ભાવના કહી, તે આચારાંગ સુત્રથી લહી ॥ આ૦ ॥ ૫ ॥ શ્રી કીરતી વિજય ઊવઝાય તણો, જગમાંહે જસ મહીમા ઘણો ॥ તેહનો શીષ્યકાંતીવિજય કહેં, એ સઝાય ભણે તે સુખ લહેં ॥આ૦॥૬॥ ઇતિ શ્રી પાંચમા મહાવ્રતની સજ્ઝાય સંપુર્ણઃ ॥

# पंचमहाव्रतनी पचीश नावनानी सझाय.

## १ पहेला महाव्रतनी सझाय.

મહાવ્રત પહેલું રે મુનિવર મન ધરો, એમ જંપે શ્રી વીરોજી, ત્રિવિધ ત્રિવિધ શુ રે હિંસા પરિહરો, તો પામો ભવપારોજી, મહા૦ ॥ ૧ ॥ ભાવના પાંચ છે તેહની, જે કહી પહેલે અંગેજી, તે ભાવંતાંરે મુનિવર જાણી એ, ચારિત્ર અધિકે રંગેજી, મહા૦ ॥ ૨ ॥ ઈર્યા સમિતિ રે જોઈને ચાલવું, ધુસરા પ્રમાણે તેહોજી, પ્રાણીનો વધ મન શું નચિંતવે, બીજી ભાવના એહોજી, મહા૦ ॥ ૩ ॥ વચન સાવદ્યરે નવિ બોલે કહે, જેહથી હોય જીવઘાતોજી, ત્રીજી ભાવના એણીપરે ભાવતાં, જગમાં હોવે વિખ્યાતોજી, મહા૦ ॥ ૪ ॥ પુંજી લેતાં રે પુંજી મૂકતાં, વસ્ત્ર પાત્ર પ્રમુખો જી, આદાનનિક્ષેપ એ ચોથી કહી, ટાલે ભવનાં દુઃખો જી ॥ મહા૦ ॥ ૫ ॥ અન્નપાન અજવાળે વાવરે, ભાજન મોટે જોયજી, પંચમી ભાવના એણીપરે ભાવતાં, શિવ-પંથ ગામી હોયજી, મ૦ ॥ ૬ ॥ એહ ભાવના જેહનેમન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસી, મહાવ્રત સ્થાનક ત્યાંહોજી, શ્રીગુરૂ ખીમાવિજય પ્રસાદથી, જસ વાધે જગમાંહિાજી, મહા૦ ॥ ૭ ॥

## ૨. બીજા મહાવ્રતની સઝાય,

મહાવ્રત બીજું આદરો મુનિરાયારે, જંપે શ્રી વર્ધમાન ભવ દુઃખ જાયરે, અલિક વચન નવિ બોલવું, મુ૦, છાંડો મૃષાવાદ, મન વચકાયા રે, ॥ ૧ ॥ ભાવના પંચ છે તેહની મુ૦, જુઓ હૃદય મોઝાર જેમ સુખ થાયરે, ॥ અણવિચાર્યું નબોલવું, મું૦ મૃષા ભાષાહોય દુઃખ ઉપાય રે, ॥ ૨ ॥ ક્રોધે કરીને બોલતાં, મુ૦, વ્રતને લાગેદોષ પાપ પોષ થાયરે, ॥ લોભે જૂઠું બોલતાં, મુ૦, ધર્મની થાયહાણ કીર્તિ જાય રે, ॥ ૩ ॥ ભય મનમાં આણીકરી, મુ૦, જુઠ નબોલો કોય દુર્ગતિ જાય રે, ॥ હાંસી ફરસી જાણીએ, મુ૦, ટાલો તેહનો જેમ વ્રતન પલાય રે, ॥ ૪ ॥ એણીપેરે ભાવના ભાવતો, મુ૦, પામે ભવનોપાર વંદુ પાયારે, ॥ શ્રી ગુરૂ ખીમાવિજય તણો, મુ૦, મહિમાં મહીમાંસાર, જગ જસ ગાર્યા રે, ॥ ૫ ॥

## ૩ ત્રીજા મહાવ્રતની સઝાય.

મહાવ્રત ત્રીજું મુનિતણું રે હાં, જંપે શ્રી જિનરાય, મુનિ, વરસાંભળો, અદત્ત વસ્તુ લેવી નહીરે હાં, જેથી વિણુસે કાજ, મુ૦ ॥ ૧ ॥ ભાવના પંચ છે તેહની રે હાં, ભાવો મનધરી પ્રેમ, મુ૦॥ પહેલા અંગથી જાણીએ રે, હાં જેમ હોય વ્રતને ક્ષેમ, મુ૦॥૨॥ નિર્દોષ વસ્તુ જાચવી રે હાં, જિમન હોય જિન અદત્ત, મુ૦ ॥ ગુરૂની આજ્ઞાએ વાવરે રે, હાં, આહાર પાણી એકચિત્ત મુ૦ ॥ ૩ ॥ એહવા અભિગ્રહમાં રહેરે હાં, જાચે ફરી વારંવાર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુ૦ ॥ સ્વામી અદત્ત લાગે નહીં રે હાં, વાધે દિલ ઉદાર મુ૦ ॥ ૪ ॥ સાધમી કને તિમ વળી રે હાં, અવગ્રહ માંગે એહ, મુ૦ ॥ અપ્રીતિ કારણ નવિહોવે રે હાં, અદત્ત નલાગે તેહ, મુ૦ ॥ ૫ ॥ વ્રતતરૂને સિંચવારે હાં, ભાવના છે જળધાર મુ૦ ॥ સમકિત સુરતરૂ મહમહેરે હાં, શિવપદ ફળ મનોહાર, મુ૦, ॥ ૬ ॥ એણીવિધ શું આરાધતાં રે હાં, હોય કર્મનાં નાશ, મુ૦, શ્રી ગુરૂ ખીમાવિજય સેવતાંરે હાં, જસની પહોંચે આશ, મુ૦, ॥ ૭ ॥

## ૪, ચોથા મહાવ્રતની સઝાય.

મહાવ્રત ચોથું મનધરો, ભાખે શ્રી વર્ધમાનરે, મુનિવરદિલ ધરો, નવ વિધવિશુદ્ધે પાળતાં, લહીએ વંછિત સ્થાન રે, મુની૦, ॥ ૧ ॥ ભાવના પંચ છે તેહની, ભાવો એકાગ્ર ચિત્તરે, મુ૦ ॥ પેહેલા અંગથકી કહી, આણી મનમાંહિત રે, મુ૦ ॥ ૨ ॥ સ્ત્રીકથા કહેવી નહી, પહેલી ભાવના એહરે, મુ૦ ॥ મન વિકાર ન ઉપજે, વાધે વ્રતગુણ ગેહરે, મુ૦ ॥ ૩ ॥ સરાગ દૃષ્ટિ જોવે નહીં, સ્ત્રીનાં અંગ ઉપાંગ રે મુ૦ ॥ બીજી ભાવના એકહી, કરે વ્રત સુદ્ધ જેમગંગ રે, મુ૦ ॥ ૪ ॥ પૂર્વ ક્રીડા કહેવી નહીં, જેથી વિહ્ળ ચિત્તરે. મુ૦ ત્રીજી ભાવના જાણવી, જિન શાસનની રીતરે, મુ૦ ॥ ૫ ॥ અતિમાત્રાએ નવાવરે, આહાર પાણીજે સરસરે, મુ૦ ચોથી ભાવના ભાવતો, કરે વિષય ગુણનીરસરે, મુ૦ ॥ ૬ ॥ સ્ત્રીપશુ પંડક રહિતવળી, વસે વસતિ જોયરે મુ૦ ॥ પંચમી ભાવના ભાવતાં, ચારિત્ર નિર્મળ હોય રે, મુ૦ ॥ ૭ ॥ ક્ષમા ગુણે કરી શોભતું, શ્રીગુરૂ ક્ષેમા વિજય નામ રે, મુ૦ ॥ તાસ ચરણ નિત્ય સેવતાં, લહીએ જસ બહુ માનરે, મુ૦ ॥ ૮ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૫. પાંચમા મહાવ્રતની સઝાય.

હવે મહાવ્રત પંચમું કહીએ, જેહથી ભવપાર લહીએ હો, મુનિવર સોભાગી, સાંભળો કહે જિનવર વાણી, ભાવના પંચ છે તસ જાણીહો, મુ૦ ॥ ૧ ॥ શ્રોત્રેંદ્રિય વિષયનગ્રહવો, સુર ભિદુરભિસમ સહેવો હો, મુ૦ ॥ ચક્ષુ ઇંદ્રિય વિષયમાંનરાચો, પુદગળ દેખી નાવ માંચો હો, મુ૦ ॥ ૨ ॥ રસના રસવશ નવિ આણો, જિન આણાએ બોલવું જાણોહો, મુ૦ ॥ રસ ઇંદ્રિય દોષનિવારો, ચોથી ભાવનાએ આતમ તારોહો, મુ૦ ॥ ૩ ॥ સ્પર્શેંદ્રિયવિષ વિષય નિરોધ, કરે થાયે નિર્મળ બોધ હો મુ૦ ॥ એમ જાણી વિષયને છંડો, પંચમી ભાવનામેં દિલમંડો હો, મુ૦ ॥ ૪ ॥ એકેકી ઇંદ્રિય વશપડીઆ, મૃગઅલિ મત્સ્ય પતંગ ગય નડીયા હો, મુ૦ ॥ જે પાંચે વશનવિરાખે, તેહને દુઃખ જિનવર ભાખે હો, ॥ ૫ ॥ એ ભાવના એમ દિલધરતો, દુષ્કૃત કર્મને ક્ષય કરતો હો, મુ૦ ॥ શુદ્ધ નિર્મળ જ્ઞાનતે પાવે, આતમને શિવપદ ઠાવે હો. મુ૦ ॥ ૬ ॥ પંચ મહાવ્રતની પચવીશ, ભાવના કહી લવલશ હો, મુ૦ ॥ શ્રી ખીમાં વિજય ગુરૂરાયા, જસવાધે સેવતાં પાયા હો, મુ૦ ॥ ૭ ॥

# ઇતિશ્રી જંબુકુમારની સજ્ઝાય.

સરસતિ સામિને વિનવું । સદગુરુ લાગુંજી પાય ॥ ગુણરે ગાઉં જંબૂસ્વામીનાં । હર્ષધરીમન માંહિ ॥ ધનજંબુસામીને ॥૧॥ ચારીત્ર વછહોહિલો । વરતબે ખાંડાની ધાર, વીરસવેલું સમકોલીયા, તે કેમથાએ આહાર ॥ ધન ॥ ૨ ॥ પાએ અણુંઆણેજી ચા—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લુ, કરવોજી ઉગ્રવીહાર । મધ્યાનેકરવીગોચરી । દિનકર તેપેરે અપાર ॥ ધ૦ ॥ ૩॥ કે ॥ કોડ નવાણું સોવનહુ તાહુરે ॥ તાહુરે જે આવજનાર । ભોગવેલાઈ જોગકાઈ ધરો ॥ ભોગવો ભોગ સંસાર ॥ ઈ ॥ ધન ॥ રાંમસીતાને વિજોગડો ॥ બહુતગીયોરે સંગ્રામ । છતીરે નારીપોઉજી કાંતજો, કાંઇ તજો ધનને ભાંમ ॥ ધન ॥ ૫ ॥ સીયાલસામી સીઢલે । ઉનાલે લુવાય ॥ ચોમાસેમે લાકપડા । તમે છો અતિ સૂકમાલ । ધ ॥ ૬ ॥ સોનેરે કચોલે સામિપોષતા । કાચલે વ્યવહાર ॥ ઢોલતણે સામીપોડતા । કરવા લેઈ સંથાર ॥ ધન ॥ ૭ ॥ કોડ નવાણુ સોચનતાહરે ॥ તાહરેજે આવજનાર । ભોગવેલાઈ જોગ કાંઈ ધરો, ભોગવો ભોગ સંસાર ॥ ધન ॥ ૮ ॥ પરણીને સૂંપરી હરો । હાથ મેલાવાનો સબંધ । ભોગ તણારે સૂખ સૂણ્યા નહી । ભોગવોજી ભોગ પ્રબંધ ॥ ધન ॥ ૯ ॥ સંજમ વ્રત સ્વામી દોહીલો, પાલવો પંચાચાર । પછેરે સ્વામી કરસો ઓરતો, જિમકિઓ મેઘકુમાર ॥૧૦॥ ધન ॥ જંબુ કહે નારી સૂણો ॥ અમેલેસૂં સંયમભાર ॥ સાચો સનેહ કરી લેખવો । સંયમ લ્યો સૂખકાર ॥ ધન ॥ ૧૧ ॥ તિણે સમે પ્રભવો આવીયો ॥ પાંચસે ચોર પરીવાર । તેહને જંબુસ્વામીએ બુઝવ્યા । બુઝવાજ આઠેજી નાર ॥ ધ ॥ ૧૨ ॥ સાસુ સસરોજી બુઝવ્યા । બુઝવ્યા માય નેબાપ ॥ પાંચસે સતાવીસ સું । લીધોજી સંજમ આપ ॥ ૧૩ ॥ ધન: ॥ સૂધર્મા સ્વામી પાસે ગયા । વીચરે છે મનને ઉલાસ । કર્મખપાવી કેવલ પામીયા ॥ પોહોતાજી મુગતી નેવાસ । ધન ॥ ૧૪ ॥ સંવત સતરે છાસઠે । કુણ્યાપુરના નગરી મઝાર । સેવક સતચંદ ઇમ ભણે, । જંબુનાંમ જયજયકાર ॥ ધન. ॥ ૧૫ ॥ સંપૂર્ણ: ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ अथ श्री राजुलनी सझाय लिख्यते ॥

નવભવ કેરી પ્રીતધરી ॥ હાંજી રાંણી રાજુલ રંગ ભરિ ॥ ઉગ્રેસેનકિલલી । નેમનેવાંદણ ગીરનાર ચલિ ॥ રાણી રાજેમતિ પ્રભુજિવાંદણ ગીરનારચલી ॥ ૧ ॥ મારગ વહેતાં વુઠડા મેહ, ભિંજગઇ સાડિને નવરંગદેહ ॥ ઉ૦ ॥ દિઠી ગુફાને પેઠી તિણી વાર ॥ ચિરસુકેવિ રાણિ રાજુલનાર ॥ ૨ ॥ ઉ૦ ॥ નવલો રૂપદેખી રહનેમ । સંજમ છાંડીને ધર્યો મનપ્રેમ ॥ ઉ૦ ॥ અહો સુંદરિસું દરપણું જેહ ॥ તપ જપ કારિ કિમ ગાલો દેહ ॥ ઉ૦ ॥ ૩ ॥ સુખ વિલસો હમણાં મુજ સંગ ॥ પછી વ્રતલેશું અધિક ઉમંગ ॥ઉ૦॥ તવ રાજુલ ધરિ મનમાં ધીર ॥ બુજવે રહનેમી વડવીર ॥ ઉ૦ ૪ ॥ તુમે જાદવકુલના સાહસ ધીર ॥ શિયલ રતનમતી ખંડોમોરાવીર ॥ ઉ૦ ॥ વમોયો આહાર વાંછે નહિં કોય ॥ નાગ અગંધન કુલનો ॥ જોય ॥ ઉ૦ ॥ ૫ તિમનવીવંછે વમીયા ભોગ ॥ મુનિમનથી નહિં કરે સંજોગ ॥ ઉ૦ ॥ અસુચી કાયા મલમૂત્રની ખાણ । તેહમાં કુણ રાચે થઇ જાંણ ॥ ઉ૦ ॥ ૬ ॥ તુંમે ઉંતમ થઈ ચુકો કેમ ॥ નરહે સંજમ શોભા એમ ॥ ઉ૦ ॥ વિવિધ વચન કહી આંણ્યો ઠાય ॥ દેવરને રાજૂલ સમજાય ॥ ઉ૦ ॥ ૭ ॥ એહુવા વચન સુણિ સુરસાલ ॥ બુજયો રહનમી તતકાલ ॥ ઉ૦ ॥ શ્રી નેમિ-શ્વર પ્રણુમી પાંય ॥ પાપ આલોયી ફરિ સંજમી થાય ॥ઉ૦ ॥ ૮ ॥ કર્મ ક્ષયે કેવલ પ્રગટાય ॥ મુક્તિ નગરમાં દોય જણા જાય ॥ ઉ૦ ॥ સમય સુંદર કહે બે કરજોડ ॥ ભવ ભવના મારા બંદિખાના છોડા ઉગ્રસેનકી લલી નેમને વાંદણ ગીરનારચલી ॥૯॥

ઇતિ રાજુલકી સઝાય સંપૂર્ણ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ इति श्रीनववाडनी सज्झाय ॥

નવવાડિ મુંનીશર મનધરો । જે સંજમનું છેસારોરે । વરધમાન જિનેશર ઇમ ભણે ॥ સહુ સાંભલો પરષદા બારોરે ॥ ન ॥ ૧ ॥ નારીની વરતાઇં ન વિરહે । રેહતાંતો વાડિ લોપાઇરે ॥ જિમ બિલાડી ઘર પ્રાંહુણો । હંસ ચતુર કહો કીમ થાઇરે ॥ ન૦ ॥ ૨ ॥ જે કુલબલ રૂપ નારીતણો, નવખાંણે બ્રમચારીરે । તેની વાડિ બીજી તાજી રહે ॥ કામ ન કરે તિહાં અશવારીરે ॥ ન૦ ॥ ૩ ॥ નારીને બેશણુ નવિ બેસે । જેસી લરપણુના ધારીરે ॥ જિમ આહિડિઇએ પાસોરચ્યો । મૃગ છંડે તો સુખ સારીરે ॥ ન૦ ॥ ૪ ॥ એહનું મુખરૂડું કુચકલસલા, એહની આંખો ભલી અણીઆલીરે ॥ ઇમ નીરખેં અંગ જે નારીનો ॥ તેહની ચોથી વાડિ ઉલાલીરે ॥ ન૦ ॥ ૫ ॥ ભીંતર અંતર નવિ રહે । જિહાં નારી સબદ સંભલાઇરે ॥ જિમ પારદ પ્રથવિ માંહિ રહે, ઓ સબદ ઉધાન ધાઇંરે ॥ ન૦ ॥ ॥ ૬॥ પૂર્વે ભોગ જે ભોગવ્યા ॥ વરત લીધા પછે ન સંભારેરે ॥ જિમ વરષેં અહી વિસ વિસ્તરેં ॥ તે તો સીલની વાડિ સંહારેરો ॥ ॥ ૭ ॥ ન૦ ॥ સરસ આહરના લોલપી । થઇં સરસ આહાર નેઆરે રે । તેહની વાડિ નિશ્ચે રહે નહી । સ્થુલ ભદ્ર ઉપનયતારે રે ॥ ન૦ ॥૮॥ ઉનોદરી રતનવિ આદરેં, અણુભાવ તુષાઇ આગલંચેરે ॥ આહર લેવા સમેં નવી ઓલખેં । તેહની વસ્યો સ્યુંરહે સંચરે ॥ ન૦ ॥ ૯ ॥ નખકછ વેષ સોભા ધરે । તનમલ ફેડે સુભ રૂપેંરે, તેહનો સીલરયણ સમલાયરઇં । ઝડપી લેઇ નાખેં તેકુપેંરે ॥ ન૦ ॥ ૧૦ ॥ નવવાડિ રૂડીપરેં, સાચવે ધન સાલતણું જગજેહોરે ॥ શ્રી મેહમા પ્રભસૂરીશના । ભાવતે સાધુ સૂંનેહોરે ॥ ૧૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમંધર સ્વામીનું સ્તવન-

॥ ઢાલ ૧ લી ॥

